# **પ્રકરણ-1 અર્થશાસ્ત્રના મૂળભૂત ખ્યાલો**

★ **અર્થશાસ્ત્રનો પરિચય :-**

➔ અર્થશાસ્ત્રમાં બે શબ્દો જોડાયેલા છે. **"અર્થ"** એટલે નાણું અને **"શાસ્ત્ર"** એટલે પદ્ધતિસરનું જ્ઞાન.

➔ **"અર્થ"** શબ્દ ઓકોનોમિયા (Oikonomia) નો પર્યાય છે. **"ઓકોનોમિયા"** ગ્રીક ભાષાનો શબ્દ છે, જેનો અર્થ પોતાના ઘરનો વહીવટ એવો થાય છે. આર્થિક ઘટનાઓ મોટે ભાગે નાણાં અને કિંમતના સ્વરૂપે અભિવ્યક્ત થતી હોવાથી આ સમજ સ્વીકારવાને વાંધો નથી.

➔ અર્થતંત્ર એ આર્થિક વ્યવસ્થાનું એકમ છે, જેમાં આર્થિક વ્યવસ્થા અંગેના જુદા-જુદા એકમોનું સંકલન કરી ઉત્પાદન, વપરાશ, વિનિમય, વહેંચણી વગેરે અંગે વ્યવસ્થા ગોઠવવામાં આવે છે. ટૂંકમાં, અર્થતંત્ર એટલે મર્યાદિત સાધનોના વધુમાં વધુ કરકસરભર્યા ઉપયોગ દ્વારા શક્ય તેટલો વધુ સંતોષ પ્રાપ્ત કરવા અંગેની વ્યવસ્થા.

➔ જરૂરિયાત સંતોષવાનો હેતુસર, અર્થ-ઉપાર્જન કાજે માનવી દ્વારા થતી પ્રવૃત્તિઓને **"આર્થિક પ્રવૃત્તિ"** કહે છે. તે સિવાયની પ્રવૃત્તિઓને બિનઆર્થિક ગણવામાં આવે છે. દા.ત. શિક્ષક વિદ્યાર્થીને ખાનગી ટયૂશન આપે તે આર્થિક પ્રવૃત્તિ છે, જયારે માતા પોતાના બાળકને ભણાવે કે તેનો ઉછેર કરે તે બિનઆર્થિક પ્રવૃત્તિ છે.

➔ માનવીની જરૂરિયાત જ માનવીને આર્થિક પ્રવૃત્તિ કરવા પ્રેરે છે તેથી માનવીની જરૂરિયાતને **"આર્થિક પ્રવૃત્તિની જન્મદાતા"** કહેવામાં આવે છે.

➔ આર્થિક પ્રવૃત્તિ કરનાર દરેક માણસ અનેક સમસ્યાઓનો સામનો કરે છે. તેવી સમસ્યાઓને **"આર્થિક સમસ્યાઓ"** તરીકે ઓળખવામાં આવે છે. બીજા શબ્દોમાં કહીએ તો, આર્થિક સમસ્યા (Economic Problem) એટલે સાધનોની અછતમાંથી ઉદ્દ્ભવતી સમસ્યા. વિવિધ ઉપયોગો ધરાવતાં મર્યાદિત સાધનો વડે અમર્યાદિત જરૂરિયાતોને સંતોષવાની મથામણ આર્થિક સમસ્યાઓને જન્મ આપે છે.

➔ જયારે માનવીની જરૂરિયાતો બજારમાં તેમને સંતોષી શકે તેવી વસ્તુઓ તેમજ સાધનોની પ્રાપ્તિ કરતાં વધારે હોય ત્યારે વર્તાતી ખેંચને **"અછત"** કહે છે. અછતનો ખ્યાલ **"સાપેક્ષ"** છે.

➔ અછત પસંદગી અને સાધન-ફાળવણીની સમસ્યાની જન્મદાતા છે.

★ **અર્થશાસ્ત્ર અંગેના ખ્યાલો (Concepts Relating to Economics) :-**

➔ અર્થશાસ્ત્ર અંગેના બે પ્રકારના ખ્યાલો કે વિચારધારાઓ છે -

(1) પૂર્વની વિચારધારા (Eastern Thought)

(2) પાશ્ચાત્ય વિચારધારા (Western Thought)

**(1) પૂર્વની વિચારધારા (Eastern Thought) :-**

➔ અર્થશાસ્ત્ર અંગેની પૂર્વની વિચારધારા આર્થિક વિચારો રજૂ કરતા ભારતીય ગ્રંથોમાં પ્રદર્શિત થાય છે. કૌટિલ્યના અર્થશાસ્ત્ર, મહાભારતના શાંતિપર્વ, મનુસ્મૃતિ, શુક્રનીતિ, કામંદકીય નીતિસાર જેવા ગ્રંથોમાં ભારતીય વિદ્વાનોએ આર્થિક બાબતો અંગે પોતાના વિચારો વ્યક્ત કર્યા છે.

➔ ભારતીય ગ્રંથોમાં પ્રદર્શિત થયેલા આર્થિક વિચારોમાં કૌટિલ્યનો અર્થશાસ્ત્ર વિશેનો ખ્યાલ મોખરે છે.

➔ કૌટિલ્યે આપેલી અર્થશાસ્ત્રની વ્યાખ્યામાં જણાવ્યું છે કે, **"મનુષ્યની વૃત્તિ અર્થ છે. મનુષ્યના વસવાટવાળી ભૂમિ અર્થ છે. તેવી પૃથ્વીના લાભ-પાલનના ઉપાયો દર્શાવતા શાસ્ત્રને અર્થશાસ્ત્ર કહે છે."**

➔ કૌટિલ્યે હિસાબી વ્યવહાર, રાજધર્મ, રાજકોષની વૃદ્ધિ માટે કરવેરા, કરવેરાનાં તત્વો, દંડ, રાજયના ખર્ચ વિભાજન, ખરીદ-વેચાણ, મૂડી-ધન-માલિકી હક, મિલકતનું રક્ષણ, મહેનતાણું, વેતન- પગાર, વ્યાજ અને કરજ જેવી મહત્વની બાબતોમાં શું-શું કરવું જોઈએ તે અંગે માર્ગદર્શન આપ્યું છે. અલબત્ત તેણે દેશ અને કાળને અનુરૂપ આર્થિક વિચારો રજૂ કર્યા છે. તે જોતાં કહી શકાય કે, **"કૌટિલ્યનું અર્થશાસ્ત્ર વાસ્તવમાં અર્થ-નીતિશાસ્ત્ર છે."**

➔ કૌટિલ્યનું અર્થશાસ્ત્ર ઉપદેશાત્મક છે. તેમાં અર્થલક્ષી આચરણ કેવું હોવું જોઈએ તે અંગે માર્ગદર્શન આપ્યું છે. તે જોતાં અર્થશાસ્ત્ર અંગેના પશ્ચિમના ખ્યાલો સાથે તેની તુલના કરી શકાય નહિં. તેમ છતાં તેમણે (કૌટિલ્ય) આપેલી અમુક બાબતો આજે પણ વ્યવહારલક્ષી છે.

**(2) પાશ્ચાત્ય વિચારધારા (Western Thought) :**

➔ અર્થશાસ્ત્ર વિશેના પાશ્ચાત્ય ખ્યાલોમાં નીચે મુજબના વિદ્વાનોના ખ્યાલો ખૂબ જ પ્રચલિત છે -

(1) એડમ સ્મિથનો ખ્યાલ

(2) પ્રો.આલ્ફ્રેડ માર્શલનો ખ્યાલ

(3) પ્રો. લાયોનલ રોબિન્સનો ખ્યાલ

(4) પ્રો. સેમ્યુલસનનો ખ્યાલ

➔ અર્થશાસ્ત્રના સ્વરૂપને સ્પષ્ટ કરવા અપાયેલી વ્યાખ્યાઓને ચાર શીર્ષક હેઠળ મૂકી શકાય -

(1) સંપત્તિને લગતી વ્યાખ્યા (એડમ સ્મિથની)

(2) કલ્યાણને લગતી વ્યાખ્યા (પ્રો.માર્શલની)

(3) અછતને લગતી વ્યાખ્યા (પ્રો.રોબિન્સની)

(4) વિકાસને લગતી વ્યાખ્યા (પ્રો.સેમ્યુલસનની)

**(1) <u>અર્થશાસ્ત્ર વિશે એડમ સ્મિથનો ખ્યાલ :</u>**

➔ એડમ સ્મિથને **"અર્થશાસ્ત્રના પિતા"** કહેવામાં આવે છે.

➔ એડમ સ્મિથે આપેલી અર્થશાસ્ત્રની વ્યાખ્યામાં જણાવ્યું છે કે, **"અર્થશાસ્ત્ર એટલે સંપત્તિનું શાસ્ત્ર"**

➔ ઈંગ્લેન્ડમાં ચાલી રહેલી ઔદ્યોગિક ક્રાંતિને કારણે ધનવાન ઉદ્યોગપતિઓના નવા વર્ગનો ઉદય થયો. આ પરિવર્તનથી પ્રભાવિત થઈ એડમ સ્મિથે **"રાષ્ટ્રોની સંપત્તિ"** (1776માં) નામનું પુસ્તક લખ્યું. તેમાં તેમણે સંપત્તિને નોંધપાત્ર મહત્વ આપ્યું છે.

➔ એડમ સ્મિથ ઉપયોગી ચીજવસ્તુઓને સંપત્તિ તરીકે ઓળખાવી ભૌતિક સંપત્તિ પર ભાર મૂકે છે. આમ, ઉત્પાદકીય શ્રમને તેઓ ભૌતિક સંપત્તિ સાથે જ સાંકળી લે છે.

➔ તેમના મતે માનવી સંપત્તિ પેદા કરે છે, તેનો ઉપયોગ કરે છે, તેની આપ-લે કરે છે અને તેની વહેંચણી કરે છે. માનવીના સંપત્તિ સાથેના આ વ્યવહારને સમજાવવાના આશયથી અર્થશાસ્ત્રમાં સંપત્તિના ઉત્પાદન, વપરાશ, વિનિમય અને વહેંચણીનો અભ્યાસ કરવામાં આવે છે તથા તેમને લગતા સિદ્ધાંતો તૈયાર કરવામાં આવે છે.

➔ એડમ સ્મિથના સંપત્તિના ઉત્પાદન અને વહેંચણી અંગેના ખ્યાલને આવક અને રોજગારી-નિર્ધારણ તેમજ આર્થિક વૃદ્ધિ જેવા આધુનિક ખ્યાલો સાથે ઘનિષ્ટ સંબંધ છે.

➔ એડમ સ્મિથે અર્થશાસ્ત્રની આપેલી વ્યાખ્યામાં અર્થશાસ્ત્રનો મુખ્ય ધ્યેય સંપત્તિ વધારવાનો છે. આ વ્યાખ્યામાં સંપત્તિમાં માત્ર ભૌતિક સંપત્તિનો સમાવેશ કરી અભૌતિક સંપત્તિ તરફ દુર્લક્ષ્ય સેવવામાં આવ્યું તથા માનવીને આર્થિક માનવ ગણવામાં આવ્યો છે. આ વ્યાખ્યામાં સંપત્તિને જરૂરિયાત કરતાં વધુ મહત્વ આપી માનવ કલ્યાણ તરફ દુર્લક્ષ્ય સેવવામાં આવ્યું.

**(2) <u>અર્થશાસ્ત્ર વિશે પ્રો. આલ્ફ્રેડ માર્શલનો ખ્યાલ :</u>**

➔ 19મી સદીના મહાન બ્રિટિશ અર્થશાસ્ત્રી પ્રો. માર્શલે તેમના પુસ્તક **"પ્રિન્સીપાલ ઑફ ઈકોનૉમિક્સ"** (Principal of Economics) માં અર્થશાસ્ત્રની વ્યાખ્યા આપી છે.

➔ તેમના મતે **"અર્થશાસ્ત્ર કલ્યાણલક્ષી શાસ્ત્ર છે."**

➔ પ્રો. માર્શલે એડમ સ્મિથના ભૌતિક સંપત્તિના ખ્યાલને સ્વીકાર્યો, પરંતુ તેમની દૃષ્ટિ એ સંપત્તિ સાધન છે અને માનવ-કલ્યાણ સાધ્ય છે.

➔ તેમના મતે અર્થશાસ્ત્ર માનવીના રોજિંદા વ્યવહારનો અભ્યાસ કરે છે. માનવીનો રોજિંદો વ્યવહાર આવક પેદા કરવાનો અને તેનો વાપરવાનો છે. તદુપરાંત અર્થશાસ્ત્ર સુખાકારીના ભૌતિક સાધનોની પ્રાપ્તિ અને તેમના ઉપયોગ સાથે ગાઢ સંબંધ ધરાવતાં વ્યક્તિ અને સમાજના વ્યવહારની ઝીણવટભરી તપાસ કરે છે.

➔ પ્રો. માર્શલે આપેલી અર્થશાસ્ત્રની વ્યાખ્યામાંથી અમુક બાબતો તારવી શકાય : જેમ કે -

(1) અર્થશાસ્ત્ર માનવ ભૌતિક કલ્યાણનું શાસ્ત્ર છે.

(2) અર્થશાસ્ત્રનું પ્રાથમિક ધ્યેય માનવીની સંપત્તિ વધારવાનું છે અને તે દ્વારા ભૌતિક કલ્યાણને એટલે કે સુખને પ્રાપ્ત કરવાનું છે.

(3) અર્થશાસ્ત્ર માનવ જીવનના તમામ વ્યવહારોનો નહિ પણ માત્ર સામાન્ય વ્યવહારોનો જ અભ્યાસ કરે છે.

(4) અર્થશાસ્ત્રને માનવીના સંપૂર્ણ નહિ પરંતુ આંશિક કલ્યાણ સાથે નિસ્બત છે.

(5) તેને માનવીના ભૌતિક કલ્યાણ સાથે નિસ્બત છે. તેમણે અર્થશાસ્ત્રમાં અભૌતિક સંપત્તિ કે અભૌતિક સેવાને ધ્યાનમાં લીધી નથી.

➔ પ્રો. માર્શલે તેમની અર્થશાસ્ત્રની વ્યાખ્યામાં અર્થશાસ્ત્રના વાસ્તવિક કાર્યક્ષેત્ર અને ધ્યેયનો ખ્યાલ આપ્યો છે. તેમ છતાં પ્રો. રોબિન્સે તેમના ખ્યાલની કડક ટીકા કરી છે. પ્રો. માર્શલની વ્યાખ્યાની મુખ્ય ટીકાઓ નીચે મુજબ છે.

(1) તેમની અર્થશાસ્ત્રની વ્યાખ્યામાં ડૉકટરો, વકીલો, શિક્ષકો, નૃત્યકારો, સંગીતકારો વગેરેની સેવાઓને અભૌતિક બાબતો ગણી તેમની ઉપેક્ષા કરવામાં આવી છે. વાસ્તવમાં ભૌતિક અને અભૌતિક બન્ને પ્રકારની સંપત્તિ

પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે માનવ કલ્યાણમાં વધારો લાવે જ છે. ભૌતિક અને અભૌતિક વસ્તુ એવી રીતે એકબીજા સાથે સંકળાયેલી છે કે તેને જુદા પાડવાવું કામ મુશ્કેલ છે.

(2) પ્રો. રોબિન્સે માર્શલની વ્યાખ્યાની સૌથી વધુ કડક ટીકા માનવકલ્યાણના ખ્યાલ અંગેની કરી છે. તેમના મતે અર્થશાસ્ત્રને કલ્યાણ સાથે કોઈ નિસ્બત નથી. તે ધ્યેયોની બાબતમાં તટસ્થ છે. જો માનવકલ્યાણને મહત્વ આપવામાં આવશે તો અર્થશાસ્ત્ર તેનું વિજ્ઞાન તરીકેનું અસ્તિત્વ ગુમાવી એક નીતિશાસ્ત્ર બની જશે.

(3) માદક પીણાં, અફીણ, ઝેર જેવી વસ્તુઓ કેટલાક માનવીઓની જરૂરિયાત સંતોષે છે. આ બધી વસ્તુઓ માનવ કલ્યાણને નુકસાન કરે તેવી હોવા છતાં અર્થશાસ્ત્રના અભ્યાસમાં તેનો સમાવેશ કરવામાં આવે છે. આમ, આર્થિક પ્રવૃત્તિ અને માનવકલ્યાણ વચ્ચે કોઈ નિશ્ચિત સંબંધ નથી.

(4) પ્રો. પીગુએ સ્પષ્ટતા કરી છે કે, ભૌતિક કલ્યાણને નાણાંના માપદંડ વડે માપી શકાય છે, પરંતુ ભૌતિક કલ્યાણના માપદંડ તરીકે નાણાં લેવાથી કલ્યાણ જેવી બાબતોને સંતોષકારક રીતે માપી શકાતી નથી.

(5) અર્થશાસ્ત્રની કલ્યાણલક્ષી વ્યાખ્યા અનુસાર અર્થશાસ્ત્ર એક શુદ્ધ સામાજિક વિજ્ઞાન છે. આ વ્યાખ્યા મુજબ, અર્થશાસ્ત્ર માત્ર સમાજમાં રહેતા માવનીઓની જ પ્રવૃત્તિનો અભ્યાસ કરે છે, તેને સમાજ બહાર રહેલા એકલા અટૂલા માણસ કે સાધુ-સન્યાસીની પ્રવૃત્તિ સાથે કોઈ નિસ્બત નથી. વાસ્તવમાં અર્થશાસ્ત્રે આપેલો **"અવેજીનો નિયમ"** સમાજમાં કે સમાજથી અલગ વસેલા તમામ માણસોને લાગુ પડે છે. તેથી અર્થશાસ્ત્ર એક માનવવિજ્ઞાન (Human Science) છે.

(6) અર્થશાસ્ત્રની કલ્યાણલક્ષી વ્યાખ્યા વિશ્લેષણાત્મક હોવાને બદલે વર્ગીકરણાત્મક છે. કલ્યાણલક્ષી અર્થશાસ્ત્ર પ્રવૃત્તિઓના સમૂહને બે વર્ગોમાં વહેંચે છે - (1) આર્થિક પ્રવૃત્તિઓનો સમૂહ અને (2) બિન આર્થિક પ્રવૃત્તિઓનો સમૂહ. તે તો ફક્ત આર્થિક પ્રવૃત્તિઓના સમૂહનો અભ્યાસ કરી બિનઆર્થિક પ્રવૃત્તિઓની ઉપેક્ષા કરે છે. આ પ્રકારનું વર્ગીકરણ અવૈજ્ઞાનિક અને અતાર્કિક છે. કારણકે પરોક્ષ રીતે આ બન્ને પ્રવૃત્તિ એકબીજાની સાથે સંકળાયેલી છે.

**(3) <u>અર્થશાસ્ત્ર અંગેનો પ્રો.રોબિન્સનો ખ્યાલ :</u>**

➔ 1931માં પ્રો. રોબિન્સે પોતાના પુસ્તક **"નેચર એન્ડ સિગ્નીફિકેન્સ ઑફ ઈકોનૉમિક સાયન્સ"** (Nature and Significance of Economic Science) માં અર્થશાસ્ત્રની વ્યાખ્યા આપી છે.

➔ પ્રો. રોબિન્સના મતે **"અર્થશાસ્ત્ર એટલે અછતલક્ષી શાસ્ત્ર"**

➔ અર્થશાસ્ત્રના અભ્યાસમાં અછતમાંથી ઉદ્‌ભવતી આર્થિક સમસ્યાનો અભ્યાસ મુખ્ય બાબત છે.

➔ કુદરતે માનવીની તમામ જરૂરિયાતો સંતોષવા માટે પર્યાપ્ત સાધનો પૂરા પાડ્યાં નથી. તેથી માનવીએ કઈ-કઈ જરૂરિયાતો સંતોષવા માટે કયાં-કયાં સાધનોનો ઉપયોગ કરવો તે નક્કી કરવું પડે છે. આ બાબતનો અભ્યાસ અછતનું અર્થશાસ્ત્ર કરે છે.

➔ સાધનોની અછત અને તેને કારણે ઉદ્‌ભવતી પસંદગીની સમસ્યાનો ખ્યાલ સૌપ્રથમ પ્રો.રોબિન્સ દ્વારા રજૂ કરાયો છે. આ ખ્યાલ દ્વારા પ્રો.રોબિન્સે અર્થશાસ્ત્રને એક વાસ્તવિક વિજ્ઞાન (Positive Science) તરીકે રજૂ કર્યું છે.

➔ સ્મિથ અને માર્શલની વ્યાખ્યામાં માત્ર આર્થિક પ્રવૃત્તિના ક્ષેત્રનો અભ્યાસ કરવામાં આવ્યો છે. જ્યારે રોબિન્સે માનવીની તમામ કામગીરીનો અર્થશાસ્ત્રમાં સમાવેશ કરવાને બદલે, અર્થશાસ્ત્રમાં જુદી-જુદી અગત્યવાળી અમર્યાદિત જરૂરિયાતો અને વૈકલ્પિક ઉપયોગોવાળાં મર્યાદિત સાધનો વચ્ચેના સંબંધ તરીકેના માનવ-વર્તણૂકનો અભ્યાસ કરે છે.

➔ માર્શલના કલ્યાણને મહત્વ આપતા ખ્યાલ પ્રમાણે અર્થશાસ્ત્ર એક આદર્શલક્ષી (Normative) વિજ્ઞાન છે, જ્યારે રોબિન્સના મતે અર્થશાસ્ત્ર એક વાસ્તવિક (Positive) વિજ્ઞાન છે.

➔ અર્થશાસ્ત્રની અછતલક્ષી વ્યાખ્યામાંથી કેટલીક બાબતો સ્પષ્ટ થાય છે -

(1) અર્થશાસ્ત્ર માનવી મર્યાદિત સાધનો વડે પોતાની જરૂરિયાતો કેવી રીતે સંતોષે છે તેનો અભ્યાસ કરે છે. તેથી તે માનવ વ્યવહારનું એક શાસ્ત્ર છે.

(2) અર્થશાસ્ત્ર લોકોની જરૂરિયાતો સંતોષતી ભૌતિક (ચીજવસ્તુઓ) અને અભૌતિક (સેવાઓ) ને લગતી તમામ બાબતોનો અભ્યાસ કરે છે.

(3) અર્થશાસ્ત્ર માનવીએ પસંદ કરેલી જરૂરિયાતો ખરાબ છે કે સારી, યોગ્ય છે કે અયોગ્ય તે નક્કી કરતું નથી. જરૂરિયાતોની પસંદગી માણસે પોતે જ કરવાની છે. અર્થશાસ્ત્રનું કાર્ય ફક્ત વિશ્લેષણ કરવાનું અને સમજ આપવાનું છે. તે ધ્યેયોની બાબતમાં તટસ્થ છે.

(4) અર્થશાસ્ત્રનો પાયાનો પ્રશ્ન પસંદગીનો છે. સાધન તથા તેના ઉપયોગ સાથે માનવીને તેના માટે મહત્વની હોય તેવી જરૂરિયાત સંતોષવાનું પસંદ કરવાનું હોય છે. અર્થશાસ્ત્ર એમ માને છે કે લોકો વિવેકબુદ્ધિપૂર્વક પસંદગી કરે છે. તેથી અર્થશાસ્ત્રને **"પસંદગીનું શાસ્ત્ર"** અથવા **"પસંદગીનું વિજ્ઞાન"** પણ કહે છે. (Economics is the Science of Choice)

(5) અર્થશાસ્ત્ર માનવીના વર્તનનો અભ્યાસ કરે છે. માનવી મહત્તમ સંતોષ પ્રાપ્ત કરવાના આશયથી જ જરૂરિયાતો વચ્ચે મર્યાદિત સાધનોની ફાળવણી કરે છે તેથી તેને **"સાધનોની ફાળવણીનું શાસ્ત્ર"** પણ કહે છે.

(6) વૈકલ્પિક ઉપયોગવાળાં મર્યાદિત સાધનોનો મહત્તમ સંતોષ મળે તે મુજબ કરકસરપૂર્વક ફાળવણીનાં નિયમન અને વહીવટ કરવાના સિદ્ધાંતનો અર્થશાસ્ત્ર અભ્યાસ કરે છે. આથી અર્થશાસ્ત્રને **"કરકસરનું શાસ્ત્ર"** પણ કહેવામાં આવે છે.

➔ પ્રો.રોબિન્સે અર્થશાસ્ત્રને વૈજ્ઞાનિક અભ્યાસનો દરજ્જો આપ્યો છે. તેણે આપેલી અર્થશાસ્ત્રની વ્યાખ્યાને વ્યાપક સ્વીકૃતિ મળી છે. તેમની આ વ્યાખ્યા ખૂબ પ્રચલિત બની છે. તેમ છતાં તેની કેટલીક ટીકાઓ પણ કરવામાં આવે છે -

(1) જો અર્થશાસ્ત્રે સામાજિક કલ્યાણ અને આર્થિક વિકાસ માટે મહત્વની ભૂમિકા ભજવવાની હોય, તો તેણે જરૂરિયાતો સંતોષવા માટેની પસંદગીમાં શું સારું છે કે શું ખરાબ છે તે અંગે નિર્ણય આપવો જ પડે. અર્થશાસ્ત્ર સાધ્યોના બાબતમાં તટસ્થ રહી શકે નહિં.

(2) આ વ્યાખ્યામાં આર્થિક વૃદ્ધિ અને વિકાસના સિદ્ધાંતની ઉપેક્ષા કરી અર્થશાસ્ત્રના અભ્યાસક્ષેત્રને સંકુચિત બનાવવામાં આવ્યું છે. તેણે અર્થશાસ્ત્રને માત્ર મૂલ્યનો સિદ્ધાંત (Value Theory) બનાવી દીધું છે. આધુનિક સમયમાં બૃહદ અર્થશાસ્ત્ર (Macro Economics) નું મહત્વ ખૂબ વધ્યું છે. તેના મુજબ અર્થશાસ્ત્રનું ધ્યેય સાધનોની અછતને ન્યૂનતમ બનાવવા ઉપયોગી થઈ પડતા આવક અને રોજગારી વૃદ્ધિના સિદ્ધાંતોનો અભ્યાસ કરવાનો છે.

(3) તે સમગ્રલક્ષી અર્થશાસ્ત્રની ઉપેક્ષા કરી તેના કાર્યક્ષેત્રને પેદાશ અને સાધન કિંમતના નિર્ધારણના સિદ્ધાંત પૂરતું સીમિત બનાવવાનું પગલું ઉચિત નથી.

(4) વણવપરાયેલા સાધનોના સંદર્ભમાં ઉદ્ભવતા મંદી જેવા આર્થિક પ્રશ્નોનો અછત નહીં હોવાથી સમાવેશ થતો નથી. આ દૃષ્ટિએ રોબિન્સની અર્થશાસ્ત્રની વ્યાખ્યા અતિ સંકુચિત છે.

**(4) <u>અર્થશાસ્ત્ર અંગેનો પ્રો.સેમ્યુલસનનો ખ્યાલ :</u>**

➔ પ્રો. સેમ્યુલસનને નોબેલ પુરસ્કાર મળેલ છે.

➔ પ્રો.સેમ્યુલસને આપેલી અર્થશાસ્ત્રની વ્યાખ્યામાં જણાવ્યું છે કે, **"અર્થશાસ્ત્ર એક એવો અભ્યાસ છે કે જેમાં મનુષ્ય અને સમાજ, નાણાંના ઉપયોગ દ્વારા કે નાણાંના ઉપયોગ વગર, વૈકલ્પિક ઉપયોગ અને અછતવાળા ઉત્પાદકીય સાધનોનો વિવિધ વસ્તુના ઉત્પાદનમાં ઉપયોગ કરવા કેવી રીતે પસંદગી કરે છે. તેની વર્તમાન અને ભવિષ્ય વચ્ચે તથા વિવિધ વ્યક્તિઓ અને સમાજના વિવિધ જૂથો વચ્ચે તેની વપરાશ અંગે વહેંચણી કેવી રીતે કરાય છે. તે સાધન ફાળવણીના ખર્ચ અને લાભનું વિશ્લેષણ કરી સાધન ફાળવણીની પદ્ધતિમાં સુધારો લાવે છે."**

➔ પ્રો. સેમ્યુલસને (Prof. Samuelson) આપેલી અર્થશાસ્ત્રની વ્યાખ્યામાંથી અમુક બાબતો તારવી શકાય છે જેમ કે -

(1) અર્થશાસ્ત્રની આ વ્યાખ્યા પ્રમાણે અર્થશાસ્ત્ર એક વિજ્ઞાન અને કલા બંને છે. વાસ્તવમાં અર્થશાસ્ત્ર એ સામાજિક વિજ્ઞાનની રાણી (Queen) છે.

(2) આ વ્યાખ્યા પ્રમાણે અર્થશાસ્ત્ર કુદરતી, માનવીય અને ભૌતિક સંસાધનો જે અછતવાળા અને વૈકલ્પિક ઉપયોગ ધરાવનારા છે તથા જે માનવ જરૂરિયાત સંતોષે છે તેવા આર્થિક સંસાધનોનો અભ્યાસ કરે છે.

(3) આ વ્યાખ્યા પ્રમાણે અર્થશાસ્ત્રને માત્ર સાધનોની ફાળવણી સાથે નહિં પણ તેના સંપૂર્ણ અને કાર્યક્ષમ ઉપયોગ સાથે સંકળાયેલ છે.

(4) અર્થશાસ્ત્ર ધ્યેયની બાબતમાં તટસ્થ નથી. તે આર્થિક કલ્યાણના ભૌતિક અને અભૌતિક બન્ને પ્રકારના સાધનોનો અભ્યાસ કરે છે.

(5) અર્થશાસ્ત્રનું કાર્યક્ષેત્ર માત્ર વર્તમાનના વપરાશ, ઉત્પાદન, વહેંચણી વગેરેના પ્રશ્નો પૂરતું મર્યાદિત નથી. તેમાં વર્તમાન ઉપરાંત ભવિષ્યના પ્રશ્નોને પણ ધ્યાનમાં લેવાય છે.

(6) અર્થશાસ્ત્રની આ વ્યાખ્યા મૂડીવાદી, સમાજવાદી, મિશ્ર અર્થતંત્રવાળા, વિકસિત અને વિકસતા તમામ અર્થતંત્રને લાગૂ પડે છે.

→ ઉપરોક્ત બાબતોને અર્થશાસ્ત્રની વ્યાખ્યામાં લેવાથી અર્થશાસ્ત્રની તમામ વ્યાખ્યાઓમાં સેમ્યુલસનની વ્યાખ્યા વધુ સ્વીકૃતિ બની છે.

★ **અર્થશાસ્ત્રનું સ્વરૂપ** :-

→ અર્થશાસ્ત્રના સ્વરૂપનો અભ્યાસ કરવા માટે કેટલાક મહત્વના સવાલોના જવાબો જાણવા જરૂરી છે. દા.ત.-

(1) શું અર્થશાસ્ત્ર એક કલા છે ?

(2) શું અર્થશાસ્ત્ર એક વિજ્ઞાન છે ?

(3) શું અર્થશાસ્ત્ર કલા અને વિજ્ઞાન બંને છે ?

**(1) અર્થશાસ્ત્ર એક કલા :**

→ કેટલાંક નિષ્ણાંતો અર્થશાસ્ત્રને ફોટોગ્રાફી જેવી એક કલા માને છે. જેમ કે ફોટોગ્રાફી સારો ફોટોગ્રાફ પાડવામાં મદદરૂપ થાય તેવા નિયમો અને માર્ગદર્શન પૂરા પાડે છે તેવી રીતે અર્થશાસ્ત્ર પણ ભૌતિક સુખાકારી કે આર્થિક વૃદ્ધિ કે વિકાસમાં વધારો કરવામાં મદદરૂપ થાય તેવા સિદ્ધાંતો અને માર્ગદર્શન પૂરાં પાડે છે.

→ અર્થશાસ્ત્ર કલાની માફક આદર્શ, હેતુલક્ષી અને સારા નરસાનો વિચાર કરતું શાસ્ત્ર છે. બીજા શબ્દોમાં કહીએ તો એક કલા તરીકે અર્થશાસ્ત્રે શું કરવું જોઈએ તથા કલ્યાણ કેવી રીતે પ્રાપ્ત કરી શકાય તે અંગે જરૂરી નિયમો અને માર્ગદર્શન પણ અર્થશાસ્ત્ર પૂરાં પાડે છે. દા.ત. વપરાશના સિદ્ધાંત પરથી મળતો અવેજીનો નિયમ આપણને અમુક નિશ્ચિત ખર્ચ વડે મહત્તમ સંતોષ કેવી રીતે પ્રાપ્ત કરવો તે બતાવે છે.

→ અર્થશાસ્ત્ર સમતુલા વિશ્લેષણની મદદ દ્વારા આદર્શ પરિસ્થિતિનું નિર્માણ કરી શકાય છે, તે બાબત પણ સમજાવે છે.

→ આમ છતાં, અર્થશાસ્ત્ર કલા નથી કારણકે તે કોઈપણ દેશમાં અમલમાં મૂકી શકાય તેવા તૈયાર ઉકેલો પૂરાં પાડતું નથી. કેટલાંક વિદ્વાનો માને છે કે અર્થશાસ્ત્ર જેટલાં અંશે વ્યવહારમાં અનુભવાતી અનેક સમસ્યાઓ ઉકેલવામાં મદદરૂપ થાય છે તેટલાં અંશે કલા છે.

**(2) અર્થશાસ્ત્ર એક વિજ્ઞાન :**

→ વિજ્ઞાન એટલે પદ્ધતિસરના જ્ઞાનનો સંગ્રહ. વિજ્ઞાન કોઈપણ ઘટનાનું તર્કબદ્ધ વિશ્લેષણ કરે છે. તે ઘટનાના કારણો અને તેના પરિણામ વચ્ચેનો ચોક્કસ સંબંધ પુરવાર કરે છે.

→ વિજ્ઞાનની માફક અર્થશાસ્ત્રમાં કાર્ય-કરણના સંબંધો દર્શાવવામાં આવે છે. તેમાં હકીકતોનું પદ્ધતિસર એકત્રીકરણ, વર્ગીકરણ અને વિશ્લેષણ કરવામાં આવે છે. તેમાં કોઈ એક ચોક્કસ વિષયની જાણકારી પૂરી પાડવામાં આવે છે તથા નિરીક્ષણ અને પ્રયોગ દ્વારા ચકાસણી કરી આવી જાણકારીને ચોક્કસ રૂપ આપવામાં આવે છે.

→ અર્થશાસ્ત્રમાં વિજ્ઞાનની જેમ આગમનાત્મક (Inductive) તેમજ નિગમનાત્મક (Deductive) જેવી વૈજ્ઞાનિક પદ્ધતિઓનો ઉપયોગ કરી સંશોધન દ્વારા કેટલાંક ચોક્કસ નિયમો તારવામાં આવે છે.

→ આગમનાત્મક પદ્ધતિમાં અનુભવ અને નિરીક્ષણના આધારે કેટલાંક તારણો કાઢવામાં આવે છે. આ તારણોને સ્વીકારીના ચાલવાનું હોય છે. દા.ત.**"બધાં માનવીનો નાશવંત છે."** આ એક અનુભવાત્મક તારણ છે. નિગમનાત્મક પદ્ધતિમાં આ તારણને સ્વીકારીને કોઈ બીજું તારણ કાઢવામાં આવે છે. દા.ત.**"બધાં માનવીનો નાશવંત છે." "જેઠાલાલ માનવી છે તેથી જેઠાલાલ નાશવંત છે."** અર્થશાસ્ત્રમાં આ બંને પદ્ધતિઓનો ઉપયોગ થાય છે.

→ ઔદ્યોગિક તેમજ વ્યાવસાયિક હેતુઓને નાણાંના માપદંડ વડે માપી પરિમાણાત્મક રૂપમાં રજૂ કરી શકાય છે. દા.ત. માંગના નિયમ મુજબ અન્ય પરિબળો યથાવત રહે તો વસ્તુની કિંમતનો ઘટાડો, તેની માંગનું વિસ્તરણ અને વસ્તુની કિંમતનો વધારો, તેની માંગનું સંકોચન કરે છે. આ ઘટનામાં કિંમતનો ફેરફાર કારણ છે અને માંગનું વિસ્તરણ-સંકોચન તેનું પરિણામ છે.

→ આમ, અર્થશાસ્ત્ર એક સંપૂર્ણ વિજ્ઞાન છે. તે શુદ્ધ વિજ્ઞાન હોવા સાથે વિનિયોજિત્ત (Applied) વિજ્ઞાન પણ છે. અર્થશાસ્ત્રમાં માનવી અને સંપત્તિને લગતા માનવ-વ્યવહારનો અભ્યાસ કરવામાં આવે છે. તેથી તેને **"સામાજિક વિજ્ઞાન"** પણ કહે છે.

→ અર્થશાસ્ત્રને વિજ્ઞાન તરીકે માનવામાં અર્થશાસ્ત્રીઓમાં મતમતાંતર છે. તેઓ અર્થશાસ્ત્રને વિજ્ઞાન તરીકે ન માનવાના નીચે મુજબના કારણો આપે છે -

(1) રસાયણશાસ્ત્ર અને ભૌતિકશાસ્ત્ર જેવાં ચોક્કસ વિજ્ઞાનોની જેમ અર્થશાસ્ત્ર ભાવિ પ્રક્રિયાઓની સંપૂર્ણ આધારભૂત આગાહી કરી શકતું નથી.

(2) અર્થશાસ્ત્ર વાસ્તવિક વિજ્ઞાન તરીકે માત્ર માહિતીની પ્રાપ્તિને આધારે તારણો રજૂ કરે છે. આ ઘટના યોગ્ય છે કે

અયોગ્ય તેની ચર્ચા કરતું નથી. દા.ત. જાહેર અર્થવિધાનમાં કરવેરા નાખવાથી કેટલી આવક મળશે, તેની ઉત્પાદક કે ગ્રાહક ઉપર કેવી અસર થશે તેની માત્ર ચર્ચા કરે છે પરંતુ આ કરવેરા યોગ્ય છે કે અયોગ્ય તેની કોઈ ચર્ચા કરવામાં આવતી નથી.

**(3) અર્થશાસ્ત્ર વિજ્ઞાન અને કલા છે :**

➔ અર્થશાસ્ત્ર આર્થિક ઘટનાના સૈદ્ધાંતિક વિશ્લેષણના વ્યાવહારિક અમલ સાથે નિસ્બત ધરાવે છે તે અર્થતંત્રને આર્થિક સમસ્યાથી મુક્ત કરી પુનઃસ્વસ્થ અને ચેતનવંતુ બનાવવા માટેનું માર્ગદર્શન પૂરું પાડે છે.

➔ જેમ એક ડૉક્ટરને દર્દીના રોગના નિદાન અને તેના ઉપચાર સાથે નિસ્બત છે તેમ અર્થશાસ્ત્રીને પણ આર્થિક સમસ્યાના વિશ્લેષણ અને તેના ઉકેલ સાથે નિસ્બત છે. જેમ ડૉક્ટરનો હેતુ પોતાના દર્દીને રોગમુક્ત કરી સારું આરોગ્ય મેળવી આપવાનો છે તેમ અર્થશાસ્ત્રીનો હેતુ અર્થતંત્રને આર્થિક સમસ્યાથી મુક્ત કરી પુનઃસ્વસ્થ અને ચેતનવંતુ બનાવવાનો છે.

➔ આમ, અર્થશાસ્ત્ર જ્ઞાન આપે છે તેથી વિજ્ઞાન છે અને તે આર્થિક સમસ્યાઓનો ઉકેલ સૂચવી ફળપ્રાપ્તિ કરાવે છે તેથી કલા પણ છે.

➔ અર્થશાસ્ત્રનો વિજ્ઞાન તેમજ કલા તરીકે અભ્યાસ કરવાના કેટલાંક કારણો નીચે મુજબ છે -

(1) અર્થશાસ્ત્ર પરિવાર અને નાગરિકને સ્પર્શતી સમસ્યાઓ એટલે કે માનવ વ્યવહારને સ્પર્શતી સમસ્યાઓને સમજાવી તેનો ઉકેલ સૂચવે છે.

(2) અર્થશાસ્ત્ર આર્થિક વૃદ્ધિ વધારવા માટે સરકારને મદદરૂપ થાય છે.

(3) અર્થશાસ્ત્ર સામાજિક વર્તણૂકની આકર્ષક તરાહનું વિશ્લેષણ કરે છે.

➔ તેથી અર્થશાસ્ત્રને કલા અને વિજ્ઞાન તરીકે સ્વીકારી તેનો અભ્યાસ કરવો જોઈએ.

★ **અર્થશાસ્ત્રનું કાર્યક્ષેત્ર :-**

➔ અર્થશાસ્ત્રમાં બે મુખ્ય કાર્યક્ષેત્ર છે -

(1) સૂક્ષ્મ અર્થશાસ્ત્ર (Micro Economics)

(2) બૃહદ્ અર્થશાસત્ર (Macro Economics)

➔ સૌપ્રથમ રગ્નાર ફિસ્ક નામના વિદ્વાને આ બે શબ્દોનો ઉપયોગ કર્યો હતો. તે પછી આ બે ખ્યાલોનો ઉપયોગ પ્રચલિત થઈ ગયો છે.

**(1) સૂક્ષ્મલક્ષી અર્થશાસ્ત્ર (Micro Economics) :**

➔ આને **"એકમલક્ષી અર્થશાસ્ત્ર"** પણ કહેવાય છે.

➔ Mikros એ ગ્રીક શબ્દ છે જેનો અર્થ સૂક્ષ્મ થાય છે.

➔ કોઈ એક એકમના આર્થિક વ્યવહારોનો અભ્યાસ કરતાં આર્થિક વિશ્લેષણને એકમલક્ષી અર્થશાસ્ત્ર કહે છે. દા.ત. કોઈ એક પેઢીનો અભ્યાસ, કોઈ એક ઉદ્યોગનો અભ્યાસ, ગ્રાહકોના કોઈ એક સમૂહનો અભ્યાસ.

➔ બીજા શબ્દોમાં કહીએ તો એકમલક્ષી અર્થશાસ્ત્રમાં વ્યક્તિગત આર્થિક ઘટકોનું વિશ્લેષણ કરવામાં આવે છે. ટૂંકમાં, એકમલક્ષી અર્થશાસ્ત્રમાં અનેક આર્થિક ઘટનામાંથી કોઈ એક ઘટનાના પાસાનો વિચાર કરવામાં આવે છે.

➔ ગ્રાહકના વર્તનનો માર્શલનો સીમાંત તુષ્ટિગુણ કે હિક્સના તટસ્થ રેખા વિશ્લેષણ દ્વારા કરાતો અભ્યાસ સૂક્ષ્મલક્ષી અર્થશાસ્ત્રનું ઉદાહરણ છે.

➔ સૂક્ષ્મલક્ષી અર્થશાસ્ત્ર વિવિધ રીતે ઉપયોગી છે જેમ કે -

(1) આર્થિક કલ્યાણની શરતો તપાસવામાં

(2) મુક્ત અર્થતંત્રની કામગીરી સમજવામાં

(3) અછતવાળા સાધનોથી મહત્તમ ઉત્પાદકતા જાળવવામાં માર્ગદર્શક તરીકે

➔ સૂક્ષ્મલક્ષી અર્થશાસ્ત્રમાં ચીજ-વસ્તુ કે ઉત્પાદનના સાધનના ભાવ અને સાધનની ફાળવણી કેવી રીતે નક્કી થાય છે એટલે કે મૂલ્યના સિદ્ધાંતો અને વહેંચણીના સિદ્ધાંતોનો અભ્યાસ કરાય છે.

➔ સૂક્ષ્મલક્ષી અર્થશાસ્ત્રનો પાયો માંગ અને પુરવઠા દ્વારા થતા ભાવતંત્રના અભ્યાસનો છે. એટલે કે પુરવઠા પક્ષે લઘુત્તમ ખર્ચે - મહત્તમ નફો અને માંગ પક્ષે મહત્તમ તુષ્ટિગુણ પ્રાપ્ત કરવાનો છે.

**(2) બૃહદ્લક્ષી અર્થશાસ્ત્ર (Macro Economics) :**

➔ આને **"સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર"** પણ કહેવાય છે.

➔ Makros એ ગ્રીક શબ્દ છે જેનો અર્થ વિશાળ અને સમગ્ર અથવા બૃહદ્ થાય છે.

➔ કોઈ એક એકમને બદલે તમામ એકમોના સમૂહના આર્થિક વ્યવહારનો અભ્યાસ કરતા આર્થિક વિશ્લેષણને **"સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર"** કહે છે. તેમાં આર્થિક પદ્ધતિના સમગ્ર રૂપનો અભ્યાસ કરવામાં આવે છે. દા.ત. બધા જ ઉદ્યોગોનો સમગ્રપણે અભ્યાસ, સમાજના બધા વર્ગોનો

સમગ્રપણે અભ્યાસ, સમગ્ર દેશની વસ્તીનો અભ્યાસ, દેશની આવક કે રોજગારીનો અભ્યાસ.

→ બીજા શબ્દોમાં કહીએ સમગ્રલક્ષી અર્થશાસ્ત્રમાં કોઈ આર્થિક ઘટકનો નહિં પણ સમગ્ર આર્થિક ઘટકોનો એક સાથે અભ્યાસ કરવામાં આવે છે.

→ કેઈન્સનો રોજગારી અને આવકનો સિદ્ધાંત એ સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનું ઉદાહરણ છે.

→ સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર વિવિધ રીતે ઉપયોગી છે જેમ કે -

(1) દેશની વ્યાપાર ચક્રીય અને નાણાકીય સમસ્યાઓ સમજવામાં

(2) દેશની રાષ્ટ્રીય આવકના સંદર્ભમાં

(3) આર્થિક નીતિના ઘડતરમાં

(4) સમગ્ર અર્થતંત્રની કામગીરી સમજવામાં

→ સમગ્રલક્ષી અર્થશાસ્ત્રમાં કોઈપણ કુલ પરિમાણનાં પેટા - પરિમાણનો પણ અભ્યાસ કરવામાં આવે છે. દા.ત. રાષ્ટ્રીય ઉત્પાદન એક કુલ પરિમાણ છે અને કુલ વપરાશ તેમજ કુલ-રોકાણ તેનાં પેટાં - પરિમાણ છે. આ પેટા - પરિમાણો વચ્ચે ગાઢ સંબંધ છે.

→ સમગ્રલક્ષી અર્થશાસ્ત્રમાં સમગ્ર દેશની આવક, રોજગારી, ઉત્પાદન કેવી રીતે નક્કી થાય છે અને અર્થતંત્રમાં સમતુલા ક્યારે આવે છે વગેરેનો અભ્યાસ કરાય છે.

→ સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનો પાયો દેશમાં કુલ માંગ અને કુલ પુરવઠા દ્વારા રાષ્ટ્રીય આવક, ઉત્પાદન, રોજગારી અને સરેરાશ ભાવ સપાટીના નિર્ધારણનો છે.

→ સૂક્ષ્મલક્ષી અને સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર બંનેના વિશ્લેષણ એકબીજાને પૂરક છે. જેમ કે સૂક્ષ્મલક્ષી અર્થશાસ્ત્રમાં કોઈ એક વસ્તુની કિંમત કેવી રીતે નક્કી થાય તે બતાવે છે, જ્યારે સમગ્રલક્ષી અર્થશાસ્ત્રમાં તમામ વસ્તુની સરેરાશ કિંમત કેવી રીતે નક્કી થાય તેનો અભ્યાસ થાય છે.

→ એકમલક્ષી અર્થશાસ્ત્રમાં વસ્તુના કિંમત-નિર્ધારણને સમજાવવા બજારમાંગ અને બજાર પુરવઠા વચ્ચે થતી પારસ્પરિક ક્રિયાનો અભ્યાસ કરવામાં આવે છે. આ બજારમાંગ વ્યક્તિગત માંગનો સરવાળો છે. તેવી જ રીતે બજાર પુરવઠો પણ વ્યક્તિગત પેઢીઓએ વેચાણ માટે મૂકેલાં ઉત્પાદનોનો સરવાળો છે. જ્યારે સમગ્રલક્ષી અર્થશાસ્ત્રમાં સમગ્ર અર્થતંત્ર કે તેનાં બૃહદ અંશો કે ક્ષેત્રો સાથે નિસ્બત ધરાવતાં કુલ પરિમાણોનો અભ્યાસ કરવામાં આવે છે. જેમ કે રાષ્ટ્રીય ઉત્પાદન, કુલ આવક, કુલ રોજગારી, કૃષિ ઉત્પાદન, ઔદ્યોગિક ઉત્પાદન વગેરે.

→ સમગ્રલક્ષી અર્થશાસ્ત્રમાં અભ્યાસ કરવામાં આવતા હોય તેવાં કુલ પરિમાણો માપી શકાય છે અને તેમને આંકડામાં દર્શાવી શકાય છે. તેમનું વિશ્લેષણ કરી તેમના પારસ્પરિક સંબંધોના સ્વરૂપને સમજાવી શકાય છે. તેથી સમગ્રલક્ષી અર્થશાસ્ત્રને વિશ્લેષણાત્મક અભ્યાસપદ્ધતિ તરીકે ઓળખાય છે.

→ સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનું આધુનિક સ્વરૂપ ઈ.સ.1929-1937 દરમિયાનની વિશ્વમંદીને લીધે અર્થતંત્રમાં સર્જાયેલી આર્થિક અસ્થિરતાના વિશ્લેષણમાંથી આકાર પામ્યું છે. આથી કેટલીકવાર સમગ્રલક્ષી અર્થશાસ્ત્રને વિશ્વમંદીની ભેટ તરીકે ઓળખવામાં આવે છે.

→ સમગ્રલક્ષી અર્થશાસ્ત્રને **"નૂતન અર્થશાસ્ત્ર"** કહેવામાં આવે છે, કારણકે મહામંદીને લીધે ઊભા થયેલા પ્રશ્નો અગાઉના આર્થિક વિશ્લેષણથી ઊકલી શકે તેવા નહોતા. કેઈન્સે રજૂ કરેલા સિદ્ધાંતો ક્રાંતિકારી અને અલગ હતા. તેથી કેઈન્સનું અર્થશાસ્ત્ર નૂતન અર્થશાસ્ત્ર ગણાય છે.

★ **<u>એકમલક્ષી અને સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર વચ્ચેનાં આંતરસંબધો</u> :-**

→ એકમલક્ષી અર્થશાસ્ત્ર અને સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર આર્થિક ઘટનાઓની અભ્યાસ કરતી બે અલગ પદ્ધતિઓ છે. અલગ-અલગ જણાતી વિશ્લેષણની આ બે પદ્ધતિઓ એકબીજાની પૂરક છે. તે બંને તદ્દન અલગ પણ નથી અને એકસરખી પણ નથી.

→ એકમલક્ષી ઘટનાના અભ્યાસ વિના સમગ્રલક્ષી ઘટનાની સમજૂતી મુશ્કેલ છે અને સમગ્રલક્ષી માળખાના અસ્તિત્વ વિના એકમલક્ષીનો અભ્યાસ લગભગ અશક્ય છે.

★ **<u>સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનું એકમલક્ષી અર્થશાસ્ત્ર પર અવલંબન</u> :-**

→ કેટલાંક સમગ્રલક્ષી આર્થિક પરિમાણોની વર્તણૂંક કે વ્યવહારના સિદ્ધાંતો વૈયક્તિક વર્તણૂંક કે વ્યવહારના સિદ્ધાંતો પરથી તારવામાં આવ્યા છે. દા.ત. રોકાણનો સિદ્ધાંત, કુલ વપરાશવિધેયનો સિદ્ધાંત વગેરે.

**(1) <u>રોકાણનો સિદ્ધાંત :</u>**

- રોકાણનો સિદ્ધાંત સમગ્રલક્ષી આર્થિક સિદ્ધાંતનું અવિભાજ્ય અંગ છે.

- આ સિદ્ધાંત યોજકના વ્યક્તિગત વ્યવહાર કે તેના વૈયક્તિક વર્તન પરથી તારવવામાં આવ્યો છે.

- આ સિદ્ધાંત મુજબ યોજકની રોકાણપ્રવૃત્તિનું સંચાલન નફા અને વ્યાજના દર વડે થાય છે.

**(2) <u>કુલ વપરાશવિધેયનો સિદ્ધાંત</u> :**

- કુલ વપરાશવિધેયનો સિદ્ધાંત ગ્રાહકોની વ્યક્તિગત વર્તણૂંકોની તરાહ પર આધાર રાખે છે.

- સામાન્ય રીતે વપરાશ પર અનેક પરિબળોનો પ્રભાવ પડે છે; પરંતુ જેવી રીતે કોઈ એક વસ્તુની માંગ તેની ભાવસપાટી પર આધાર રાખે છે, તેવી રીતે વપરાશ આવક પર આધાર રાખે છે. આવકમાં ફેરફાર થતાં વપરાશમાં ફેરફાર થાય છે, પરંતુ વપરાશ પર વપરાશવૃત્તિ અને બચતવૃત્તિનો પણ પ્રભાવ પડે છે. આ સંદર્ભે ગ્રાહકોની વર્તણૂંકની તરાહ વપરાશવિધેયની રચનામાં મહત્વની ભૂમિકા ભજવે છે.

➔ આમ, સમગ્રલક્ષી અર્થશાસ્ત્રના વિધેયો એકમલક્ષી વિધેયો અથવા વ્યક્તિઓના વર્તન ઉપરથી તારવવામાં આવે છે. તેથી એમ કહી શકાય કે સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનું એકમલક્ષી અર્થશાસ્ત્ર પર અવલંબન છે.

**★ <u>એકમલક્ષી અર્થશાસ્ત્રનું સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર પર અવલંબન</u> :-**

➔ જેમ સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર એકમલક્ષી અર્થશાસ્ત્ર પર અમુક પ્રમાણમાં આધાર રાખે છે તેમ એકમલક્ષી અર્થશાસ્ત્ર પણ અમુક અંશે સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર પર આધાર રાખે છે. દા.ત. નફાના દરના નિર્ધારણનો સિદ્ધાંત, વ્યાજના દર નિર્ધારણનો સિદ્ધાંત

**(1) <u>નફાના દરના નિર્ધારણનો સિદ્ધાંત</u> :**

- સામાન્ય રીતે નફાના દરના નિર્ધારણનો સિદ્ધાંત એકમલક્ષી અર્થશાસ્ત્રના અભ્યાસનો જાણીતો મુદ્દો છે.

- નફાનો એકમલક્ષી સિદ્ધાંત નફાને સમજાવવા માટે જોખમ, અનિશ્ચિતતા અને યોજક દ્વારા કરવામાં આવતાં પરિવર્તનોને લક્ષમાં લે છે પરંતુ નફો કયા દરે મળશે અને નફાનું કદ કેટલું રહેશે તે સમજાવવામાં એકમલક્ષી અર્થશાસ્ત્ર નિષ્ફળ નીવડે છે.

- નફાનું કદ કુલ માંગની સપાટી, કુલ આવક અને સામાન્ય ભાવસપાટી પર આધાર રાખે છે. દા.ત. મંદીમાં કુલ માંગ અને કુલ આવકની સપાટીઓ તેમજ ભાવસપાટી નીચાં હોય છે ત્યારે યોજાકો અર્થતંત્રનાં જુદા-જુદા ક્ષેત્રોમાં ખોટ ભોગવે છે. તેવી જ રીતે તેજીના સંજોગો પ્રવર્તતા હોય ત્યારે લોકોની કુલ માંગ અને કુલ આવક તેમજ ભાવસપાટી ઊંચા જાય છે ત્યારે યોજકો ભારે નફો કમાય છે.

- આ ઘટનાઓ સમજાવવા માટે સમગ્રલક્ષી અર્થશાસ્ત્રની જરૂર ઊભી થાય છે. આમ, નફાને સમજાવવા માટે એકમલક્ષી અર્થશાસ્ત્રની પદ્ધતિને સમગ્રલક્ષી અર્થશાસ્ત્રની પદ્ધતિ પર આધાર રાખવો પડે છે.

**(2) <u>વ્યાજના દરના નિર્ધારણનો સિદ્ધાંત</u> :**

- વ્યાજના દરના સિદ્ધાંતને સમગ્રલક્ષી અર્થશાસ્ત્રના અભ્યાસનો વિષય ગણવામાં આવે છે.

- વ્યાજના દરનું નિર્ધારણ એકમલક્ષી આર્થિક સિદ્ધાંત પર આધાર રાખે છે.

- લોર્ડ કેઈન્સે સ્પષ્ટ કર્યું કે વ્યાજનો દર તરલતા (રોકડ)ની પસંદગી અને નાણાંના સ્ટોક (પુરવઠા) વડે નક્કી થાય છે.

- તરલતાની પસંદગી અને નાણાંના સ્ટૉક (જથ્થા-પુરવઠા)ના ખ્યાલો સમગ્રલક્ષી છે તેથી વ્યાજના દરનું નિર્ધારણ સમગ્રલક્ષી અર્થશાસ્ત્રના અભ્યાસનું ક્ષેત્ર બને છે. કુલ બચત અને કુલ રોકાણ પણ વ્યાજના દરને અસર કરે છે. તેથી નાણાંનો જથ્થો, તરલતા પસંદગી, બચતો અને રોકાણ આ બધાં પરિબળો વ્યાજના દરના નિર્ધારણમાં મહત્વનાં છે.

- વ્યક્તિઓની રોકડ પસંદગી, વ્યક્તિઓ દ્વારા થતી બચત અને નિયોજકો દ્વારા થતું વ્યક્તિગત મૂડીરોકાણ આ બધું જ એકમલક્ષી અર્થશાસ્ત્રનો ભાગ બને છે.

➔ નફા અને વ્યાજના દર-નિર્ધારણને સમગ્રલક્ષી અર્થશાસ્ત્રના સાધનો અને સમગ્રલક્ષી આર્થિક ખ્યાલોના ઉપયોગ કર્યા વગર સમજાવી શકાય નહિં.

➔ આમ, એકમલક્ષી અર્થશાસ્ત્ર અને સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનાં અભ્યાસક્ષેત્રો જુદાં -જુદાં હોવાં છતાં તેમની વચ્ચે ભારોભાર પરસ્પરાવલંબન છે. ઘણી બધી આર્થિક ઘટનાઓ સમજાવવા માટે એકમલક્ષી અને સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનાં સાધનો અને ખ્યાલોનો ઉપયોગ કરવો પડે છે.

**★ <u>કિંમત અને મૂલ્ય (Price and Value)</u>**

→ સામાન્ય ભાષામાં કિંમત અને મૂલ્ય વચ્ચે કોઈ તફાવત દેખાતો નથી, પરંતુ અર્થશાસ્ત્રમાં બંને શબ્દોનો વિશિષ્ટ અર્થ કરવામાં આવ્યો છે.

★ **<u>મૂલ્ય (Value)</u>** :

→ અર્થશાસ્ત્રમાં મૂલ્યનાં બે અર્થ થાય છે.

(1) ઉપયોગિતા મૂલ્ય

(2) વિનિમય મૂલ્ય

**(1) <u>ઉપયોગિતા મૂલ્ય :</u>**

- આને **"વપરાશ મૂલ્ય"** પણ કહેવાય છે.
- વસ્તુમાં ઉપયોગિતાની દૃષ્ટિએ જે મૂલ્ય હોય, તેને ઉપયોગિતા મૂલ્ય કહે છે. દા.ત. સૂર્યપ્રકાશ

**(2) <u>વિનિમય મૂલ્ય :</u>**

- વિનિમય મૂલ્યનો ખ્યાલ સાપેક્ષ છે.
- અર્થશાસ્ત્રમાં મૂલ્ય શબ્દનો ઉપયોગ વિનિમય મૂલ્યના અર્થમાં જ કરવામાં આવે છે.
- જ્યારે એક વસ્તુના બદલામાં બીજી વસ્તુ કે પૈસા મેળવી શકતા હોય ત્યારે તે વસ્તુમાં વિનિમય મૂલ્ય છે.

→ મૂલ્યનો ખ્યાલ સાપેક્ષ છે. દા.ત. પાણીના સરોવર પાસે પાણી મૂલ્યહીન છે, જ્યારે શહેરમાં પાણી મૂલ્યવાન છે.

→ અર્થશાસ્ત્રમાં મૂલ્ય એટલે વસ્તુ કે સેવાની વિનિમય શક્તિને બીજી વસ્તુ કે સેવામાં દર્શાવવામાં આવે તે. દા.ત. ધારો કે 10 કિલો ઘઉંના બદલામાં 5 કિલો અડદની દાલ મળતી હોય તો 10 કિલો ઘઉંનું મૂલ્ય 5 કિલો અડદની દાલ ગણાય.

★ **<u>કિંમત (Price)</u>** :

→ નાણાંની શોધ થઈ તે અગાઉ લોકો એક વસ્તુ આપીને તેના બદલામાં અન્ય વસ્તુ મેળવતા હતા. દા.ત. ઘઉં આપીને કાપડ મેળવવું, કાપડ આપીને હળ મેળવવું, હળ આપીને બકરી મેળવવી વગેરે. આ પ્રમાણે એક વસ્તુના સાટા, બદલા કે વિનિમયમાં અન્ય વસ્તુ મેળવવાની પ્રથા (પદ્ધતિ) ને બદલા પદ્ધતિ, સાટા પદ્ધતિ કે વસ્તુ વિનિમય પ્રથા તરીકે ઓળખવામાં આવે છે.

→ સાટા પ્રથામાં વસ્તુનું માત્ર વિનિમય મૂલ્ય જ હતું, વર્તમાન વિશ્વમાં નાણાં પ્રથા અસ્તિત્વ ધરાવતી હોવાથી વસ્તુનું મૂલ્ય નાણાંમાં અંકાય છે, જેને વસ્તુની કિંમત કહેવાય છે.

→ બીજા શબ્દોમાં કહીએ તો જ્યારે કોઈપણ વસ્તુનું વિનિમય મૂલ્ય નાણાંમાં દર્શાવવામાં આવે છે ત્યારે તેને **"કિંમત"** કહેવાય છે. દા.ત. 10 કિલો ચોખા = રૂ.350માં મળતા હોય તો 10 કિલો ચોખાની કિંમત રૂ.350 કહેવાય.

→ કોઈ વસ્તુનું મૂલ્ય નિરપેક્ષ રીતે રજૂ કરી શકાતુ નથી, જ્યારે વસ્તુની કિંમત નિરપેક્ષ રીતે રજૂ કરી શકાય છે.

→ કોઈપણ બે વસ્તુની કિંમતમાં એક સાથે વધઘટ થઈ શકે છે, પરંતુ તેના મૂલ્યમાં એક સાથે વધઘટ થઈ શકતી નથી. દા.ત. 1 કિલો અડદની દાલ = 2 કિલો તુવેરની દાલ છે, પરંતુ ધારો કે 1 કિલો અડદની દાલ = 3 કિલો તુવેરની દાલ થાય તો અહીં અડદની દાલનું મૂલ્ય વધ્યું છે, કારણકે 1 કિલો અડદની દાલના બદલામાં પહેલાં 2 કિલો તુવેરની દાલ મળતી હતી, હવે 3 કિલો તુવેરની દાલ મળશે, જ્યારે તુવેરની દાલનું મૂલ્ય ઘટયું છે કારણકે પહેલાં 1 કિલો અડદની દાલ મેળવવા 2 કિલો તુવેરની દાલ જતી કરવી પડતી હતી, હવે, 3 કિલો જતી કરવી પડશે.

→ આમ, અડદની દાલ અને તુવેરની દાલ બંનેના મૂલ્યમાં એક સાથે વધારો ઘટાડો કદી પણ સંભવી ન શકે જ્યારે બંને વસ્તુની કિંમત એક સાથે વધી કે ઘટી શકે છે. દા.ત. અડદની દાલની કિંમત પહેલાં 1 કિલોનાં 70 રૂ. અને તુવેરની દાલની કિંમત 40 રૂ. હોય અને અર્થતંત્રમાં ફુગાવાના વલણ હોય તો અડદની દાલની કિંમત વધીને 140 રૂ. અને તુવેરની દાલની કિંમત વધીને 110 રૂ. એકસાથે થઈ શકે.

## <u>પ્રકરણ-2 વૃદ્ધિ અને વિકાસ</u>

★ **<u>આર્થિક વૃદ્ધિ અને આર્થિક વિકાસ</u>**

★ **<u>આર્થિક વૃદ્ધિનો ખ્યાલ (Concept of Economic Growth) :</u>**

→ સામાન્ય રીતે આર્થિક વૃદ્ધિ (Economic Growth) અને આર્થિક વિકાસ (Economic Development) સમાનાર્થી શબ્દો તરીકે વપરાય છે, પરંતુ અર્થશાસ્ત્રમાં આ બંને ખ્યાલો વચ્ચે તફાવત પાડવામાં આવે છે.

→ બીજા વિશ્વયુદ્ધ પછી રાજકીય ગુલામીમાંથી મુક્ત થયા પછી એશિયા અને આફ્રિકાના દેશોએ રાષ્ટ્રીય અને માથાદીઠ આવકની વૃદ્ધિના ધ્યેયને સર્વોચ્ચ અગ્રતા આપી હતી. કારણકે એવું માની લેવામાં આવ્યું હતું કે રાષ્ટ્રીય અને

માથાદીઠ આવકમાં વધારો થતાં આપોઆપ બેરોજગારી દૂર થશે, આવકની અસમાનતા ઘટશે અને ગરીબી નાબૂદ થશે. આર્થિક વૃદ્ધિ સિદ્ધ થતાં આપોઆપ આર્થિક વિકાસ પણ સિદ્ધ થઈ જશે, પરંતુ ત્રીજા વિશ્વના અનેક દેશોનો અનુભવ આ માન્યતાથી વિપરીત રહયો છે.

➔ આર્થિક વૃદ્ધિનો ખ્યાલ સમજવા માટે આર્થિક પ્રગતિ, આર્થિક વૃદ્ધિ અને આર્થિક વિકાસનો અર્થ સમજવો જરૂરી છે.

➔ જ્યારે અર્થતંત્રમાં એવા પરિવર્તનો આવ્યા હોય કે જેથી અર્થતંત્રની ઉત્પાદકતામાં વધારો થતો હોય તો તે **''આર્થિક પ્રગતિ''** કહેવાય છે.

➔ આર્થિક વૃદ્ધિ એટલે પ્રજાને વધુને વધુ વૈવિધ્યપૂર્ણ આર્થિક ચીજ-વસ્તુઓનો પુરવઠો પૂરો પાડવાની દેશની શક્તિમાં લાંબાગાળા માટે થતો વધારો. દેશની આ વધતી જતી શક્તિ સતત પ્રગતિશીલ ટેકનોલૉજી અને તેના પર અવલંબિત વૈચારિક સમાયોજન ઉપર આધારિત હોવી જોઈએ.

➔ બીજા શબ્દોમાં કહીએ તો આર્થિક વૃદ્ધિ એવી પ્રક્રિયાનો નિર્દેશ કરે છે જેમાં વાસ્તવિક રાષ્ટ્રીય આવક અને વાસ્તવિક માથાદીઠ આવક નિરંતર વધતી હોય છે. આ વૃદ્ધિ માટે જમીન, મૂડી, શ્રમ અને નિયોજન શક્તિ જેવા ઉત્પાદનનાં સાધનોના પુરવઠામાં વધારો જવાબદાર હોય છે. અથવા ઉત્પાદનનાં સાધનોની ઉત્પાદકતાનો વધારો જવાબદાર હોય છે.

➔ આર્થિક વૃદ્ધિ એ GNP માં થતો વૃદ્ધિ દર સૂચવે છે. આ ખ્યાલ માત્ર પરિમાણાત્મક છે. બે દેશોની આર્થિક કામગીરીનું મૂલ્યાંકન કરવા તે ઉપયોગી છે.

★ **<u>આર્થિક વિકાસનો ખ્યાલ (Concept of Economic Development) :</u>**

➔ આર્થિક વિકાસ એ એવી પ્રક્રિયા છે કે જેમાં કોઈપણ દેશમાં લોકોની લાંબાગાળા સુધી વાસ્તવિક માથાદીઠ આવકમાં વધારો થાય છે. આર્થિક વિકાસમાં જ્યારે કોઈપણ દેશના લોકોના માથાદીઠ ભૌતિક ઉત્પાદનમાં ચોક્કસ સમયગાળા દરમિયાન વૃદ્ધિ થતી રહે છે. આમ, લોકોના માથાદીઠ ભૌતિક ઉત્પાદનમાં થતી વૃદ્ધિનું બીજું નામ એટલે આર્થિક વિકાસ.

➔ માઈકલ પી. ટોડરોના મતે, **''વિકાસ એક બહુમુખી પ્રક્રિયા છે. એમાં સામાજિક માળખું, માનવ વલણો અને રાષ્ટ્રીય સંસ્થાઓમાં મૂળભૂત પરિવર્તનની સાથે આર્થિક વૃદ્ધિ એવી રીતે થાય છે કે ગરીબી, બેકારી અને અસમાનતા પણ ઘટે છે.''**

➔ આર્થિક વિકાસમાં આર્થિક વૃદ્ધિ અને પરિવર્તનો એમ બે બાબતોનો સમાવેશ થાય છે -

આર્થિક વિકાસ = આર્થિક વૃદ્ધિ + પરિવર્તન)

(Economic Devlopment = Economic Growth + Change)

➔ આર્થિક વિકાસ દરમિયાન પણ વાસ્તવિક રાષ્ટ્રીય આવક અને વાસ્તવિક માથાદીઠ આવક નિરંતર વધતી હોય છે પણ આર્થિક વિકાસ માત્ર પરિમાણાત્મક પરિવર્તન નથી. એમાં આવકની અભિવૃદ્ધિ સાથે કેટલાંક ગુણાત્મક પરિવર્તનો પણ સમાયેલા હોય છે.

➔ આર્થિક વિકાસ એક પ્રક્રિયા છે, તેમાં પરિમાણાત્મક ફેરફાર થાય છે, જેથી રાષ્ટ્રની વાસ્તવિક આવક વધે છે. તેમાં ગુણાત્મક ફેરફાર થાય છે, તેથી પ્રજાની સુખાકારી વધે છે.

➔ સંયુક્ત રાષ્ટ્ર સંઘના રિપોર્ટ અનુસાર, **''આર્થિક વિકાસ માનવીની ભૌતિક જરૂરિયાતો સાથે જ નહિં પરંતુ તેમની સામાજિક સ્થિતિઓમાં સુધારા સાથે સંલગ્ન છે. તેથી આર્થિક વિકાસ એ માત્ર આર્થિક વૃદ્ધિ જ નથી, પરંતુ આર્થિક વૃદ્ધિ, સામાજિક, સાંસ્કૃતિક, સંસ્થાગત તેમજ આર્થિક પરિવર્તનોનો સરવાળો છે.''**

➔ વર્તમાનમાં વિકાસનો અર્થ વધુ વિસ્તર્યો છે. લોકોની માથાદીઠ આવકમાં વધારો થાય એટલું જ પુરતું નથી; પરંતુ લોકોનાં જીવનની ગુણવત્તામાં પણ સુધારો થવો જોઈએ.

➔ જીવનની ગુણવત્તાના સુધારામાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે -

- પ્રજાનું આરોગ્ય સુધરવું જોઈએ.
- લોકોમાં શિક્ષણનું પ્રમાણ વધવું જોઈએ.
- ગંદકીનો યોગ્ય નિકાલ થવો જોઈએ.
- સૌને પીવા માટે ચોખ્ખુ પાણી મળવું જોઈએ.
- વિકાસના લાભો સામાન્ય જનતા સુધી પહોંચવા જોઈએ.
- વિકાસ ભાવિ પેઢીઓના ભોગે થવો જોઈએ નહિં.

➔ આમ, લોકોની આવકના વધારાની સાથે સમાજે નક્કી કરેલા ઉદેશો પાર પાડે તો જ વિકાસ થયો ગણાય.

★ **<u>આર્થિક વૃદ્ધિ અને આર્થિક વિકાસ વચ્ચેનો તફાવત :</u>**
**(Difference between Growth and Development)**

→ સામાન્ય રીતે આર્થિક વૃદ્ધિ અને આર્થિક વિકાસ સમાનાર્થી શબ્દો તરીકે વપરાય છે, પરંતુ અર્થશાસ્ત્રમાં આ બંને ખ્યાલો વચ્ચે તફાવત પાડવામાં આવે છે -

(1) વિકસિત રાષ્ટ્રોની આવકમાં થતો વધારો આર્થિક વૃદ્ધિ ગણાય અને ગરીબ કે વિકસતા રાષ્ટ્રોની આવકમાં થતો વધારો આર્થિક વિકાસ ગણાય.

(2) અર્થતંત્રની સ્થગિત અવસ્થામાં જે ફેરફાર થાય છે તે આર્થિક વિકાસ છે. આવો ફેરફાર જૂની વ્યવસ્થાને ઝડપથી બદલી નાખવાનું કામ કરે છે, પરંતુ જો અર્થતંત્રમાં વસ્તી, બચતનો દર વગેરેમાં વધારો થતાં લાંબાગાળે ધીમો અને સ્થિર ફેરફાર થાય તો તે આર્થિક વૃદ્ધિ છે.

(3) આર્થિક વૃદ્ધિ એટલે વધુ ઉત્પાદન જ્યારે આર્થિક વિકાસ એટલે વધુ ઉત્પાદન ઉપરાંત આર્થિક અને સામાજિક સંસ્થાઓમાં મૂળભૂત પરિવર્તનો.

(4) અર્થતંત્રમાં પરિવર્તનો માટે માત્ર પરિમાણાત્મક પરિબળો જવાબદાર હોય તો તે આર્થિક વૃદ્ધિ છે. જ્યારે પરિમાણાત્મક અને ગુણાત્મક બંને પ્રકારના પરિબળો જવાબદાર હોય તો તે આર્થિક વિકાસ છે.

(5) આર્થિક વૃદ્ધિ માત્ર પરિમાણાત્મક ફેરફાર હોવાથી માપી શકાય છે; પરંતુ આર્થિક વિકાસમાં પરિમાણાત્મક ઉપરાંત ગુણાત્મક ફેરફાર થતા હોય છે તેથી આર્થિક વિકાસને ચોક્કસ રીતે માપવો અતિ મુશ્કેલ છે.

★ **<u>આર્થિક વિકાસના નિર્દેશકો :</u>**

→ કોઈપણ દેશમાં આર્થિક વિકાસ થયો છે કે કેમ તે સમજવા માટે તથા વિકાસ કેટલા પ્રમાણમાં થયો છે. તે માપવા માટેના માપદંડોને **"આર્થિક વિકાસના નિર્દેશકો"** કહેવાય છે.

→ આર્થિક વિકાસના નિર્દેશકો નીચે મુજબ છે -

**(1) <u>જીવનની ભૌતિક ગુણવત્તામાં સુધારો :</u>**

→ આર્થિક વિકાસમાં રાષ્ટ્રીય આવક અને માથાદીઠ આવકના વધારાને ધ્યાનમાં લેવામાં આવે છે; પરંતુ મનુષ્યના જીવનની ગુણવત્તાને તેમાં ધ્યાનમાં લેવામાં આવતી નથી.

→ આર્થિક વિકાસનો લાભ ગરીબોના જીવનધોરણને ઊંચું લાવવા માટે થવો જોઈએ, દેશની સરેરાશ વસ્તીને જીવન જરૂરી વસ્તુઓ અને સેવાઓ પ્રાપ્ત થવી જોઈએ. આ બાબતને ધ્યાનમાં રાખીને અમેરિકાની એક ખાનગી સંસ્થા The Overseas Development Council ના વિદ્વાન **"મોરિસ ડેવિસ મોરિસ"** એ **"જીવનની ભૌતિક ગુણવત્તાનો આંક"** (Physical Quality of Life Index - PQLI) તૈયાર કર્યો છે.

→ મોરિસ ડેવિસ મોરિસે ઈ.સ.1979માં આ જીવનની ભૌતિક ગુણવત્તાનો આંક (PQLI) રજૂ કર્યો.

→ આ આંક અનુસાર કોઈપણ દેશમાં જીવનની ભૌતિક ગુણવત્તાના ત્રણ પરિમાણોને ધ્યાનમાં લેવામાં આવે છે -

(A) શિક્ષણ

(B) બાળમૃત્યુદર

(C) અપેક્ષિત આયુષ્ય

**(A) <u>શિક્ષણ :</u>**

- દેશમાં અક્ષરજ્ઞાન (સાક્ષરતાનો દર)નું પ્રમાણ શિક્ષણની પરિસ્થિતિ સૂચવે છે.

- શિક્ષણના પ્રમાણમાં પુખ્તવયના લોકોના અક્ષરજ્ઞાનના ટકા દર્શાવાય છે. એટલે કે 15 કે તેથી વધુ વય ધરાવતી વ્યક્તિઓમાં જે લખી વાંચી શકે છે તે શિક્ષિત છે તે રીતે ગણના કરાય છે.

- બીજા શબ્દોમાં કહીએ તો દેશની કુલ વસ્તીમાંથી શિક્ષણ મેળવેલી વસ્તીની ટકાવારી વડે દેશમાં શિક્ષણનું પ્રમાણ જાણી શકાય છે. દા.ત. વસ્તી ગણતરી - 2011 ના પ્રમાણે ભારતમાં સાક્ષરતાનો દર 74.04 ટકા છે, જેમાં પુરૂષ સાક્ષરતાનો દર 82.14 ટકા અને મહિલા સાક્ષરતાનો દર - 65.46 ટકા છે. આનો મતલબ થાય છે કે ભારતમાં માત્ર 25.96 ટકા લોકો જ નિરક્ષર છે.

**(B) <u>બાળમૃત્યુદર :</u>**

- બાળમૃત્યુદર (Infant Mortality Rate - I.M.R.) એટલે દર હજારે બાળકોના જીવંત જન્મેલ એક વર્ષની ઉંમરથી નીચેની ઉંમરના બાળકોના મૃત્યુનું પ્રમાણ.

- બીજા શબ્દોમાં કહીએ તો બાળમૃત્યુદર એટલે દર વર્ષે પ્રત્યેક હજાર જીવતાં જન્મેલાં બાળકોની સામે 1 વર્ષમાં મૃત્યુ પામતાં બાળકોનું પ્રમાણ

- બાળમૃત્યુનો નીચો દર દેશમાં આરોગ્યની સગવડોમાં થયેલો સુધારો સૂચવે છે. દા.ત. ભારતમાં કુલ બાળમૃત્યુદર 2009માં 50 હતો. જે 2015-16માં 40 થઈ ગયો એટલે કે કુલ બાળમૃત્યુદરમાં ઘટાડો થયો છે.

**(C) <u>અપેક્ષિત આયુષ્ય :</u>**

- બાળકના જન્મ સમયે તે કેટલા વર્ષનું આયુષ્ય ભોગવી શકશે, તેવી અપેક્ષાને **"અપેક્ષિત આયુષ્ય"** તરીકે ઓળખવામાં આવે છે.

- અપેક્ષિત આયુષ્યને એક જ વર્ષમાં જન્મેલાં લોકો સરેરાશ કેટલા વર્ષ જીવે છે તેને આધારે માપવામાં આવે છે. આ સરેરાશ આંક જુદી-જુદી વયે મૃત્યુ પામતી વ્યક્તિઓના આધારે તૈયાર કરાય છે.

- અપેક્ષિત આયુષ્યનું ઊંચું પ્રમાણ આરોગ્યની સુવિધાઓમાં સુધારો દર્શાવે છે. દા.ત. ભારતમાં અપેક્ષિત આયુષ્ય 1950-51માં 32.1 વર્ષ હતું. જે 2000 ની સાલમાં 62.50 વર્ષ થયું, 2011માં 65.4 વર્ષ અને 2016માં 68.8 વર્ષ થયું.

➔ આર્થિક વિકાસના માપદંડ તરીકે આવકના માપદંડની મર્યાદા હોવાથી તેના પૂરક તરીકે ભૌતિક જીવન ગુણવત્તા આંક (PQLI) નો ઉપયોગ કરવાની હિમાયત થાય છે. માનવ જરૂરિયાતો કેટલા પ્રમાણમાં સંતોષાય છે તેનો અંદાજ કાઢવા PQLI નો ખ્યાલ રજૂ થયો છે.

➔ આ આંક તૈયાર કરવા પાછળ એવો તર્ક છે કે સમાજના નીચલા વર્ગની પાયાની જરૂરિયાતો સંતોષાશે તો તેમનું જીવન ધોરણ સુધરતાં અપેક્ષિત આયુષ્યનું પ્રમાણ વધશે, બાળમૃત્યુનું પ્રમાણ ઘટશે અને શિક્ષણનું પ્રમાણ વધે છે, આથી PQLI કોઈપણ દેશની આર્થિક વિકાસની કક્ષા અને પ્રગતિ જાણવાનો એક મહત્વનો નિર્દેશાંક બનશે.

➔ પ્રત્યેક દેશ માટે ત્રણેય પરિમાણો (શિક્ષણ, અપેક્ષિત આયુષ્ય અને બાળમૃત્યુદર) નું સમાન મહત્વ સ્વીકારીને ત્રણેયના આંકના આધારે સરેરાશ સૂચકાંક નક્કી થાય છે, જેનું મહત્તમ મૂલ્ય 100 હોય છે.

➔ બીજા શબ્દોમાં કહીએ તો આ ત્રણેય પરિમાણોને આધારે કોઈપણ દેશનો આંક 1 થી 100 ના માપમાં માપવામાં આવે છે. આ સૂચકાંક કોઈ એક દેશમાં આવક કેટલી વધી છે તેને બદલે તે દેશમાં લોકોના જીવનની ગુણવત્તા કેટલી સુધરી છે તે દર્શાવે છે.

➔ આ ત્રણેય પરિમાણોમાં જે દેશની પરિસ્થિતિ સૌથી ખરાબ છે તે પરિસ્થિતિને 1 અને જે દેશની પરિસ્થિતિ સૌથી સારી છે તેને 100 આંક આપવામાં આવે છે. દા.ત. કોઈ દેશમાં લોકોનું સરેરાશ આયુષ્ય 30 વર્ષનું હોય, તો તે વિશ્વમાં સૌથી ઓછું આયુષ્ય ગણાય, તો તેને 1 આંક ગણવામાં આવે. બીજી બાજુ, કોઈ દેશમાં લોકોનું સરેરાશ આયુષ્ય 75 વર્ષનું હોય, તો તે વિશ્વમાં સૌથી સારું આયુષ્ય ગણાય, તો તેને 100 આંક ગણવામાં આવે છે.

➔ PQLI આર્થિક વિકાસનો સારો નિર્દેશક હોવા છતાં તે સર્વાંગ સંપૂર્ણ નથી. તેમાં આર્થિક વિકાસને લગતી ત્રણ જ બાબતોનો સમાવેશ થાય છે. જ્યારે આર્થિક વિકાસ એક બહુમુખી પ્રક્રિયા છે, જેમાં ગરીબી નાબૂદી, બેકારી નાબૂદી, પછાત પ્રદેશોનો વિકાસ એમ અનેક બાબતોનો સમાવેશ કરાય છે. આ બધી બાબતોને ધ્યાનમાં લઈ PQLI ઘડાય તો વધુ સાચી આર્થિક વિકાસની કક્ષા માપી શકાય.

➔ તેમ છતાં માથાદીઠ આવક અને રાષ્ટ્રીય આવકની સરખામણીમાં PQLI કેટલીક બાબતોમાં વિશિષ્ટ છે જેમ કે -

(1) ત્રણેય પરિમાણો અંગે વિશ્વસનીય માહિતી પ્રાપ્ત થાય છે.

(2) આંતરિક અને આંતરરાષ્ટ્રીય તુલના સરળતાથી કરી શકાય છે.

(3) ઊંચો આંક આર્થિક વિકાસના ઊંચા સ્તરનું સૂચન કરે છે.

**(2) <u>રાષ્ટ્રીય આવક અને માથાદીઠ આવકમાં વધારો :</u>**

**★ <u>રાષ્ટ્રીય આવકમાં વધારો :</u>**

➔ રાષ્ટ્રીય આવક અને આર્થિક વિકાસ વચ્ચેનો સંબંધ ઘનિષ્ઠ છે. સામાન્ય રીતે આવક તથા સંપત્તિમાં થતી સતત વૃદ્ધિ આર્થિક વિકાસ સૂચવે છે.

➔ આ નિર્દેશક પ્રમાણે જો દેશની વાસ્તવિક રાષ્ટ્રીય આવકમાં લાંબા ગાળા સુધી સતત વધારો થઈ રહયો હોય તો આર્થિક વૃદ્ધિ થઈ છે તેમ કહેવાય. રાષ્ટ્રીય આવક ઊંચા દરે વધી રહી હોય તો વૃદ્ધિનો દર ઊંચો ગણાય; પરંતુ જો રાષ્ટ્રીય આવક નીચા દરે વધી રહી હોય તો વૃદ્ધિનો દર નીચો ગણાય.

➔ આ માપદંડ મુજબ **"વાસ્તવિક રાષ્ટ્રીય આવક"** ધ્યાનમાં લેવાની છે; નાણાકીય રાષ્ટ્રીય આવક નહિ. એટલે કે રાષ્ટ્રીય આવકની **"સ્થિર ભાવો"** એ ગણતરી કરવાની છે, બજારભાવો એ નહિં.

➔ આ માપદંડની અમુક ખામીઓ છે જેમ કે -

- રાષ્ટ્રીય આવકની ગણતરી જુદી-જુદી પદ્ધતિઓ મુજબ થાય છે તેમાં આવકપદ્ધતિ, ઉત્પાદન પદ્ધતિ અને ખર્ચ પદ્ધતિ મુખ્ય છે. કોઈપણ દેશ અન્ય દેશ કરતાં અલગ પદ્ધતિ અપનાવી શકે છે, તેથી રાષ્ટ્રીય આવકની આંતરરાષ્ટ્રીય તુલનાનું કામ શકય નથી.

- આમાં વસ્તીવૃદ્ધિ તથા તેની અસર ધ્યાનમાં લેવામાં આવતી નથી.

- આમાં ઉત્પાદનનું માળખું કેવું છે તે ધ્યાનમાં લેવામાં આવતું નથી.

- વ્યવહારમાં રાષ્ટ્રીય આવક ચોકસાઈપૂર્વક માપી શકાતી નથી.

★ **<u>માથાદીઠ આવકમાં વધારો :</u>**

➔ કોઈપણ દેશની રાષ્ટ્રીય આવક તે દેશના ઉત્પાદનનાં સાધનો તથા કુદરતી સંસાધનોની પ્રાપ્તિ તેમજ કાર્યક્ષમતા પર આધાર રાખે છે કોઈ દેશે આર્થિક વિકાસ કર્યો કે નહિં, તે માપવા માટેનો યોગ્ય માપદંડ **"માથાદીઠ આવક"** છે.

➔ આ નિર્દેશક મુજબ જો દેશની માથાદીઠ વાસ્તવિક રાષ્ટ્રીય આવકમાં લાંબા ગાળા સુધી સતત વધારો થતો રહે તો આર્થિક વૃદ્ધિ થઈ છે તેમ કહેવાય.

➔ દેશની કુલ રાષ્ટ્રીય આવકને વસ્તીના કુલ પ્રમાણ વડે ભાગતાં જે સરેરાશ આવે તે **"માથાદીઠ રાષ્ટ્રીય આવક"** છે.

$$\text{માથાદીઠ આવક} = \frac{\text{કુલ રાષ્ટ્રીય આવક}}{\text{કુલ વસ્તી}}$$

➔ આ નિર્દેશક અનુસાર વાસ્તવિક માથાદીઠ આવકને ધ્યાનમાં લેવાની છે, નાણાકીય માથાદીઠ આવક નહિં. એટલે કે માથાદીઠ આવકની ગણતરી ચાલુ બજારભાવે નહિં, પરંતુ સ્થિર બજારભાવે કરવાની છે.

➔ માથાદીઠ આવકને વધુ વિશ્વસનીય માપદંડ પણ કહી શકાય. સામાન્ય રીતે ઊંચી માથાદીઠ આવક ધરાવતા દેશોમાં મોટા ભાગના લોકો ગરીબીના વિષચક્રમાંથી બહાર આવવામાં સફળ થયા છે, તેમનું જીવનધોરણ સુધર્યું છે.

➔ તેમ છતાં આ માપદંડની અમુક ખામીઓ છે જેમ કે -

- માથાદીઠ આવકના ખ્યાલની મહત્વની મર્યાદા વહેંચણીના સંદર્ભમાં છે. જો કોઈ દેશની માથાદીઠ આવક વધારે હોય; પરંતુ તેની વહેંચણી ખૂબ અસમાન રીતે થઈ હોય, તો મોટાભાગના લોકોનું જીવનધોરણ નીચું હોય તેવું બને.

- માથાદીઠ આવકનો આધાર રાષ્ટ્રીય આવક અને વસ્તીના પ્રમાણ પર છે. રાષ્ટ્રીય આવકની ગણતરીમાં કેટલીક મુશ્કેલીઓ છે. બીજું રાષ્ટ્રીય આવક પ્રતિ વર્ષ ગણાતી હોય છે, જ્યારે વસ્તી ગણતરી સામાન્યત : 10 વર્ષના ગાળે થતી હોય છે.

- આમાં આવકની અસમાનતા અંગે માહિતી આપવામાં આવતી નથી.

➔ રાષ્ટ્રીય આવક અને માથાદીઠ આવકના ખ્યાલની માપદંડ તરીકેની મર્યાદાઓ હોવા છતાં દેશ માટે અને બે દેશ વચ્ચેની વિકાસની તુલના કરવા માટે આ ખ્યાલનો વધારે ઉપયોગ કરવામાં આવે છે.

**(3) <u>માનવ વિકાસ સૂચકાંક</u>** (HDI)

➔ વિકાસને માત્ર આવક વૃદ્ધિના સંદર્ભમાં માપવાની ટીકાના પરિણામે 1990માં સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમે (United Nations Development Program - UNDP) માનવ વિકાસ અહેવાલ (Human Development Report) પ્રથમ વખત રજૂ કર્યો.

➔ આ અહેવાલ દર વર્ષે પ્રકાશિત કરીને તેમાં દુનિયાના વિવિધ દેશોનો અને દુનિયાના જુદા-જુદા પ્રદેશોનો માનવ વિકાસ આંક (Human Development Index) પ્રકાશિત કરવામાં આવે છે.

➔ આવકનો નિર્દેશાંક માત્ર આર્થિક હતો. જ્યારે PQLI નો નિર્દેશાંક સામાજિક હતો. તેથી માનવ વિકાસ આંક (HDI) માં આ બન્ને (આર્થિક અને સામાજિક) બાબતો ધ્યાનમાં લેવાઈ છે. આ અહેવાલમાં વિકાસના માપદંડ તરીકે માનવ વિકાસ આંક દર્શાવાયો છે.

➔ માનવ વિકાસ આંક (HDI) તૈયાર કરવામાં આ આંક સુગમ બને અને તેનું માપ સરળ બને તે માટે માત્ર ત્રણ જ પરિબળોને ધ્યાનમાં લેવાયા છે.

(1) આરોગ્ય (અપેક્ષિત આયુષ્ય)

(2) જ્ઞાન (શિક્ષણ)

(3) જીવનધોરણ

➔ આ પરિબળોના આંકની યાદી આપવાને બદલે તેની સરેરાશ ઉપર આધારિત સંયુક્ત આંક તૈયાર કરાય છે. જીવનધોરણ દર્શાવતો આવકનો આંક આર્થિક સિદ્ધિઓનો નિર્દેશક છે, જ્યારે આરોગ્ય અને જ્ઞાનનો આંક સામાજિક સિદ્ધિઓનો નિર્દેશક છે.

**(1) <u>આરોગ્ય :</u>**

- લાંબા અને તંદુરસ્ત જીવન માટે બાળકના જન્મ સમયનું અપેક્ષિત આયુષ્ય.

- જન્મ સમયે અપેક્ષિત આયુષ્યમાં પોષણ, સ્વાસ્થ્ય અને બાળમરણ જેવા ક્ષેત્રોમાં પ્રાપ્ત કરેલી સિદ્ધિઓ આવી જાય છે.

- અપેક્ષિત આયુષ્ય અંગે લઘુતમ ઈચ્છનીય મૂલ્ય 25 વર્ષ છે અને મહત્તમ ઈચ્છનીય મૂલ્ય 85 વર્ષ છે. સામાન્ય

રીતે અપેક્ષિત આયુષ્યનો આંક નીચો હોય તો તંદુરસ્તીથી વંચિત ગણાય છે જેમ અપેક્ષિત આયુષ્યનો આંક ઊંચો તેમ સારી સ્થિતિ ગણાય છે.

**(2)** **જ્ઞાન :**

- આ આંક તૈયાર કરવામાં બે બાબતો ગણતરીમાં લેવાય છે -

(a) પ્રૌઢ સાક્ષરતા દર

(b) શિક્ષણમાં દાખલ થવાનો ગુણોત્તર

**(a)** **પ્રૌઢ સાક્ષરતા દર :**

- 15 કે તેથી વધુ વયની વ્યક્તિઓમાં શિક્ષણનું પ્રમાણ

**(b)** **શિક્ષણમાં દાખલ થવાનો ગુણોત્તર :**

- શાળા-કોલેજમાં જવા યોગ્ય વયનાં બાળકોમાંથી શાળા-કોલેજમાં જતાં વિદ્યાર્થીઓનું પ્રમાણ

**(3)** **જીવન ધોરણ :**

- જીવનધોરણને **"માથાદીઠ આવક "** દ્વારા માપવામાં આવે છે.

- માથાદીઠ આવકનો માપદંડ લોકોની રોજગારીનો તેમ જ તેમને ઉપલબ્ધ ચીજવસ્તુઓ અને સેવાઓના પ્રમાણ નો નિર્દેશ કરે છે.

- માથાદીઠ આવકની ગણતરી માટે જે તે દેશની આવકને અમેરિકાના ચલણ મૂલ્યમાં ગણવામાં આવે છે, જે **" સમ ખરીદ શકિત "** (Purchasing Power Parity - PPP) તરીકે ઓળખાય છે.

➔ માનવ વિકાસ આંક (HDI) માં માનવ વિકાસનું સ્તર આ ત્રણેય પરિમાણોના રીતે માપવામાં આવે છે.

➔ આમ, માથાદીઠ આવક અને જીવનની ભૌતિક ગુણવત્તા નો સમન્વય કરીને રચાયેલા આંકનું મૂલ્ય શૂન્ય થી એક વચ્ચે હોય છે. કોઈપણ દેશના HDI નું મૂલ્ય જેમ 1ની વધુ નજીક હોય તેમ વધુ વિકસિત ગણાય છે.

➔ આ આંકના આધારે વિશ્વના શ્રેષ્ઠ અને કનિષ્ઠ દેશ અંગે માહિતી પ્રાપ્ત થાય છે.

➔ **માનવ વિકાસનું સ્તર :**

| | **માનવ વિકાસનું સ્તર** | **આંક** |
|---|---|---|
| 1. | અતિ ઉચ્ચ સ્તર | 0.773 કે તેનાથી વધુ |
| 2. | ઉચ્ચ સ્તર | 0.640 થી 0.773 સુધી |
| 3. | મધ્યમ સ્તર | 0.466 થી 0.640 સુધી |
| 4. | નિમ્ન સ્તર | 0.466 થી ઓછું |

➔ આર્થિક વિકાસના પ્રણાલિકાગત માપદંડોમાં માત્ર આવકના આર્થિક પરિબળને જ મહત્વ આપવામાં આવતું હતું. જયારે માનવ વિકાસ આંક (HDI) માં આવક અને સામાજિક કલ્યાણના શિક્ષણ અને આરોગ્ય જેવા નિર્દેશકોને પણ ધ્યાનમાં લેવાતા હોવાથી વધુ પરિપૂર્ણ છે.

➔ માનવ વિકાસ આંક (HDI) આર્થિક નીતિના ઘડવૈયાને એ સૂચવે છે કે આર્થિક વિકાસ એ સાધન છે, જયારે માનવ કલ્યાણ એ જ અંતિમ ધ્યેય છે.

➔ માનવ વિકાસ આંક (HDI) દ્વારા અલ્પવિકસિત દેશો અને વિકસિત દેશો વચ્ચે આર્થિક અને સામાજિક પછાતતાના તફાવતનો ખ્યાલ આવે છે. HDI નો ખ્યાલ વધુ ગતિશીલ છે. તેના આધારે દેશની વિકાસની દિશાનું યોગ્ય મૂલ્યાંકન થઈ શકે છે.

★ **માનવ વિકાસ રિપોર્ટ -2015**

- સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમે (UNDP) 14 ડિસેમ્બર, 2015 ના વર્ષ 2015નો માનવ વિકાસ અહેવાલ ઈથોપિયામાં જારી કર્યો છે. અહેવાલનું શીર્ષક **"માનવ વિકાસ માટે કાર્ય"** એવું નિર્ધારિત કરાયું છે.

★ **અહેવાલની મુખ્ય વિશેષતાઓ**

- 83 કરોડ લોકોને ગરીબ તરીકે વર્ગીકૃત કરાયા છે, જેઓ પ્રતિદિન 2 અબજ યુએસ ડોલરથી ઓછી આવકમાં જીવન ગુજારે છે.

- વિશ્વમાં 20 કરોડ લોકો બેરોજગાર છે જે પૈકીના 7.40 કરોડ યુવાનો છે.

- 2.10 કરોડ લોકો હજી પણ ફરિજયાત વેઠ કરી રહ્યા છે.

- વૈશ્વિક કાર્યના 52 ટકા મહિલાઓ દ્વારા સંપાદિત કરાઈ રહ્યા છે, તેમ છતાં સ્પષ્ટ અસમાનતાઓ યથાવત્ છે.

- અહેવાલ અનુસાર, વિશ્વમાં સાત અબજ મોબાઈલ ફોન ધારક છે, જેમાં સ્માર્ટફોન ધારકોની સંખ્યા 2.3 અબજ તથા ઈન્ટરનેટનો ઉપયોગ કરનારા લોકોની સંખ્યા 3.2 અબજ છે.

➔ **ભારતના સંદર્ભમાં અહેવાલ :**

- વર્ષ 2009 થી વર્ષ 2014 સુધી ભારતની સ્થિતિમાં છ સ્થાનોનો સુધારો થયો છે.

- ભારતનો સ્કોર મધ્યમ માનવ વિકાસ જૂથના સરેરાશ સ્કોર 0.630 થી ઓછો છે.

- જયારે દક્ષિણ એશિયન દેશોનો સરેરાશ સ્કોર 0.607 છે.

- વર્ષ 1980 ની તુલનામાં વર્ષ 2014 માં જન્મના સમયે ભારતના લોકોના સરેરાશ આયુષ્યમાં 14.1 ટકાનો વધારો થયો છે.

- શાળા શિક્ષણની સરેરાશમાં 3.5 ટકાનો વધારો થયો છે.

➔ **<u>ભારત અને અન્ય દેશોનો તુલનાત્મક અભ્યાસ :</u>**

- અહેવાલના ત્રણ ટોચના દેશો અનુક્રમે નોર્વે, ઓસ્ટ્રેલિયા અને સ્વિત્ઝરલેન્ડ છે.

➔ **<u>ભારતના પાડોશીઓ તથા તેઓનું સ્થાન ક્રમશઃ</u>**

શ્રીલંકા (73મો રેન્ક), ચીન (90), ભૂતાન (132), બાંગ્લાદેશ (142), નેપાળ (145), પાકિસ્તાન (147) તથા અફઘાનિસ્તાન (171)

➔ **બ્રિક્સ દેશો તથા તેઓનું સ્થાન અનુક્રમે :**

રશિયા (50મો રેન્ક), બ્રાઝિલ (75), ચીન (90), દક્ષિણ આફ્રિકા (116) ભારત (130)

➔ **આખરી પાંચ દેશો અને તેઓનું સ્થાન ક્રમશઃ**

બુરુંડી (184), ચાડ (185), ઈરિટ્રિયા (186), મધ્ય આફ્રિકી ગણરાજ્ય (187), નાઈઝર (188)

➔ **સાર્ક દેશો અને તેઓનો ક્રમશઃ** માલદીવ (104), ભારત (130), ભૂતાન (132), પાકિસ્તાન (147)

➔ **<u>ભારત માનવ વિકાસ રિપોર્ટ-2011</u>** :

આંતર રાષ્ટ્રીય સ્તરે માનવ વિકાસને માપવાના આ પ્રયાસ બાદ ભારતના વિવિધ રાજ્યો માટે પણ માનવ વિકાસ આંક તૈયાર કરવામાં આવી રહયો છે. ભારતમાં માનવ વિકાસ આંક શોધવાની શરૂઆત 2001માં ભારતીય આયોજન પંચની એકમાત્ર સંસ્થા **"ઈન્સ્ટીટયૂટ ઑફ એલાઈડ મેન પાવર રિસર્ચ "** દ્વારા થઈ અને તે સમય **"રાષ્ટ્રીય માનવ વિકાસ અહેવાલ"** (National Human Development Report - NHDR) તૈયાર કરાયો હતો. 2011માં બીજી રિપોર્ટ **"ભારત માનવ વિકાસ અહેવાલ** (Indian Human Development Report) નામથી તૈયાર કરવામાં આવી. હજુ સુધી બે જ રિપોર્ટ પ્રકાશિત કરવામાં આવી છે. 2001ની રિપોર્ટમાં 1999-2000ના આંકડાઓ અને 2011ની રિપોર્ટમાં 2007-08ના આંકડાઓથી સંબંધિત છે. યુ.એન.ડી.પી. (UNDP) ના માનવ વિકાસ અહેવાલ અને ભારતના માનવ વિકાસ અહેવાલમાં માનવ વિકાસ આંક શોધવા માટે જુદા-જુદા પરિમાણો ગણતરીમાં લેવામાં આવે છે.

➔ **<u>ભારતના HDI અને UNDP ના HDI વચ્ચે તુલના:</u>**

| **<u>ક્ષેત્ર</u>** | **<u>UNDP (માનવ વિકાસ અહેવાલ)</u>** | **<u>NHDR-2001 (રાષ્ટ્રીય માનવ વિકાસ અહેવાલ)</u>** | **<u>IHDR-2011 (ભારત માનવ વિકાસ અહેવાલ)</u>** |
|---|---|---|---|
| આરોગ્ય | લાંબુ/તંદુરસ્ત જીવન માટે બાળકના જન્મ સમયે અપેક્ષિત આયુષ્ય | એક વર્ષની ઉંમરે અપેક્ષિત આયુષ્ય, બાળ મૃત્યુ દર | લાંબુ/તંદુરસ્ત જીવન માટે બાળકના જન્મ સમયે અપેક્ષિત આયુષ્ય |
| જ્ઞાન/ શિક્ષણ | પ્રૌઢ સાક્ષરતા દર | 7 વર્ષ અને તેથી ઉપરમાં શિક્ષણનું પ્રમાણ | 7 વર્ષ અને તેથી ઉપરમાં શિક્ષણનું પ્રમાણ |
| | શિક્ષણમાં દાખલ થવાનો ગુણોત્તર | ઔપચારિક શિક્ષણની તીવ્રતા | શિક્ષણમાં દાખલ થવાનો ગુણોત્તર |
| જીવનધોરણ | માથાદીઠ આવક | અસમાનતા આધારિત માથાદીઠ વાસ્તવિક વપરાશી ખર્ચ | અસમાનતા આધારિત માથાદીઠ વાસ્તવિક વપરાશી ખર્ચ |

➔ ઉપર આપેલ તુલનાથી નીચે મુજબના તારણો કાઢી શકાય.

UNDP ના માનવ વિકાસ અહેવાલ અને ભારતના માનવ વિકાસ અહેવાલમાં માનવ વિકાસ આંકની ગણતરી માટેના ક્ષેત્રો સમાન છે.

ભારતમાં 2001માં ઔપચારિક શિક્ષણની તીવ્રતાને ધ્યાનમાં લેવામાં આવતી હતી અને તેને બદલે 2011માં શિક્ષણમાં દાખલ થવાનો ગુણોત્તરને ધ્યાનમાં લેવાયો છે.

ભારતમાં 2001ના રિપોર્ટમાં 5 પરિમાણો ધ્યાનમાં લેવાયા હતા. જ્યારે 2011માં 4 પરિમાણો જ ધ્યાનમાં લેવાયા. 2011 બાળ મૃત્યુ દરનો પરિમાણ બાકાત રાખવામાં આવ્યો છે.

UNDP માં જીવનધોરણને માથાદીઠ આવકના માપદંડથી ગણાય છે. જ્યારે ભારતમાં અસમાનતા આધારિત માથાદીઠ વાસ્તવિક ખર્ચને ધ્યાનમાં લેવામાં આવ્યો છે.

**ભારતના રાજ્યોમાં માનવ વિકાસ આંક : (2011ના રિપોર્ટ પ્રમાણે)**

| રાજ્ય | (NHDR-01 માનવ વિકાસ આંક (HDI) 1999-2000 | (IHDR-2011 માનવ વિકાસ આંક (HDI) 2007-08 | (NHDR-01) ક્રમ 1999-2000 | (IHDR-11) ક્રમ 2007-08 |
|---|---|---|---|---|
| કેરળ | 0.677 | 0.790 | 2 | 1 |
| દિલ્હી | 0.750 | 0.720 | 1 | 2 |
| હિમાચલ પ્રદેશ | 0.581 | 0.652 | 4 | 3 |
| ગોવા | 0.595 | 0.617 | 3 | 4 |
| પંજાબ | 0.543 | 0.605 | 5 | 5 |
| આસામ સિવાયના ઈશાની રાજ્યો | 0.473 | 0.573 | 9 | 6 |
| મહારાષ્ટ્ર | 0.501 | 0.572 | 6 | 7 |
| તમિલનાડુ | 0.480 | 0.570 | 8 | 8 |
| હરિયાણા | 0.501 | 0.552 | 7 | 9 |
| જમ્મુ કાશ્મીર | 0.465 | 0.529 | 11 | 10 |
| ગુજરાત | 0.466 | 0.527 | 10 | 11 |
| કર્ણાટક | 0.432 | 0.519 | 12 | 12 |
| પશ્ચિમ બંગાળ | 0.422 | 0.492 | 13 | 13 |
| ઉતરાખંડ | 0.339 | 0.490 | 16 | 14 |
| આંધ્રપ્રદેશ | 0.368 | 0.473 | 15 | 15 |
| આસામ | 0.336 | 0.444 | 17 | 16 |
| રાજસ્થાન | 0.387 | 0.434 | 14 | 17 |
| ઉત્તર પ્રદેશ | 0.316 | 0.380 | 18 | 18 |
| ઝારખંડ | 0.268 | 0.376 | 23 | 19 |
| મધ્ય પ્રદેશ | 0.285 | 0.375 | 20 | 20 |
| બિહાર | 0.292 | 0.367 | 19 | 21 |
| ઓરિસ્સા | 0.275 | 0.362 | 22 | 22 |
| છત્તીસગઢ | 0.278 | 0.358 | 21 | 23 |
| ભારત | 0.387 | 0.467 | | |

**(4) સ્ત્રી-પુરુષ અસમાનતા આંક (GII) :**

➔ સંયુક્ત રાષ્ટ્રોના વિકાસ કાર્યક્રમ (United Nations Development Programme) દ્વારા પ્રકાશિત 1995ના માનવ વિકાસ અહેવાલ (HDR) માં સૌપ્રથમ વખત આર્થિક વિકાસના બે નવા માપ દાખલ કરવામાં આવ્યા હતા.

(1) જાતિ સંબંધિત વિકાસ આંક (Gender Related Development Index - GDI)

(2) જાતિ સંબંધિત સશક્તિકરણનું માપ (Gender Empowerment Measure - GEM)

➔ 2010ના માનવ વિકાસ અહેવાલ (H.D.R.) થી જાતિ સંબંધિત વિકાસ આંક (GDI) અને જાતિ-સંબંધિત સશક્તિકરણનું માપ (GEM) ના વિકલ્પ સ્વરૂપે જાતિ સંબંધિત અસમાનતા આંક (Gender Inequality Index - GII) ગણવાની શરૂઆત થઈ છે.

➔ જાતિ સંબંધિત અસમાનતા આંક (GII) માં આઠ પરિમાણો ને ધ્યાનમાં લેવાય છે જેમ કે -

(1) મહિલાઓમાં કુલ પ્રજનન દર

(2) માતૃત્વ મૃત્યુ દર (MMR)

(3) 15 થી 49 વર્ષની મહિલાઓમાં ગર્ભનિરોધક સાધનોનો ઉપયોગની ટકાવારી.

(4) 15 વર્ષથી વધુ વયના સ્ત્રી-પુરુષોમાં શિક્ષણનું ટકાવારી પ્રમાણ

(5) સંસદમાં બેઠકોનું ટકાવારી પ્રમાણ

(6) શ્રમ બજારમાં મહિલાઓની ભાગીદારીનું ટકાવારી પ્રમાણ

(7) કુશળ આરોગ્ય કાર્યકર દ્વારા બાળજન્મ

(8) બાળજન્મ પછી દવાખાનાની મુલાકાત

**(5) <u>માનવ ગરીબી આંક (HPI)</u>** :

➔ 1997માં માનવ વિકાસ રિપોર્ટ (HDR) માં સૌપ્રથમ વખત **"માનવ ગરીબી આંક"** (Human Poverty Index- HPI) રજૂ કરાયો છે.

➔ માનવ ગરીબી આંક (HPI) માં વિકસતા દેશો માટે HPI-1 અને વિકસિત દેશો માટે HPI-2 એમ બે આંક શોધવામાં આવતા હતા.

➔ HPI-1 માં નીચે મુજબના પરિમાણો ધ્યાનમાં લેવાતા -

- કોઈપણ વ્યક્તિ 40 વર્ષથી નીચેની ઉંમરમાં મૃત્યુ પામે તેનું પ્રમાણ.
- 15 થી વધુ ઉંમરનામાં સાક્ષરતાનું પ્રમાણ
- આરોગ્ય/તબીબી વિષયક સવલતો.
- પીવાનું ચોખ્ખું પાણી
- 5 વર્ષથી નીચેના બાળકોનું અપૂરતુ પોષણની ટકાવારીનું પ્રમાણ
- GDP પરથી ગરીબીનું પ્રમાણ.

➔ HPI-2 માં વિકસિત દેશો માટે નીચે મુજબના પરિમાણો ધ્યાનમાં લેવાતા -

- 60 વર્ષ સુધીના જન્મદરની શક્યતા
- કુલ વસ્તીમાં પ્રૌઢ શિક્ષણના ખામીની ટકાવારી
- ગરીબી રેખા નીચે જીવન જીવતા લોકોનું પ્રમાણ
- લાંબા ગાળાનો બેકારીનો દર

➔ UNDP દ્વારા માનવ વિકાસ અહેવાલોમાં HPI-1 અને HPI-2 ની ગણતરી 1997 થી 2009 સુધી કરી હતી. 2010 ના માનવ વિકાસ અહેવાલ (HDR) માં આ પદ્ધતિનો ત્યાગ કરી તેની જગ્યાએ **"બહુઆયામી ગરીબી આંક"** (Multidimensional Poverty Index- MPI) નો પ્રયોગ કરવામાં આવ્યો છે.

**(6) <u>બહુ-આયામી ગરીબી આંક (MPI)</u>** :

➔ બહુ-આયામી ગરીબી આંક (Multidimensional Poverty Index - MPI) એક આંતરરાષ્ટ્રીય ગરીબી માપનો સૂચક છે. જેને સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ માટે **"ઑક્સફોર્ડ ગરીબી અને માનવ વિકાસ પહેલ"** (OPHI) દ્વારા માનવ વિકાસ અહેવાલ (HDR) માટે વિકસિત કરવામાં આવ્યો છે.

➔ 2010 ના માનવ વિકાસ અહેવાલથી HPI-1 અને HPI-2 ને સ્થાને બહુ-આયામી ગરીબી આંક (MPI) ની ગણતરી કરવાની શરૂઆત થઈ છે.

➔ બહુ-આયામી ગરીબી આંકની ગણતરી કરવા માટે જે 3 (ત્રણ) ક્ષેત્રોમાં કુલ 10 નિર્દેશકો ધ્યાનમાં લેવાય છે તે નીચે મુજબ છે -

**(1) <u>શિક્ષણ:</u>**

- પાંચ વર્ષનું શાળાકીય શિક્ષણ કોઈએ પૂરું ન કર્યું હોય તે પરિવાર
- ઓછામાં ઓછી શાળાએ જવાની ઉંમર ધરાવનારું બાળક શાળામાં નોંધાયેલું ન હોય તે પરિવાર

**(2) <u>આરોગ્ય :</u>**

- કુપોષણને લીધે એક કે તેથી વધુ બાળકો જેમાં મૃત્યુ પામ્યાં હોય તે પરિવાર
- ઓછામાં ઓછું એક સભ્ય કુપોષણથી પીડાતો હોય તે પરિવાર

**(3) <u>જીવનધોરણ:</u>**

- જો કોઈ ઘરમાં વીજળી ન હોય.
- જો કોઈ પરિવારને પીવાનું ચોખ્ખું પાણી ન મળતું હોય.
- જો કોઈ પરિવાર ઘરમાં પર્યાપ્ત સફાઈની વ્યવસ્થા ન હોય.
- જો કોઈ ઘરમાં ફરસ માટીની (ગોબરથી) લીપેલી હોય.
- જો કોઈ ઘરમાં લાકડું, કોલસો કે છાણનો ઉપયોગ બળતણ તરીકે થતો હોય.
- એવું પરિવાર/વ્યક્તિ જેની પાસે કાર નથી પણ સાયકલ, મોટરસાયકલ, રેડિયો, ફ્રીજ, ફોન કે ટીવીમાંથી એક વસ્તુ હોય.

**(7) <u>માનવ સુખાકારી આંક</u>** (HHI) :

→ માનવ સુખાકારી આંક (Human Happiness Index-HHI) લંડન સ્થિત **"ન્યુ ઈકોનોમિક્સ ફાઉન્ડેશન"** નામની સ્વાયત્ત સંસ્થા રજૂ કરે છે.

→ માનવ સુખાકારી આંક (HHI) =

$$\frac{\text{જીવન પ્રત્યેનો સંતોષ X જીવનની અપેક્ષાઓ}}{\text{જીવનની રીતભાતની ક્ષમતા}}$$

★★★★★

## <u>પ્રકરણ-3 ઉત્પાદન</u>

### ★ <u>ઉત્પાદનનો ખ્યાલ</u>

→ માનવીની જરૂરિયાતો અનંત છે. આપણી કોઈપણ જરૂરિયાત આપમેળે સંતોષી શકાતી નથી. વસ્તુ કે સેવાના ઉત્પાદન માટે માનસિક અથવા શારીરિક પ્રયત્નો કરવા પડે છે. ઈશ્વરે જે કુદરતી સાધનો આપણને આપ્યાં છે તેના પર માનવ પ્રયત્ન કરવાથી ઉત્પાદન થાય છે. ટૂંકમાં ઉત્પાદન એટલે જરૂરિયાત સંતોષવાનો ગુણ ઊભો થાય તે.

→ સામાન્ય વ્યવહારમાં ઉત્પાદન એટલે કોઈ નવી વસ્તુનું સર્જન છે, જેમ કે સુથાર લાકડામાંથી ફર્નિચર બનાવે છે, કુંભાર માટીનાં વાસણો બનાવે છે. વગેરે ઉત્પાદનો છે, પરંતુ અર્થશાસ્ત્રમાં ઉત્પાદનનો ખૂબ જ વ્યાપક અર્થ લેવામાં આવે છે -

→ ગ્રાહકને યોગ્ય સ્થળે કે સમયે જરૂરિયાત સંતોષતી વસ્તુ કે સેવા મળે તે માટે સ્વરૂપ, સ્થળ કે સમય બદલવાની પ્રક્રિયા એટલે ઉત્પાદન. બીજા શબ્દોમાં કહીએ, આર્થિક ઉદ્દેશથી, કોઈપણ ભૌતિક વસ્તુ કે અભૌતિક સેવાનું રૂપાંતર કરવાની ક્રિયા કે જેનાથી તેમાં તુષ્ટિગુણમાં વધારો થતો હોય અને આવી વસ્તુ કે સેવાની અછત હોવાથી વિનિમય મૂલ્ય હોય ત્યારે ઉત્પાદન થયું કહેવાય છે.

→ જે વસ્તુની અછત હોય અને જેનું ઉત્પાદન હંમેશા વિનિમયના હેતુથી થતું હોય તેને જ ઉત્પાદન ગણવું જોઈએ. જેમ કે ઘરની આસપાસની જમીનમાં ઉગાડેલી ઘર-વપરાશ માટેની શાકભાજી ઉત્પાદન નથી, પણ ખેતરમાં ઉગાડેલી બજારમાં વેચવા માટે આવતી શાકભાજી ઉત્પાદન છે. બજારમાં વિનિમય માટે કરવામાં આવતી પ્રવૃત્તિઓ જ ઉત્પાદન ગણાય છે.

→ ઉત્પાદન એક સળંગ પ્રક્રિયા છે. ખાણમાંથી લોખંડની કાચી ધાતુ મેળવી તેમાંથી યંત્ર બનાવવા સુધીની તથા ગ્રાહક સુધી પહોંચાડવા સુધીની બધી જ પ્રક્રિયા ઉત્પાદન છે. જે પ્રવૃત્તિ આર્થિક ઉદ્દેશવાળી હોય તે જ ઉત્પાદન સાથે સંબંધ ધરાવે છે. વિદ્યાર્થી તેના મિત્રને ગણિત શીખવે તે ઉત્પાદન નથી, પણ શિક્ષક વર્ગમાં વિદ્યાર્થીને ભણાવે તે ઉત્પાદન છે કારણકે તેમાં શિક્ષકનો હેતુ વિદ્યા-વિનિમય દ્વારા આર્થિક ઉપાર્જન કરવાનો છે. માત્ર પદાર્થનું હસ્તાંતર થાય એટલે પણ ઉત્પાદન થતું નથી.

### ★ <u>ઉત્પાદનની ક્રિયાનો વિસ્તાર</u>

→ અર્થશાસ્ત્રમાં ઉત્પાદનનો ખૂબ જ વ્યાપક અર્થ લેવામાં આવે છે. નીચેની કોઈપણ રીતે ઉત્પાદન થઈ શકે છે

(1) વસ્તુના સ્વરૂપમાં રૂપાંતર અથવા પદાર્થનું રૂપાંતર

(2) વસ્તુના સ્થળમાં રૂપાંતર અથવા પદાર્થનું સ્થળાંતર

(3) વસ્તુના સમયમાં રૂપાંતર અથવા પદાર્થનું સમયાંતર

**(1) <u>પદાર્થનું રૂપાંતર :</u>**

→ વિજ્ઞાનની દષ્ટિએ માનવ કોઈ પદાર્થનું સર્જન કરતો નથી કે તેનો નાશ કરતો નથી. માત્ર એક સ્થૂળ પદાર્થનું અન્ય પદાર્થમાં રૂપાંતર થાય છ. દા.ત. સુથાર લાકડામાંથી ટેબલ બનાવે છે, લુહાર લોખંડમાંથી હળ બનાવે છે ત્યારે તેઓ કોઈ જ નવા પદાર્થનું સર્જન કરતા નથી, પરંતુ એક કે એક કરતાં વધારે પદાર્થોનું અન્ય સ્વરૂપમાં રૂપાંતર કરે છે.

→ જયારે કોઈપણ પદાર્થ (વસ્તુ) નું કદ, સ્વરૂપ, આકાર, વજન કે સ્વાદ વગેરેમાં પરિવર્તન કરતાં પદાર્થના તુષ્ટિગુણમાં કે સંતોષ આપવાના ગુણમાં જે વધારો થાય છે તેને રૂપાંતરથી થયેલા ઉત્પાદન તરીકે ઓળખવામાં આવે છે આને **"સ્વરૂપ તુષ્ટિગુણ"** કહેવાય. આમ, ઉત્પાદન એટલે સ્વરૂપ તુષ્ટિગુણનું સર્જન.

**(2) <u>પદાર્થનું સ્થળાંતર :</u>**

→ પદાર્થનું સ્વરૂપ બદલવાથી જેમ ઉત્પાદન થાય છે તેમ પદાર્થનું સ્થળાંતર કરવાથી પણ પદાર્થના તુષ્ટિગુણમાં વધારો કરી શકાય છે, જેને પણ ઉત્પાદન કહેવાય. વસ્તુ કે પદાર્થનું જ્યાં ઉત્પાદન થાય ત્યાં જ તેનો વપરાશ થતો નથી એટલે વસ્તુનું સ્થળાંતર કરીને પણ તેની ઉપયોગિતામાં વધારો કરી શકાય છે. દા.ત.આસામમાં તૈયાર થતી ચા માત્ર આસામમાં જ ઉપયોગમાં લેવાતી નથી. આખા દેશમા અને પરદેશમાં પણ મોકલવામાં આવે છે.

→ આમ, છતવાળી જગ્યાએથી અછતવાળી જગ્યાએ વસ્તુ લઈ જવાથી વસ્તુમાં જે તુષ્ટિગુણ ઉમેરાય કે ઉપયોગિતા વધે છે તેને પણ ઉત્પાદન કહેવામાં આવે છે જેને **''સ્થાન તુષ્ટિગુણ''** કહેવાય.

**(3) પદાર્થનું સમયાંતર :**

→ માનવીની કેટલીક જરૂરિયાતો ઋતુગત હોય છે. દા.ત. શિયાળામાં ગરમ કપડાં, ચોમાસામાં છત્રી કે રેનકોટ, જયારે જે વસ્તુની જરૂર પડે ત્યારે તરત જ તેનું ઉત્પાદન થતું નથી. ઉત્પાદન કરવામાં સમય જાય છે. આથી પદાર્થ કે વસ્તુ ઉત્પન્ન કરી તેને અમુક સમય માટે સંગ્રહી રાખવામાં આવે છે. આથી તેના તુષ્ટિગુણમાં વધારો થાય છે. આમ, સંગ્રહની કામગીરી પણ ઉત્પાદન છે.

→ ટૂંકમાં, જે કોઈ ક્રિયાને કારણે વસ્તુના તુષ્ટિગુણમાં વધારો થતો હોય તે ઉત્પાદન બને છે. વસ્તુના સ્વરૂપાંતર, સ્થળાંતર કે સમયાંતર કરવાની ક્રિયાથી જો વસ્તુના તુષ્ટિગુણમાં વધારો થતો હોય તો તે ઉત્પાદનની ક્રિયા છે.

**★ ઉત્પાદનનાં સાધનો**

→ ઉત્પાદન એક સળંગ પ્રક્રિયા છે એટલે એમાં જુદાં-જુદાં અનેક સાધનોની જરૂર પડે છે; આમ છતાં, અર્થશાસ્ત્રમાં ઉત્પાદનનાં સાધનોને મૂળભૂત રીતે ચાર સાધનોમાં વહેંચવામાં આવે છે.

(1) ભૂમિ કે જમીન (2) શ્રમ

(3) મૂડી (4) નિયોજન

**(1) ભૂમિ :**

- આપણા સામાન્ય વ્યવહારમાં ભૂમિ કે જમીનનો અર્થ પૃથ્વીની સપાટી કે જેના પર ખેતી થાય છે, મકાનો બાંધવામાં આવે છે, એ થાય છે; પરંતુ અર્થશાસ્ત્રમાં ભૂમિનો અર્થ વધુ વ્યાપક છે. અર્થશાસ્ત્રની દૃષ્ટિએ **''કુદરતે સર્જન કરેલી તમામ સંપત્તિ જેને આવકનું સર્જન કરવા માટે ઉપયોગમાં લઈ શકાય તેને ભૂમિ કહેવામાં આવે છે.''**

**(2) શ્રમ :**

- સામાન્ય વ્યવહારમાં શ્રમને શારીરિક મહેનત કે જેનાથી પરસેવો થાય તેવી ક્રિયા તરીકે ઓળખવામાં આવે છે; પરંતુ અર્થશાસ્ત્રમાં **''આર્થિક બદલાની અપેક્ષાથી કરવામાં આવતો શારીરિક કે માનસિક પ્રયત્ન એટલે શ્રમ''** એમ ગણવામાં આવે છે. જે શ્રમ કરે તે શ્રમિક કહેવાય છે. દા.ત. નર્સ પોતાના ઘરમાં બાળકો કે પતિની સંભાળ રાખે તો તે શ્રમ નથી કારણકે તે કાર્ય બદલ તેને કોઈ જ વેતન ચૂકવવામાં આવતું નથી પણ તે જ નર્સ દવાખાનામાં શ્રમ કરે ત્યારે તેને શ્રમ કહેવાય છે, કારણકે તેને વેતન ચૂકવવામાં આવે છે.

**(3) મૂડી :**

- સામાન્ય વ્યવહારના અર્થમાં પૈસો, ઘરેણાં, મકાન, શેર, ઢોર-ઢાંખર વગેરેને મૂડી ગણવામાં આવે છે, પરંતુ અર્થશાસ્ત્રમાં મૂડી શબ્દ ચોક્કસ અર્થ દર્શાવે છે અર્થશાસ્ત્રમાં જે ઉત્પાદનના કામમાં ઉપયોગમાં લેવાય તે મૂડી તરીકે ઓળખાય છે. દા.ત. આપણું ઘર વપરાશનું મકાન માનવ સર્જિત છે. તેનો ઉપયોગ ઉત્પાદનકાર્યમાં કરવામાં આવતો નથી. એટલે તે મૂડી નથી, પરંતુ આ જ મકાન કારખાના કે ઑફિસ તરીકે ઉપયોગમાં લેવામાં આવે તો તે મૂડી છે. આમ, **''માનવસર્જિત ઉત્પાદનનું કોઈપણ સાધન કે જે ઉત્પાદનના કામમાં મદદરૂપ થાય તેને મૂડી કહેવાય છે.''**

**(4) નિયોજક :**

- જમીન, શ્રમ અને મૂડીની જેમ નિયોજક ઉત્પાદનનું એક અગત્યનું સાધન છે. ઉત્પાદન શક્ય એટલું ઝડપી બનાવવામાં નિયોજક કેન્દ્રમાં છે. જેમ રમતની દરેક ટીમમાં કેપ્ટન કેન્દ્રમાં હોય છે તેમ ઉત્પાદન પદ્ધતિમાં નિયોજક કેન્દ્રમાં હોય છે અને સંગઠનનું કાર્ય કરે છે. ઉત્પાદનનાં જુદાં-જુદાં સાધનો મેળવવા, યોગ્ય સમયે અને સ્થાને ભેગાં કરવા, ઉત્પાદન કરવું, સાધનોને વળતર ચૂકવવું, તૈયાર માલનો ભાવ નક્કી કરી બજારમાં વેચવો વગેરે કાર્યો નિયોજક કરે છે. આમ, નિયોજક એટલે ઉત્પાદનનાં સાધનો એકઠાં કરી તેને વ્યવસ્થિત ઉપયોગમાં લઈ ઉત્પાદન શક્ય બનાવનાર સાધન.

**★ ઉત્પાદનનાં ખર્ચ :**

→ મૂલ્યના સિદ્ધાંતોમાં માંગ અને પુરવઠો બંને અગત્યનાં પરિબળો છે. પુરવઠો ઉત્પાદન પર આધારિત છે અને ઉત્પાદન, ઉત્પાદન-ખર્ચ પર આધારિત છે. કારણકે, ઉત્પાદન આખરે તો ઉત્પાદનનાં સાધનોના પ્રમાણ અને તેની પાછળ કરવામાં આવેલાં ખર્ચ પર આધારિત છે. આમ, પુરવઠા અને ઉત્પાદન - ખર્ચ વચ્ચે સંબંધ છે.

→ અર્થશાસ્ત્રમાં ઉત્પાદન ખર્ચના ત્રણ ખ્યાલો પ્રચલિત છે -

(1) વાસ્તવિક ખર્ચ

(2) વૈકલ્પિક ખર્ચ

(3) નાણાકીય ખર્ચ

**(1) વાસ્તવિક ખર્ચ (Real Cost) :**

- ઉત્પાદનના સાધનને ઉત્પાદનની પ્રક્રિયામાં સામેલ થવાથી જે અસંતોષ થાય છે, તે ઉત્પાદનનું વાસ્તવિક ખર્ચ છે. અર્થશાસ્ત્રની પરિભાષામાં તેને **"ઋણ તુષ્ટિગુણ"** કહેવામાં આવે છે. દા.ત. શ્રમિકોને શ્રમકાર્ય કરવું ગમતું નથી, તેને કંટાળો આવે છે, થાક લાગે છે. આ બધું ઉત્પાદનનું વાસ્તવિક ખર્ચ (Real Cost) છે.

- વાસ્તવિક ખર્ચનો ખ્યાલ કલાસિકલ અર્થશાસ્ત્રીઓએ રજૂ કર્યો હતો. વાસ્તવિક ખર્ચ માપી શકાતો નથી, કારણકે થાક, કંટાળો, અગવડ, તણાવ વગેરે માનસિક અને આત્મલક્ષી બાબતો છે અને વ્યક્તિએ વ્યક્તિએ તે બદલાય છે.

- વાસ્તવિક ખર્ચના ખ્યાલમાં ઉત્પાદનનાં અન્ય સાધનો પાછળ થતાં ખર્ચનો વિચાર કરી શકાતો નથી. કારણકે અન્ય સાધનો નિર્જીવ હોવાથી તેઓ અસંતોષનો અનુભવ કરી શકશે નહિ. આમ, આ વાસ્તવિક ખર્ચનો ખ્યાલ અસંતોષકારક છે અને વ્યવહારુ દૃષ્ટિએ ઉપયોગી નથી.

**(2) વૈકલ્પિક ખર્ચ (Opportunity Cost) :**

- વાસ્તવિક ખર્ચના ખ્યાલની ખામી દૂર કરવા ઑસ્ટ્રિયન અર્થશાસ્ત્રીઓએ વૈકલ્પિક ખર્ચનો ખ્યાલ રજૂ કર્યો. ઉત્પાદનના સાધનો એક કરતાં વધુ ઉપયોગો ધરાવે છે, તે હકીકત પર આ ખ્યાલ આધારિત છે. આવા સાધનને કોઈ એક હેતુસર ઉપયોગમાં લેવામાં આવે ત્યારે અન્ય ઉપયોગમાં લઈ શકાતું નથી.

- આમ, કોઈ એક વસ્તુનું ઉત્પાદન કરવા માટે જે બીજો શ્રેષ્ઠ વિકલ્પ જતો કરવામાં આવે છે, તે વસ્તુનો વૈકલ્પિક ખર્ચ છે. બીજા શબ્દોમાં કહીએ તો, સાધનનો જતો કરવો પડેલો શ્રેષ્ઠ વિકલ્પ એ આ સાધનનું વૈકલ્પિક ખર્ચ છે. દા.ત. એક ખેતરમાં ઘઉં પકવી શકાય અથવા તમાકુ ઉત્પન્ન કરી શકાય તેમ હોય અને જો ઘઉં પકવવાનો નિર્ણય કરીએ, તો તમાકુનું ઉત્પાદન અન્ય શ્રેષ્ઠ વિકલ્પ બને અને તમાકુ ઉત્પન્ન કરીએ તે ઘઉંના ઉત્પાદનનો વૈકલ્પિક ખર્ચ ગણાય.

- વૈકલ્પિક ખર્ચનો ખ્યાલ બે આર્થિક હકીકતો પર રચાયેલો છે -

(1) ઉત્પાદનના દરેક સાધનના વૈકલ્પિક ઉપયોગ છે.

(2) દરેક સાધનમાં પૂર્ણ રોજગારી પ્રવર્તે છે.

- ઉત્પાદનના સાધનને જે વળતર મળે છે તેનો આધાર તે બીજે શું મેળવી શકે તેના ઉપર છે. આથી આને Opportunity Cost પણ કહેવાય છે.

- આમ, વૈકલ્પિક ખર્ચનો ખ્યાલ નાણાંથી સીધો નહિં, પરંતુ વસ્તુઓ અને કામગીરીઓ દ્વારા માપવામાં આવે છે.

**(3) નાણાકીય ખર્ચ (Financial Cost) :**

- વસ્તુનું ઉત્પાદન કરવા માટે નિયોજક દ્વારા ઉત્પાદનનાં સાધનોને જે નાણાકીય ચુકવણીઓ કરવામાં આવે છે, તે **"નાણાકીય ખર્ચ"** કહેવાય છે.

- વ્યવહારમાં ઉત્પાદન-ખર્ચનો વિચાર નાણાંમાં કરવામાં આવે છે. નાણાકીય ખર્ચમાં કામદારોનું વેતન, કાચા માલ અને યંત્રસામગ્રીની કિંમત, જમીન અને મકાનનું ભાડું વગેરેનો સમાવેશ થાય છે. મહત્તમ નફાનો ધ્યેય રાખતો નિયોજક ઉત્પાદિત વસ્તુ વેચવાથી થતી આવકને વધુમાં વધુ અને વસ્તુ ઉત્પન્ન કરતાં થતાં ખર્ચને ઓછામાં ઓછો કરવાની કોશિશ કરે છે.

- નાણાકીય ખર્ચનો આધાર ત્રણ પરિબળો પર રહેલો છે -

(1) ઉત્પાદનના સાધનોને ચૂકવાતીકિંમતો

(2) ઉત્પાદનની સપાટી

(3) સમયગાળો

- ઉત્પાદનનાં સાધનોને થતી ચુકવણીઓ વધુ હોય, તો ઉત્પાદન ખર્ચ વધુ હોવાનું. ઉપરાંત સમયગાળો લાંબો તેમ ઉત્પાદનના માળખામાં ઈચ્છનીય ફેરફારો કરીને ન્યૂનતમ ખર્ચે મહત્તમ ઉત્પાદન સિદ્ધ કરી શકાય.

★ **ઉત્પાદન-ખર્ચનું વર્ગીકરણ :**

➔ ઉત્પાદન-ખર્ચનું વર્ગીકરણ સમયગાળાની દૃષ્ટિએ રજૂ કરવામાં આવે છે. બે રીતે ઉત્પાદન-ખર્ચનો અભ્યાસ કરવામાં આવે છે -

(1) ટૂંકાગાળામાં ઉત્પાદન ખર્ચ

(2) લાંબાગાળામાં ઉત્પાદન ખર્ચ

**(1) ટૂંકાગાળામાં ઉત્પાદન ખર્ચ (Short Run Production Cost) :**

➔ ટૂંકો ગાળો એટલે સમયનો એવો ગાળો જે દરમિયાન ઉત્પાદક અમુક સાધનોને જેમ કે જમીન, યંત્રો, કાયમી સ્ટાફ વગેરેને સ્થિર રાખી અન્ય સાધનો જેમકે કાચો માલ, બળતણ, વધારાનાં શ્રમિકો વગેરેમાં વધારો કરી, અમુક મર્યાદામાં ઉત્પાદન વધારી શકે અથવા તેમાં ઘટાડો કરી અમુક મર્યાદામાં ઉત્પાદન ઘટાડી શકે.

➔ ટૂંકાગાળાના ઉત્પાદન-ખર્ચના બે પ્રકાર પાડી શકાય છે -

(a) સ્થિર ખર્ચ (Fixed Cost)

(b) અસ્થિર ખર્ચ (Variable Cost)

**(a) સ્થિર ખર્ચ (Fixed Cost) :**

- ઉત્પાદન વધતાં જે ખર્ચ વધતો નથી, ઉત્પાદન ઘટતાં જે ખર્ચ ઘટતો નથી, ઉત્પાદન શૂન્ય હોય તો પણ જે ખર્ચ યથાવત્ રહે છે, તેને **"સ્થિર ખર્ચ"** (Fixed Cost - FC) કહેવામાં આવે છે.

- અમુક સાધનો પર પેઢી દ્વારા કરવામાં આવતા ખર્ચને સ્થિર ખર્ચ કહે છે. દા.ત. કારખાનાના જમીન, મકાન, યંત્રો, ઓજારો વગેરે પાછળ મૂડીરોકાણનું વ્યાજ શરૂઆતથી જ ભોગવવું પડે છે. ઉત્પાદન શૂન્ય હોય તોપણ આ ખર્ચ કરવો જ પડે છે. દા.ત. કોઈ ઉદ્યોગમાં 20 શ્રમિકોને કાયમી મજૂર તરીકે રોકયા હોય અને કોઈપણ કારણસર આ ઉદ્યોગ 2 મહિના માટે બંધ રાખવો પડે તો પણ આ મજૂરોને તો વેતન ચૂકવવું પડે છે, આથી તે સ્થિર ખર્ચ છે.

- સ્થિર ખર્ચને **"પૂરક ખર્ચ"** (Supplementary Cost) પણ કહેવામાં આવે છે, કારણકે તે ઉત્પાદનના પ્રમાણ સાથે સીધી રીતે સંબંધિત નથી.

- સ્થિર ખર્ચને **"સર્વ સામાન્ય ખર્ચ"** (Overhead Cost) પણ કહેવામાં આવે છે, કારણકે તે વસ્તુના બધા એકમો પર આધારિત છે. તે કોઈ એક ખાસ એકમ માટે કરવામાં આવતો નથી.

- આમ, સ્થિર ખર્ચને ઉત્પાદનના પ્રમાણ સાથે સંબંધ નથી.

**(b) અસ્થિર ખર્ચ (Variable Cost) :**

- ઉત્પાદન વધતાં જે ખર્ચ વધે છે, ઉત્પાદન ઘટતાં જે ખર્ચ ઘટે છે, ઉત્પાદન શૂન્ય હોય ત્યારે જે ખર્ચ પણ શૂન્ય હોય છે, તેને **"અસ્થિર ખર્ચ"** (Variable Cost - VC) કહેવામાં આવે છે.

- ઉત્પાદનનાં અન્ય સાધનો પર પેઢી દ્વારા કરવામાં આવતા ખર્ચને અસ્થિર ખર્ચ કહે છે. દા.ત. કાચો માલ, વીજળી કે અન્ય ઊર્જા વપરાશ, દૈનિક શ્રમિકોનું વેતન, વાહનવ્યવહાર અને સંદેશાવ્યવહારનો વપરાશ અને તે માટે થતી ચુકવણીઓ વગેરે અસ્થિર ખર્ચ છે.

- અસ્થિર ખર્ચને **"મુખ્ય ખર્ચ"** (Prime Cost) પણ કહેવામાં આવે છે, કારણકે તે ઉત્પાદન સાથે સીધી રીતે સંબંધિત છે.

- સ્થિર ખર્ચની રેખા આડી ધરીને સમાંતર હોય છે, જ્યારે અસ્થિર ખર્ચની રેખા ઉદ્ગમબિંદુથી શરૂ થઈ ધનઢાળવાળી જોવા મળે છે.

**(c) કુલ ખર્ચ (Total Cost) :**

- ટૂંકાગાળામાં ઉત્પાદનકાર્ય માટે કરવામાં આવતા સ્થિર ખર્ચ (FC) અને અસ્થિર ખર્ચ (VC) નો સરવાળો કરતાં **"કુલ ઉત્પાદન ખર્ચ"** મળે છે. દા.ત. પેઢીની સ્થાપના સમયે જમીન-મકાન, યંત્રો, વીજળી, પાણી જેવી સવલતોનાં જોડાણો માટે કરવામાં આવેલ મૂડીરોકાણ પર વ્યાજનો ખર્ચ, સ્થિર ખર્ચ છે. અમુક સમય પછી તે પેઢી અમુક વસ્તુના અમુક એકમોનું ઉત્પાદન કરે ત્યારે કાચો માલ, બળતણ, વધારાના શ્રમિકો, વીજળી, વાહન વ્યવહાર સંદેશાવ્યવહાર વગેરે માટે ખર્ચ કરે છે, જે અસ્થિર ખર્ચ છે. આવા બંને ખર્ચનો સરવાળો વસ્તુની તે ઉત્પાદન સપાટી માટેનો **"કુલ ખર્ચ"** (Total Cost) ગણાય છે.

- ઉત્પાદન શૂન્ય હોય ત્યારે કુલ ખર્ચ (TC) સ્થિર ખર્ચ (FC) બરાબર હોય છે. ત્યારબાદ જેમ ઉત્પાદન વધે તેમ જે દરે અસ્થિર ખર્ચ વધે છે, તે દરે કુલ ખર્ચ પણ વધે છે. આમ, ઉત્પાદન અને કુલ ખર્ચ વચ્ચે સીધો સંબંધ છે.

- કુલ ખર્ચને આધારે ઉત્પાદનની ચોક્કસ સપાટીને ધ્યાનમાં રાખીને નીચે મુજબના ખર્ચનાં વલણો સમજી શકાય-

(1) સરેરાશ સ્થિર ખર્ચ

(2) સરેરાશ અસ્થિર ખર્ચ

(3) સરેરાશ કુલ ખર્ચ

(4) સીમાંત ખર્ચ

**(1) સરેરાશ સ્થિર ખર્ચ :**

- સ્થિર ખર્ચને કુલ ઉત્પાદિત એકમો વડે ભાગતાં **"સરેરાશ સ્થિર ખર્ચ"** (Average Fixed Cost- AFC) મળે છે. ઉત્પાદન વધતાં સરેરાશ સ્થિર ખર્ચ ઘટે છે. આમ, સરેરાશ સ્થિર ખર્ચ શૂન્ય તરફ ગતિ કરે છે, પરંતુ શૂન્ય થતો નથી.

- સરેરાશ સ્થિર ખર્ચ (AFC) = $\frac{\text{સ્થિર ખર્ચ}}{\text{કુલ ઉત્પાદન}}$

- સમયના ટૂંકાગાળામાં સ્થિર ખર્ચ બદલાતું ન હોવાથી સ્થિર ખર્ચ (FC) ની રેખા આડી ધરીને સમાંતર જોવા મળે છે. જ્યારે સરેરાશ સ્થિર ખર્ચ (AFC) સતત ઘટવાનું વલણ ધરાવે છે. ઉત્પાદનના એકમો વધતાં સ્થિર ખર્ચ વધુને વધુ એકમો વચ્ચે વહેંચવાથી સરેરાશ સ્થિર ખર્ચ ઘટતું જાય છે તેથી તેની રેખા ઋણઢાળવાળી જોવા મળે છે.

**(2) <u>સરેરાશ અસ્થિર ખર્ચ :</u>**

- અસ્થિર ખર્ચને કુલ ઉત્પાદન (ઉત્પાદિત એકમો) વડે ભાગતાં **"સરેરાશ અસ્થિર ખર્ચ"** (Average Variable Cost - AVC) મળે છે. સરેરાશ અસ્થિર ખર્ચ (AVC) શરૂઆતમાં ઉત્પાદન વધતાં ઘટે છે, કોઈ એક સપાટીએ ન્યૂનતમ થાય છે અને પછી ઉત્પાદન વધતાં વધે છે.

- સરેરાશ અસ્થિર ખર્ચ (AVC) = $\frac{\text{અસ્થિર ખર્ચ}}{\text{કુલ ઉત્પાદન}}$

- અસ્થિર ખર્ચ ઉત્પાદન વધારતાં વધતું હોવાથી અને ઉત્પાદન બંધ કરતાં શૂન્ય થતું હોવાથી કુલ અસ્થિર ખર્ચની રેખા ઉદ્‌ગમ બિંદુથી શરૂ થઈ ધનઢાળવાળી જોવા મળે છે. જ્યારે સરેરાશ અસ્થિર ખર્ચ શરૂઆતમાં ઘટવાનું અને એક સપાટી પછી વધવાનું વલણ ધરાવે છે. એટલે કે શરૂઆતના ઉત્પાદન માટે તે ઋણ ઢાળની છે કારણકે ઉત્પાદન વધતાં તે ઘટે છે. ઉત્પાદનની સપાટીએ સરેરાશ અસ્થિર ખર્ચ ન્યૂનતમ થાય છે. ત્યારબાદ સરેરાશ અસ્થિર ખર્ચ રેખા ધન ઢાળવાળી બને છે તેથી ઉત્પાદન વધે તેમ સરેરાશ અસ્થિર ખર્ચ વધે છે.

**(3) <u>સરેરાશ કુલ ખર્ચ</u>**

- સરેરાશ કુલ ખર્ચ (Average Total Cost - ATC) ને સરેરાશ ખર્ચ (Average Cost - AC) તરીકે પણ ઓળખવામાં આવે છે.

- સ્થિર ખર્ચ અને અસ્થિર ખર્ચના સરવાળા રૂપ કુલ ખર્ચને કુલ ઉત્પાદન વડે ભાગતાં સરેરાશ ખર્ચ મળે છે -

સરેરાશ ખર્ચ = $\frac{\text{કુલ ખર્ચ}}{\text{કુલ ઉત્પાદન}}$

- સરેરાશ સ્થિર ખર્ચ અને સરેરાશ અસ્થિર ખર્ચનો સરવાળો કરીએ તોપણ સરેરાશ ખર્ચ મળે છે -

સરેરાશ ખર્ચ = સરેરાશ સ્થિર ખર્ચ + સરેરાશ અસ્થિર ખર્ચ

- સરેરાશ ખર્ચનો વક્ર અંગ્રેજીના "**U**" આકારનો હોય છે કારણકે શરૂઆતમાં ઉત્પાદન વધતાં તે ઘટે છે કોઈ એક સપાટીએ તે ન્યૂનતમ થાય છે અને પછી ઉત્પાદન વધતાં તે વધે છે.

- સરેરાશ ખર્ચ કરતાં સરેરાશ આવક વધુ હોય તો ઉત્પાદક ઉત્પાદન વધારવાનો અને સરેરાશ ખર્ચ, સરેરાશ આવક કરતાં વધુ હોય તો ઉત્પાદન ઘટાડવાનો પ્રયાસ કરે છે. આમ, ઉત્પાદન અંગેનો નિર્ણય લેવા સરેરાશ ખર્ચની જાણકારી ખૂબ જ મહત્વની છે.

**(4) <u>સીમાંત ખર્ચ (Marginal Cost) :</u>**

- સમતુલાની સ્થિતિ નક્કી કરવામાં સીમાંત ખર્ચ નિર્ણાયક ભૂમિકા ભજવે છે.

- ઉત્પાદનમાં એક એકમના ફેરફારને પરિણામે ઉત્પાદન ખર્ચમાં થતાં ફેરફારને **"સીમાંત ખર્ચ"** (Marignal Cost) કહેવામાં આવે છે.

- બીજા શબ્દોમાં કહીએ તો સીમાંત ખર્ચ એટલે છેલ્લા એકમનું ઉત્પાદન - ખર્ચ નહીં, પરંતુ વધારાના એક એકમનું ઉત્પાદન કરતાં કુલ ઉત્પાદન - ખર્ચમાં થતો ફેરફાર દા.ત. 100 વસ્તુનો ઉત્પાદન ખર્ચ રૂ.1000 છે અને 101 વસ્તુનો ઉત્પાદન ખર્ચ રૂ.1010 છે, તો સીમાંત ખર્ચ રૂ.10 ગણાય.

- સીમાંત ખર્ચ સ્થિર ખર્ચથી સ્વતંત્ર છે. ટૂંકાગાળામાં ઉત્પાદનમાં ફેરફાર થતાં માત્ર અસ્થિર ખર્ચ જ ફેરફાર પામે છે. આથી સીમાંત ખર્ચ એ વધારાના એક એકમના ઉત્પાદનને લીધે અસ્થિર ખર્ચમાં થયેલો વધારો છે.

- **સીમાંત ખર્ચ (MC) -**

(i) સીમાંત ખર્ચ શૂન્ય અથવા નકારાત્મક ના હોઈ શકે.

(ii) સીમાંત ખર્ચ ઘટતું જતું કે વધતું જતું હોઈ શકે.

**(5) <u>સરેરાશ ખર્ચ અને સીમાંત ખર્ચ વચ્ચેનો આંતરસંબંધ :</u>**

→ મૂલ્યના સિદ્ધાંતોના સંદર્ભમાં સરેરાશ ખર્ચ અને સીમાંત ખર્ચ વચ્ચેનો આંતર સંબંધ આગવું અગત્ય ધરાવે છે.

→ સરેરાશ ખર્ચ અને સીમાંત ખર્ચ વચ્ચેનો આંતરસંબંધ નીચે મુજબ હોય છે -

(i) સીમાંત ખર્ચ અને સરેરાશ ખર્ચ સરખાં હોય ત્યારે સરેરાશ ખર્ચ લઘુત્તમ હોય છે.

(ii) સીમાંત ખર્ચ સરેરાશ ખર્ચથી ઓછો હોય છે ત્યારે સરેરાશ ખર્ચ ઘટે છે.

(iii) સીમાંત ખર્ચ સરેરાશ ખર્ચથી વધુ હોય છે ત્યારે સરેરાશ ખર્ચ વધે છે.

**★ લાંબાગાળામાં ઉત્પાદન ખર્ચ (Long Run Production Cost)**

→ લાંબો ગાળો એટલે એવો સમયગાળો, કે જે દરમિયાન ઉત્પાદક બધાં સાધનોમાં ફેરફાર કરી શકે, પેઢીના કદમાં વધઘટ કરી શકે અને તેમ કરીને લાંબેગાળે કુલ ઉત્પાદનમાં મોટા પ્રમાણમાં ફેરફાર કરી શકે. દા.ત. કારખાનાની જમીન, મકાન, વિસ્તારમાં વધઘટ, પાયાના ભારે યંત્રોના પ્રમાણમાં વધઘટ, વીજળી, પાણી, વાહનવ્યવહાર, સંદેશાવ્યવહાર વગેરે જોડાણોમાં પાયાના ફેરફારો વગેરેનો સમાવેશ થાય છે.

→ લાંબે ગાળે બધા જ ખર્ચ અસ્થિર બની જાય છે, તેથી સ્થિર ખર્ચ અને અસ્થિર ખર્ચ એવો ભેદ લાંબે ગાળે નાબૂદ થઈ જાય છે કારણકે લાંબે ગાળે સમય-સંજોગોને અનુરૂપ પેઢીને વિસ્તરણ કે સંકોચન કરવું પડે છે.

→ શરૂઆતમાં રહેલાં જમીન, મકાન, યંત્રો, વીજળી, પાણી, ગટર, સંદેશાવ્યવહારની સ્થાપેલી સવલતો, કાયમી સ્ટાફ વગેરેમાં લાંબેગાળે ફેરફારો કરવા પડે છે. દા.ત. કોઈ વસ્તુની ફેશન શરૂ થઈ હોય, માનો કે જેકેટ પહેરવાની અને કોઈ ઉત્પાદક જેકેટ ઉત્પન્ન કરવાનું નક્કી કરે ત્યારે શરૂઆતમાં તે અમુક પ્રમાણમાં જ જેકેટનું ઉત્પાદન કરશે અને તદનુસાર કારખાનું, યંત્રો, અન્ય સવલતો સ્થાપશે. જો જેકેટ પહેરવાની ફેશન ઝડપથી વિસ્તરશે તો તે ઉત્પાદકે લાંબે ગાળે મોટા પાયા પર જેકેટનું ઉત્પાદન કરવું પડશે અને તે મુજબની સવલતો ઊભી કરવી પડશે.

→ લાંબાગાળાનાં ઉત્પાદન-ખર્ચના બે ખ્યાલો પ્રચલિત છે -

(1) લાંબાગાળાનો સરેરાશ ખર્ચ

(2) લાંબાગાળાનો સીમાંત ખર્ચ

**(1) લાંબાગાળાનો સરેરાશ ખર્ચ**

→ ટૂંકાગાળાની સરેરાશ ખર્ચ રેખા **"U"** આકારની હોય છે. લાંબાગાળાની સરેરાશ રેખા પણ **"U"** આકારની હોય છે, તફાવત એટલો જ કે લાંબે ગાળે તે વધારે છીછરી (Flat) બને છે. લાંબે ગાળે સ્થિર ખર્ચ પણ અસ્થિર બને છે. નવી પરિસ્થિતિને પહોંચી વળવા માટે, પૂરતો સમય મળે તો પેઢી તેના કદમાં ફેરફાર કરે છે અને વ્યવસ્થાતંત્ર પણ બદલે છે.

→ સમયનો ગાળો જેમ લાંબો તેમ કુલ ખર્ચનો વધુને વધુ ભાગ અસ્થિર બને અને તેથી પેઢી પોતાના કદમાં ઘટતા ફેરફાર કરી ઉત્પાદન વધુ કાર્યક્ષમતાથી કરવા શક્તિમાન બને.

→ લાંબાગાળાની સરેરાશ ખર્ચ રેખાને **"આવરણરેખા"** (envelope curve) પણ કહેવામાં આવે છે, કારણકે તે બધી ટૂંકાગાળાની રેખાઓને આવરી લે છે. આ રેખા પરનું કોઈપણ બિંદુ ટૂંકાગાળાની કોઈને કોઈ રેખાનું પણ બિંદુ હોય છે. આ રેખાને અર્થશાસ્ત્રીઓ **"આયોજન રેખા"** (Planning Curve) તરીકે પણ ઓળખે છે, કારણકે પેઢી તેના લાંબાગાળાનું આયોજન કરે ત્યારે આ રેખાને લક્ષમાં લઈને નિર્ણયો લઈ શકે છે. પેઢીનું કદ વધારવાથી તેના ખર્ચ પર શી અસર થશે તે આ રેખાના સંદર્ભમાં જ નક્કી થઈ શકે છે, તેથી આ રેખાને **"આયોજન રેખા"** તરીકે ઓળખવામાં આવે છે.

→ લાંબાગાળાની સરેરાશ ખર્ચ રેખાનું મહત્વ પ્લાન્ટના કદ અંગેનો નિર્ણય લેવામાં રહેલું છે. કોઈ એક પ્લાન્ટનું વર્તમાન કદ વધારવું કે કેમ તે લાંબાગાળાની સરેરાશ ખર્ચરેખાના આધારે નક્કી કરવામાં આવે છે.

**(2) લાંબાગાળાનો સીમાન્ત ખર્ચ**

→ જેમ લાંબાગાળાની સરેરાશ ખર્ચ રેખાનું કોઈપણ એક બિંદુ ટૂંકાગાળાની સરેરાશ ખર્ચ રેખા પરનું કોઈ એક બિંદુ હોય છે તેમ લાંબાગાળાની સીમાન્ત ખર્ચ રેખા પરના બિંદુ માટે પણ કહી શકાય. લાંબાગાળાની સરેરાશ ખર્ચ રેખા પરના પ્રત્યેક બિંદુ સાથે સંબંધિત લાબાંગાળાનું સીમાન્ત ખર્ચ દર્શાવતું બિંદુ હોય છે. આવા બધાં બિંદુઓને જોડવાથી લાંબાગાળાની સીમાન્ત ખર્ચ રેખા પ્રાપ્ત થાય છે.

→ ટૂંકાગાળાની સીમાન્ત ખર્ચ રેખાઓની સરખામણીમાં લાંબાગાળાની સીમાન્ત ખર્ચ રેખા છીછરી (Flat) હોય છે. ટૂંકાગાળાની રેખાઓ શરૂઆતમાં ઝડપથી ઢળતી અને પછીથી ઝડપથી ઉપર જતી હોય છે. જ્યારે લાંબાગાળાની રેખા ધીમેથી ઢળે છે અને ધીમેથી ઉપર જાય છે.

**★ ઉત્પાદન શક્યતા વક્રરેખા (PPC)**

→ ઉત્પાદન શકયતા વક્રરેખા (Production Possibilities Curve - PPC) ને **"Production Possibilities Frontier"** (PPF) અથવા **"Transformation Curve"** પણ કહેવાય છે.

→ કોઈપણ પેઢી કોઈ એક વસ્તુનું ઉત્પાદન કરવાને બદલે બે કે તેથી વધુ વસ્તુનું ઉત્પાદન કરતી હોય છે. આ પરિસ્થિતિમાં

કઈ વસ્તુનું કેટલું ઉત્પાદન કરવું તે નક્કી કરવા ઉત્પાદન શકયતા વક્રરેખા (PPC) નો ઉપયોગ કરવામાં આવે છે.

→ ઉત્પાદન શક્યતા વક્રરેખાનો ખ્યાલ નીચેની ધારણા ઉપર અવલંબિત છે -

(1) ઉત્પાદનના સાધનોનું પ્રમાણ સ્થિર છે.

(2) સાધનોમાં પૂર્ણ રોજગારી પ્રવર્તે છે.

(3) ઉત્પાદનની ટેકનોલૉજીમાં કોઈ પરિવર્તન થતું નથી.

★ **<u>અનુસૂચિ અને આકૃતિ :</u>**

→ ધારો કે કોઈ કંપની, તેના મર્યાદિત સાધનો દ્વારા કપડા અને ઘઉંનું ઉત્પાદન કરે છે. આ બંને વસ્તુના તમામ શક્યતા દર્શાવતા વિવિધ સંયોજનોને જોડવાથી પેઢીની ઉત્પાદન શક્યતા વક્રરેખા (PPC) પ્રાપ્ત થાય છે.

| સંયોજન (Production Possibilities) | કપડાં (હજાર મીટર | ઘઉં (હજાર કિવન્ટલમાં) |
|---|---|---|
| A | 0 | 15 |
| B | 1 | 14 |
| C | 2 | 12 |
| D | 3 | 9 |
| E | 4 | 5 |
| F | 5 | 0 |




→ ઉપરોક્ત અનુસૂચિ મુજબ જોઈએ તો કંપની બધા સાધનો ઘઉંના ઉત્પાદનમાં રોકે તો A સંયોજન મુજબ કપડાંનું ઉત્પાદન 0 (શૂન્ય) થશે અને ઘઉંના 15 એકમોનું ઉત્પાદન થશે. આજ રીતે બધા સાધનો કપડાંના ઉત્પાદનમાં રોકે તો F સંયોજન મુજબ કપડાંના 5 એકમનું ઉત્પાદન થશે, પરંતુ ઘઉંનું ઉત્પાદન 0 (શૂન્ય) થશે.

→ આ A અને F સંયોજન અંતિમ ઉત્પાદન શકયતા દર્શાવે છે. પરંતુ કપડાં અને ઘઉં બન્ને વસ્તુનું એક સાથે વિવિધ પ્રમાણમાં ઉત્પાદન શકયતા દર્શાવતા B, C, D, અને E સંયોજનો પણ શકય છે.

→ કંપની કપડાંનું જયારે ઉત્પાદન વધારવા જાય છે. ત્યારે ઘઉંના ઓછા એકમોનું ઉત્પાદન કરી શકે છે. દા.ત. B બિંદુએ કપડાંનું 1 એકમ અને ઘઉંના 14 એકમનું ઉત્પાદન શકય છે, જયારે C બિંદુએ કપડાંના 2 એકમ અને ઘઉંના 12 એકમનું ઉત્પાદન શકય છે. એટલે કે કપડાના વધારાના 1 એકમનું ઉત્પાદન કરવા ઘઉંના 12 એકમનું ઉત્પાદન જતું કરવું પડે છે. આથી ટ્રાન્ફોર્મેશન દર 1x = 2y છે.

→ જો કંપની D સંયોજન પસંદ કરે તો કપડાંના 3 એકમ અને ઘઉંના 9 એકમનું ઉત્પાદન કરી શકે છે. એટલે કે કપડાંના વધારાના 1 એકમનું ઉત્પાદન કરવા ઘઉંના 3 એકમનું ઉત્પાદન જતું કરવું પડે છે. અહીંયા ટ્રાન્સ્ફોર્મેશન દર 1x = 3y રહેશે. જો પેઢી E સંયોજન પસંદ કરે તો કપડાંના 4 એકમ અને ઘઉંના 5 એકમનું ઉત્પાદન કરી શકે છે. એટલે કે કપડાંના વધારાના 1 એકમનું ઉત્પાદન કરવા ઘઉંના 4 એકમનું ઉત્પાદન જતું કરવુ પડે છે. અહીયાં ટ્રાન્સફોર્મેશન દર 1x - 4y રહેશે.

→ જો કંપની F સંયોજન પસંદ કરે તો કપડાંના 5 એકમ અને ઘઉંના 0 (શૂન્ય) એકમનું ઉત્પાદન કરી શકશે. એટલે કે કપડાંના વધારાના 1 એકમનું ઉત્પાદન કરવા ઘઉંના 5 એકમનું ઉત્પાદન જતું કરવુ પડે છે. આથી ટ્રાન્સફોર્મેશન દર 1x = 5y થશે.

→ સામાન્ય પરિસ્થિતિમાં ટ્રાન્સફોર્મેશન દર વધતો હોવાથી ઉત્પાદન શકયતા વક્રરેખા (PPC) **"અંતર્ગોળ"** જોવા મળે છે. કંપની પાસે મર્યાદિત સાધનો હોવાથી એક વસ્તુનું ઉત્પાદન વધારવા બીજી વસ્તુનું ઉત્પાદન ઘટાડવું પડે છે, તેથી **"વ્યસ્ત સંબંધ"** હોવાથી ઉત્પાદન શકયતા વક્રરેખા **"ૠણઢાળવાળી"** હોય છે. ટૂંકમાં, સામાન્ય પરિસ્થિતિમાં ઉપરની આકૃતિ મુજબ ઉત્પાદન શકયતા વક્રરેખા અંતર્ગોળ અને ૠણ ઢાળવાળી જોવા મળે છે.

→ ઉપરની આકૃતિમાં OX આડી ધરી ઉપર કપડાંનું ઉત્પાદન અને Oy ઊભી ધરી પર ઘઉંનું ઉત્પાદન આપ્યું છે.

કંપનીના સાધનો દ્વારા કપડાં અને ઘઉંના ઉત્પાદનની શકયતા દર્શાવતા A, B, C, D, E અને F વિવિધ સંયોજનો છે.

➔ ઉત્પાદન શકયતા રેખાના બે સંયોજન વચ્ચેનું અંતર તેમનો ટેકનિકલ સીમાંત અવેજીનો દર દર્શાવે છે. ઉત્પાદન શકયતા રેખા ઉપરના કોઈપણ બે બિંદુએ રૂપાંતરનો સીમાંત દર એ તે બિંદુએ વક્રરેખાનો ઢાળ સૂચવે છે.

➔ સામાન્ય રીતે સીમાંત અવેજીનો દર વધતો હોવાથી રૂપાંતર રેખા (PPC) પર ડાબી બાજુથી જમણી બાજુ ખસતાં અંતર્ગોળ સર્જાય છે. જો ઉત્પાદનના સાધનોનું પ્રમાણ વધે તો નવી ઉત્પાદન શકયતા વક્રરેખા, મૂળ ઉત્પાદન શકયતા રેખાથી જમણી બાજુ અથવા ઉપરની બાજુ ખસે છે.

➔ નીચેની બે પરિસ્થિતિમાં ઉત્પાદન શકયતા વક્રરેખા અંતર્ગોળ અને ઋણઢાળવાળી હોતી નથી.

(1) જયારે બે વસ્તુ એકબીજાની **"સંપૂર્ણ અવેજી"**ની હોય ત્યારે ઉત્પાદન શકયતા વક્રરેખા, ઋણઢાળવાળી સુરેખ હોય છે.

(2) જયારે બે વસ્તુ એકબીજાની પૂરક હોય (એટલે કે સામાન્ય અવેજીની ન હોય) ત્યારે ઉત્પાદન શકયતા વક્રરેખા ઊંધા કાટખૂણા આકારની હોય છે.

★ **<u>વસ્તુઓ (Goods)</u>**

➔ સામાન્ય બોલાચાલની ભાષામાં આપણે ભૌતિક વસ્તુ, જે જોઈ શકાય, સ્પર્શી શકાય તથા ટ્રાન્સફર થઈ શકે તેને વસ્તુ કહીએ છીએ. પરંતુ અર્થશાસ્ત્રમાં વસ્તુનો ખ્યાલ વિસ્તૃત છે. અર્થશાસ્ત્રમાં, **"જે ભૌતિક વસ્તુ કે અભૌતિક સેવામાં માનવ જરૂરિયાત સંતોષવાનો ગુણ હોય અને જેનો વિનિમય થઈ શકે તેને વસ્તુ કહેવામાં આવે છે."**

➔ વસ્તુનું વિવિધ દૃષ્ટિએ વર્ગીકરણ કરાય છે જેમ કે -

**(1) <u>અંતિમ વસ્તુઓ (Final Goods) :</u>**

- એવી વસ્તુઓ જેનો વપરાશના હેતુ માટે ઉપયોગ કરવામાં આવે છે અને જેનો પેઢીઓ એક નિક્ષેપ તરીકે ઉપયોગ કરતી નથી. આ દૃષ્ટિબિંદુથી તે મધ્યવર્તી વસ્તુઓથી જુદી પડે છે. અલબત્ત, એવી ઘણી ચીજો હોય છે જેમનો પ્રકાર તેમના ઉપયોગ પર અવલંબે છે. દા.ત. ગ્રાહકો માટે ખાદ્યતેલ અંતિમ વસ્તુ છે, જયારે ફરસાણ બનાવીને વેચનારાઓ માટે તે મધ્યમવર્તી વસ્તુ છે.

**(2) <u>આર્થિક વસ્તુ (Economic good) :</u>**

- જેની અછત હોય, જે વિનિમયક્ષમ હોય અને જેને લોકો શક્ય હોય તો વધુ જથ્થામાં પસંદ કરવા તૈયાર હોય એવી વસ્તુ. તે ભૌતિક પણ હોય અને અભૌતિક (સેવા) પણ હોય.

**(3) <u>ખાનગી વસ્તુ (Private goods)</u>** :

- જેણે વસ્તુની કિંમત ન ચૂકવી હોય એવી વ્યક્તિને વપરાશ કરતાં ઉત્પાદક અને ગ્રાહક રોકી શકે તેવી વસ્તુ. આવી વસ્તુઓની વપરાશની બાબતમા સ્પર્ધા પ્રવર્તે છે, એટલે કે એક વ્યક્તિ તે વસ્તુની વપરાશ જેટલા પ્રમાણમાં કરે તેટલા પ્રમાણમાં અન્ય વ્યક્તિઓની વપરાશ ઘટે છે. આવી વસ્તુઓનો બજારમાં મુક્ત રીતે વિનિમય થઈ શકે છે.

**(4) <u>ગુણવત્તાયુક્ત વસ્તુઓ (Merit goods) :</u>**

- એવી વસ્તુઓ જેમની વપરાશ એ વસ્તુઓની આંતરિક ગુણવત્તાને કારણે ઈચ્છનીય હોય. આવી વસ્તુઓની બાબતમાં ગ્રાહકોના સાર્વભૌમત્વનો સ્વીકાર કરવામાં આવતો નથી.

**(5) <u>જાહેર વસ્તુઓ (Public goods) :</u>**

- એવી વસ્તુ કે સેવા જે જો કોઈ એક વ્યક્તિને પૂરી પાડવામાં આવે તો અન્ય વ્યક્તિઓને વધારાના કોઈ ખર્ચ વિના પૂરી પાડી શકાય. કોઈ એક વ્યક્તિ દ્વારા આ વસ્તુ કે સેવાની કરવામાં આવતી વપરાશ અન્ય વ્યક્તિઓ માટે તે વસ્તુની પ્રાપ્યતામાં ઘટાડો નિપજાવતી નથી. આ અર્થમાં આ વસ્તુઓની વપરાશ બિનહરીફ હોય છે. રેડિયો, ટી.વી.ના કાર્યક્રમો આ પ્રકારની વસ્તુઓના ઉદાહરણો છે.

**(6) <u>ટકાઉ વસ્તુઓ (Durable goods) :</u>**

- ટી.વી., વોશિંગ મશીન, મોટરકાર જેવી વપરાશની વસ્તુઓ લાંબા સમય સુધી સેવાઓ આપ્યા કરે છે, તેમની સેવાઓ એક વખતની વપરાશથી પૂરી થઈ જતી નથી. મોટાભાગની વપરાશની વસ્તુઓ આ અર્થમાં વત્તાઓછા પ્રમાણમાં ટકાઉ વસ્તુઓ હોય છે. તેથી જેના ઉત્પાદનમાં ઉચ્ચ ટેકનોલૉજી પ્રયોજાતી હોય અને જેમની કિંમત વધુ હોય તેવી વસ્તુઓને જ વ્યવહારમાં વપરાશની ટકાઉ વસ્તુઓ ગણવામાં આવે છે.

**(7) <u>પૂરક વસ્તુઓ (Complement goods) :</u>**

- એવી વસ્તુઓ, જેમની ખરીદી અન્ય વસ્તુઓની સાથે સામાન્ય રીતે કરવામાં આવતી હોય છે. દા.ત. કપ અને રકાબી, આમાંની એક વસ્તુ બીજી વસ્તુની

ઉપયોગિતામાં ઉમેરો કરે છે. જેમને પૂરક વસ્તુઓ ગણવામાં આવતી હોય તેમને હંમેશા ચોક્કસ પ્રમાણમાં જ ખરીદવી પડે તે જરૂરી નથી. પૂરક ગણાતી બે વસ્તુઓ પૈકી કોઈ એકના અભાવમાં અન્ય વસ્તુના તુષ્ટિગુણમાં મોટો ઘટાડો થાય તે પૂરક વસ્તુઓની પાયાની લાક્ષણિકતા છે.

**(8) મધ્યમવર્તી વસ્તુઓ (intermediate goods)**

- ઉત્પાદનની પ્રક્રિયામાં જે વસ્તુનો ઉપયોગ અનેક વસ્તુના ઉત્પાદન માટે થતો હોય તેને મધ્યમવર્તી વસ્તુ કહેવામાં આવે છે. પોલાદ, લાકડું, સિમેન્ટ વગેરે તેનાં ઉદાહરણો છે. કેટલીક વસ્તુઓ એક સાથે મધ્યમવર્તી અને અંતિમ હોય એવું પણ બને છે.

**(9) મિશ્ર વસ્તુ (Mixed good) :**

- એવી વસ્તુઓ જેમની વપરાશનો લાભ કેવળ વપરાશ કરતી વ્યક્તિઓ પૂરતો મર્યાદિત રહેતો નથી, પરંતુ વત્તાઓછા પ્રમાણમાં વપરાશ નહિ કરનાર વ્યક્તિઓને પણ મળે છે. આમ, આ વસ્તુઓ ખાનગી અને જાહેર વસ્તુઓની વચ્ચે આવે છે. રોગના પ્રતિકાર માટે મૂકવામાં આવતી રસીથી, જેને રસી મૂકવામાં આવી છે તે વ્યક્તિને લાભ થાય છે, તેની સાથે સમાજના અન્ય સભ્યોને પણ સમાજમાં રોગ ન પ્રસરવાના રૂપમાં લાભ પહોંચે છે.

**(10) મૂડીપ્રધાન વસ્તુઓ**

- અન્ય વસ્તુઓની તુલનામાં સરેરાશના ધોરણે જેમાં એકમદીઠ વધુ મૂડી અને ઓછો શ્રમ ખર્ચાતો હોય એવી વસ્તુઓ.

**(11) સમાનગુણી વસ્તુઓ (Homogenous Product) :**

- વસ્તુઓ અને સેવાઓની એવી ગુણવત્તા, જે ગ્રાહકોના ચિત્તમાં, તે અન્ય હરીફ વસ્તુ કે સેવાથી સહેજે જુદી નથી એવી છાપ પાડે છે. કોઈ એક જૂથમાં આવતી વસ્તુઓ એકરૂપ કે સમાનગુણી ગણાય - જો તેઓ એકબીજાની સંપૂર્ણ અવેજીની વસ્તુઓ હોય, તો ભૌતિક રીતે વિભિન્ન દેખાતી વસ્તુઓ આર્થિક રીતે અકરૂપ કે સમાનગુણી હોઈ શકે.

**(12) મુક્ત વસ્તુ (Free goods) :**

- આને **"સર્વસુલભ વસ્તુ"** કે **"બિનઆર્થિક વસ્તુ"** પણ કહેવાય છે.

- શૂન્ય કિંમત જે વસ્તુનો પુરવઠો તેના માટેની માંગ બરાબર હોય તો વસ્તુઓ **"મુક્ત વસ્તુઓ"** તરીકે ઓળખાય છે. અહીં કિંમતમાં કેવળ નાણાકીય કિંમતનો સમાવેશ થતો નથી, પરંતુ વૈકલ્પિક ખર્ચનો સમાવેશ થાય છે. દા.ત. સરકારી દવાખાનામાં ગરીબ દર્દીઓને સારવાર મફત આપવામાં આવતી હોય તો તે સર્વસુલભ વસ્તુ ન ગણાય કેમ કે સમાજને તો તેની કિંમત ચૂકવવી પડે છે. તેની તુલનામાં ચોખ્ખી હવા/સૂર્યપ્રકાશ વગેરે સર્વ સુલભ વસ્તુ છે કેમ કે તેના માટે વ્યક્તિ કે સમાજે કોઈ કિંમત ચૂકવવી પડતી નથી.

**(13) સામાન્ય વસ્તુઓ (Normal goods) :**

- જે વસ્તુઓ માટેની માંગ લોકોની આવકમાં વધારો થતાં વધે છે અને આવકમાં ઘટાડો થતાં ઘટે છે તેમને સામાન્ય વસ્તુઓ ગણવામાં આવે છે.

**(14) સામૂહિક વસ્તુઓ (Collective goods) :**

- એવી વસ્તુ કે સેવા, જે કોઈ એક વ્યક્તિને પૂરી પાડવામાં આવે તો બીજી વ્યક્તિઓને પણ કોઈ વધારાના ખર્ચ વિના પૂરા પાડી શકાય. આવા કિસ્સાઓમાં લોકોને એ વસ્તુની વપરાશ કરતા અટકાવવાનું શકય હોય છે, પરંતુ તેની કિંમત વસૂલ કરવાનું ખર્ચ તેમાંથી મળતી આવક કરતાં વધી જાય છે.

**(15) હલકી વસ્તુ (Inferior good) :**

- લોકોની આવકમાં વધારો થવાથી જે વસ્તુ માટેની માંગ ઘટતી હોય તેને **"હલકી વસ્તુ"** કહેવામાં આવે છે. આવી ચીજો માટેની માંગની આવક સાપેક્ષતા ઋણ હોય છે.

★★★★★

## **પ્રકરણ-4 માંગ (Demand)**

★ **માંગનો અર્થ (Meaning of Demand)**

➔ સામાન્ય વ્યવહારમાં માંગનો અર્થ **"કોઈ વસ્તુ માટેની ઈચ્છા"** એવો કરવામાં આવે છે, પરંતુ અર્થશાસ્ત્રમાં માંગ માત્ર ઈચ્છા નથી. **"માંગ"** શબ્દ વિશિષ્ટ અર્થ ધરાવે છે અને ઈચ્છા અને માંગ વચ્ચે મોટો તફાવત છે.

➔ **ઈચ્છા અને માંગ વચ્ચેનો તફાવત :**

- કોઈપણ વસ્તુ ખરીદવાની ગ્રાહકની ઈચ્છા હોય પરંતુ તે સંતોષવાની આર્થિક શક્તિ ના હોય તો આ ઈચ્છા માંગમાં પરિણમતી નથી. દા.ત.

(1) લારી ખેચનાર મજૂર આલિશાન બંગલામાં રહેવાની ઈચ્છા તો સેવી શકે, પણ તેની પાસે તેને ખરીદવાની આર્થિક ક્ષમતા ન હોવાથી માંગ બની શકે નહિં. તે જ રીતે વ્યક્તિની ઈચ્છા અને ખરીદશક્તિ હોય છતાં જે તે વસ્તુ કે સેવા ખરીદવાની તેની તૈયારી જ ન હોય, તો માંગ સંભવી શકે નહિં.

(2) કોઈ વ્યક્તિ પાસે દવા ખરીદવાનાં નાણાં ન હોય, તો ઈચ્છા હોવા છતાં અર્થશાસ્ત્રની દ્રષ્ટિએ તેની માંગ બની જતી નથી. વ્યક્તિ પાસે વસ્તુ ખરીદવા માટે નાણાં હોવાં અનિવાર્ય છે. નાણાં હોવા છતાં નાણાં આપીને વસ્તુ ખરીદવાની વ્યક્તિની તૈયારી (તત્પરતા) ન હોય, તોપણ તે માંગ બની શકશે નહિં.

- આ બે ઉદાહરણો પરથી કહી શકાય કે ઈચ્છા કે જરૂરિયાતનું અસરકારક માંગમાં રૂપાંતર કરવા માટે ત્રણ શરતોનું પાલન જરૂરી છે -

(1) વસ્તુ પ્રાપ્ત કરવાની ઈચ્છા હોવી જોઈએ.

(2) વસ્તુ ખરીદવાની શક્તિ (નાણાં) હોવી જોઈએ.

(3) વસ્તુ ખરીદવાની તત્પરતા (તૈયારી) હોવી જોઈએ.

➔ આમ, અર્થશાસ્ત્રમાં માંગ એટલે ચોક્કસ કિંમતે, ચોક્કસ સમયગાળા દરમિયાન કોઈ ચીજવસ્તુ કે સેવા ખરીદવાની ઈચ્છા, શક્તિ અને તત્પરતા હોવી.

➔ બીજા શબ્દોમાં કહીએ તો, **"કોઈ એક સમયે અને સ્થળે, ચોક્કસ કિંમતે, ગ્રાહકની વસ્તુ ખરીદવાની ઈચ્છા, શક્તિ, કિંમત ચુકવવાની તૈયારી હોય અને તે ચીજની ઉપલબ્ધિ હોય ત્યારે માંગ કહેવાય છે."**

➔ માંગ હંમેશા નિશ્ચિત કિંમત, નિશ્ચિત સમય અને નિશ્ચિત સ્થળ સાથે સંકળાયેલી હોય છે.

★ **માંગ નક્કી કરતાં પરિબળો (Determinants of Demand)**

➔ કોઈપણ વસ્તુ કે સેવાની માંગ નક્કી કરતાં મુખ્ય પરિબળો નીચે મુજબ ગણાવી શકાય -

(1) કિંમત

(2) ગ્રાહકોની સંખ્યા

(3) ગ્રાહકોની આવક

(4) અન્ય વસ્તુના ભાવ

(5) ભવિષ્યના ભાવોની અટકળ

(6) ગ્રાહકોની રુચિ

(7) અન્ય પરિબળો

**(1) કિંમત :**

➔ ગ્રાહક અથવા ઉપભોક્તાને માટે વસ્તુ ખરીદવા માટેનું સૌથી મહત્વનું પરિબળ કિંમત છે. જેમ વસ્તુ કે સેવાની કિંમત નીચી તેમ ગ્રાહક વસ્તુ વધુ જથ્થામાં ખરીદે છે અને જેમ વસ્તુ કે સેવાની કિંમત ઊંચી તેમ ગ્રાહક તેની ખરીદી ઓછા જથ્થામાં કરે છે.

➔ બીજા શબ્દોમાં કહીએ તો વસ્તુની કિંમત ઘટે તો તેની માંગનું વિસ્તરણ અને કિંમત વધે તો તેની માંગનું સંકોચન થાય છે. આમ, કિંમત અને માંગ વચ્ચે સામાન્યતઃ વ્યસ્ત સંબંધ છે.

➔ વસ્તુની કિંમતમાં ફેરફાર કરવાથી માંગમાં થતાં ફેરફારો **"માંગના નિયમ"** દ્વારા જાણી શકાય છે.

**(2) ગ્રાહકોની સંખ્યા :**

➔ ગ્રાહકોની સંખ્યામાં વધારો થવાથી માંગ વધે છે. વસ્તીનું કદ અને સ્વરૂપનું પરિવર્તન વસ્તુની માંગમાં ફેરફાર લાવે છે. વસ્તી વધવાથી કે અન્ય કોઈ કારણસર બજારમાં ગ્રાહકોની સંખ્યામાં વધારો થાય ત્યારે વસ્તુઓની માંગમાં વધારો થાય છે. તેનાથી વિપરીત વસ્તીનું પ્રમાણ ઘટવાથી ગ્રાહકોની સંખ્યા ઘટે છે અને તેથી કુલ માંગમાં ઘટાડો થાય છે.

➔ વસ્તીના સ્વરૂપમાં ફેરફાર થાય તો પણ જુદી-જુદી વસ્તુની માંગ ઉપર અસર થાય છે. દા.ત. જો બાળકોની

સંખ્યા વધે, તો દૂધ, રમકડાં વગેરેની માંગ વધશે. યુવાનોની સંખ્યા વધે, તો શિક્ષણ અને મનોરંજનના સાધનો તેમજ ખોરાક, કપડાં, વગેરે વસ્તુઓની માંગ વધશે. જો વૃદ્ધોની સંખ્યા વધે, તો લાકડી, દાંતના ચોકઠા, ચશ્માં, ધાર્મિક પુસ્તકો વગેરેની માંગમાં વધારો થાય. દેશમાં સ્ત્રી-પુરુષના પ્રમાણનો ફેરફાર કે ગ્રામ્ય-શહેરી વસ્તીના પ્રમાણનો ફેરફાર પણ તેમના દ્વારા વપરાતી વસ્તુની માંગમાં પરિવર્તન લાવે છે.

**(3) <u>ગ્રાહકોની આવક :</u>**

→ ગ્રાહકની આવકને માંગ સાથે સીધો સંબંધ (સહસંબંધ) છે.

→ ગ્રાહકની આવક જ તેની ખરીદશક્તિ નક્કી કરે છે. દેશમાં રોજગારીને અનુકૂળ વાતાવરણ સર્જાય, તો લોકોની આવક વધવાથી વસ્તુની માંગ વધવા પામશે, પરંતુ મંદી કે બેકારીની સ્થિતિ ચીજવસ્તુ કે સેવાની માંગમાં ઘટાડો લાવે છે.

→ આવકના ફેરફારને કારણે કયા પ્રકારની માંગમાં કેવા અને કેટલા પ્રમાણમાં ફેરફાર થશે તેની જાણકારી **"માંગની આવક સાપેક્ષતા"** દ્વારા માપી શકાય છે.

→ આ ઉપરાંત **"આવકની વહેંચણી"** પણ વસ્તુની માંગને અસર કરે છે. આવકની અમીરોની તરફેણમાં વહેંચણી થાય તો મોજશોખની વસ્તુની માંગ વધે છે અને ગરીબોની તરફેણમાં વહેંચણી થાય તો પ્રાથમિક વસ્તુની માંગ વધે છે.

**(4) <u>અન્ય વસ્તુના ભાવ :</u>**

→ પ્રત્યેક વસ્તુ બીજી વસ્તુ સાથે અવેજી અથવા પૂરકતાના સંબંધથી જોડાયેલી હોય છે.

→ કોઈપણ વસ્તુ બીજી વસ્તુઓ સાથે જો **"અવેજીના સંબંધ"** થી જોડાયેલી હોય, તો અવેજી વસ્તુના ભાવ ઘટતાં મૂળ વસ્તુની માંગ ઘટી જશે. દા.ત. ચા અને કૉફી એકબીજાની અવેજી વસ્તુઓ છે. જો ચાના ભાવ સ્થિર રહે અને કૉફીના ભાવમાં વધારો થાય, તો કૉફી વાપરનાર ગ્રાહક ચાનો વધુ ઉપયોગ કરે છે. પરિણામે ચાની માંગ વધે છે જયારે કૉફીની કિંમત ઘટતાં ચાની માંગ ઘટશે.

→ જો મૂળવસ્તુ બીજી વસ્તુ સાથે **"પૂરકતાના સંબંધ"** થી જોડાયેલી હોય તો પૂરક વસ્તુના ભાવ બદલાતાં મૂળ વસ્તુની માંગ પણ બદલાશે. દા.ત. વાહન અને પેટ્રોલ એકબીજાની પૂરક વસ્તુઓ છે. જો પેટ્રોલ સસ્તુ બને તો તે આધારિત વાહનોની સંખ્યા વધશે. જયારે પેટ્રોલના ભાવ વધે તો વાહનોની માંગ ઘટશે.

**(5) <u>ભવિષ્યના ભાવોની અટકળ :</u>**

→ ભવિષ્યમાં કોઈ વસ્તુના ભાવ વધશે એવી જો ગ્રાહકોમાં અટકળ ફેલાય, તો વર્તમાનમાં તે વસ્તુની માંગ વધવા પામશે અને ભવિષ્યમાં વસ્તુના ભાવ ઘટવાની અટકળ હશે, તો વર્તમાનમા વસ્તુની માંગ ઘટવાનું વલણ રહેશે.

→ વસ્તુની કિંમત, વસ્તુના પુરવઠા કે ભવિષ્યની ગ્રાહકની આવક અંગેની ધારણાઓ (અપેક્ષાઓ) પણ વસ્તુની વર્તમાનની ટૂંકાગાળાની માંગને અસર કરે છે. દા.ત. કોઈ વસ્તુના ઉત્પાદનમાં હડતાળ થતાં, પુરવઠો ઘટવાની અટકળ હોય તો, ભવિષ્યમાં ઉદ્‌ભવનારી અછતને ધ્યાનમાં લઈ ટૂંકાગાળા માટે વર્તમાનમાં તેની માંગમાં વધારો થશે.

**(6) <u>ગ્રાહકોની રુચિ :</u>**

→ કોઈ ચીજવસ્તુ કે સેવાની તરફેણમાં ગ્રાહકોનો રસ, રુચિ, પસંદગી બદલાય તો તેવી વસ્તુ કે સેવાની માંગ વધવા પામશે.

→ બીજા શબ્દોમાં કહીએ તો ગ્રાહકોની રુચિ અને પસંદગી જે વસ્તુની તરફેણમાં હોય તે વસ્તુની માંગ વધે છે અને જે વસ્તુની વિરુદ્ધમાં હોય તે વસ્તુની માંગ ઘટે છે. દા.ત. ગ્રાહક મોટર સાયકલને બદલે કારની પસંદગી કરે તો કારની માંગ ખૂબ વધી જાય છે.

→ લોકોના સ્વભાવ, ફેશન વગેરેમાં આવતા પરિવર્તનો પણ વસ્તુની માંગને અસર કરે છે. દા.ત. પહેલાં સામાન્ય T.V. ની માંગ વધુ હતી, વર્તમાનમાં LED, LCD, TV ની માંગ વધુ છે.

→ લોકો સાથેના સંપર્કો, ટી.વી., સમાચારપત્રો વગેરેને કારણે ગ્રાહકોની રુચિ બદલાતી હોય છે, જેની અસર માંગ પર પડે છે. બીજા શબ્દોમાં કહીએ તો આધુનિક યુગમાં જાહેરખબરો દ્વારા, વસ્તુની ગુણવત્તાની સાચી માહિતી ગ્રાહકોને આપીને વસ્તુ અંગે રુચિ પેદા કરી શકાય છે. દા.ત. વસ્તુના બે એકમની ખરીદી કરે તો વધારાનું એક એકમ મફત આપવાની જાહેરાત, જૂનું T.V. આપી નવું T.V. લઈ જવાની જાહેરાત વગેરે.

**(7) <u>અન્ય પરિબળો :</u>**

→ દેશની ભૌગોલિક પરિસ્થિતિમાં આવતાં પરિવર્તનો પણ માંગને અસર કરે છે. દા.ત. ગરમીમાં આઈસ્ક્રીમ, શરબત જેવાં ઠંડા પીણાંની માંગ વધે.

→ કોઈ વસ્તુની કિંમત સ્થિર હોય પરંતુ તેની ગુણવત્તામાં સુધારો થાય તો તેની માંગ વધે છે.

→ વસ્તુની માંગને દેખાદેખીની અસરનુ પરિબળ પર અસર કરે છે. દા.ત. વર્તમાનમાં મોબાઈલની વપરાશ. આવી વસ્તુની માંગ ઘણીવાર જરૂરિયાત કરતાં સમાજમાં પ્રતિષ્ઠા માટે વધુ થતી હોય છે.

→ દેશમાં નાણાંકીય સંસ્થાઓ દ્વારા પૂરી પાડવામાં આવતી ધિરાણની સવલતો પણ માંગને અસર કરે છે. દા.ત. બેંકો દ્વારા ઓછા વ્યાજદરે આપવામાં આવતી હોમલોન.

★ **<u>માંગનો નિયમ (Law of Demand)</u>**

→ જો અન્ય પરિબળો યથાવત્ રહે તો કોઈ ચોક્કસ સમયગાળા દરમિયાન નીચી કિંમતે ગ્રાહકો દ્વારા ખરીદવામાં આવતો જથ્થો, ઊંચી કિંમતે ખરીદવામાં આવતા જથ્થાની સરખામણીમાં વધુ હોય છે. જ્યારે ઊંચી કિંમતે ગ્રાહકો દ્વારા ખરીદવામાં આવતો જથ્થો, નીચી કિંમતે ખરીદવામાં આવતા જથ્થાની સરખામણીમાં ઓછો હોય છે.

→ બીજા શબ્દોમાં કહીએ તો, જો વસ્તુની કિંમત વધે તો, વસ્તુની માંગમા સંકોચન (ઘટાડો) થાય છે અને જો વસ્તુની કિંમત ઘટે તો, વસ્તુની માંગમાં વિસ્તરણ (વધારો) થાય છે. એટલે કે વસ્તુની કિંમત અને માંગ વચ્ચે વ્યસ્ત સંબંધ છે.

★ **<u>પૂર્વધારણાઓ :</u>**

→ કોઈપણ બે પરિબળો વચ્ચેનો અભ્યાસ કરવા માટે બાકીના અસરકર્તા પરિબળોને સ્થિર ધારી લેવામાં આવે છે, જેને **"પૂર્વધારણા"** તરીકે ઓળખવામાં આવે છે.

→ કિંમત અને માંગ વચ્ચેનો વ્યસ્ત સંબંધ પુરવાર કરવા એટલે કે માંગના નિયમને માટેની આવી કેટલીક પૂર્વધારણાઓ આ મુજબ છે -

(1) ગ્રાહકોની સંખ્યા બદલાતી નથી

(2) ગ્રાહકોની આવક સ્થિર રહે છે

(3) અન્ય વસ્તુના ભાવો બદલાતા નથી

(4) ભવિષ્યના ભાવોની અટકળોનો અભાવ છે

(5) ગ્રાહકોની રુચિમાં પરિવર્તન આવતું નથી

(6) આવકની વેહંચણી બદલાવી ના જોઈએ.

★ **<u>માંગની અનુસૂચિ અને માંગ રેખા :</u>**

→ માંગના નિયમની સમજૂતી માંગની અનુસૂચિ અને માંગરેખા દ્વારા મેળવીશું.

| **ચોખાની કિંમત (કિગ્રા દીઠ) (રૂ માં)** | **ચોખાની બજાર માંગ(કિગ્રામાં)** |
|---|---|
| **15** | **10** |
| **13** | **25** |
| **11** | **40** |
| **9** | **55** |

ઉપરની અનુસૂચિને આલેખ દ્વારા રજૂ કરીશું. OX ધરી પર ચોખાની માંગ અને oy ધરી પર ચોખાની કિગ્રાદીઠ કિંમત દર્શાવી છે.




→ a, b, c, d બિંદુઓ જુદી-જુદી કિંમતે ચોખાની બજારમાંગ દર્શાવે છે. આ બિંદુઓને જોડતી રેખા DD એ માંગરેખા છે. ઉપરોક્ત અનુસૂચિ અને આકૃતિ મુજબ વસ્તુની કિંમત વધતાં તેની માંગનું સંકોચન થાય છે એટલે કે કિંમત અને માંગના ફેરફારો ઊલટી દિશામાં થાય છે.

→ માંગરેખા DD ડાબી બાજુના ઉપરના છેડા તરફથી જમણી બાજુના નીચેના છેડા તરફ ઢળતી છે. આને માંગરેખાનો **"ઋણ ઢાળ"** કહે છે. કિંમત અને માંગ વચ્ચે વ્યસ્ત સંબંધ હોવાથી માંગરેખાનો ઢાળ ઋણ છે. ઋણ ઢાળ દર્શાવે છે કે જેમ જેમ વસ્તુની કિંમતમાં ઘટાડો થાય છે, તેમ-તેમ તેની માંગનું વિસ્તરણ થાય છે.

→ આમ, માંગનો નિયમ વસ્તુની કિંમત અને તેની માંગ વચ્ચેના વ્યસ્ત સંબંધને રજૂ કરે છે, જેને માંગની અનુસૂચિ **"આંકડાકીય"** રીતે અને માંગરેખા **"ભૌમિતિક"** રીતે સમજાવે છે.

★ **<u>કિંમત અને માંગ વચ્ચે વ્યસ્ત સંબંધના કારણો :</u>**

→ કિંમત અને માંગ વચ્ચેના વ્યસ્ત સંબંધનું કારણ તપાસતાં જણાય છે કે, જ્યારે ચીજવસ્તુઓની કિંમત ઘટે છે

ત્યારે માંગ વધે છે કારણકે ચાલુ ગ્રાહકો તો વધુ વસ્તુ ખરીદવા પ્રેરાશે જ, પરંતુ પહેલાં જે ગ્રાહકો ખરીદી કરવા સક્ષમ ન હતા તેમને માટે હવે કિંમત પોષાય તેવી થાય છે, તેથી માંગ વધશે.

➔ આને બે જુદી-જુદી અસર દ્વારા સમજી શકાય છે -

(1) અવેજી અસર

(2) આવક અસર

**(1) <u>અવેજી અસર :</u>**

➔ જે વસ્તુની કિંમત ઘટે છે, તે વસ્તુ તેની અવેજી વસ્તુ કરતાં સસ્તી બને છે તેથી અવેજી વસ્તુ વાપરનારા ગ્રાહકો પણ આવી વસ્તુ વાપરવા પ્રેરાય છે. આને **"અવેજી અસર"** કહે છે.

➔ બીજા શબ્દોમાં કહીએ તો કોઈપણ વસ્તુની કિંમતમાં ઘટાડો થાય છે, ત્યારે અન્ય અવેજીમાં વપરાતી વસ્તુની સરખામણીમાં આ વસ્તુ સસ્તી બને છે કારણકે અવેજી વસ્તુના ભાવ સ્થિર હોય છે. આથી ગ્રાહક અવેજી વસ્તુની માંગ ઘટાડી, ઘટેલી કિંમતવાળી વસ્તુની માંગ કરવા પ્રેરાય છે. પરિણામે માંગનું વિસ્તરણ થાય છે. દા.ત. કૉફીની કિંમત સ્થિર હોય અને ચાની કિંમત ઘટે, તો કૉફીની સરખામણીમાં ચા સસ્તી લાગે છે અને ઘણા ગ્રાહકો કૉફીની અવેજીમાં ચા ખરીદવા પ્રેરાય છે.

**(2) આવક અસર :**

➔ વસ્તુની કિંમત ઘટવાથી ગ્રાહકની ખરીદશક્તિ (વાસ્તવિક આવક) વધે છે, જેને **"આવક અસર"** થી ઓળખવામાં આવે છે.

➔ બીજા શબ્દોમાં કહીએ તો ગ્રાહકની નાણાકીય આવક સ્થિર હોય અને જો વસ્તુની કિંમત ઘટે તો ગ્રાહકની વાસ્તવિક આવકમાં વધારો થાય છે. આથી તેની ખરીદશક્તિ વધે છે, પરિણામે વસ્તુની માંગમાં જે વધારો થાય તે આવક અસરનુ પરિણામ છે. દા.ત. એક કુટુંબ દર માસે રૂ.25 કિગ્રાના ભાવના 4 કિલો ઘઉં વાપરે તો કુલ ખર્ચ રૂ.100 થાય. હવે જો ઘઉંનો ભાવ ઘટીને રૂ.10 થાય, તો કુંટુંબનો કુલ માસિક ખર્ચ રૂ.40 થશે. આમ રૂ.60 બચશે જે વધારાની આવકરૂપ હોઈ કુટુંબને વધુ ઘઉંની માંગ તરફ દોરી જશે.

➔ ઉપરની ચર્ચાથી સ્પષ્ટ સમજાય છે કે કિંમત અને માંગ વચ્ચેના સંબંધમાં માંગરેખા ઋણ ઢાળવાળી શા માટે બને છે.

**★ <u>માંગના નિયમના અપવાદો :</u>**

➔ કેટલાંક સંજોગો કે વસ્તુઓની બાબતમાં માંગનો આ નિયમ સાચો પડતો જણાતો નથી. આવા સંજોગો કે વસ્તુઓની માંગને માંગના નિયમના અપવાદો તરીકે ઓળખવામાં આવે છે.

➔ માંગના નિયમના અપવાદો નીચે મુજબ છે -

(1) પ્રતિષ્ઠા મૂલ્ય ધરાવતી વસ્તુઓ

(2) ગિફન વસ્તુઓ

(3) અત્યંત સસ્તી વસ્તુઓ

**(1) <u>પ્રતિષ્ઠામૂલ્ય ધરાવતી વસ્તુઓ :</u>**

➔ જે વસ્તુઓનું વપરાશ મૂલ્ય ઓછું છે અને વિનિમય મૂલ્ય ઊચું છે તેવી હીરા, માણેક, મોતી, સોનું જેવી વસ્તુઓ ધનિકો માટે પ્રતિષ્ઠાવાળી વસ્તુઓ ગણાતી હોય છે. આવી વસ્તુઓ મોંઘી હોવાથી જ તે **"પ્રતિષ્ઠા"**ની વસ્તુ બને છે. આવી વસ્તુની કિંમત જેમ ઊંચી જાય તેમ તેનું પ્રતિષ્ઠામૂલ્ય વધે છે. તેથી ધનિકો તેની માંગ વધારે છે.

➔ જો આવી પ્રતિષ્ઠાવાળી વસ્તુઓના ભાવ ઘટે, તો તેની માંગ ધનિકો ઘટાડી દેશે. આ કિસ્સામાં સમાજના અમુક વર્ગને જ આ હકીકત લાગુ પડે છે. બીજા શબ્દોમાં કહીએ તો ધનિકોને એમ લાગે કે આ પ્રતિષ્ઠાવાળી વસ્તુ હવે સામાન્ય માણસ પણ ખરીદી શકશે, આથી તેની પ્રતિષ્ઠા માટે કરાતી માંગ ઘટશે. બીજી બાજુ સામાન્ય માણસો એવું માને છે કે આ વસ્તુની વપરાશ તો ધનવાનો જ કરે છે. આથી ઘટેલી કિંમતે તેમના માટે વસ્તુ ખરીદવી શકય બને છે. છતાં માંગ વધારતા નથી.

➔ આમ, આવી પ્રતિષ્ઠા મૂલ્યવાળી વસ્તુની કિંમત ઘટવા છતાં તેની માંગ વધતી નથી અને માંગનો નિયમ લાગુ પડતો નથી.

**(2) <u>ગિફન વસ્તુઓ :</u>**

➔ ગિફન વસ્તુ એટલે એવી વસ્તુ જેની કિંમતમાં ઘટાડો થતાં બજારમાં તેના ખરીદવામાં આવતા જથ્થામાં ઘટાડો થાય.

➔ બીજા શબ્દોમાં કહીએ તો **"હલકા પ્રકારની વસ્તુઓ"**. એવી વસ્તુઓ કે જેની કિંમતમાં ઘટાડો થતાં તેની માંગમાં ઘટાડો થાય છે. આવી વસ્તુઓ અન્ય વસ્તુની તુલનામાં હલકા પ્રકારની હોય છે. દા.ત. રેશમી કાપડની તુલનામાં માદરપાટનું જાડું બરછટ કાપડ હલકા પ્રકારનું છે. બાસમતી ચોખાની તુલનામાં જાડા ચોખા હલકા પ્રકારના છે.

➔ હલકા પ્રકારની વસ્તુનો વપરાશ સમાજનો ગરીબ વર્ગ કરે છે. તેઓ સારા જીવનધોરણ માટે હંમેશા વધુ સારી

ગુણવત્તાવાળી વસ્તુ વાપરવા આતુર રહે છે. આથી આવા હલકા પ્રકારની વસ્તુની કિંમત ઘટે, તો તેમની વાસ્તવિક આવક વધવાથી તે અન્ય અવેજીરૂપ સારી વસ્તુની માંગ કરશે.

→ તેથી ઊલટું હલકા પ્રકારની વસ્તુના ભાવ વધે છે, ત્યારે તેમની વાસ્તવિક આવકમાં ઘટાડો થતાં તેઓ સારી વસ્તુ ખરીદી શકતા નથી. તેથી પોતાની જરૂરિયાતો સંતોષવા હલકા પ્રકારની વસ્તુની માંગમાં વધારો કરે છે.

→ આ હકીકત પ્રત્યે સૌથી પહેલું ધ્યાન **"સર રોબર્ટ ગિફને"** દોર્યું કે રજૂઆત કરી. તેથી આ પ્રકારની હલકી વસ્તુઓને **"ગિફન વસ્તુ"** (Giffen Goods) પણ કહેવામાં આવે છે અને તેની માંગ ઘટતી હોવાથી આવી પરિસ્થિતિને **"ગિફન કોયડો"** (Giffen Paradox) તરીકે ઓળખવામાં આવે છે.

→ ગિફન વસ્તુ માટે બે બાબતો જરૂરી બને છે -

(1) તે એવી વસ્તુ હોવી જોઈએ કે લોકોની આવક વધતાં તે વસ્તુની બજારમાંગ ઘટે.

(2) આવી વસ્તુ પાછળ ગ્રાહકની આવકનો ગણનાપાત્ર હિસ્સો ખર્ચાતો હોવો જોઈએ.

→ આમ, માંગના નિયમ વિરુદ્ધ હલકા પ્રકારની વસ્તુના ભાવ ઘટે છે ત્યારે તેની માંગ ઘટે છે અને હલકા પ્રકારની વસ્તુના ભાવ વધે છે ત્યારે તેની માંગ વધે છે.

**(3) <u>અત્યંત સસ્તી વસ્તુઓ :</u>**

→ કેટલીક વસ્તુઓ કિંમતમાં અત્યંત સસ્તી હોય છે. દા.ત. દીવાસળી, મીઠું, ટાંકણી વગેરે. આવી વસ્તુઓ પાછળનું ગ્રાહકનું કુલ ખર્ચ ખૂબ જ નજીવું હોય છે અને કિંમતના ફેરફારથી થતો કુલ ખર્ચનો ફેરફાર પણ નજીવો જ રહે છે. તેથી ગ્રાહકની માંગ પર કોઈ ખાસ અસર ઉપજાવી શકતો નથી.

→ વસ્તુની ગુણવત્તા અંગે સાચી-ખોટી સમજને કારણે તેમજ વસ્તુના ભવિષ્યના ભાવો અંગે સાચી-ખોટી અટકળને લીધે પણ વસ્તુના ભાવ વધતાં તેની માંગ વધે છે અને વસ્તુના ભાવ ઘટતાં તેની માંગ ઘટે છે.

→ આમ, માંગના નિયમના આવા અપવાદો હકીકતમાં બહુ નજીવા સ્વરૂપે જોવા મળે છે. એ એવા તીવ્ર અપવાદો નથી જ જેમાં માંગરેખાનો ઢાળ જ ધન બની જાય ! માંગરેખાનો ઢાળ હંમેશા ઋણ રહે છે.

**★ <u>માંગમાં ફેરફારો (Change in Demand)</u>**

→ કોઈપણ વસ્તુની માંગ નક્કી કરતાં પરિબળોને બે ભાગમાં વહેંચી શકાય.

(1) કિંમત

(2) કિંમત સિવાયના પરિબળો

→ જ્યારે કિંમતમાં ફેરફાર થવાથી ગ્રાહકની સંભવિત ખરીદીના જથ્થામાં જે ફેરફાર નોંધાશે તે એક જ માંગરેખા પર નોંધાય છે, પણ કિંમતનું પરિબળ સ્થિર રહીને અન્ય પરિબળોનાં પરિવર્તનને કારણે ગ્રાહકની સંભવિત ખરીદીમાં વધારો કે ઘટાડો નોંધાય છે, તે જુદી-જુદી માંગરેખા દ્વારા વ્યક્ત થાય છે -

→ બીજા શબ્દોમાં કહીએ તો માંગનો નિયમ આપણે **"અન્ય પરિબળો સ્થિર રહે તો"** ધારણાના આધારે રજૂ કર્યો. માંગને અસર કરતાં ઘણાં પરિબળો પૈકી **"કિંમત"** એક પરિબળ છે. વિશ્લેષણને સરળ બનાવવા અને બજારમાં કિંમત નિર્ધારણની પ્રક્રિયા સમજાવવા માટે આ અનુમાન કરવું પડે છે. આનો અર્થ એવો નથી કે અન્ય પરિબળો હંમેશા સ્થિર રહે છે જ, અન્ય પરિબળોમાં ફેરફાર થતાં જ રહે છે, પણ એ ફેરફારોને આપેલી માંગની રેખા પર દર્શાવવાને બદલે **"માંગની રેખાના સ્થાનાંતર"** દ્વારા દર્શાવવા વધુ અનુકૂળ પડે છે.

**★ <u>માંગમાં ફેરફારો અને માંગેલ પુરવઠાના પરિવર્તન વચ્ચેનો તફાવત :</u>**

→ ઉપર જણાવ્યું તેમ કિંમતમાં ફેરફાર ન થયો હોય છતાં લોકોની આવક, તેમની અભિરુચિ, વસ્તી, આવકની વહેંચણી અને અન્ય વસ્તુઓના ભાવો - આ બધામાં કે એ પૈકી કોઈ એકમાં ફેરફાર થાય તો તેને લીધે આપેલી વસ્તુની માંગમાં ફેરફાર થાય છે.

→ આ તફાવતને નીચેની આકૃતિ દ્વારા સમજવા પ્રયત્ન કરીએ -




→ ઉપકરોક્ત આકૃતિ કિંમત- માંગ વચ્ચેના સંબંધને રજૂ કરે છે. કિંમતમાં થતાં ફેરફારોથી માંગરેખા બદલાતી નથી, પરંતુ તેની પરનાં બિંદુઓ જ બદલાય છે. એટલે કે

અહીં માંગમાં નોંધાતો ફેરફાર વૈકલ્પિક બિંદુઓ દ્વારા વ્યક્ત થાય છે.

→ જ્યારે વસ્તુની કિંમત રૂ.11 છે ત્યારે તેની માંગ 40 એકમોની છે. હવે જો કિંમત ઘટીને રૂ.9 થાય ત્યારે માંગ વધીને 55 એકમોની થશે. આ ફેરફારને **"માંગનું વિસ્તરણ"** કહે છે. તેનાથી વિરુદ્ધ ફેરફારને **"માંગનું સંકોચન"** કહે છે.







→ ઉપરોક્ત આકૃતિમાં માંગમાં આવતું પરિવર્તન દર્શાવ્યું છે. માંગમાં આવતું પરિવર્તન અન્ય પરિબળોના ફેરફારથી પણ વ્યક્ત થાય છે. ધારો કે, ગ્રાહકની આવકમાં વધારો થાય છે. આ સ્થિતિમાં આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે વસ્તુની કિંમત રૂ.11 રહેવા છતાં વસ્તુની માંગ 40 થી વધીને 55 થશે.

→ આનાથી વિપરીત ધારો કે ગ્રાહકની આવકમાં ઘટાડો થાય છે. આ સ્થિતિમાં વસ્તુની કિંમત રૂ.11 રહેવા છતાં વસ્તુ માટેની માંગ ઘટીને 25 થશે. આ પ્રકારના માંગના ફેરફારને માંગમાં વધારો અને ઘટાડો કહે છે. આકૃતિ-1 માં માંગરેખા સ્થિર રહે છે, જ્યારે આકૃતિ-2 અને આકૃતિ-3 માં તે મૂળ સ્થાનેથી ડાબી કે જમણી બાજુએ ખસે છે.

★ **<u>માંગની સાપેક્ષતાનો અર્થ :</u>**

→ માંગનો નિયમ કોઈપણ વસ્તુ કે સેવાની કિંમત અને તેની માંગ વચ્ચે વ્યસ્ત સંબંધનો નિર્દેશ કરે છે. એટલે કે કિંમતમાં થતો ફેરફાર જે તે વસ્તુની માંગમાં વિરુદ્ધ દિશામાં ફેરફાર આણે છે, પરંતુ કિંમતમાં અમુક વધારો થવાથી માંગ કેટલી ઓછી થશે કે કિંમતમાં અમુક ઘટાડો થવાથી માંગ કેટલી વધશે એ વિશે માંગનો નિયમ કોઈ માહિતી આપતો નથી. આ માટે માંગની સાપેક્ષતા જાણવી પડે.

→ ધંધાકીય નિર્ણયો લેવામાં માંગની સાપેક્ષતાનો ખ્યાલ ખૂબ જ ઉપયોગી છે. વસ્તુની માંગ અનેક પરિબળો પર આધારિત છે. આવાં પરિબળોમાંથી કોઈપણ પરિબળમાં ફેરફાર થાય ત્યારે વસ્તુની માંગ ફેરફાર પામે છે.

→ આમ, પરિબળના ફેરફારને કારણે વસ્તુની માંગમાં થતાં ફેરફાર ગુણોત્તર માપને **"માંગની સાપેક્ષતા"** કહેવામાં આવે છે.

★ **<u>માંગની સાપેક્ષતાના ખ્યાલો</u>**

→ માંગની સાપેક્ષતાના મુખ્યત્વે ચાર ખ્યાલોની વિશેષ ચર્ચા કરાય છે -

(A) માંગની મૂલ્ય સાપેક્ષતા

(B) માંગની આવક સાપેક્ષતા

(C) માંગની પ્રતિમૂલ્ય સાપેક્ષતા

(D) માંગની વિજ્ઞાપન સાપેક્ષતા

**(A) <u>માંગની મૂલ્ય સાપેક્ષતા</u>**

→ માંગની મૂલ્ય (કિંમત) સાપેક્ષતા એ કોઈપણ વસ્તુની કિંમતમાં થતાં ટકાવારી ફેરફાર અને તેની માંગમાં થતા ટકાવારી ફેરફાર સાથે ગુણોત્તર દ્વારા સરખાવતું માપ છે.

→ બીજા શબ્દોમાં કહીએ તો અન્ય પરિબળો યથાવત્ રહે અને મૂળ વસ્તુની કિંમતમાં ફેરફાર થવાથી, તે વસ્તુની માંગમાં થતાં ફેરફારનું માપ અથવા ગુણોત્તરને **"માંગની મૂલ્ય સાપેક્ષતા"** કહે છે.

→ માંગની મૂલ્ય સાપેક્ષતા વસ્તુની કિંમતમાં થતાં ફેરફાર અને પરિણામે વસ્તુની માંગમાં થતાં ફેરફાર વચ્ચેનો પ્રમાણાત્મક સંબંધ દર્શાવે છે.

→ માંગની મૂલ્ય સાપેક્ષતા =

$$\frac{\text{વસ્તુની માંગમાં થતો ટકાવારી ફેરફાર}}{\text{વસ્તુની કિંમતમાં થતો ટકાવારી ફેરફાર}}$$

➔ સામાન્ય રીતે વસ્તુની કિંમત અને માંગ વચ્ચે વ્યસ્ત સંબંધ હોવાથી માંગની મૂલ્ય સાપેક્ષતા પણ ઋણ આવે છે.

★ **<u>માંગની મૂલ્ય સાપેક્ષતાના પ્રકાર</u>**

➔ માંગની મૂલ્ય સાપેક્ષતાના 5 પ્રકાર પાડવામાં આવે છે -

(1) મૂલ્ય સાપેક્ષ માંગ

(2) મૂલ્ય અનપેક્ષ માંગ

(3) સપ્રમાણ મૂલ્ય સાપેક્ષ માંગ

(4) સંપૂર્ણ મૂલ્ય સાપેક્ષ માંગ

(5) સંપૂર્ણ મૂલ્ય અનપેક્ષ માંગ

**(1) <u>મૂલ્ય સાપેક્ષ માંગ :</u>**

- આને **"અસ્થિર માંગ"** પણ કહેવાય છે.

- જ્યારે વસ્તુની કિંમતમાં થતાં ટકાવારી ફેરફાર કરતાં માંગમાં થતો ટકાવારી ફેરફાર વધુ હોય તો તેને **"મૂલ્ય સાપેક્ષ માંગ"** કહે છે. જેનું મૂલ્ય 1 કરતાં વધુ હોય છે.

- મૂલ્ય સાપેક્ષ માંગ હોય ત્યારે માંગરેખાનો ઢાળ પ્રમાણમાં ઓછો હોય છે.

- સામાન્ય રીતે જે વસ્તુ નાશવંત ન હોય એટલે કે ટકાઉ હોય તેવી વસ્તુ માટે માંગનું આવું વલણ જોવા મળે છે.

**(2) <u>મૂલ્ય અનપેક્ષ માંગ :</u>**

- આને **"સ્થિર માંગ"** પણ કહેવાય છે.

- જ્યારે વસ્તુની કિંમતમાં થતાં ટકાવારી ફેરફાર કરતાં તેની માંગમાં થતો ટકાવારી ફેરફાર ઓછો હોય તો તેને **"મૂલ્ય અનપેક્ષ માંગ"** કહે છે. તેનું મૂલ્ય 1 કરતાં ઓછું હોય છે.

- મૂલ્ય અનપેક્ષ માંગ હોય ત્યારે માંગરેખાનો ઢાળ પ્રમાણમાં વધુ હોય છે.

- સામાન્ય રીતે લાંબા સમય સુધી સાચવી ન શકાય તેવી વસ્તુની માંગમાં આવું વલણ જોવા મળે છે.

**(3) <u>સપ્રમાણ મૂલ્ય સાપેક્ષ માંગ :</u>**

- આને **"એકમ બરાબર મૂલ્ય સાપેક્ષતા"** પણ કહેવાય છે.

- જ્યારે વસ્તુની કિંમતમાં થતો ટકાવારી ફેરફાર અને તેની માંગમાં થતો ટકાવારી ફેરફાર સરખા હોય, ત્યારે તેને **"સપ્રમાણ મૂલ્ય સાપેક્ષ માંગ"** કહે છે. અહીં મૂલ્ય સાપેક્ષતા 1 જેટલી હોય છે.

- સપ્રમાણ મૂલ્ય સાપેક્ષતા દર્શાવતી રેખા સીધી રેખા હોતી નથી તે વક્ર હોય છે. એટલે કે તે Rectangular Hyperbola હોય છે.

- સામાન્ય રીતે જે વસ્તુનો સંગ્રહ થઈ શકતો હોય અને જે નાશવંત ન હોય તેવી વસ્તુની માંગમાં આ વલણ જોવા મળે છે.

**(4) <u>સંપૂર્ણ મૂલ્ય સાપેક્ષ માંગ :</u>**

- આને **"સંપૂર્ણ અસ્થિર માંગ"** પણ કહેવાય છે.

- જ્યારે વસ્તુની કિંમતમાં કોઈ ફેરફાર ન થાય અને માંગમાં અસાધારણ ફેરફાર આવે, ત્યારે તેને **"સંપૂર્ણ મૂલ્ય સાપેક્ષ માંગ"** કહે છે. તેની મૂલ્ય સાપેક્ષતા અનંત મળે છે.

- અનંત મૂલ્ય સાપેક્ષતા ધરાવતી માંગરેખા પાયાને સમાંતર હોય છે.

- સામાન્ય રીતે કિંમતી ધાતુ, ઘરેણાં વગેરે વસ્તુની માંગમાં આ વલણ જોવા મળે છે.

**(5) <u>સંપૂર્ણ મૂલ્ય અનપેક્ષ માંગ :</u>**

- આને **"સંપૂર્ણ સ્થિર માંગ"** પણ કહેવાય છે.

- જ્યારે કિંમતમાં ગમે તેટલો ફેરફાર થાય છતાં તેની માંગ પર કોઈપણ પ્રકારની અસર ન થાય ત્યારે તેને **"સંપૂર્ણ મૂલ્ય અનપેક્ષ માંગ"** કહે છે. તેનું મૂલ્ય 0 મળે છે.

- શૂન્ય મૂલ્ય સાપેક્ષતા ધરાવતી માંગરેખા પાયાને લંબ હોય છે.

- સામાન્ય રીતે ખૂબ જ નાશવંત વપરાશી વસ્તુ કે જેનો સંગ્રહ થઈ શકતો ન હોય તેવી વસ્તુની માંગમાં આ વલણ જોવા મળે છે.

★ **<u>માંગની મૂલ્ય સાપેક્ષતાને માપવાની પદ્ધતિઓ</u>**

➔ માંગની મૂલ્ય સાપેક્ષતાને માપવા માટે ત્રણ પદ્ધતિઓનો ઉપયોગ થાય છે -

(1) ટકાવારી પદ્ધતિ

(2) કુલ ખર્ચની પદ્ધતિ

(3) ભૌમિતિક પદ્ધતિ

**(1) <u>ટકાવારી પદ્ધતિ :</u>**

- આ પદ્ધતિથી માંગની મૂલ્ય સાપેક્ષતાનો ચોક્કસ આંક મેળવી શકાય છે, જેમાં કિંમતના ટકાવારી ફેરફાર સાથે માંગના ટકાવારી ફેરફારની તુલના કરવામાં આવે છે.

- બીજા શબ્દોમાં કહીએ તો આ પદ્ધતિમાં વસ્તુની કિંમતમાં થતાં ટકાવારી ફેરફાર અને પરિણામે વસ્તુની

માંગમાં થતા ટકાવારી ફેરફારને આધારે માંગની મૂલ્ય સાપેક્ષતાનો આંક શોધવામાં આવે છે. આ માટે નીચેના સૂત્રનો ઉપયોગ કરાય છે.

માંગની મૂલ્ય સાપેક્ષતા =

$$-\frac{\text{વસ્તુની માંગમાં થતો ટકાવારી ફેરફાર}}{\text{વસ્તુની કિંમતમાં થતો ટકાવારી ફેરફાર}}$$

- માંગરેખા ઢળતી હોવાથી માંગની મૂલ્ય સાપેક્ષતા હંમેશા ઋણ હોય છે. છતાં વિશ્લેષણને સરળ બનાવવા માટે તેને ધન સ્વરૂપે જ રજૂ કરવામાં આવે છે. ઉપરના સૂત્રમાં આગળ (-) ઋણ ચિહ્ન મૂકવાથી તેની સ્પષ્ટતા વધે છે.
- ઉપર માંગની મૂલ્ય સાપેક્ષતાના જે પાંચ પ્રકારો દર્શાવવામાં આવ્યા છે તે ટકાવારી પદ્ધતિ અંગેની વિગતવાર માહિતી પૂરી પાડે છે.
- આમ, ટકાવારી ફેરફારોને આધારે અસ્થિર, સ્થિર, સપ્રમાણ, સંપૂર્ણ અસ્થિર અને સંપૂર્ણ સ્થિર માંગ ક્યારે હોય તે જાણી શકાય છે.

**(2) <u>કુલ ખર્ચની પદ્ધતિ :</u>**

- આ પદ્ધતિમાં વસ્તુની કિંમત બદલવાથી તેની ખરીદી માટે થનાર કુલ ખર્ચમાં કેટલો ફેરફાર થાય છે, તેને ધ્યાનમાં લેવાય છે.
- કોઈ વસ્તુની અકમદીઠ કિંમત રૂ.10 હોય અને ગ્રાહક દ્વારા આવી વસ્તુના 50 નંગ ખરીદવાની સંભાવના હોય, તો ગ્રાહકનું કુલ ખર્ચ 10 " 50 = 500 થશે.

કુલ ખર્ચ = કિંમત " માંગનું પ્રમાણ

- અહીં માંગની મૂલ્ય સાપેક્ષતા જાણવા કિંમત ફેરફાર પહેલાંના ગ્રાહકોના કુલ ખર્ચ સાથે કિંમત બદલવાથી થનાર કુલ ખર્ચને સરખાવવામાં આવે છે.
- જો વસ્તુની કિંમત ઘટતા વસ્તુની માંગમાં એટલો વધારો થાય કે જેથી વસ્તુ પર થતો કુલ ખર્ચ વધે તો માંગ અસ્થિર ગણાય, અને જો કુલ ખર્ચ ઘટે તો માંગ સ્થિર ગણાય. કિંમત ઘટવા છતાં વસ્તુ પર થતું કુલ ખર્ચ યથાવત રહે, એટલે કે બદલાય નહીં તો માંગની મૂલ્ય સાપેક્ષતા એકમ જેટલી કે સપ્રમાણ ગણાય.
- આમ, આ પદ્ધતિ કિંમત અને માંગ વચ્ચેના વ્યસ્ત સંબંધને ધ્યાનમાં તો લે છે, પરંતુ તે બંનેના ફેરફારથી કુલ ખર્ચમાં જે ફેરફાર નોંધાય છે તેને જ આધાર તરીકે ગણીને મૂલ્ય સાપેક્ષતાના પ્રકારો (સ્થિર, અસ્થિર કે સપ્રમાણ) ની રજૂઆત કરે છે.
- આ પદ્ધતિની એક મર્યાદા એ છે કે તે મૂલ્ય સાપેક્ષતાને ચોક્કસ ગાણિતિક આંકડામાં દર્શાવી શકાતી નથી.

**(3) <u>ભૌમિતિક પદ્ધતિ :</u>**

- પ્રો.માર્શલે, જ્યારે માંગરેખા સીધી હોય એટલે કે Linear Demand Curve હોય ત્યારે માંગરેખા ઉપરના કોઈ એક બિંદુની મૂલ્ય સાપેક્ષતા શોધવા બિંદુ મૂલ્ય સાપેક્ષતાની ભૌમિતિક પદ્ધતિ રજૂ કરી છે.
- આ પદ્ધતિમાં ઉપયોગ દ્વારા માંગરેખા પરના કોઈપણ બિંદુ માટેની માંગની મૂલ્ય સાપેક્ષતા નક્કી કરી શકાય છે, જેમાં માંગરેખા પરના કોઈ બિંદુથી અંતરોનો ગુણોત્તર લેવામાં આવે છે.
- બિંદુ મૂલ્ય સાપેક્ષતા માપવા નીચેના સૂત્ર ઉપયોગ કરવામાં આવે છે.

મૂલ્ય સાપેક્ષતા =

$$\frac{\text{કોઈ બિંદુથી નીચે તરફ માંગરેખાનું અંતર}}{\text{તે બિંદુથી ઉપર તરફ માંગરેખાનું અંતર}}$$

**(B) <u>માંગની આવક સાપેક્ષતા (Income Elasticity of Demand)</u> :**

➔ માંગની આવક સાપેક્ષતા એ આવકમાં થતાં ટકાવારી ફેરફારને માંગમાં થતાં ટકાવારી ફેરફાર સાથે ગુણોત્તર દ્વારા દર્શાવતું માપ છે.

➔ બીજા શબ્દોમાં કહીએ તો અન્ય પરિબળો યથાવત્ રહેતાં ગ્રાહકની આવકમાં થતાં ફેરફારને લીધે, વસ્તુની માંગમાં થતાં ફેરફારનું માપ અથવા ગુણોત્તરને **''માંગની આવક સાપેક્ષતા''** કહે છે.

➔ માંગની આવક સાપેક્ષતા માપવા નીચેના સૂત્રનો ઉપયોગ કરવામાં આવે છે -

માંગની આવક સાપેક્ષતા =

$$\frac{\text{વસ્તુની માંગમાં થતો ટકાવારી ફેરફાર}}{\text{આવકમાં થતો ટકાવારી ફેરફાર}}$$

➔ માંગની આવક સાપેક્ષતાના ઉપરોક્ત સૂત્ર દ્વારા માપતા જો જવાબ 1 આવે તો **''સપ્રમાણ કે એકમ બરાબર આવક સાપેક્ષ માંગ''** કહેવાય એટલે કે આવકના ફેરફાર જેટલા જ પ્રમાણમાં વસ્તુની માંગમાં ફેરફાર થાય છે.

➔ જો જવાબ 1 કરતાં ઓછો આવે તો **"આવક અનપેક્ષ માંગ"** કહેવાય એટલે કે આવકના ફેરફાર કરતાં વસ્તુની માંગમાં પ્રમાણમાં ઓછો ફેરફાર થાય છે.

➔ જો જવાબ 1 કરતા વધુ આવે તો **"આવક સાપેક્ષ માંગ"** કહેવાય એટલે કે આવકના ફેરફાર કરતાં વસ્તુની માંગમાં પ્રમાણમાં વધુ ફેરફાર થાય છે.

➔ જો જવાબ 0 (શૂન્ય) આવે તો **"સંપૂર્ણ આવક અનપેક્ષ માંગ"** કહેવાય એટલે કે આવકમાં ફેરફાર થાય છતાં વસ્તુની માંગમાં કોઈ જ ફેરફાર ન થાય.

➔ જો જવાબ અનંત (α) આવે તો **"સંપૂર્ણ આવક સાપેક્ષ માંગ"** કહેવાય એટલે કે આવક વધે તો વસ્તુની માંગ ઘટે અને આવક ઘટે તો વસ્તુની માંગ વધે.

➔ કેટલીક વસ્તુઓની બાબતમાં એવું જોવા મળે છે કે, આવક વધવાથી તે વસ્તુઓની માંગ વધવા પામે છે જ્યારે ગિફન વસ્તુઓની બાબતમાં આવક વધવાથી લોકો તેવી વસ્તુઓની માંગ ઘટાડીને અન્ય વસ્તુની માંગ વધારે છે.

★ **<u>માંગની આવક સાપેક્ષતાના પ્રકાર</u>**

➔ જો વસ્તુની કિંમત ન બદલાય અને માત્ર વ્યક્તિની આવકમાં ટકાવારી ફેરફાર થાય તો વસ્તુની માંગ પર જે ટકાવારી અસર થાય એ દ્દષ્ટિએ આવક સાપેક્ષતાના મુખ્યત્વે ત્રણ પ્રકાર છે -

(1) ધન આવક સાપેક્ષતા

(2) ઋણ આવક સાપેક્ષતા

(3) શૂન્ય આવક સાપેક્ષતા

**(1) <u>ધન આવક સાપેક્ષતા :</u>**

➔ ગ્રાહકની આવક ઘટતાં વસ્તુની માંગ ઘટતી હોય અને ગ્રાહકની આવક વધતાં વસ્તુની માંગ વધતી હોય એટલે કે ગ્રાહકની આવક અને વસ્તુની માંગ વચ્ચે સીધો સંબંધ હોય તો **"ધન આવક સાપેક્ષતા"** કહેવાય.

➔ ધન આવક સાપેક્ષતાના ત્રણ પ્રકાર છે -

(a) એકમ બરાબર (સપ્રમાણ) આવક સાપેક્ષ માંગ

(b) એકમથી વધુ આવક સાપેક્ષ માંગ

(c) એકમથી ઓછી આવક સાપેક્ષ માંગ

**(a) <u>એકમ બરાબર આવક સાપેક્ષ માંગ :</u>**

- આને સપ્રમાણ આવક સાપેક્ષતા પણ કહેવાય છે.

- જ્યારે ગ્રાહકની આવકમાં અને પરિણામે વસ્તુની માંગમાં એક જ દિશામાં અને એકસરખા પ્રમાણમાં ટકાવારી ફેરફાર થતો હોય તો તેને **"એકમ બરાબર આવક સાપેક્ષ માંગ"** કહેવાય છે.

- આનું મૂલ્ય હંમેશા 1 હોય છે.

- બીજા શબ્દોમાં કહીએ તો, જો આવકમાં થયેલો ટકાવારી ફેરફાર અને તેને લીધે વસ્તુની માંગમાં થયેલો ટકાવારી ફેરફાર સરખા હોય, તો તેને માંગની એકમ બરાબર આવક સાપેક્ષ માંગ કહે છે.

**(b) <u>એકમથી વધુ આવક સાપેક્ષ માંગ :</u>**

- જો આવકમાં થયેલા ટકાવારી ફેરફાર કરતાં વસ્તુની માંગમાં થયેલો ટકાવારી ફેરફાર વધુ હોય તો, તેને **"એકમથી વધુ આવક સાપેક્ષ માંગ"** કહેવાય છે.

- બીજા શબ્દોમાં કહીએ તો જ્યારે ગ્રાહકની આવકમાં અને પરિણામે વસ્તુની માંગમાં એક જ દિશામાં ફેરફાર થતો હોય, પરંતુ ગ્રાહકની આવકમાં થતાં ટકાવારી ફેરફાર કરતાં વસ્તુની માંગમાં થતો ટકાવારી ફેરફાર વધુ હોય તો તેને એકમથી વધુ આવક સાપેક્ષ માંગ કહેવાય.

- આનું મૂલ્ય હંમેશા 1 કરતાં વધુ હોય છે.

- સામાન્ય રીતે **"મોજશોખની વસ્તુ"** ઓની માંગની આવક સાપેક્ષતા આ પ્રકારની હોય છે.

**(c) <u>એકમથી ઓછી આવક અનપેક્ષ માંગ :</u>**

- જ્યારે આવકમાં થયેલો ટકાવારી ફેરફાર માંગમાં થયેલા ટકાવારી ફેરફાર કરતાં વધારે હોય તો, તેને **"એકમથી ઓછી આવક અનપેક્ષ માંગ"** કહેવાય છે.

- બીજા શબ્દોમાં કહીએ તો જ્યારે ગ્રાહકની આવકમાં અને પરિણામે વસ્તુની માંગમાં એક જ દિશામાં ફેરફાર થતો હોય, પરંતુ ગ્રાહકની આવકમાં થતાં ટકાવારી ફેરફાર કરતાં, વસ્તુની માંગમાં થતો ટકાવારી ફેરફાર ઓછો હોય તો તેને એકમથી ઓછી આવક અનપેક્ષ માંગ કહેવાય.

- આનું મૂલ્ય હંમેશા 1 કરતાં ઓછું હોય છે.

- સામાન્ય રીતે પ્રાથમિક જરૂરિયાતની વસ્તુઓની માંગ માટેની આવક સાપેક્ષતા આ પ્રકારની હોય છે.

**(2) <u>ઋણ આવક સાપેક્ષતા :</u>**

➔ જ્યારે આવકમાં થયેલો ટકાવારી ફેરફાર અને તેને લીધે વસ્તુની માંગમાં થયેલો ટકાવારી ફેરફાર વિરુદ્ધ દિશામાં હોય તો તેને **"ઋણ આવક સાપેક્ષતા"** કહેવાય છે.

→ બીજા શબ્દોમાં કહીએ તો જ્યારે ગ્રાહકની આવક વધે તો વસ્તુની માંગ ઘટે અને આવક ઘટે તો વસ્તુની માંગ વધે ત્યારે તેને ઋણ આવક સાપેક્ષતા કહે છે.

→ સામાન્ય રીતે જુવાર જેવી હલકા પ્રકારની વસ્તુની માંગ ઋણ આવક સાપેક્ષ હોય છે.

→ આવી આવક માંગ રેખા ઋણ ઢાળવાળી જોવા મળે છે.

**(3) શૂન્ય આવક સાપેક્ષતા :**

→ જ્યારે આવકમાં ગમે તેટલો ફેરફાર થાય છતાં તે વસ્તુની માંગ પર કોઈપણ પ્રકારની અસર ન થાય ત્યારે તેને **"શૂન્ય આવક સાપેક્ષતા"** કહેવાય છે.

→ બીજા શબ્દોમાં કહીએ તો જ્યારે ગ્રાહકની આવકમાં ગમે તેટલો ટકાવારી ફેરફાર કરીએ પણ વસ્તુની માંગમાં બિલકુલ ટકાવારી ફેરફાર ના થાય ત્યારે તેને શૂન્ય આવક સાપેક્ષતા કહેવાય છે.

→ આનું મૂલ્ય હંમેશા શૂન્ય હોય છે.

→ સામાન્ય રીતે પાણી, કાપડ વગેરે જીવન જરૂરિયાતવાળી વસ્તુની માંગ શૂન્ય આવક સાપેક્ષ હોય છે.

**(c) માંગની પ્રતિમૂલ્ય સાપેક્ષતા (Cross Elasticity of Demand)**

→ કોઈ એક વસ્તુની માંગ પર અન્ય વસ્તુની કિંમત અસર કરે છે. આ અન્ય વસ્તુ અવેજી કે પૂરકતાના સંબંધથી જોડાયેલી હોય છે, અને તેવી વસ્તુની કિંમતના ફેરફારથી મૂળ વસ્તુની માંગમાં ફેરફાર થાય છે. આ બન્ને વચ્ચેના ગુણોત્તરને **"માંગની પ્રતિમૂલ્ય સાપેક્ષતા"** કહે છે.

→ બીજા શબ્દોમાં કહીએ તો અન્ય પરિબળો યથાવત્ રહે અને સંબંધિત વસ્તુની કિંમતમાં ફેરફાર થવાથી, મૂળ વસ્તુની માંગમાં થતાં ફેરફારનું માપ અથવા ગુણોત્તરને માંગની પ્રતિમૂલ્ય સાપેક્ષતા કહે છે.

→ માંગની પ્રતિમૂલ્ય સાપેક્ષતા સંબંધિત વસ્તુની કિંમતમાં ફેરફાર કરવાથી મૂળ વસ્તુની માંગમાં થતાં ફેરફાર વચ્ચેનો પ્રમાણાત્મક સંબંધ વ્યક્ત કરે છે.

→ માંગની પ્રતિમૂલ્ય સાપેક્ષતા માપવા નીચેના સૂત્રનો ઉપયોગ કરવામાં આવે છે -

માંગની પ્રતિમૂલ્ય સાપેક્ષતા =

$$\frac{\text{A વસ્તુની માંગમાં થતો ટકાવારી ફેરફાર}}{\text{B વસ્તુની કિંમતમાં થતો ટકાવારી ફેરફાર}}$$

→ માંગની મૂલ્ય સાપેક્ષતામાં સંબંધિત વસ્તુની કિંમત તથા અન્ય માંગને અસર કરતાં પરિબળોને સ્થિર રાખી, મૂળ વસ્તુની કિંમતમાં ફેરફાર કરવાથી તેની માંગમાં કેટલો ફેરફાર થશે તે દર્શાવાય છે. દા.ત. કારની માંગની મૂલ્ય સાપેક્ષતા જાણવા અન્ય પરિબળો સ્થિર રાખી, કારની કિંમત બદલવાથી, કારની માંગમાં કેટલા પ્રમાણમાં ફેરફાર થાય છેત તેનું માપ કાઢવામાં આવે છે.

→ જ્યારે માંગની પ્રતિમૂલ્ય સાપેક્ષતામાં જેની પ્રતિમૂલ્ય સાપેક્ષતા જાણવી હોય તે વસ્તુની કિંમત યથાવત્ રાખી, તેની સંબંધિત વસ્તુ (અવેજ અથવા પૂરક)ની કિંમતમાં ફેરફાર કરવાથી, મૂળ વસ્તુની માંગમાં કેવો અને કેટલો ફેરફાર થાય છે તે દર્શાવાય છે. દા.ત. કારની માંગની પ્રતિમૂલ્ય સાપેક્ષતા જાણવા કારની કિંમત સ્થિર રાખી, તેની સંબંધિત વસ્તુની ધારો કે પેટ્રોલ હોય તો તેની કિંમતમાં ફેરફાર કરવાથી કારની માંગમાં કેટલા પ્રમાણમાં ફેરફાર થશે તેનું માપ કાઢવામાં આવે છે.

→ આધુનિક બજારમાં વસ્તુની અવેજી અથવા પૂરકતાની ઘણી વસ્તુ હોવાથી, તેની કિંમતના ફેરફારોથી પોતાની વસ્તુની માંગ ઉપર થનારી સંભવિત અસરો જાણવા પ્રતિ મૂલ્ય સાપેક્ષતાનો ખ્યાલ ઘણો જરૂરી છે.

★ **માંગની પ્રતિમૂલ્ય સાપેક્ષતાના પ્રકારો**

→ માંગની મૂલ્ય સાપેક્ષતા હંમેશા **"નકારાત્મક"** હોય છે, જ્યારે માંગની પ્રતિમૂલ્ય સાપેક્ષતાની બાબતમાં એવું નથી. માંગની પ્રતિમૂલ્ય સાપેક્ષતા ધન, શૂન્ય કે નકારાત્મક હોઈ શકે.

→ સંબંધિત વસ્તુ અને મૂળ વસ્તુ વચ્ચેના સંબંધોને આધારે પ્રતિમૂલ્ય સાપેક્ષતાના ત્રણ પ્રકાર પાડી શકાય.

(1) ધન પ્રતિમૂલ્ય સાપેક્ષતા

(2) ઋણ પ્રતિમૂલ્ય સાપેક્ષતા

(3) શૂન્ય પ્રતિમૂલ્ય સાપેક્ષતા

**(1) ધન પ્રતિમૂલ્ય સાપેક્ષતા :**

- આને **"હકારાત્મક પ્રતિમૂલ્ય સાપેક્ષતા"** પણ કહેવાય છે.

- જો A (મૂળ વસ્તુ) અને B (સંબંધિત વસ્તુ) એકબીજાની અવેજી વસ્તુઓ હશે તો પ્રતિમૂલ્ય સાપેક્ષતા ધન મળશે.

- બીજા શબ્દોમાં કહીએ તો સામાન્ય રીતે બે વસ્તુઓ એકબીજાની અવેજીમાં વાપરી શકાતી હોય ત્યારે પ્રતિમૂલ્ય સાપેક્ષતા હકારાત્મક બને છે. દા.ત. ચા અને કૉફી અવેજી વસ્તુઓ છે.

- B ની કિંમત અને A ની માંગમાં એક જ દિશામાં ફેરફાર થતાં સહસંબંધ હોવાથી A (ચાની) માંગની પ્રતિમૂલ્ય સાપેક્ષતા ધન અથવા હકારાત્મક આવશે અને પ્રતિમૂલ્ય સાપેક્ષ માંગરેખા ધન ઢાળવાળી જોવા મળશે.

- ધન પ્રતિમૂલ્ય સાપેક્ષતા =

$$\frac{\text{A (ચા)ની માંગમાં ટકાવારી ઘટાડો}}{\text{B (કૉફી) ની કિંમતમાં ટકાવારી ઘટાડો}}$$

- દા.ત. કૉફીના ભાવમાં 2% ઘટાડો થતાં ચાની માંગમાં 4% ઘટાડો થયો, તો

- ધન પ્રતિમૂલ્ય સાપેક્ષતા =

$$\frac{(-4\%\ \text{ચાની માંગમાં ઘટાડો}}{-2\%\ \text{કૉફીની કિંમતમાં ઘટાડો}}$$

$= +2$

- અંશ અને છેદ બન્નેમાં ઋણ (-) હોવાથી જવાબ ધનમાં આવશે.

**(2) <u>ઋણ પ્રતિમૂલ્ય સાપેક્ષતા</u>**

- આને **"નકારાત્મક પ્રતિમૂલ્ય સાપેક્ષતા"** પણ કહેવાય છે.

- જો A (મૂળ વસ્તુ) અને B (સંબંધિત વસ્તુ) બંને એકબીજાની પૂરક વસ્તુઓ હશે તો પ્રતિમૂલ્ય સાપેક્ષતા ઋણ મળશે.

- બીજા શબ્દોમાં કહીએ તો સામાન્ય રીતે બે વસ્તુઓ એકબીજાની પૂરક હોય ત્યારે પ્રતિમૂલ્ય સાપેક્ષતા નકારાત્મક બને છે. દા.ત. મોટરકાર અને પેટ્રોલ પૂરક વસ્તુઓ છે.

- સંબંધિત વસ્તુ B ની કિંમત અને મૂળ વસ્તુ A ની માંગ વચ્ચે વ્યસ્ત સંબંધ હોવાથી પ્રતિમૂલ્ય સાપેક્ષ માંગરેખા ઋણ ઢાળવાળી પ્રાપ્ત થાય છે.

- ઋણ પ્રતિમૂલ્ય સાપેક્ષતા =

$$\frac{\text{પેટ્રોલની માંગમાં ટકાવારી વધારો}}{\text{કારની કિંમતમાં ટકાવારી ઘટાડો}}$$

- દા.ત. કારની કિંમતમાં 2% ઘટાડો થતાં પેટ્રોલની માંગમાં 4% વધારો થશે.

- ઋણ પ્રતિમૂલ્ય સાપેક્ષતા =

$$\frac{+4\%\ \text{પેટ્રોલની માંગમાં વધારો}}{-2\%\ \text{મોટરકારની કિંમતમાં ઘટાડો}}$$

$= -2$

**(3) <u>શૂન્ય પ્રતિમૂલ્ય સાપેક્ષતા :</u>**

- જો A અને B બંને એકબીજાથી સ્વતંત્ર વસ્તુઓ હોય તો એકની કિંમતમાં થતાં ફેરફારની અસર બીજા પર થશે નહિ. તેથી માંગની પ્રતિમૂલ્ય સાપેક્ષતા 0 (શૂન્ય) થશે.

- બીજા શબ્દોમાં કહીએ તો સામાન્ય રીતે બે વસ્તુઓ અસંબંધિત હોય ત્યારે B ની કિંમત બદલવા છતાં, A ની માંગ ઉપર કોઈ અસર પડતી નથી. દા.ત. કાપડ અને દિવાસળી અસંબંધિત વસ્તુઓ છે.

- કાપડ અને દિવાસળી બે અસંબંધિત વસ્તુ હોવાથી કાપડની કિંમતમાં ઘટાડો કરવા છતાં દિવાસળીની માંગમાં કોઈ ફેરફાર થતો નથી. આથી પ્રતિમૂલ્ય સાપેક્ષ માંગરેખા **"ઊભી ધરીને સમાંતર"** પ્રાપ્ત થાય છે.

**(D) <u>માંગની વિજ્ઞાપન સાપેક્ષતા</u>**

→ આધુનિક સમયમાં વિજ્ઞાપન (જાહેરાત) વગર વસ્તુના વેચાણની કલ્પના કરવી અઘરી છે. માટે ઉત્પાદકો વિજ્ઞાપન (જાહેરાત) પાછળ મોટા પ્રમાણમાં ખર્ચ કરી, પોતાની વસ્તુનું બજાર મેળવવા તથા વિસ્તરણ કરવા પ્રયાસ કરે છે.

→ અન્ય પરિબળો યથાવત્ રહે અને જાહેરાત પાછળના ખર્ચમાં થતાં ફેરફારને લીધે, વસ્તુની માંગમાં થતાં ફેરફારનું માપ અથવા ગુણોત્તર એટલે માંગની વિજ્ઞાપન સાપેક્ષતા છે.

→ બીજા શબ્દોમાં કહીએ તો માંગની વિજ્ઞાપન સાપેક્ષતા એ વિજ્ઞાપનમાં થતાં ખર્ચના ટકાવારી ફેરફારને માંગમાં થતાં ટકાવારી ફેરફાર સાથે ગુણોત્તર દ્વારા દર્શાવતું માપ છે.

→ માંગની વિજ્ઞાપન સાપેક્ષતા વિજ્ઞાપન ખર્ચમાં થતાં ફેરફાર અને વસ્તુની માંગમાં થતાં ફેરફાર વચ્ચેનો પ્રમાણાત્મક સંબંધ વ્યક્ત કરે છે.

→ માંગની વિજ્ઞાપન સાપેક્ષતા માપવા નીચેના સૂત્રનો ઉપયોગ કરવામાં આવે છે -

માંગની વિજ્ઞાપન સાપેક્ષતા =

$$\frac{\text{વસ્તુની માંગમાં થતો ટકાવારી ફેરફાર}}{\text{વિજ્ઞાપન ખર્ચમાં થતો ટકાવારી ફેરફાર}}$$

★ **<u>માંગની આગાહીનો અર્થ (Meaning of Demand Forecasting)</u>**

→ માંગની આગાહી એ ભવિષ્ય પારખવાની એક સુસંગત કળા છે, જેમાં વર્તમાનમાં પ્રાપ્ત હકીકતો એકત્રિત કરી, વિશ્લેષણ કરી, તર્કબદ્ધ વૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા ભવિષ્યના અંદાજો નક્કી કરવામાં આવે છે.

→ ભવિષ્યની આગાહી, વર્તમાનની હકીકતોના વિશ્લેષણ અને અનુભવો તથા ભૂતકાળની ઘટનાઓ ઉપર આધારિત હોય છે.

→ માંગની આગાહી એ ભવિષ્યની માંગ અંગેનો માત્ર અંદાજ જ નથી, પરંતુ તેનાથી વધુ વિસ્તૃત ખ્યાલ છે. કારણકે આગાહી આત્મલક્ષી પરિબળોથી મુક્ત હોય છે તથા તેને વૈજ્ઞાનિક પરિબળોનું પીઠબળ હોય છે.

→ માંગની આગાહી કરતી વખતે વસ્તુની માંગને અસર કરતાં તમામ આંતરિક અને બાહ્ય પરિબળોની ચોક્કસ વૈજ્ઞાનિક રીતે ગણતરી કરવામાં આવે છે.

→ માંગની આગાહી એટલે કે કોઈ નિશ્ચિત વસ્તુની ભવિષ્યમાં માંગ કેટલી રહેશે તેનો અંદાજ (Demand Forecasting Means **"Prediction regarding the Demand of a specific Product for future")**

→ ફિલિપ કોટલરના મતે, **"માંગની આગાહી એટલે કંપનીની વસ્તુના વેચાણના સ્તરના ભવિષ્યનો અંદાજ, જેનો આધાર પંસદગી પામેલ આયોજન અને અંદાજિત પરિસ્થિતિઓ હોય છે"**

→ કિમ્બાલ અને કિમ્બાલના મતે, **"માંગની આગાહી એટલે અમુક હદે સંબંધિત ઔદ્યોગિક વિસ્તારમાંથી પરિસ્થિતિઓની તપાસ દ્વારા માહિતી પ્રાપ્ત કરીને ભવિષ્યના બનાવો આલેખવાની કળા"**

→ માંગની આગાહીને **"પૂર્વાનુમાન"** કે **"વેચાણની આગાહી"** પણ કહેવામાં આવે છે.

→ માંગની આગાહી કરતી વખતે વસ્તુની માંગના અસરકરતા પેઢીના અંકુશ બહારના પરિબળો અને વસ્તુની માંગમાં પોતાના પ્રયત્નથી પરિવર્તન લાવી શકે તેવા પરિબળોની વિચારણા અને વ્યૂહરચનાને ધ્યાનમાં રાખવી જોઈએ.

→ આમ, માંગની આગાહી એટલે પેઢીના ભાવિ નિર્ણયો વધુ અસરકારક અને ચોક્કસ બનાવવા, ભવિષ્યની માંગ અંગે વૈજ્ઞાનિક પદ્ધતિથી તૈયાર કરવામાં આવતો અંદાજ.

★ **<u>માંગ આગાહીના હેતુઓ/મહત્વ</u>**

→ માંગની આગાહી રાષ્ટ્રીય સ્તરે અથવા પેઢી સ્તરે આયોજનની પ્રક્રિયા અને નિર્ણય ક્ષમતામાં મહત્વની ભૂમિકા ભજવે છે.

→ મોટા પ્રમાણમાં ઉત્પાદન અને માંગના પ્રમાણે ઉત્પાદનમાં વધારો કરવો કે નહિં તેમાં માંગની આગાહીનું આગવું મહત્વ છે.

→ માંગની આગાહી વગર કોઈપણ પ્રકારના ધંધાકીય આયોજનનું વ્યવસ્થિત અંદાજ કાઢવું અઘરું છે.

→ માંગની આગાહીથી આંતરરાષ્ટ્રીય સ્તર પર ચાલતી વસ્તુઓ અને સેવાઓનો પ્રાદેશિક સ્તર પર જાણી શકાય છે.

→ કોઈપણ પેઢીએ કઈ વસ્તુનું ઉત્પાદન કરવું, કેટલા પ્રમાણમાં ઉત્પાદન કરવું, વગેરે નિર્ણયો લેવા માંગની આગાહી જરૂરી છે.

★ **<u>માંગની આગાહીને અસર કરતાં પરિબળો</u>**

→ કોઈપણ વસ્તુની માંગની આગાહીને નીચે મુજબના પરિબળો અસર કરે છે -

**(1) <u>સમયગાળો (Duration) :</u>**

→ માંગની આગાહીને બે પ્રકારનો સમયગાળો અસર કરે છે -

(1) ટૂંકાગાળાનો

(2) લાંબાગાળાનો

- ટૂંકાગાળાની માંગની આગાહી ઉપલબ્ધ સંસાધનોના આધારે કરવામાં આવે છે.

- લાંબાગાળાની માંગની આગાહી આયોજનબદ્ધ અને વધારાના સંસાધનોના આધારે કરવામાં આવે છે.

**(2) <u>માંગની આગાહીનું સ્તર (Level of Demand Forecasting)</u> :**

→ માંગની આગાહીના બે સ્તર છે -

(1) સૂક્ષ્મલક્ષી (Micro)

(2) બૃહદલક્ષી (Macro)

- સૂક્ષ્મલક્ષી સ્તરે માંગની આગાહી કોઈ એક ઉદ્યોગ કે પેઢીનો અભ્યાસ કરે છે.

- બૃહદલક્ષી સ્તરે માંગની આગાહી સમગ્ર અર્થતંત્રનો અભ્યાસ કરે છે.

**(3) <u>વસ્તુની પ્રકૃતિ (સ્વરૂપ) (Nature of Product) :</u>**

- માંગની આગાહીને વસ્તુની પ્રકૃતિ પણ અસર કરે છે જેમ કે જે વસ્તુની માંગની આગાહી કરવામાં આવી રહી છે તે બજારમાં નવી છે કે જૂની. બીજું તે વસ્તુ ગ્રાહકલક્ષી વસ્તુ છે કે ઉત્પાદકલક્ષી. ત્રીજું તે ટકાઉ વસ્તુ છે બિનટકાઉ વસ્તુ
- આમ, વિવિધ વસ્તુઓની જરૂરિયાત પ્રમાણે અને અલગ પદ્ધતિ દ્વારા માંગની આગાહી કરવામાં આવે છે.

**(4) <u>માંગની આગાહીની પ્રકૃતિ (સ્વરૂપ) (Nature of Demand Forecasting) :</u>**

- પેઢીએ સ્પષ્ટ કર્યુ હોવું જોઈએ કે માંગની આગાહી સામાન્ય આગાહી (General Forecasting) છે કે વિશેષ આગાહી (Specific Forecasting)
- સામાન્ય આગાહી માંગની સામાન્ય પરિપેક્ષ્યને આધારે કરવામાં આવે છે. જ્યારે વિશેષ આગાહી (specific forecasting) માં કોઈ ખાસ વસ્તુને જ ધ્યાનમાં લઈને આગાહી કરાય છે.

★ **<u>માંગની આગાહીની પદ્ધતિઓ :</u>**

→ માંગની આગાહીની બે પદ્ધતિઓ છે -

(1) સર્વે પદ્ધતિ

(2) આંકડાશાસ્ત્રીય પદ્ધતિ

(1) સર્વે પદ્ધતિ (Survey Method)

- Expert opinion poll (નિષ્ણાંતોનો અભિપ્રાય)
- Market Experinent Method (બજાર સંશોધન પદ્ધતિ)
- Delphi Method (ડેલ્ફી પદ્ધતિ)

(2) આંકડાશાસ્ત્રીય પદ્ધતિ (Statical Method)

- Trend Projection Method (ટ્રેડ પ્રોજેકશન) પદ્ધતિ)
- Baromatric Method (બેરોમેટ્રિક પદ્ધતિ)
- Econometric Method (ઈકોનોમેટ્રિક પદ્ધતિ)
- Other statical Method (અન્ય આંકડાશાસ્ત્રીય પદ્ધતિ)

★★★★★

## પ્રકરણ-5 પુરવઠો

★ **પુરવઠાનો અર્થ (Meaning of Supply)**

➔ સામાન્ય વ્યવહારમાં કોઈપણ વસ્તુ પૂરી પાડવામાં આવે, તો તેને આપણે પુરવઠો કહીએ છીએ; પરંતુ અર્થશાસ્ત્રમાં માંગની જેમ પુરવઠાનો ખ્યાલ અતિ મહત્વનો છે.

➔ અર્થશાસ્ત્રમાં ઉત્પાદન, જથ્થો અને પુરવઠો ત્રણેય ખ્યાલમાં તફાવત છે, તેઓ સમાનાર્થી નથી.

**(a) ઉત્પાદન :**

ઉત્પાદકો દ્વારા ઉત્પાદિત થતાં એકમોનો સમૂહ **"ઉત્પાદન"** કહેવાય.

**(b) જથ્થો :**

ઉત્પાદકો દ્વારા ઉત્પાદિત ઉત્પાદનમાંથી કેટલોક ભાગ ઉત્પાદક કે પેઢી ગોદામોમાં રાખી મૂકે છે, જેને **"જથ્થા"** તરીકે ઓળખવામાં આવે છે.

**(c) પુરવઠો :**

ઉત્પાદકો દ્વારા ઉત્પાદિત ઉત્પાદનનો જે ભાગ બજારમાં વેચવા માટે લાવવામાં આવે છે, તેને **"પુરવઠો"** કહેવામાં આવે છે.

➔ દા.ત. કાર બનાવતી એક કંપનીએ વર્ષ દરમિયાન 5000 નંગ કારનું ઉત્પાદન કર્યું હોય અને તેમાંથી 2000 નંગ પ્રથમ 3 માસ દરમિયાન દરેક રૂ.2,50,000 ની કિંમતે વેચવા બજારમાં લાવે તો 2000 નંગ કાર **"પુરવઠો"** કહેવાય, જ્યારે 3000 કાર **"જથ્થો"** ગણાશે.

➔ પુરવઠા અને વેચાણ વચ્ચે પણ તફાવત છે. જુદી-જુદી કિંમતે, જુદા-જુદા પ્રમાણમાં વસ્તુ વેચવાની તૈયારી અને શક્તિનું પ્રમાણ પુરવઠો વ્યક્ત કરે છે. પુરવઠો વેચાણની સંભાવના વ્યક્ત કરે છે, જ્યારે વેચાણ વાસ્તવિકતા છે.

➔ અર્થશાસ્ત્ર પ્રમાણે પુરવઠાની વ્યાખ્યા, **"ચોક્કસ સમયે, ચોક્કસ કિંમતે ઉત્પાદકો કે વેપારીઓ ઉત્પાદનનો જેટલો ભાગ બજારમાં વેચવા માટે તૈયાર હોય, તેને "પુરવઠો" કહેવામાં આવે છે"**

➔ બીજા શબ્દોમાં કહીએ તો અન્ય પરિબળો સ્થિર રહેતાં ચોક્કસ સમયે, ચોક્કસ કિંમતે, વિક્રેતાઓની કોઈ ચીજવસ્તુ વેચવાની તૈયારી અને અને શક્તિનું પ્રમાણ પુરવઠો વ્યક્ત કરે છે.

➔ માંગની જેમ પુરવઠાનો ખ્યાલ પણ ચોક્કસ કિંમત અને સમયના સંદર્ભમાં જ વ્યકત કરવામાં આવે છે. એટલે કે પુરવઠા સાથે સમયગાળો અને કિંમતનો ઉલ્લેખ અનિવાર્ય છે, કારણકે કિંમત બદલાતાં પુરવઠો બદલાય છે, સમય બદલાય તોપણ પુરવઠો બદલાય છે.

➔ સામાન્ય રીતે જે વસ્તુમાં સંગ્રહ અશક્ય હોય તેમાં ઉત્પાદન, જથ્થો અને પુરવઠો એકસરખા હોય છે કારણ કે ભૂતકાળનો સ્ટૉક હોતો નથી, અને ભવિષ્ય માટે સ્ટોક રાખવો શક્ય નથી.

★ **પુરવઠાને અસરકરતા પરિબળો**

➔ ઉત્પાદક કે પેઢી દ્વારા બજારમાં વેચવા માટે જે પુરવઠો મૂકવામાં આવે છે, તે નીચે મુજબ કેટલાં પરિબળોથી પ્રભાવિત થાય છે -

(1) વસ્તુની કિંમત

(2) ઉત્પાદન-ખર્ચ

(3) ઉત્પાદન માટે હરીફ વસ્તુના ભાવ

(4) ભવિષ્યના ભાવોની અટકળ

(5) પેઢીનું ધ્યેય અને સંખ્યા

(6) તંત્રજ્ઞાનની કક્ષા

(7) અન્ય પરિબળો

**(1) વસ્તુની કિંમત :**

- વસ્તુની કિંમત માંગની જેમ જ પુરવઠાને પણ સીધી રીતે અસર કરે છે.

- સામાન્ય રીતે જો અન્ય પરિબળો યથાવત્ રહે, તો વસ્તુની કિંમત વધવાથી ઉત્પાદકોને નફાની શકયતા વધે છે તેથી તેઓ બજારમાં વધુ પુરવઠો મૂકવા પ્રેરાય છે. એનાથી ઊલટું, જો અન્ય પરિબળો યથાવત્ રહે, અને વસ્તુની કિંમત ઘટે તો ઉત્પાદકોનો નફો ઘટે છે તેથી તેઓ બજારમાં ઓછો પુરવઠો મૂકે છે.

- વસ્તુની કિંમતની વધઘટ વસ્તુના પુરવઠા પર અસર કરનાર સૌથી મહત્વનું પરિબળ છે. અને બંને વચ્ચે (કિંમત અને પુરવઠા) વચ્ચે સીધો સંબંધ જોવા મળે છે તથા આ સંબંધના આધારે પુરવઠાનો નિયમ તારવવામાં આવ્યો છે.

**(2) ઉત્પાદન - ખર્ચ :**

- વસ્તુનાં ઉત્પાદન સાધનોના ભાવો બદલાય, ઉત્પાદન પદ્ધતિ બદલાય, કાચામાલની ગુણવત્તા બદલાય કે અન્ય કારણોસર ચીજવસ્તુનું ઉત્પાદન-ખર્ચ વધે, તો ઉત્પાદકોનો નફો ઘટવાથી તેઓ ઉત્પાદન ઘટાડવા પ્રેરાશે, તેથી પુરવઠો ઘટશે.

- આનાથી વિપરીત જ્યારે વસ્તુના ઉત્પાદનમાં વપરાતાં સાધનોના ભાવ ઘટે કે અન્ય કોઈ કારણસર વસ્તુના ઉત્પાદનખર્ચમાં ઘટાડો થાય, તો વસ્તુની કિંમત સ્થિર રહેવા છતાં, ઉત્પાદકના નફાનું પ્રમાણ વધે છે, તેથી તે વસ્તુનો પુરવઠો વધારે છે.

- આમ, જમીનનું ભાડું, મૂડીનું વ્યાજ, શ્રમિકોને વેતન વગેરેને કારણે વસ્તુના ઉત્પાદન ખર્ચમાં થતી વધઘટ તેના પુરવઠા પર અસર કરે છે.

**(3) <u>ઉત્પાદન માટે હરીફ વસ્તુના ભાવ :</u>**

- બધી વસ્તુઓ એકબીજા સાથે અવેજી કે પૂરકતાના સંબંધોથી જોડાયેલી હોય છે. આવી હરીફ વસ્તુની કિંમતમાં થતો ફેરફાર મૂળ વસ્તુના પુરવઠા પર અસર કરે છે.

- બીજા શબ્દોમાં કહીએ તો કોઈપણ વસ્તુના પુરવઠા પર તેની સાથે સંબંધિત વસ્તુના ભાવોની પણ અસર પડે છે. વસ્તુનો ભાવ સ્થિર હોય, પણ સંબંધિત વસ્તુનો ભાવ બદલાય તો સ્થિર ભાવ હોવા છતાં તેનો પુરવઠો બદલાય છે.

- દા.ત. ખેતીલાયક જમીન પર જુવાર અને બાજરી એકબીજાના હરીફ પાકો છે. જો બાજરીના ભાવો વધશે તો ખેડૂતોને બાજરીનું ઉત્પાદન વધુ આકર્ષક લાગશે, તેથી તેનો પુરવઠો વધવા પામશે અને જુવારનો પુરવઠો ઘટશે. જો બાજરીના ભાવો ઘટી જશે, તો ખેડૂતો જુવારના ઉત્પાદન તરફ વળશે, તેથી જુવારનો પુરવઠો વધશે.

- જે અવેજી વસ્તુના ઉત્પાદનમાં નફો મળવાની શકયતા વધારે હોય, તે વસ્તુનું ઉત્પાદન અને પુરવઠો ઉત્પાદક વધારે છે.

**(4) <u>ભવિષ્યના ભાવોની અટકળ :</u>**

- વસ્તુના પુરવઠા પર ચાલુ ભાવ ઉપરાંત ભવિષ્યના ભાવો અંગેની અટકળોની પણ અસર પડે છે.

- ભવિષ્યમાં વસ્તુના ભાવ વધવાનાં છે તેવી અટકલ ઉત્પાદકોમાં ફેલાય, તો હાલમાં તેઓ તેવી વસ્તુનો પુરવઠો ઓછો મૂકશે, જેથી ભવિષ્યમાં વધુ ભાવનો લાભ મેળવી વધુ નફો કમાઈ શકાય. તે જ રીતે ઉત્પાદકો કે વેપારીઓને ભવિષ્યમાં અમુક વસ્તુના ભાવો ઘટી જવાના અણસાર આવે, તો હાલની વધુ કિંમતનો લાભ લેવા બજારમાં પુરવઠો વધારી દેશે.

- એક ઉદાહરણ દ્વારા સમજીએ - ખાદ્યતેલના ભાવો વધશે એવી અપેક્ષાએ વર્તમાનમાં ભાવ વધવા છતાં ઉત્પાદકો ખાદ્યતેળ વેચશે નહિં તેથી તેનો પુરવઠો ઘટશે. આનાથી વિપરીત, ભવિષ્યમાં ખાદ્યતેલના ભાવ ઘટશે એવો ડર હોય ત્યારે વર્તમાનમાં ભાવ નીચા હોવા છતાં ભાવ ઘટાડાની અસરથી બચવા ઉત્પાદકો ખાદ્યતેલનું વેચાણ વધારી દેશે, તેથી તેનો પુરવઠો વધશે.

**(5) <u>પેઢીનું ધ્યેય અને સંખ્યા :</u>**

- પેઢીઓના ઉત્પાદનનો હેતુ નફાનો છે અને શકય મહત્તમ નફાની સપાટી મેળવવાનો અને તેને ટકાવી રાખવાનો પેઢીનો પ્રયત્ન હોય છે. પેઢીઓ જે વસ્તુના ઉત્પાદનમાં નફો મળવાની શકયતા વધારે હોય, તે વસ્તુનું ઉત્પાદન અને પુરવઠો વધારે છે. આનાથી વિપરીત જે વસ્તુના ઉત્પાદનમાં નફો મળવાની શકયતા ઓછી હોય, પેઢીઓ તે વસ્તુનું ઉત્પાદન અને પુરવઠો ઘટાડે છે.

- પેઢીઓની સંખ્યામાં વધઘટ થવાથી પણ પુરવઠામાં વધઘટ થઈ શકે છે. દા.ત. બજારમાં ખાદ્યતેલ વેચનાર એક જ પેઢી હોય, તો તે પેઢી ખાદ્યતેલનો પુરવઠો તેની શક્તિ જેટલો જ કરી શકે, પરંતુ ખાદ્યતેલ વેચનાર પેઢીઓની સંખ્યા વધુ હોય, તો દરેક પેઢી પોતાની શક્તિ પ્રમાણે પુરવઠો કરે તો પણ કુલ બજાર પુરવઠો વધશે.

**(6) <u>તંત્રજ્ઞાનની કક્ષા :</u>**

- ઉત્પાદનની આધુનિક પદ્ધતિ અને અદ્યતન ટેકનોલોજી જેમ-જેમ વિસ્તરતી જાય છે તેમ-તેમ ઉત્પાદનની નવી પદ્ધતિઓનો ઉપયોગ અને વ્યાપારી ધોરણે ઉત્પાદન શકય બન્યું છે. શક્તિના નવા સાધનોની શોધખોળથી મોટાપાયા પર સતત ઘટતા ખર્ચે ઉત્પાદન શકય બન્યું છે અને ઉત્પાદકોના નફાનું પ્રમાણ વધ્યું છે. તેથી તે વસ્તુનો પુરવઠો વધારવા પ્રેરાય છે.

**(7) <u>અન્ય પરિબળો :</u>**

- સરકારની હકારાત્મક - નકારાત્મક નીતિ, વેપાર-વાણિજ્યની સહાયક સેવાઓનો વિકાસ, વાહનવ્યવહાર અને બેકિંગ સેવાઓનો વિકાસ, યુદ્ધ જેવી ઘટનાઓ, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, વાવાઝોડું, ધરતીકંપ જેવા કુદરતી પરિબળો વગેરે પણ પુરવઠામાં ફેરફાર લાવે છે.

**★ <u>પુરવઠાનો નિયમ (Law of Supply)</u>**

➔ જો અન્ય પરિબળો યથાવત્ રહે, તો કોઈ ચોકકસ સમયગાળા દરમિયાન ઉત્પાદકો દ્વારા ઊંચી કિંમતે બજારમાં મૂકવામાં આવતો પુરવઠો, નીચી કિંમતે મૂકવામાં આવતાં પુરવઠા કરતાં વધુ હોય છે. તે જ રીતે નીચી કિંમતે બજારમાં

મૂકવામાં આવતો પુરવઠો, ઊંચી કિંમતે મૂકવામાં આવતા પુરવઠા કરતાં ઓછો હોય છે.

➔ બીજા શબ્દોમાં કહીએ તો વસ્તુની કિંમત વધતાં તેનો પુરવઠો વિસ્તાર પામે છે અને વસ્તુની કિંમત ઘટતાં તેનો પુરવઠો સંકોચાય છે. એટલે કે વસ્તુની કિંમત અને તેના પુરવઠા વચ્ચે સીધો સંબંધ છે.

★ **<u>પૂર્વધારણાઓ (Assumptions of Law of Supply)</u>**

➔ પુરવઠાને અસર કરતાં પરિબળો પૈકી અન્ય પરિબળોને સ્થિર માની માત્ર વસ્તુની કિંમત અને અને તેના પુરવઠા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે તો પુરવઠાનો નિયમ તારવી શકાય.

➔ કોઈપણ બે પરિબળો વચ્ચેનો અભ્યાસ કરવા માટે બાકીના અસરકર્તા પરિબળોને સ્થિર ધારી લેવામાં આવે છે, જેને **"પૂર્વધારણા"** તરીકે ઓળખવામાં આવે છે.

➔ આનો અર્થ અલબત એવો ન થાય કે કિંમતની સરખામણીમાં અન્ય પરિબળોની પુરવઠા પરની અસર ઓછી હોય છે. વાસ્તવમાં અન્ય પરિબળો પૈકીનું કોઈપણ એક પરિબળ કિંમત કરતાં પુરવઠા પર વધુ પ્રભાવ પાડતું હોય એ શકયતા નકારી કાઢી શકાય તેમ નથી. આમ છતાં, કિંમત અને પુરવઠા વચ્ચેના સંબંધને લગતી પરિકલ્પના મૂલ્ય સિદ્ધાંતની રચનામાં ઉપયોગી થતી હોવાથી આપણે સ્વીકારીએ અને પુરવઠાનો નિયમ રજૂ કરીએ.

➔ કિંમત અને પુરવઠા વચ્ચેનો સીધો સંબંધ પુરવાર કરવા એટલે કે પુરવઠાના નિયમને માટેની આની કેટલીક પૂર્વધારણાઓ આ મુજબ છે -

(1) વસ્તુનું ઉત્પાદન ખર્ચ બદલાતું નથી.

(2) હરીફ વસ્તુના ભાવ બદલાતાં નથી.

(3) સરકારીનીતિ, સહાયક સેવાઓ, પેઢીની સંખ્યા વગેરે જેવા પરિબળો પણ સ્થિર છે.

(4) ભવિષ્યના ભાવોની અટકળોનો અભાવ છે.

★ **<u>પુરવઠાની અનુસૂચિ અને પુરવઠા રેખા</u>**

➔ પુરવઠાના નિયમની સમજૂતી પુરવઠાની અનુસૂચિ અને પુરવઠા રેખા દ્વારા મેળવીશું.

| ચોખાની કિંમત (કિગ્રા દીઠ રૂ. માં) | ચોખાનો બજાર પુરવઠો (કિગ્રામાં) |
|---|---|
| 9 | 12 |
| 11 | 24 |
| 13 | 36 |
| 15 | 48 |

➔ ઉપરની અનુસૂચિને આલેખ દ્વારા રજૂ કરીશું. OX ધરી પર ચોખાનો પુરવઠો અને OY ધરી પર ચોખાની કિગ્રાદીઠ કિંમત દર્શાવી છે.




➔ a, b, c, d બિંદુઓ જુદી-જુદી કિંમતે ચોખાનો બજાર પુરવઠો દર્શાવે છે. આ બિંદુઓને જોડતી રેખા SS એ પુરવઠા રેખા છે. ઉપરોક્ત અનુસૂચિ અને આકૃતિ મુજબ વસ્તુની કિંમત વધતાં તેના પુરવઠાનું વિસ્તરણ થાય છે એટલે કે કિંમત અને પુરવઠાના ફેરફારો સીધી દિશામાં થાય છે.

➔ પુરવઠા રેખા SS ડાબી બાજુના નીચેના છેડાથી જમણી બાજુના ઉપરના છેડા તરફ જતી જણાય છે. આને પુરવઠારેખાનો **"ધન ઢાળ"** કહે છે. કિંમત અને પુરવઠા વચ્ચે સીધો સંબંધ હોવાથી પુરવઠા રેખાનો ઢાળ ધન (Positive) છે. ધન ઢાળ દર્શાવે છે કે જેમ - જેમ વસ્તુની કિંમતમાં વધારો થાય છે તેમ - તેમ પુરવઠાનું વિસ્તરણ થાય છે.

➔ આમ, પુરવઠાનો નિયમ એ વસ્તુની કિંમત અને તેના પુરવઠા વચ્ચેના સીધા સંબંધને રજૂ કરે છે, જેને પુરવઠાની અનુસૂચિ **"આંકડાકીય"** અને પુરવઠા રેખા **"ભૌમિતિક"** રીતે સમજાવે છે.

★ **<u>કિંમત અને પુરવઠા વચ્ચે સીધા સંબંધના કારણો :</u>**

➔ કિંમત અને પુરવઠા વચ્ચેના સીધા સંબંધનું કારણ તપાસતાં જણાય છે કે, જયારે ચીજવસ્તુની કિંમત વધે છે ત્યારે પુરવઠો વધે છે કારણકે ચાલુ ઉત્પાદકો કે વેપારીઓ તો હંમેશા વધુ નફા માટે પ્રયત્નશીલ હોય છે, પરંતુ પહેલાં જે

ઉત્પાદક કે વેપારીને પુરવઠો મૂકવાનું પરવડતું ન હોતું તે હવે કિંમત વધવાથી જ શકય બને છે, તેથી પુરવઠો વધશે.

➔ આને બે જુદી-જુદી અસર દ્વારા સમજી શકાય છે.

(1) ઉત્પાદક કે વેપારી હંમેશા વધુ નફા માટે પ્રયત્નશીલ હોય છે, જ્યારે વસ્તુની કિંમત વધે છે ત્યારે સામાન્ય રીતે તેમાં નફાનું પ્રમાણ વધે છે. તેથી તેઓ પુરવઠો વધારવા પ્રેરાય છે. આનાથી વિપરીત, જ્યારે વસ્તુની કિંમત ઘટે છે ત્યારે સામાન્ય રીતે તેમાં નફાનું પ્રમાણ ઘટે છે તેથી તેઓ પુરવઠો ઘટાડવાનું વલણ રાખશે.

(2) પહેલાંની નીચી કિંમતે જે ઉત્પાદક કે વેપારીને બજારમાં પુરવઠો મૂકવાનું પરવડતું નહોતું તે હવે કિંમત વધવાથી જ શકય બને છે. ઉત્પાદકો સામાન્ય રીતે ત્યારે જ ઉત્પાદન વધારવા પ્રયત્ન કરશે જ્યારે તેને વધુ કિંમત મળવાની શકયતા હોય.

➔ આમ, વસ્તુની કિંમત અને વસ્તુના પુરવઠાની વધઘટ એક જ દિશાની રહે છે. દા.ત. ચોખાની કિંમત રૂ.9 હોય છે ત્યારે બજારમાં પુરવઠો 12 કિગ્રા જેટલો છે તેને બદલે જ્યારે કિંમત રૂ.11 થાય છે, ત્યારે તેને પુરવઠો 24 કિગ્રા થાય છે. તેવી જ રીતે જો ચોખાની કિંમત બદલાઈને રૂ.15 થશે તો પુરવઠો 48 કિગ્રા થશે. આમ, કિંમત અને પુરવઠા વચ્ચે સીધો સંબંધ જોવા મળે છે.

➔ ઉપરની ચર્ચાથી સ્પષ્ટ સમજાય છે કે કિંમત અને પુરવઠા વચ્ચેના સંબંધમાં પુરવઠારેખા ધનઢાળવાળી શા માટે બને છે.

★ <u>**પુરવઠાના નિયમના અપવાદો**</u>

➔ પુરવઠાના નિયમ પ્રમાણે જો અન્ય પરિબળો યથાવત્ રહે, તો વસ્તુની કિંમત અને તેના પુરવઠા વચ્ચે સીધો સંબંધ છે, પરંતુ કેટલાંક સંજોગોમાં પુરવઠાનો આ નિયમ સાચો જણાતો નથી. આવી પરિસ્થિતિઓને **"પુરવઠાના નિયમના અપવાદ"** તરીકે ઓળખવામાં આવે છે.

➔ પુરવઠાના નિયમના અપવાદો નીચે મુજબ છે -

(1) શ્રમનો પુરવઠો

(2) અનાજનો પુરવઠો

(3) અતિપ્રાચીન કે દુર્લભ વસ્તુઓ

**(1) <u>શ્રમનો પુરવઠો :</u>**

➔ વેતન વધવાથી અમુક કક્ષા સુધી શ્રમનો પુરવઠો વધે, પછીથી વેતન વધવા છતાં શ્રમિક વધુ કામ કરવા તૈયાર થતો નથી. દા.ત. વેતનદાર વધવાથી સમગ્ર અર્થતંત્રમાં શ્રમના પુરવઠામાં વધારો ન થાય તે શકય છે પરંતુ કોઈ એક ઉદ્યોગમાં જો વેતનદર વધે તો તેને પ્રાપ્ત શ્રમના પુરવઠામાં વધારો થશે જ.

➔ બીજા શબ્દોમાં કહીએ તો સામાન્ય રીતે વેતનનો દર વધતો જાય તેમ શ્રમજીવી વધુ કામ કરવા પ્રેરાય એટલે કે વેતન વધતાં શ્રમનો પુરવઠો વધ્યો તેમ કહેવાય, પરંતુ અમુક હદ પછી શ્રમજીવી વધુ કલાક કામ કરવાને બદલે **"આરામ"** કરવા પ્રેરાય છે. વેતનના દર વધવાથી શ્રમજીવીને અમુક જરૂરી કુલ આવક મળી રહેતી હોવાથી તે વધારે આવક કમાવાનો પ્રયત્ન કરવાને બદલે આરામ મેળવવાનો પ્રયત્ન કરે છે.

➔ આમ, વેતન વધે તેમ શ્રમનો પુરવઠો પણ વધે છે પરંતુ અમુક હદ પછી વેતન વધે તો શ્રમનો પુરવઠો ઘટે છે.

**(2) <u>અનાજનો પુરવઠો :</u>**

➔ કેટલીકવાર અનાજ પકવતા ખેડૂતો કુલ ઉત્પાદનનો મોટો ભાગ ઘરવપરાશ માટે રાખતા હોય છે. હવે જો ખેડૂતોની અનાજ માટેની માંગ આવક સાપેક્ષ હોય, એટલે કે આવક વધતાં ઘરવપરાશ માટે અનાજની માંગ પ્રમાણમાં વધારે વધતી હોય તો, પુરવઠાનો નિયમ ખોટો પડશે. અનાજના ભાવો વધતાં ખેડૂતોની આવક વધવાની અને આવકમાં વધારો થતાં તે ઘરવપરાશ માટે અનાજની માંગ વધારવાનાં. હવે જો ઘરવપરાશ માટે તેઓ અનાજ રાખે તો એટલા પ્રમાણમાં બજારમાં પુરવઠો ઘટશે. આમ, કિંમત વધતાં પુરવઠો વધશે નહિં.

➔ અનાજના પુરવઠાનો અપવાદ પણ નિશ્ચિત આવક ધરાવનારા ખેડૂતો પૂરતો જ લાગુ પડે છે. વાસ્તવમાં આજે નિશ્ચિત આવક કમાઈને સંતોષ માનનારા ખેડૂતો કેટલા ?

**(3) <u>અતિપ્રાચીન કે દુર્લભ વસ્તુઓ :</u>**

➔ અતિપ્રાચીન કે દુર્લભ વસ્તુઓનો પુરવઠો કિંમત વધવાથી વધતો નથી. તેમનો પુરવઠો સ્થિર રહે છે અને તેથી પુરવઠા રેખા ડાબી બાજુથી જમણી બાજુ ઉપર જતી રેખાને બદલે લંબ બને છે.

➔ બીજા શબ્દોમાં કહીએ તો અતિપ્રાચીન કે દુર્લભ વસ્તુઓની કિંમતમાં ગમે તેટલો વધારો કરવામાં આવે તો પણ તેમનો પુરવઠો વધારી શકાતો નથી. દા.ત. પ્રાચીન કાળના સિક્કાઓ અને હસ્તપ્રતો, ગાંધીજીના ચશ્માં અને

લાકડી, લિયોનાર્દો - દ - વિન્સીએ દોરેલું મોનાલિસાનું ચિત્ર વગેરે વસ્તુઓની કિંમત વધે તોપણ તેમનો પુરવઠો વધારી શકાતો નથી. વાસ્તવમાં દુર્લભ વસ્તુઓનો **"સ્ટૉક"** હોય, પુરવઠો ન હોય.

➔ પુરવઠાના નિયમના અપવાદોમાં ઘણાં વિવાદાસ્પદ છે અને અર્થશાસ્ત્રીઓમાં એ વિશે ઘણા મત-મતાંતરો છે.

★ **પુરવઠામાં પરિવર્તન (Change in Supply)**

➔ કોઈપણ વસ્તુના પુરવઠા પર અસર કરતાં પરિબળોને બે ભાગમાં વહેંચી શકાય -

(1) કિંમતના ફેરફારને લીધે

(2) કિંમત સિવાયના અન્ય પરિબળોના ફેરફારને લીધે.

➔ જ્યારે કિંમતમાં ફેરફાર થાય છે ત્યારે પુરવઠામાં નોંધાતો ફેરફાર એક જ રેખા પર થાય છે અને તે પુરવઠા રેખા પરનાં બિંદુઓ દ્વારા વ્યક્ત થાય છે, પણ કિંમતનું પરિબળ સ્થિર રહીને અન્ય પરિબળોનાં પરિવર્તનને કારણે ઉત્પાદકોના સંભવિત ઉત્પાદનમાં વધારો કે ઘટાડો નોંધાય છે, તે જુદી-જુદી પુરવઠા રેખા દ્વારા વ્યક્ત થાય છે.

➔ બીજા શબ્દોમાં કહીએ તો પુરવઠાનો નિયમ આપણે **"અન્ય પરિબળો યથાવત્ રહે તો"** ધારણાના આધારે રજૂ કર્યો. પુરવઠાને અસર કરતાં ઘણાં પરિબળો પૈકી **"કિંમત"** એક પરિબળ છે. વિશ્લેષણને સરળ બનાવવા અને બજારમાં કિંમત નિર્ધારણની પ્રક્રિયા સમજાવવા માટે આ અનુમાન કરવું પડે છે. આનો અર્થ એવો નથી કે અન્ય પરિબળો હંમેશા સ્થિર રહે છે જ, અન્ય પરિબળોમાં ફેરફાર થતાં જ રહે છે, પણ એ ફેરફારોને આપેલી પુરવઠા રેખા પર દર્શાવવાને બદલે **"પુરવઠા રેખાના સ્થાનાંતર"** દ્વારા દર્શાવવા વધુ અનુકૂળ પડે છે.

➔ ઉપર જણાવ્યું તેમ કિંમતમાં ફેરફાર ન થયો હોય છતાં ઉત્પાદન ખર્ચ, ઉત્પાદન માટે હરીફ વસ્તુના ભાવ, ભવિષ્યના ભાવોની અટકળ, વગેરે- આ બધામાં કે એ પૈકી કોઈ એકમાં ફેરફાર થાય તો તેને લીધે વસ્તુના પુરવઠામાં ફેરફાર થાય છે.

➔ આ તફાવતને નીચેની આકૃતિ દ્વારા સમજવા પ્રયત્ન કરીએ -







➔ ઉપરોક્ત આકૃતિ કિંમત-પુરવઠા વચ્ચેના સંબંધને રજૂ કરે છે. કિંમતમાં થતાં ફેરફારથી પુરવઠારેખા બદલાતી નથી, પરંતુ તેના પરના બિંદુઓ જ બદલાય છે એટલે કે અહીં પુરવઠામાં નોંધાતો ફેરફાર વૈકલ્પિક બિંદુઓ દ્વારા વ્યક્ત થાય છે.

➔ જ્યારે વસ્તુની કિંમત રૂ.11 છે ત્યાં પુરવઠો 24 એકમનો છે તે b બિંદુ દ્વારા વ્યક્ત થાય છે. હવે જો કિંમત વધીને રૂ.13 થાય ત્યારે પુરવઠો વિસ્તરીને 36 એકમનો થશે. તે c બિંદુ દ્વારા વ્યક્ત થાય છે. આમ, b બિંદુ પરથી c બિંદુ તરફ ખસવાના ફેરફારને **"પુરવઠાનું વિસ્તરણ"** કહે છે. તેના વિરુદ્ધ ફેરફારને એટલે કે b બિંદુ પરથી a બિંદુ તરફ ખસવાના ફેરફારને **"પુરવઠાનું સંકોચન"** કહે છે.






0 12 24 36 48 x

કુલ પુરવઠો(કિગ્રા)

→ ઉપરોક્ત આકૃતિમાં પુરવઠામાં આવતું પરિવર્તન દર્શાવ્યું છે. પુરવઠામાં આવતું પરિવર્તન અન્ય પરિબળોના ફેરફારથી પણ વ્યક્ત થાય છે.

→ જ્યારે કિંમતનું પરિબળ સ્થિર રહે અને અન્ય પરિબળો પુરવઠાની તરફેણ કે વિરુદ્ધમાં બદલાય તો તે સ્થિતિમાં આખી પુરવઠા રેખા પોતાના મૂળ સ્થાનેથી જમણે કે ડાબી તરફ ખસે છે તેને ઉપરની બંને આકૃતિમાં જોઈ શકાશે.

→ અહીં a બિંદુથી b બિંદુ તરફ ખસવાના ફેરફારને **"પુરવઠાના વધારા"** તરીકે અને બિંદુ c થી b તરફ ખસવાના ફેરફારને **"પુરવઠાના ઘટાડા"** તરીકે ઓળખવામાં આવે છે.

★ **પુરવઠાની સાપેક્ષતાનો અર્થ :-**

→ પુરવઠાનો નિયમ કોઈપણ વસ્તુ કે સેવાની કિંમત અને તેના પુરવઠા વચ્ચે સીધો સંબંધનો નિર્દેશ કરે છે. એટલે કે કિંમતમાં થતો ફેરફાર જે તે વસ્તુના પુરવઠામાં સમાન દિશામાં ફેરફાર આણે છે, પરંતુ કિંમતમાં અમુક વધારો થવાથી પુરવઠો કેટલો વધશે કે કિંમતમાં અમુક ઘટાડો થવાથી પુરવઠો કેટલો ઘટશે એ વિશે પુરવઠાનો નિયમ કોઈ માહિતી આપતો નથી. આ માટે પુરવઠાની સાપેક્ષતા જાણવી પડે.

→ ધંધાકીય નિર્ણયો લેવામાં પુરવઠાની સાપેક્ષતાનો ખ્યાલ ખૂબ જ ઉપયોગી છે. વસ્તુનો પુરવઠો અનેક પરિબળો પર આધારિત છે. આવા પરિબળોમાંથી કોઈપણ પરિબળમાં ફેરફાર થાય ત્યારે વસ્તુનો પુરવઠો ફેરફાર પામે છે.

→ આમ, પરિબળના ફેરફારને કારણે વસ્તુના પુરવઠામાં થતાં ફેરફાર ગુણોત્તર માપને **"પુરવઠાની સાપેક્ષતા"** કહેવામાં આવે છે.

★ **પુરવઠાની સાપેક્ષતાનો ખ્યાલ**

→ પુરવઠાની સાપેક્ષતાના મુખ્યત્વે ત્રણ ખ્યાલોની વિશેષ ચર્ચા કરાય છે.

(A) પુરવઠાની મૂલ્ય સાપેક્ષતા

(B) પુરવઠાની આવક સાપેક્ષતા

(C) પુરવઠાની પ્રતિમૂલ્ય સાપેક્ષતા

**(A) પુરવઠાની મૂલ્ય સાપેક્ષતા**

→ પુરવઠાની મૂલ્ય (કિંમત) સાપેક્ષતા એ કોઈપણ વસ્તુની કિંમતમાં થતાં ટકાવારી ફેરફાર અને તેના પુરવઠામાં થતાં ટકાવારી ફેરફાર સાથે ગુણોત્તર દ્વારા સરખાવતું માપ છે.

→ બીજા શબ્દોમાં કહીએ તો અન્ય પરિબળો યથાવત રહે અને મૂળ વસ્તુની કિંમતમાં ફેરફાર થવાથી, તે વસ્તુના પુરવઠામાં થતાં ફેરફારનું માપ અથવા ગુણોત્તરને **"પુરવઠાની મૂલ્ય સાપેક્ષતા"** કહે છે.

→ પુરવઠાની મૂલ્ય સાપેક્ષતા વસ્તુની કિંમતમાં થતાં ફેરફાર અને પરિણામે વસ્તુના પુરવઠામાં થતાં ફેરફાર વચ્ચેનો પ્રમાણાત્મક સંબંધ દર્શાવે છે.

→ પુરવઠાની મૂલ્ય સાપેક્ષતા =

$$\frac{\text{વસ્તુના પુરવઠામાં થતો ટકાવારી ફેરફાર}}{\text{વસ્તુની કિંમતમાં થતો ટકાવારી ફેરફાર}}$$

→ સામાન્ય રીતે વસ્તુની કિમત અને વસ્તુના પુરવઠા વચ્ચે સવળો એટલે કે સમસંબંધ હોવાથી પુરવઠાની મૂલ્ય સાપેક્ષતા પણ ધન આવે છે.

★ **પુરવઠાની મૂલ્ય સાપેક્ષતાના પ્રકાર**

→ પુરવઠાની મૂલ્ય સાપેક્ષતાના 5 પ્રકાર પાડવામાં આવે છે.

(1) મૂલ્ય સાપેક્ષ પુરવઠો

(2) મૂલ્ય અનપેક્ષ પુરવઠો

(3) સપ્રમાણ મૂલ્ય સાપેક્ષ પુરવઠો

(4) સંપૂર્ણ મૂલ્ય સાપેક્ષ પુરવઠો

(5) સંપૂર્ણ મૂલ્ય અનપેક્ષ પુરવઠો

**(1) મૂલ્ય સાપેક્ષ પુરવઠો :**

→ આને **"અસ્થિર પુરવઠો"** પણ કહેવાય છે.

→ જ્યારે વસ્તુની કિંમતમાં થતાં ટકાવારી ફેરફાર કરતાં પુરવઠામાં થતો ટકાવારી ફેરફાર વધુ હોય તો તેને **"મૂલ્ય સાપેક્ષ પુરવઠો"** કહે છે.

→ આનું મૂલ્ય 1 કરતાં વધુ હોય છે.

→ મૂલ્ય સાપેક્ષ પુરવઠો હોય ત્યારે પુરવઠા રેખાનો ઢાળ પ્રમાણમાં ઓછો હોય છે.

→ સામાન્ય રીતે જે વસ્તુ નાશવંત ન હોય એટલે કે ટકાઉ હોય તેવી વસ્તુ માટે પુરવઠાનું આવું વલણ જોવા મળે છે.

**(2) મૂલ્ય અનપેક્ષ પુરવઠો :**

→ આને **"સ્થિર પુરવઠો"** પણ કહેવાય છે.

→ જ્યારે વસ્તુની કિંમતમાં થતાં ટકાવારી ફેરફાર કરતાં તેના પુરવઠામાં થતો ટકાવારી ફેરફાર ઓછો હોય તો તેને **"મૂલ્ય અનપેક્ષ પુરવઠો"** કહે છે.

→ આનું મૂલ્ય 1 કરતાં ઓછું હોય છે.

→ મૂલ્ય અનપેક્ષ પુરવઠો હોય ત્યારે પુરવઠા રેખાનો ઢાળ પ્રમાણમાં વધુ હોય છે.

→ સામાન્ય રીતે લાંબા સમય સુધી સાચવી ન શકાય તેવી વસ્તુના પુરવઠામાં આવું વલણ જોવા મળે છે.

**(3) <u>સપ્રમાણ મૂલ્ય સાપેક્ષ પુરવઠો</u> :**

→ આને **"એકમ બરાબર મૂલ્ય સાપેક્ષતા"** પણ કહેવાય છે.

→ જ્યારે વસ્તુની કિંમતમાં થતો ટકાવારી ફેરફાર અને તેના પુરવઠામાં થતો ટકાવારી ફેરફાર સરખા હોય, ત્યારે તેને **"સપ્રમાણ મૂલ્ય સાપેક્ષ પુરવઠો"** કહે છે.

→ અહીં મૂલ્ય સાપેક્ષતા 1 જેટલી હોય છે.

→ મૂળમાંથી દોરાયેલી કોઈપણ સીધી રેખા સપ્રમાણ અથવા એકમ જેટલી પુરવઠાની મૂલ્ય સાપેક્ષતા દર્શાવે છે.

**(4) <u>સંપૂર્ણ મૂલ્ય સાપેક્ષ પુરવઠો</u> :**

→ આને **"સંપૂર્ણ અસ્થિર પુરવઠો"** પણ કહેવાય છે.

→ જ્યારે વસ્તુની કિંમતમાં કોઈ ફેરફાર ન થાય અને પુરવઠામાં અસાધારણ ફેરફાર આવે, ત્યારે તેને **"સંપૂર્ણ મૂલ્ય સાપેક્ષ પુરવઠો"** કહે છે.

→ તેની મૂલ્ય સાપેક્ષતા અનંત મળે છે.

→ અનંત મૂલ્ય સાપેક્ષતા ધરાવતી પુરવઠા રેખા પાયાને સમાંતર હોય છે.

**(5) <u>સંપૂર્ણ મૂલ્ય અનપેક્ષ પુરવઠો :</u>**

→ આને **"સંપૂર્ણ સ્થિર પુરવઠો"** પણ કહેવાય છે.

→ જ્યારે કિંમતમાં ગમે તેટલો ફેરફાર થાય છતાં તેના પુરવઠા પર કોઈપણ પ્રકારની અસર ન થાય ત્યારે તેને **"સંપૂર્ણ મૂલ્ય અનપેક્ષ પુરવઠો"** કહે છે.

→ તેનું મૂલ્ય હંમેશા શૂન્ય (૦) મળે છે.

→ શૂન્ય મૂલ્ય સાપેક્ષતા ધરાવતી પુરવઠા રેખા પાયાને લંબ હોય છે.

→ સામાન્ય રીતે અતિપ્રાચીન કે દુર્લભ વસ્તુઓ માટે આ વલણ જોવા મળે છે.

★ **<u>પુરવઠા પક્ષે અવેજી વસ્તુઓ</u>**

→ બે વસ્તુઓ પુરવઠા પક્ષે અવેજી હોય તો તેનો અર્થ એ થયો કે એક વસ્તુનો પુરવઠો વધારવા જતાં બીજી વસ્તુનો પુરવઠો ઘટાડવો પડે છે.

→ આને એક ઉદાહરણ દ્વારા સમજીએ –

- શેરડીનો કાચા માલ તરીકે ઉપયોગ કરનાર ઉત્પાદક ને જો ખાંડનો પુરવઠો વધારવો હોય તો ગોળનો પુરવઠો ઘટાડવો પડશે. આમ, ખાંડ અને ગોળ પુરવઠાપક્ષે અવેજી વસ્તુઓ છે.

★ **<u>પુરવઠાપક્ષે પૂરક વસ્તુઓ</u>**

→ પુરવઠાપક્ષે બે વસ્તુઓ પૂરક હોય તો તેમનું ઉત્પાદન એક સાથે અથવા સંયુક્ત થતું હોય છે. એક વસ્તુનું ઉત્પાદન કે પુરવઠો વધારવા જતાં બીજી વસ્તુનું ઉત્પાદન કે પુરવઠો પણ વધતો હોય છે.

→ આને એક ઉદાહરણ દ્વારા સમજીએ

- ઘેટાં ઉછેરવાના પરિણામે માંસ અને ઊન બંને એકસાથે પ્રાપ્ત થાય છે. ઊન વધુ મેળવવા માટેનો પ્રયત્ન વધારે માંસના ઉત્પાદનમાં પણ પરિણમે છે. આવા કિસ્સામાં, બંને વસ્તુઓનું ઉત્પાદન પ્રમાણ સ્થિર હોય કે પરિવર્તનશીલ હોય. જો ઉત્પાદન - પ્રમાણ સ્થિર હોય તો એક વસ્તુ (દા.ત. ઊન)ની માંગ અને પરિણામે કિંમત વધતાં તેનું ઉત્પાદન વધારવામાં આવશે, પણ સાથે-સાથે બીજી વસ્તુ (દા.ત. માંસ)નું ઉત્પાદન પણ વધશે અને જો તેની માંગ સ્થિર હશે તો તેની કિંમત ઘટશે.

★ **<u>પુરવઠાની મૂલ્ય સાપેક્ષતા ને માપવાની પદ્ધતિઓ</u>**

→ પુરવઠાની મૂલ્ય સાપેક્ષતા ને માપવા માટે ત્રણ પદ્ધતિઓનો ઉપયોગ થાય છે –

(1) ટકાવારી પદ્ધતિ

(2) કુલ આવકની પદ્ધતિ

(3) ભૌમિતિક પદ્ધતિ

**(1) <u>ટકાવારી પદ્ધતિ</u>**

→ આ પદ્ધતિથી પુરવઠાની મૂલ્ય સાપેક્ષતા નો ચોક્કસ આંક મેળવી શકાય છે, જેમાં કિંમતના ટકાવારી ફેરફાર સાથે પુરવઠાના ટકાવારી ફેરફારની તુલના કરવામાં આવે છે.

→ બીજા શબ્દોમાં કહીએ તો આ પદ્ધતિમાં વસ્તુની કિંમતમાં થતાં ટકાવારી ફેરફાર અને પરિણામે વસ્તુના પુરવઠામાં થતાં ટકાવારી ફેરફારને આધારે પુરવઠાની મૂલ્ય સાપેક્ષતાનો આંક શોધવામાં આવે છે. આ માટે નીચેના સૂત્રનો ઉપયોગ કરાય છે.

પુરવઠાની મૂલ્ય સાપેક્ષતા =

$$\frac{\text{પુરવઠામાં થતો ટકાવારી ફેરફાર}}{\text{કિંમતમાં થતો ટકાવારી ફેરફાર}}$$

$$= \frac{\text{પુરવઠામાં ફેરફાર}}{\text{મૂળ પુરવઠો}} \div \frac{\text{કિંમતમાં ફેરફાર}}{\text{મૂળ કિંમત}}$$

→ ધારો કે એક પ્રકારની બોલપેનનું ઉત્પાદન કોઈ એક પેઢી કરે છે. જ્યારે બોલપેનની નંગ દીઠ કિંમત રૂ.9 હોય, ત્યારે તે પેઢી મહિને 4500 બોલપેન બનાવીને વેચે છે. હવે જો કિંમત વધીને નંગદીઠ રૂ.12ની થાય તો પેઢીની મહિનામાં 7500 નંગ બોલપેન બનાવીને વેચવાની તૈયારી છે. તો પુરવઠાની મૂલ્ય સાપેક્ષતા જાણીએ

પુરવઠાની મૂલ્ય સાપેક્ષતા =

$$\frac{3000}{4500} \div \frac{3}{9}$$

$$= \frac{30}{45} \text{ " } \frac{9}{3}$$

$$= 2$$

→ વસ્તુની કિંમત અને વસ્તુના પુરવઠા વચ્ચે સવળો એટલે કે સમસંબંધ હોવાથી પુરવઠા રેખાનો ઢાળ ધન (Positive) હોય છે. પુરવઠા રેખા ઘન હોવાથી પુરવઠાની મૂલ્ય સાપેક્ષતા હંમેશા ઘન હોય છે.

→ ઉપર પુરવઠાની મૂલ્ય સાપેક્ષતા ના જે પાંચ પ્રકારો દર્શાવવામાં આવ્યા છે તે ટકાવારી પદ્ધતિ અંગેની વિગતવાર માહિતી પૂરી પાડે છે.

→ આમ, ટકાવારી ફેરફારોને આધારે અસ્થિર, સ્થિર, સપ્રમાણ, સંપૂર્ણ અસ્થિર અને સંપૂર્ણ સ્થિર પુરવઠો ક્યારે હો

# પ્રકરણ-6 આંતરરાષ્ટ્રીય વેપાર

★ ★ ★ ★ ★

## ★ પ્રસ્તાવના

→ વિશ્વનાં વિવિધ રાષ્ટ્રો વચ્ચે થતા વ્યાપારને આંતરરાષ્ટ્રીય વેપાર કહેવાય છે. એક જ રાષ્ટ્રના જુદા-જુદા ભાગો કે પ્રદેશો વચ્ચેનો વ્યાપાર આંતરિક કે આંતર પ્રાદેશિક વ્યાપાર કહેવાય છે. રાષ્ટ્રનો આર્થિક વિકાસ વધે તેમ આંતરિક વ્યાપારમાં વૃદ્ધિ થાય છે અને તે જ રીતે વિશ્વનાં વિવિધ રાષ્ટ્રો આર્થિક વિકાસમાં વૃદ્ધિ અનુભવે તેના પગલે આંતરરાષ્ટ્રીય વ્યાપારનું પ્રમાણ પણ વધે છે.

→ ઈંગ્લેન્ડની ઔદ્યોગિક ક્રાંતિ બાદ વિશ્વના વિવિધ રાષ્ટ્રો વચ્ચેનું પરસ્પરાલંબન વધ્યું અને આંતરરાષ્ટ્રીય વ્યાપારમાં અનેકગણો વધારો થયો. દ્વિતીય વિશ્વયુદ્ધ પછીનાં વર્ષોમાં આંતરરાષ્ટ્રીય વ્યાપારમાં વાર્ષિક ઊંચા ટકાવારી દરે વધારો થયો છે અને થઈ રહ્યો છે. આંતરરાષ્ટ્રીય વ્યાપારનું પરિમાણાત્મક મહત્ત્વ વધ્યું છે અને તેની સાથે આંતરરાષ્ટ્રીય વ્યાપારમાંથી ઉદ્ભવતા પ્રશ્નો પણ વધુ અગત્ય ધરાવતા થયા છે.

## ★ વિકાસના એન્જિન તરીકે આંતરરાષ્ટ્રીય વેપાર

→ કેટલાંક ઉદ્યોગોની પેદાશ માટે વિદેશોમાં બજાર પુરું પાડીને તથા કેટલાક ઉદ્યોગો માટે જરૂરી કાચો માલ મેળવી આપીને આંતરરાષ્ટ્રીય વેપાર દેશના ઔદ્યોગિક વિકાસને પ્રોત્સાહન પુરું પાડે છે. આંતરરાષ્ટ્રીય વેપાર બીજી રીતે પણ વિકાસ માટે પ્રોત્સાહક નીવડે છે. જે દેશોમાં આર્થિક વિકાસ સધાય છે એ દેશોમાં લોકોની આવકમાં વધારો થાય છે. એ વધારાની આવકનો કેટલોક ભાગ અન્ય દેશોમાં પેદા થતી ચીજો પર, એટલે કે આયાતો પર ખર્ચાય છે. તેના પરિણામે જે દેશોમાંથી એ આયાતો થાય છે એ દેશોમાં રોજગારી અને આવક સર્જાય છે. આમ, વેપારના માધ્યમ દ્વારા એક દેશનો વિકાસ બીજા દેશોમાં પ્રસરે છે.

→ ઔદ્યોગિક ક્રાંતિના પરિણામે ભારતમાં શણની પેદાશો માટે માંગ વધતા બંગાળના પ્રદેશોમાં શણની ખેતી ને પ્રોત્સાહન મળ્યું, સાથે-સાથે કલકત્તામાં શણની મિલો મોટી સંખ્યામાં સ્થપાતાં બંગાળમાં આધુનિક ઉદ્યોગોનો પ્રારંભ થયો. ઈંગ્લેન્ડમાં સુતરાઉ કાપડની મિલોના અનુકરણરૂપે ભારતમાં મુંબઈ, અમદાવાદ વગેરે શહેરોમાં સુતરાઉ કાપડની મિલો સ્થપાતાં દેશમાં સુતરાઉ કાપડ ઉદ્યોગ વિસ્તર્યો.

→ આંતરરાષ્ટ્રીય વેપાર આવી દેખાદેખીની અસર દ્વારા અન્ય દેશોમાં વિકાસનો સંચાર કરે છે. ભારતમાં આજે અનેક ઉદ્યોગો આંતરરાષ્ટ્રીય વેપાર સાથે ગાઢ રીતે સંકળાયેલા છે. દા.ત. ગુજરાતમાં હીરા ઘસવાનો ઉદ્યોગ, જેમાં રફ હીરાની આયાત કરી તેને ઘસીને તૈયાર કરેલા હીરાની નિકાસ કરીએ છીએ. આજે દેશમાં એ મહત્ત્વનો નિકાસ ઉદ્યોગ છે.

→ આંતરરાષ્ટ્રીય વેપારનો સૌથી મોટો લાભ નવી માહિતી અને નવું શીખવાની તકોમાં રહેલો છે. આને લીધે માત્ર ભૌતિક મૂડી નિર્માણ નહિં પણ માનવ મૂડીનું સર્જન

થાય છે. જેનો આર્થિક વિકાસની પ્રક્રિયામાં ઘણો મોટો ફાળો હોય છે. બચતો, રોકાણ અને મુડી વૃદ્ધિની પ્રક્રિયાને વેગ આપવામાં આંતરરાષ્ટ્રીય વેપાર મહત્ત્વનો ભાગ ભજવે છે.

➔ જે વસ્તુઓ દેશ વર્તમાનમાં આયાત કરતો હોય તે વસ્તુઓ પોતે ઉત્પન્ન કરી શકે અને સમય જતાં કાર્યક્ષમતા વધારીને તે વસ્તુઓની નિકાસ પણ કરે શકે તેવી શક્યતાઓ આંતરરાષ્ટ્રીય વેપાર દ્વારા જ સર્જાય છે. આંતરરાષ્ટ્રીય વેપાર દ્વારા યંત્રસામગ્રી, કાચો માલ, ટેકનોલોજી અને કૌશલ્યની આયાત શક્ય બને છે, પરિણામે સ્થાનિક ઉત્પાદનશક્તિ વધે છે.

★ **<u>આંતરરાષ્ટ્રીય વેપારનો અર્થ અને મહત્ત્વ</u>**

➔ **<u>આંતરિક વેપાર (Internal Trade)</u> :**

- એક જ દેશના નાગરિકો બે જુદા જુદા પ્રદેશોની ચીજ વસ્તુઓની સેવાઓનો વિનિમય કરે છે, તેને **"આંતરિક વેપાર"** કે **"પ્રાદેશિક વેપાર"** કહે છે.
- દા.ત. ગુજરાતના નાગરિકો હરિયાણા પાસેથી સાઈકલ ખરીદે અને હરિયાણાના નાગરિકો ગુજરાત પાસેથી કાપડ ખરીદી જે વિનિમય કરે છે, તે આંતરિક વેપાર બને છે.
- આંતરિક વેપારને જ **"આંતર પ્રાદેશિક વેપાર"** પણ કહેવામાં આવે છે, કારણકે સામાન્ય રીતે કોઈ એક જ દેશને, વહીવટી સરળતા માટે વિભિન્ન પ્રદેશો (કે રાજ્યો) વચ્ચે વહેંચી નાખવામાં આવે છે.

➔ **<u>આંતરરાષ્ટ્રીય વેપાર (International Trade) :</u>**

- બે કે વધુ દેશના નાગરિકો ચીજવસ્તુઓ કે સેવાઓનો વિનિમય કરે તો તે **"આંતરરાષ્ટ્રીય વેપાર"** કહેવાય છે.
- દા.ત. ભારતનો નાગરિક ચા, તૈયાર વસ્ત્રો, હીરા-ઝવેરાત વગેરે વિદેશના નાગરિકને વેચે છે અને વિદેશના નાગરિક પાસેથી પેટ્રોલ, યંત્રો, દવાઓ વગેરે ની ખરીદી કરે છે. ચીજવસ્તુઓની હેરફેર વિના પણ દેશ આયાત-નિકાસ કરી શકે છે.
- સામાન્ય વ્યવહારમાં, આંતરરાષ્ટ્રીય વેપારને **"બાહ્ય વેપાર"** (External Trade) **કે "વિદેશ વેપાર"** (Foreign Trade) કહેવામાં આવે છે.

➔ **<u>શ્રમવિભાજન :</u>**

- વિનિમય ના મૂળમાં શ્રમવિભાજન છે.
- જે લાભ પ્રાદેશિક શ્રમવિભાજનથી થાય છે તે જ લાભ આંતરરાષ્ટ્રીય શ્રમવિભાજનથી થાય છે. આમ, આંતરરાષ્ટ્રીય વેપાર એ આંતરરાષ્ટ્રીય શ્રમવિભાજનનું પરિણામ છે.
- બે પ્રદેશો વચ્ચેનું શ્રમવિભાજન, **"પ્રાદેશિક શ્રમવિભાજન"** કહેવાય છે. અને બે દેશો વચ્ચે થતા શ્રમવિભાજનને **"આંતરરાષ્ટ્રીય શ્રમવિભાજન"** કહેવાય છે.

➔ આંતરરાષ્ટ્રીય શ્રમવિભાજન અને આંતરિક શ્રમવિભાજનમાં જે વિનિમયથી વ્યાપાર ઉદ્ભવે છે તેમાં એક મહત્ત્વનો તફાવત છે. પ્રાદેશિક વેપારમાં એક જ નાણાંથી વિનિમય થાય છે. દા.ત. ગુજરાત-હરિયાણા વચ્ચેના વેપારમાં રૂપિયાના ચલણનો ઉપયોગ છે. જ્યારે બે દેશો વચ્ચેના વેપારમાં ચલણનો વિનિમય કરવો પડે છે. દા.ત. અમેરિકા અને ભારત વચ્ચેના વેપારમાં ડોલર અને રૂપિયા વચ્ચે વિનિમય કરવો પડે છે.

- આંતરરાષ્ટ્રીય શ્રમ વિભાજનની પ્રક્રિયા ને સગવડ આપવા માટે આંતરરાષ્ટ્રીય વેપાર ઉદ્ભવે છે.

★ **<u>આંતરરાષ્ટ્રીય વેપારની પ્રક્રિયા :</u>**

- જુદા-જુદા દેશોમાં આબોહવા, ભૌગોલિક સ્થિતિ, ઉત્પાદનનાં સાધનો, તેમનાં પુરવઠા, સાધનોની ઉત્પાદકતા વગેરેમાં તફાવત હોવાથી જુદી-જુદી વસ્તુઓના ઉત્પાદનની કાર્યક્ષમતામાં અને પરિણામે ઉત્પાદન ખર્ચમાં તફાવત પડે છે. આથી કોઈ એક દેશ કેટલીક વસ્તુઓ ઓછા ખર્ચે ઉત્પન્ન કરી શકે છે. આથી ઉત્પાદન ખર્ચના તુલનાત્મક તફાવતને કારણે તથા બધા દેશો પોતાની બધી જરૂરિયાતની વસ્તુઓ ઉત્પન્ન કરી નથી શકતા. એના પરિણામે દેશો-દેશો વચ્ચે ચીજવસ્તુઓનો વિનિમય થાય છે, આને જ **"આંતરરાષ્ટ્રીય વેપારની પ્રક્રિયા"** કહેવાય છે.
- દરેક વ્યક્તિ, પ્રદેશ કે રાષ્ટ્ર કોઈ એક એવી વસ્તુના ઉત્પાદનમાં વિશિષ્ટીકરણ અપનાવે છે, જેમાં એની કાર્યક્ષમતા સાપેક્ષ રીતે વધુ હોય અને પછી પોતે ઉત્પન્ન કરેલી વસ્તુની મદદથી અન્ય વ્યક્તિ, પ્રદેશ કે રાષ્ટ્ર પાસેથી એવી વસ્તુઓ ખરીદે છે, જેની એને જરૂર છે, પણ જે પોતે કાં તો ઉત્પન્ન કરવા શક્તિમાન નથી અથવા જેનાં ઉત્પાદનમાં પોતાની કાર્યક્ષમતા સાપેક્ષ રીતે ઓછી છે.
- આને એક ઉદાહરણ દ્વારા સમજીએ. બ્રાઝિલ કોફીના ઉત્પાદનમાં અને ભારત ચા ના ઉત્પાદનમાં વિશિષ્ટીકરણ ધરાવે છે તેથી તે બંને દેશો ને ચા-કોફીનો

પરસ્પર વિનિમય કરે તો તેથી બંને દેશોને ફાયદો થશે અને બંને દેશોને વિશિષ્ટીકરણનો લાભ મળશે.

★ **<u>આંતરરાષ્ટ્રીય વેપારનો મહત્ત્વ</u>**

→ કોઈપણ દેશની આર્થિક વિકાસની કક્ષા જાણવામાં તે દેશના આંતરરાષ્ટ્રીય વેપારનું સ્વરૂપ ઉપયોગી બને છે. વિદેશ વેપારના સ્વરૂપ પરથી તે દેશના ઔદ્યોગિકરણની કક્ષાનો ખ્યાલ આવી શકે છે. વિકસતા દેશો જેમ જેમ વિકાસ કરતા જાય છે તેમ તેમ તેમની નિકાસો અને આયાતોના સ્વરૂપમાં પરિવર્તન આવતું જાય છે.

→ દેશમાં જેમ ઔદ્યોગિક વિકાસ થતો જાય છે. તેમ લોકોની ઔદ્યોગિક વપરાશી વસ્તુઓનું પ્રમાણ વધે છે. ખેતી જેવી પ્રાથમિક પેદાશોના વપરાશનું પ્રમાણ ઘટતું જાય છે. દેશની ઔદ્યોગિક ચીજોના વપરાશમાં વધારો થતાં દેશની ઔદ્યોગિક ચીજોની આયાતમાં પણ વધારો થાય છે. તેથી દેશની આયાતોમાં ઔદ્યોગિક ચીજોનું પ્રમાણ વધે છે. એ જ રીતે, દેશમાં ઔદ્યોગિક ચીજોનું ઉત્પાદન વધતાં દેશની ઔદ્યોગિક ચીજોની નિકાસ પણ વધે છે.

★ **<u>આંતરરાષ્ટ્રીય વેપારને અસરકરતા પરિબળો</u>**

→ આંતરરાષ્ટ્રીય વેપારને મુખ્યત્વે નીચેના પરિબળો અસર કરે છે –

**(1) <u>સાધનોની અગતિશીલતા</u> :**

→ ડેવિડ રિકોર્ડના મતે, કોઈ એક જ દેશમાં ઉત્પાદનના સાધનો - શ્રમ અને મૂડીની ગતિશીલતા મુક્ત અને નિરંકુશ હોય છે, જ્યારે જુદા-જુદા દેશો વચ્ચે સાધનો અગતિશીલ હોય છે.

→ હેરોડના મતે, આંતરિક વેપારમાં મહદ્અંશે સમાન જીવન ધોરણ ધરાવતા ઉત્પાદકો વચ્ચે વસ્તુનો વિનિમય થાય છે, જ્યારે આંતરરાષ્ટ્રીય વેપારમાં વિવિધ જીવન ધોરણ ધરાવતા ઉત્પાદકો વચ્ચે વસ્તુનો વિનિમય થાય છે.

→ બીજા શબ્દોમાં કહીએ તો દુનિયાના જુદા-જુદા દેશો વચ્ચે ચીજવસ્તુઓ, શ્રમિકો અને મૂડી સાધનો સંપૂર્ણપણે ગતિશીલ બની શકતા નથી, જ્યારે કોઈ એક જ દેશમાં આ પ્રકારના અવરોધો ગેરહાજર હોય છે, કાં તો એટલા ઉગ્ર હોતા નથી એટલે કે એક દેશમાં જો ઉદ્યોગમાં ઉત્પાદન-ખર્ચ કરતાં વધુ કિંમત વસૂલ કરવામાં આવતી હશે તો, આ ઉદ્યોગમાં અન્ય ઉદ્યોગમાંથી સરળતાથી સાધનો આવતાં, ભવિષ્યમાં આ વસ્તુનું ઉત્પાદન વધતાં ભાવ ઘટી જશે.

→ જ્યારે જુદા-જુદા દેશોમાં કોઈ એક જ સમયે કોઈ એક વસ્તુ કે સાધનની કિંમત જુદી-જુદી હોય છે. એટલે કે આંતરરાષ્ટ્રીય સ્તરે સાધનોની અગિતીશીલતા વધુ હોવાથી આંતરરાષ્ટ્રીય વેપારમાં એક દેશ બીજા દેશ પાસેથી લાંબા સમય સુધી વસ્તુના ઉત્પાદન ખર્ચ કરતાં વધુ કિંમત વસૂલ કરી શકશે.

**(2) <u>ચલણની વિવિધતા</u> :**

→ વિશ્વના જુદા જુદા દેશોમાં જુદા-જુદા ચલણ હોવાથી તે આંતરરાષ્ટ્રીય વેપારને અસર કરે છે. જો કોઈ એક દેશના ચલણનું અન્ય કોઈપણ દેશના ચલણમાં સહેલાઈથી અને મુક્ત રીતે રૂપાંતર શક્ય હોત, તો જુદા – જુદા દેશોમાં ચલણનો એકમ જુદો-જુદો છે એ હકીકત મહત્ત્વની ગણાત નહિ, પરંતુ વાસ્તવિકતા અલગ છે.

→ આંતરરાષ્ટ્રીય વેપાર થાય ત્યારે ચુકવણી જે તે દેશના ચલણમાં કરવાની હોય છે. આથી આંતરરાષ્ટ્રીય વેપાર સાથે બે ચલણ વચ્ચેના વિનિમય દરના પ્રશ્નો પણ ઉદ્ભવે છે.

**(3) <u>આર્થિક નીતિનો તફાવત</u> :**

→ વિશ્વના જુદા-જુદા રાષ્ટ્રોથી આર્થિક અને રાજકીય નીતિ અલગ-અલગ હોય છે. દરેક દેશની સરકાર દ્વારા નક્કી થતી વેપાર, વાણિજ્ય, આયાત, નિકાસ, કરવેરા વગેરે અંગેની નીતિ પણ અલગ-અલગ હોય છે.

→ ભારત સરકાર ગુજરાતમાં નાણાં વિસ્તારની ફુગાવાજનક નીતિ અપનાવે અને આંધ્રપ્રદેશમાં નાણાં સંકોચનની નીતિ અપનાવે એવું બનતું નથી એટલે કે દેશના તમામ પ્રદેશોમાં કોઈ એક સમયે એકસરખી આર્થિક નીતિ અમલમાં હોય છે.

→ જ્યારે કોઈ એક જ સમયે ભારતમાં ફુગાવાજનક નીતિ અને રશિયામાં નાણાં સંકોચનની નીતિ અમલમાં હોય એ શક્ય છે. એટલે કે કોઈ એક જ સમયે જુદા જુદા દેશોમાં આર્થિક નીતિ જુદી-જુદી જોવા મળે છે. આ બધા પરિબળો પણ આંતરરાષ્ટ્રીય વેપારને અસર કરે છે.

**(4) <u>દુર્લભ અને સસ્તી વસ્તુઓ</u> :**

→ અમુક વસ્તુઓ એવી પણ છે જેનું ઉત્પાદન અમુક દેશોમાં જ શક્ય છે. આવી વસ્તુનું જે દેશોમાં ઉત્પાદન શક્ય નથી તેવા દેશો આવી વસ્તુ પ્રાપ્ત કરવા માટે દુર્લભ વસ્તુ

ધરાવનાર દેશો સાથે વેપાર કરે છે. આવી વસ્તુઓનું પ્રમાણ આંતરરાષ્ટ્રીય વેપારને અસર કરે છે.

➔ અમુક વસ્તુઓ એવી હોય છે જેનું ઉત્પાદન આપણા દેશમાં જ કરી શકાય છે, પરંતુ આવી વસ્તુ ઉત્પાદન કરવા પાછળનો ખર્ચ વધુ હોવાથી વિદેશમાંથી સસ્તી કિંમતે આયાત કરવું વધુ લાભકારી હોય છે. આમ, સસ્તી વસ્તુના ઉત્પાદનમાં દેશના સાધનો રોકવાને બદલે અન્ય વધુ લાભવાળી વસ્તુમાં સાધનો રોકી શકાય છે.

**(5) અન્ય પરિબળો :**

➔ ઉત્પાદન ખર્ચ

➔ આંતરરાષ્ટ્રીય કિંમત

➔ આંતરાષ્ટ્રીય સંગઠન

➔ રાષ્ટ્રીયતાની ભાવના વગેરે પણ આંતરરાષ્ટ્રીય વેપારને અસર કરે છે.

★ **<u>આંતરરાષ્ટ્રીય વેપારનાં લાભ (ફાયદા)</u>**

➔ આંતરરાષ્ટ્રીય વેપારથી રાષ્ટ્રોની સંપત્તિમાં વધારો થયો છે. વેપારને પરિણામે અમુક દેશ અમુક વસ્તુઓની નિકાસ અને અમુક વસ્તુઓની આયાત કરે છે, આમ, આંતરરાષ્ટ્રીય વેપારમાં આયાત-નિકાસનો સમાવેશ થાય છે.

➔ સામાન્ય રીતે કોઈપણ બે દેશ વચ્ચે બે વસ્તુના ઉત્પાદનમાં સરખા ખર્ચનો તફાવત પ્રવર્તતો હોય તો વેપારમાં જોડાવાથી કોઈ લાભ થતો નથી, પરંતુ નિરપેક્ષ કે સાપેક્ષ ખર્ચનો તફાવત પ્રવર્તતો હોય ત્યારે બંને દેશ વેપારથી જોડાય તો બંનેને લાભ થાય છે.

➔ આંતરરાષ્ટ્રીય વેપારથી ઉદ્‌ભવતા લાભ બે પ્રકારના છે-

(1) સાપેક્ષ લાભ

(2) નિરપેક્ષ લાભ

➔ સાપેક્ષ લાભ વેપારની શરતો ઉપર આધારિત છે, જ્યારે નિરપેક્ષ લાભ જ આંતરરાષ્ટ્રીય વેપારનો મુખ્ય લાભ છે.

➔ આંતરરાષ્ટ્રીય વેપારથી થતાં નિરપેક્ષ લાભો નીચે મુજબ છે.

(1) **<u>ઉત્પાદનમાં વૃદ્ધિ</u> :**

➔ આંતરરાષ્ટ્રીય વેપાર આંતરરાષ્ટ્રીય વિશિષ્ટીકરણનું પરિણામ છે. દેશ પાસે જે વસ્તુ બનાવવા માટેની સામગ્રી અને કૌશલ્ય વધુ હોય તેના ઉત્પાદન ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાથી સમય અને પૈસાનો બચાવ થાય છે તથા ઉત્પાદન પણ વધે છે.

➔ આને એક ઉદાહરણ વડે સમજીએ –

- ધારો કે એક દિવસનો શ્રમ ભારતમાં 10 એકમ ચા કે 5 એકમ ઘઉં પેદા કરે છે, જ્યારે એક દિવસનો શ્રમ નેપાલમાં 5 એકમ ચા કે 10 એકમ ઘઉં પેદા કરે છે. બંને દેશો બંને વસ્તુઓ બનાવતા હોય ત્યારે ભારત અને નેપાળ બંને મળીને આપેલાં સાધનો વડે (બે દિવસનો શ્રમ) 15 એકમ ચા અને 15 એકમ ઘઉંનું ઉત્પાદન કરી શકે છે. જો બંને દેશો વિશિષ્ટીકરણ કરે તો ભારત માત્ર ચા અને નેપાળ માત્ર ઘઉં બનાવવામાં સાધનોનો ઉપયોગ કરે તો ભારત 20 એકમ ચા અને નેપાળ 20 એકમ ઘઉં નું કુલ ઉત્પાદન કરી શકશે.

➔ આમ, આંતરરાષ્ટ્રીય વેપારથી ઉત્પાદન વધારાનો લાભ બંને દેશો વચ્ચે વહેંચાશે, તેથી રાષ્ટ્રીય સંપત્તિમાં વધારો થશે અને જીવનધોરણ પહેલાં કરતાં ઊંચું આવશે.

**(2) <u>વસ્તુઓની સમાન વહેંચણી</u> :**

➔ કોઈપણ દેશને કુદરતે ઉત્પાદનનાં બધા જ સાધનો વિપુલ પ્રમાણમાં આપ્યાં હોતાં નથી. દરેક દેશમાં કોઈ સાધનોની અછત તો હંમેશાં જોવાં મળે છે. એટલે કે દરેક દેશમાં દરેક વસ્તુના ઉત્પાદનમાં કુદરતી અનુકૂળતા નહિ હોવાથી તેનું ઉત્પાદન કરવું શક્ય અને ફાયદાકારક હોતું નથી. દા.ત. કોઈ દેશમાં ખનિજતેલ વધુ તો કોઈ દેશમાં ચા, કોઈ દેશમાં કોફી વધુ તો કોઈ દેશમાં રબર.

➔ આમ, આંતરરાષ્ટ્રીય વેપાર દ્વારા અછતવાળી વસ્તુ પણ દરેક દેશને પ્રાપ્ત થાય છે અને વિશ્વના દેશો વચ્ચે ચીજવસ્તુઓની વહેંચણી થાય છે.

**(3) <u>ગ્રાહકોને લાભ</u> :**

➔ આંતરરાષ્ટ્રીય વેપારને કારણે સસ્તી કિંમતે, વૈવિધ્યયુક્ત સારી ગુણવત્તાવાળી વસ્તુ પ્રાપ્ત થતાં ગ્રાહકોના કલ્યાણમાં વૃદ્ધિ થાય છે. દા.ત. ભારતમાં બનતી કોફી કરતાં સસ્તી અને સારી ગુણવત્તાવાળી કોફી બ્રાઝિલમાંથી આયાત કરી શકાતાં ગ્રાહકોના કલ્યાણમાં વૃદ્ધિ થશે.

**(4) <u>અન્ય લાભો</u> :**

➔ સમગ્ર વિશ્વ એક સુસંકલિત બજારમાં પરિવર્તિત થઈ જતાં ચીજવસ્તુઓના ભાવો બધા દેશોમાં એકસમાન થવાનું વલણ ધરાવે છે.

→ આંતરરાષ્ટ્રીય વેપારથી દેશના ખોટા ઈજારાશાહી જોડાણો અટકશે. દેશના ઉત્પાદકો ઈજારો સર્જી, કૃત્રિમ અછત સર્જી, ઓછું ઉત્પાદન કરી, ઉપભોક્તા પાસેથી ગમે તેવી હલકી ગુણવત્તાની વસ્તુના વધુ ભાવ લેતા હશે તો આવી વસ્તુ વિદેશમાંથી આયાત કરી ઈજારાદાર ને તેમ કરતા રોકી શકાશે.

→ આંતરરાષ્ટ્રીય વેપારના પરિણામે વસ્તુઓનાં બજારો વિસ્તૃત બન્યાં છે અને મોટા પાયા પર ઉત્પાદન શક્ય બન્યું છે.

→ આંતરરાષ્ટ્રીય વેપારથી આંતરરાષ્ટ્રીય રાજકીય સંબંધો વિકસે છે અને વિશ્વબંધુત્વની ભાવના વ્યાપક બને છે.

★ **<u>અગત્યની માહિતી</u>**

→ પ્રો. માર્શલે વેપારનો લાભ માપવા **"ગ્રાહકના અધિક સંતોષ"** નો ખ્યાલ રજૂ કર્યો છે.

→ પ્રો. હેરાડે આંતરરાષ્ટ્રીય વેપારના મહત્તમ લાભ માટે ત્રણ શરતો રજૂ કરી છે –

(1) મુક્ત આંતરરાષ્ટ્રીય વેપાર

(2) સાધનોને પ્રાપ્ત થતાં વળતરમાં સમાનતા

(3) વસ્તુની કિંમત સીમાંત ખર્ચ હોય.

→ આંતરરાષ્ટ્રીય વેપારથી થતા લાભ માપવા રિકોર્ડોએ બે શરતો ધ્યાનમાં લીધી છે –

(1) વસ્તુના પ્રમાણમાં થતી વૃદ્ધિ

(2) તુષ્ટિગુણમાં થતી વૃદ્ધિ

★ **<u>આંતરરાષ્ટ્રીય વેપારના ગેરફાયદા (મર્યાદાઓ)</u>**

**(1) <u>રાષ્ટ્રની સલામતી :</u>**

→ કોઈપણ રાષ્ટ્ર માટે સાર્વભૌમત્વ અને સલામતી ખૂબ જ જરૂરી છે. આંતરરાષ્ટ્રીય વેપારથી દેશ જે વસ્તુમાં તુલનાત્મક લાભ ધરાવતો હોય તેમાં જ વિશિષ્ટીકરણ કરે છે અને બાકીની મોટાભાગની વસ્તુઓ વિદેશોમાંથી આયાત કરે છે. આમ, આંતરરાષ્ટ્રીય વેપારની પરિસ્થિતિમાં દરેક દેશ પરાવલંબી બની જાય છે.

→ દેશના સંરક્ષણ માટે જરૂરી શસ્ત્ર સરંજામના સાધનો અને જીવનજરૂરી પ્રાથમિક વસ્તુઓમાં વિદેશ ઉપર અવલંબન રાખવાને બદલે, દેશમાં ઉત્પાદન કરવું વધુ વાજબી છે. કારણ કે, યુદ્ધ કે કટોકટીના સંજોગોમાં અથવા અન્ય દેશો સાથેના રાજકીય સંબંધો તંગ બને ત્યારે આયાતો ઘટે છે અથવા સદંતર અટકી જાય છે અને પરિણામે આયાત પર આધારિત દેશો ભારે મુશ્કેલીમાં મુકાય છે.

**(2) <u>આર્થિક અસ્થિરતા :</u>**

→ આંતરરાષ્ટ્રીય વેપારને લીધે આર્થિક અસ્થિરતા વધે છે કારણ કે તે મુક્ત અર્થતંત્રના ખ્યાલ ઉપર અવલંબિત છે. જે દેશના આર્થિક આયોજન સાથે બંધબેસતું નથી.

→ ૧૯૨૯ની વિશ્વવ્યાપી મહામંદી એ આનો સચોટ ઉદાહરણ છે. ૧૯૨૯ની મંદી અમેરિકા થી શરૂ થઈ હતી, પરંતુ આંતરરાષ્ટ્રીય વસ્તુ, સેવાઓ અને મૂડીની હેરફેર દ્વારા સમગ્ર વિશ્વમાં વ્યાપક રીતે ફેલાઈ ગઈ હતી. ૨૦૦૭-૦૮ના સમયમાં અમેરિકા અને યુરોપના બેકિંગ ક્ષેત્રમાં થયેલી નાણાકીય કટોકટીની અસર પણ સમગ્ર વિશ્વ પર પડી હતી.

→ આમ, આંતરરાષ્ટ્રીય વેપાર એક દેશમાં ઉદ્ભવેલ ફુગાવા કે મંદીની અસ્થિરતા, વિશ્વના બીજા દેશોમાં વહન કરવાનું કામ કરે છે.

**(3) <u>ઔદ્યોગિકીકરણમાં અડચણરૂપ :</u>**

→ દેશના પૂર્ણ રોજગારી અને આર્થિક વિકાસના ધ્યેયની સિદ્ધિ માટે આંતરરાષ્ટ્રીય વેપાર આડખીલી રૂપ બને છે.

→ વિશ્વમાં અમુક દેશો ઔદ્યોગિક દૃષ્ટિ એ વિકસિત છે તો અમુક દેશો અલ્પવિકસિત છે. અલ્પવિકસિત દેશો ઔદ્યોગિક પેદાશોની મુક્તપણે આયાત કરે તો તેમના સ્થાનિક ઉદ્યોગોનો વિકાસ અવરોધાય છે. કારણ કે સ્થાનિક પેદાશોની તુલનામાં આયાતી પેદાશો ભાવ અને ગુણવત્તા બંને દૃષ્ટિએ વધુ આકર્ષક હોય છે. તેના પરિણામે સ્થાનિક ઉદ્યોગોને બજારો મળશે નહિ.

→ દેશમાં પૂર્ણ રોજગારીના ધ્યેય ની પ્રાપ્તિ માટે વિદેશથી વસ્તુ અને સેવાની આયાત કરવાને બદલે દેશમાં જ વસ્તુ મોંઘી પડતી હોય તો પણ તેનું ઉત્પાદન કરવાથી દેશના લોકોને રોજગારી પ્રાપ્ત થાય છે. બીજું, દેશમાં જો આયાત કરવાને બદલે તેની અવેજીમાં વાપરી શકાય તેવી વસ્તુના ઉત્પાદનને વેગ આપતી આયાત અવેજીકરણની નીતિ અમલમાં મુકાય તો ઔદ્યોગિક વિકાસ થતાં લાંબાગાળે આર્થિક સ્વાવલંબન પણ મેળવી શકાય છે.

**(4) <u>અન્ય :</u>**

→ સમૃદ્ધ દેશો દ્વારા નબળા દેશોના અર્થતંત્રનું શોષણ થાય છે.

→ ઘણીવાર દેશમાં વેપાર સાથે, આર્થિક અને રાજકીય ગુલામી આવવાનો પણ ભય રહે છે. દા.ત. ઈસ્ટઈન્ડિયા કંપની.

➔ આંતરરાષ્ટ્રીય વેપારની સાથે દેશની સંસ્કૃતિ, સંસ્કાર, નીતિમત્તાના ખ્યાલો પણ બીજા દેશમાં પ્રવેશે છે. જે દેશની સંસ્કૃતિ માટે હાનિકારક બને છે. દેશ પોતાની આગવી ઓળખ ખોઈ બેસે છે. દા.ત. ખાદીના કપડાની જગ્યાએ જીન્સનું પ્રચલન વધુ.

★ **<u>અન્ય અગત્યની માહિતી</u>**

➔ આંતરરાષ્ટ્રીય વેપાર અંગે મુખ્ય ચાર સિદ્ધાંતો છે.

(1) સ્મિથનો નિરપેક્ષ ખર્ચ-લાભ નો સિદ્ધાંત

(2) રિકાર્ડોનો સાપેક્ષ ખર્ચ-લાભનો સિદ્ધાંત

(3) હેબલરનો વૈકલ્પિક ખર્ચનો સિદ્ધાંત

(4) હેક્ચર-ઓહલિનનો સાધન-પ્રમાણનો આધુનિક સિદ્ધાંત

➔ **<u>નિરપેક્ષ ખર્ચ-લાભનો સિદ્ધાંત :</u>**

- આંતરરાષ્ટ્રીય વેપારના પ્રશિષ્ટ સિદ્ધાંતનો પાયો એડમ સ્મિથ નામના અર્થશાસ્ત્રીએ નાખ્યો.

- તેમણે રજૂ કરેલ સિદ્ધાંત નિરપેક્ષ ખર્ચ લાભ (absolute cost Advantage) નો સિદ્ધાંત કે નિરપેક્ષ ખર્ચ તફાવત (absolute cost difference) નો સિદ્ધાંત કહેવાય છે.

- એડમ સ્મિથ પ્રમાણે, જો વેપારથી જોડાયેલા બે દેશોમાં સમાન ખર્ચનો તફાવત પ્રવર્તતો હોય તો આંતરરાષ્ટ્રીય વેપાર શક્ય અને લાભકારક બનતો નથી. નીચેની બે શરતોનું પાલન થાય તો જ આ બે દેશ વચ્ચે આંતરરાષ્ટ્રીય વેપાર શક્ય બને છે.

(1) આંતરરાષ્ટ્રીય વેપારથી જોડાયા બાદ કુલ ઉત્પાદન વધવું જોઈએ.

(2) બંને દેશને વેપારમાં જોડાવાથી વધતો-ઓછો ફાયદો થવો જોઈએ.

- વેપાર કરતા બે દેશોમાં કોઈ એક દેશ, એક વસ્તુના ઉત્પાદનમાં શ્રેષ્ઠતા ધરાવતો હોય અથવા એક વસ્તુનું ઉત્પાદન ઓછા ખર્ચે કરતો હોય ત્યારે નિરપેક્ષ ખર્ચ તફાવત અથવા સંપૂર્ણ ખર્ચ તફાવત કહેવાય છે.

- બીજા શબ્દોમાં કહીએ તો, જ્યારે કોઈ એક દેશમાં વસ્તુનું ઉત્પાદન ખર્ચ અન્ય દેશોમાં એ જ વસ્તુના ઉત્પાદન ખર્ચથી ઓછું હોય, બે દેશોમાંથી જે દેશમાં વસ્તુનું ઉત્પાદન ખર્ચ ઓછું એ દેશને નિરપેક્ષ લાભ પ્રાપ્ત થયો છે એમ કહી શકાય.

➔ **<u>સાપેક્ષ ખર્ચ-લાભનો સિદ્ધાંત :</u>**

- આને **"તુલનાત્મક ખર્ચ - લાભનો સિદ્ધાંત"** (Comparative Cost advantage theory) પણ કહેવાય છે.

- ડેવિડ રિકાર્ડો એ પોતાની પુસ્તક **"પ્રિન્સિપલ્સ ઓફ પોલિટિકલ ઈકોનોમી"** (Principles of Political Econony (1817) માં સાપેક્ષ ખર્ચ-લાભના ખ્યાલ પર આધારિત આંતરરાષ્ટ્રીય વેપારનો સિદ્ધાંત રજૂ કરીને એડમ સ્મિથના સિદ્ધાંતની ખામી દૂર કરી.

- વેપારથી જોડાતા બે દેશોમાં, એક દેશમાં બંને વસ્તુનું ઉત્પાદન ખર્ચ ઓછું આવતું હોય, એટલે કે બંને વસ્તુના ઉત્પાદનમાં શ્રેષ્ઠતા ધરાવતો હોય, છતાં આ ઉત્પાદન ખર્ચના તફાવતની અથવા શ્રેષ્ઠતાની કક્ષા જુદી-જુદી હોય તો સાપેક્ષ અથવા તુલનાત્મક ખર્ચ તફાવત કહેવાય.

- બીજા શબ્દોમાં કહીએ તો કોઈ એક દેશ અન્ય દેશની સરખામણીમાં બધી વસ્તુઓના ઉત્પાદનમાં વધુ કાર્યક્ષમ હોય તો પણ વિશિષ્ટીકરણ અને વેપાર શક્ય છે તેવું બતાવવા માટે રિકાર્ડોએ આ સિદ્ધાંત રજૂ કર્યો છે.

➔ **<u>સાધન-પ્રમાણનો આધુનિક સિદ્ધાંત :</u>**

- આધુનિક આંતરરાષ્ટ્રીય વેપારનો સિદ્ધાંત હેક્ચર અને ઓહલિને આપ્યો છે. હેક્ચર – ઓહલિનનો આ સિદ્ધાંત **"આંતરરાષ્ટ્રિય વેપાર અંગે સાધનપ્રમાણનો સિદ્ધાંત"** (Factor Proportions Theory of International Trade) કહેવાય છે.

➔ આ સિદ્ધાંત પ્રમાણે જુદા-જુદા દેશમાં સાધન-પ્રમાણમાં રહેલો તફાવત ભાવ તફાવત જન્માવી વેપાર જન્માવે છે. આ સિદ્ધાંત રિકાર્ડોના તુલનાત્મક ખર્ચના સિદ્ધાંતને ખોટો નથી ઠરાવતો, પણ તેના પૂરક તરીકે કામ કરે છે.

➔ આ સિદ્ધાંત પ્રમાણે તુલનાત્મક લાભ બે કારણે ઉદ્ભવે છે –

(1) અલગ-અલગ વસ્તુના ઉત્પાદન માટેનું સાધન-સંયોજન અલગ-અલગ છે.

(2) બે દેશ વચ્ચે ઉત્પાદનના સાધનોની સાપેક્ષ અછત છે.

➔ **<u>લિયોન્તીફ વિરોધાભાસ</u>** :

- ઓહલિનના તારણોને લિયોન્તીફ નામના અર્થશાસ્ત્રી એ અમેરિકાના સંદર્ભમાં તપાસ્યા છે, તેમનું

સંશોધન **"લિયોન્તીફ વિરોધાભાસ"** (Leontif's Paradox) તરીકે પ્રસિદ્ધિ પામ્યું.

- પ્રચલિત માન્યતા પ્રમાણે અમેરિકા મૂડી સંપન્ન દેશ છે અને તેની નિકાસો મૂડી પ્રચૂર અને આયોતો શ્રમપ્રચુર છે એટલે કે મૂડીપ્રધાન વસ્તુની નિકાસ કરે છે અને શ્રમપ્રધાન વસ્તુની આયાત કરે છે.
- લિયોન્તીફના સંશોધન પ્રમાણે અમેરિકા વધારાની મૂડીની નિકાસ કરવા માટે નહિ પણ વધારાના શ્રમની નિકાસ કરવા આંતરરાષ્ટ્રીય વેપાર કરે છે એટલે કે અમેરિકાની નિકાસો શ્રમપ્રચુર છે.

★★★★★

## **પ્રકરણ-7 લેણદેણની તુલા**

➔ આંતરરાષ્ટ્રીય વેપારની સાથે વિશ્વના દેશો સમક્ષ વેપારતુલા (Balance of Trade) અને લેણદેણની તુલા (Balance of Payment) ના પ્રશ્નો સંકળાયેલા છે.

### ★ **વેપાર તુલાનો ખ્યાલ (Concept of Balance of Trade)**

➔ વેપાર તુલા એટલે કે કોઈ વર્ષના સમયગાળા દરમિયાન કોઈ દેશની ભૌતિક વસ્તુઓનું આયાત-મૂલ્ય અને નિકાસ-મૂલ્ય દર્શાવતું સરવૈયું.

➔ વેપારતુલામાં અનાજ, કપડાં, યંત્રો વગેરે જેવી માત્ર દૃશ્ય અથવા ભૌતિક વસ્તુઓની આયાત અને નિકાસની નોંધ કરવામાં આવે છે. જ્યારે આમાં અદૃશ્ય કે અભૌતિક સેવાઓની ગણતરી કરવામાં આવતી નથી.

➔ લેણદેણની તુલામાં વેપારતુલાનો ખ્યાલ સમાઈ ગયેલો છે એટલે કે વેપારતુલા એ લેણદેણની તુલાનો એક ભાગ છે.

➔ વેપારતુલાના ત્રણ પ્રકાર પાડવામાં આવે છે –

(1) સમતોલ વેપારતુલા

(2) અનુકૂળ વેપારતુલા

(3) પ્રતિકૂળ વેપારતુલા

**(1) સમતોલ વેપારતુલા :**

- કોઈ એક વર્ષના સમયગાળા દરમિયાન કોઈ દેશની ભૌતિક (દૃશ્ય) વસ્તુઓનું નિકાસ-મૂલ્ય અને આયાતમૂલ્ય એક સમાન (સરખું) હોય ત્યારે **"સમતોલ વેપારતુલા"** કહેવાય છે.

**(2) અનુકૂળ વેપારતુલા :**

- કોઈ એક વર્ષના સમયગાળા દરમિયાન કોઈ દેશની ભૌતિક (દૃશ્ય) વસ્તુઓનું નિકાલ-મૂલ્ય આયાત મૂલ્ય કરતાં વધારે હોય, તો દેશની તેવી વેપારતુલા ને **"અનુકૂળ વેપારતુલા"** કહેવાય છે.
- અનુકૂળ વેપારતુલા દેશની હૂંડિયામણની અનામતો વધારે છે.

**(3) પ્રતિકૂળ વેપારતુલા :**

- કોઈ એક વર્ષના સમયગાળા દરમિયાન કોઈ દેશની ભૌતિક (દૃશ્ય) વસ્તુઓનું નિકાસ-મૂલ્ય આયાત-મૂલ્ય કરતાં ઓછું હોય તો દેશની તેવી વેપારતુલાને **"પ્રતિકૂળ વેપાર તુલા"** કહેવાય છે.
- પ્રતિકૂળ વેપારતુલા દેશની હૂંડિયામણની અનામતો ઘટાડે છે.
- કોઈપણ દેશની વેપારતુલાની અનુકૂળતા કે પ્રતિકૂળતા દેશની આર્થિક સ્થિતિનું સંપૂર્ણ ચિત્ર રજૂ કરતી નથી. આના માટે લેણ-દેણની તુલા સમજવી પડે.

### ★ **લેણદેણની તુલાનો ખ્યાલ (Concept of Balance of Payment) :**

➔ લેણદેણની તુલાને **"લેણદેણનું સરવૈયું"** પણ કહેવામાં આવે છે.

➔ લેણદેણની તુલા એટલે કે દેશના નાગરિકો એ વર્ષ દરમિયાન વિદેશના નાગરિકો સાથે ચીજવસ્તુઓ-સેવાઓનો જે વિનિમય કર્યો હોય તેનો વ્યવસ્થિત હિસાબ.

➔ બીજા શબ્દોમાં કહીએ તો, કોઈ એક વર્ષના સમયગાળા દરમિયાન કોઈ એક દેશના નાગરિકો અન્ય દેશના નાગરિકો સાથે જે કંઈ ભૌતિક વસ્તુઓ, અભૌતિક સેવાઓ તથા અન્ય તમામ આર્થિક વ્યવહારો કરે છે, તેની વૈજ્ઞાનિક અને પદ્ધતિસરની નોંધને આંતરરાષ્ટ્રીય સરવૈયું અથવા લેણદેણની તુલા કહે છે.

➔ વેપારતુલા એ લેણદેણની તુલાનો એક ભાગ છે.

→ દેશની માત્ર વેપારતુલા જાણવાથી એમ કહી શકાય નહિ કે દેશનું લેણદેણનું સરવૈયું (લેણદેણની તુલા) દેશ માટે અનુકૂળ છે. કારણકે વેપારતુલા આયાત-નિકાસ થતી માત્ર ભૌતિક વસ્તુઓના મૂલ્યનું જ સરવૈયું છે.

→ લેણદેણની તુલામાં દેશની આયાત-નિકાસોમાં અનાજ, યંત્રો જેવી દશ્યમાન ભૌતિક વસ્તુઓ ઉપરાંત વીમાબેંક, જહાજ, વેપારી કામગીરી વગેરે વિવિધ અદશ્ય સેવાઓ તથા મૂડીની હેરફેરનો પણ સમાવેશ થાય છે અને તેને લીધે વિદેશી હૂંડિયામણની આવક થાય છે.

★ **<u>લેણદેણની તુલાના વિભાગો :</u>**

→ લેણદેણની તુલામાં સમાવિષ્ટ વિગતોને સામાન્ય રીતે ત્રણ વિભાગમાં વહેંચવામાં આવે છે.

(1) ચાલુ ખાતું

(2) મૂડી ખાતું

(3) અનામત ખાતું

**(1) <u>ચાલુ ખાંતું :</u>**

→ ચાલુ ખાતામાં આયાત, નિકાસ, પ્રવાસી ખર્ચ, વાહનવ્યવહાર, વીમો વગેરે જેવા વ્યવહારો નોંધવામાં આવે છે.

→ ચાલુ ખાતામાં અભૌતિક (અદશ્ય) સેવાઓની આયાત-નિકાસ, વિદેશોમાં કરવામાં આવેલા કે વિદેશીઓએ દેશમાં કરેલ મૂડી રોકાણ પરની આવકો, દેશના નાગરિકોએ વિદેશના નાગરિકોને આપેલી કે વિદેશીઓ પાસેથી મેળવેલી ભેટ-સોગાદો, સરકારે વિદેશોને ચુકવેલ યુદ્ધ દંડ કે સરકારે વિદેશો પાસેથી મેળવેલ યુદ્ધ દંડ તથા ગ્રાન્ટનો સમાવેશ થાય છે.

→ આમ, ચાલુ ખાતાની લેણદેણની તુલા (balance of Payments on current account) માં તમામ પ્રકારની દશ્ય અને અદશ્ય આયાત-નિકાસો ધ્યાનમાં લેવામાં આવે છે.

**(2) <u>મૂડી ખાતું :</u>**

→ મૂડી ખાતું લેણ-દેણની તુલામાં દેશની બહાર જતી અને દેશની અંદર આવતી મૂડી સાથે સંબંધિત છે. દેશમાં ટૂંકા તેમજ લાંબાગાળાની મૂડીનું આંતરગમન થાય છે, તેની નોંધ મૂડીખાતામાં થાય છે.

→ સામાન્ય રીતે એક વર્ષ કે તેથી ઓછી મુદતના રોકાણો ટૂંકાગાળાના અને એક વર્ષથી વધારે મુદતના રોકાણ લાંબાગાળાના રોકાણો કહેવાય છે.

→ આમ, મૂડી ખાતુ લાંબા અને ટૂંકાગાળાના ધિરાણો કે મૂડી હેરફેર દર્શાવે છે.

**(3) <u>અનામત ખાતું :</u>**

→ દેશની મધ્યસ્થ બેંક (દા.ત. આરબીઆઈ) પાસે રહેલી સોનાની, વિદેશી ચલણોની, એસ.ડી.આર. કે અન્ય કેટલીક અનામતોમાં થયેલા ફેરફારની નોંધ આ ખાતામાં કરાય છે.

→ લેણદેણની તુલાના આવક-જાવકના પાસાંને સરભર કરતી વિગતોનો સમાવેશ આ ખાતામાં થાય છે. એટલે કે મધ્યસ્થ બેંક પાસેની અનામતોથી લેણ-દેણની તુલા સરભર કરવામાં આવે છે.

★ **<u>લેણદેણની તુલામાં હિસાબી પદ્ધતિ</u>**

→ દેશની આંતરરાષ્ટ્રીય લેવડદેવડની વિગતોની રજૂઆત **"દ્વિનોંધી નામાપદ્ધતિ"** અનુસાર થાય છે. આ પદ્ધતિની ખાસિયત એ છે કે દરેક સોદાના બે પાસાં હોવાથી તેને જમા (આવક) અને ઉધાર (જાવક) એમ બેવડી નોંધ દ્વારા રજૂ કરવામાં આવે છે.

→ લેણદેણની તુલામાં દેશને થતી વિદેશી ચલણની આવક અને જાવકની નોંધ જે-તે દેશના નાગરિકે કરેલ આવક અને ખર્ચના આધારે જમા અને ઉધાર બાજુ દર્શાવવામાં આવે છે. દા.ત. અમેરિકાના નાગરિકે ભારતમાં આવીને કરેલું ખર્ચ ભારતના લેણદેણના તુલાના સરવૈયામાં આવક બાજુ એ દર્શાવવામાં આવે છે. તેવી જ રીતે ભારતના નાગરિકે અમેરિકામાં કરેલું ખર્ચ અમેરિકાના લેણ-દેણના સરવૈયામાં આવકબાજુ દર્શાવવામાં આવશે. જ્યારે ભારતના લેણદેણના સરવૈયામાં ખર્ચબાજુ દર્શાવવામાં આવશે. આમ, દેશ અને દેશના નાગરિકે કરેલ આવકના-ખર્ચની નોંધ કરવામાં આવે છે.

→ લેણદેણની તુલાના સરવૈયામાં વિદેશી હૂંડિયામણની આવક અને જાવક બંને બાબતોનો સમાવેશ થાય છે.

→ કોઈપણ દેશના લેણ-દેણના તુલાના સરવૈયામાં નીચે મુજબની વિગતોને જમા (આવક) કરવામાં આવે છે –

- ભારતે પરદેશમાં કરેલા મૂડીરોકાણ પર મેળવેલું વ્યાજ
- ભારતમાં બેંકો, વિમાનો, વહાણો, વીમા કંપનીઓ વગેરેની વ્યવસાયિક સેવાઓની પરદેશીઓએ જે વપરાશ કરી હોય તેનું મૂલ્ય,

- અગાઉ વિદેશીઓએ ઉછીની લીધેલી મૂડી જે પરત કરી હોય તે રકમ
- ભારતે નિકાસ કરેલી અનાજ-કાપડ જેવી ભૌતિક વસ્તુઓનું મૂલ્ય,
- વિદેશી પ્રવાસીઓએ ભારતમાં આવીને કરેલું ખર્ચ,
- ભારતે વિદેશમાંથી મેળવેલી ઉછીની મૂડી,
- ભારતે બીજા દેશો પાસેથી મેળવેલ દાન તથા ભેટો,
- ભારતે નિકાસ કરેલા સોનાનું મૂલ્ય

→ કોઈપણ દેશ (દા.ત. ભારત)ના લેણદેણના તુલાના સરવૈયામાં નીચે મુજબની વિગતોને ઉધાર (જાવક) કરવામાં આવે છે -

- વિદેશીઓએ ભારતમાં કરેલા મૂડી રોકાણ પર ચૂકવેલ વ્યાજ,
- વિદેશી બેંકો, વિમાનો, વહાણો, વીમા કંપનીઓ વગેરેની વ્યાવસાયિક સેવાઓની ભારતના લોકો એ જે વપરાશ કરી હોય તેનું મૂલ્ય,
- અગાઉ ભારતે ઉછીની લીધેલી મૂડી જે પરત કરી હોય તે રકમ,
- ભારતે આયાત કરેલ ખાતર, યંત્રો જેવી સ્થૂળ વસ્તુઓનું મૂલ્ય,
- ભારતીય પ્રવાસીઓએ વિદેશોમાં જઈને કરેલું ખર્ચ,
- વિદેશીઓને ભારતે આપેલી ઉછીની મૂડી,
- ભારતે બીજા દેશોને આપેલ દાન તથા ભેટો,
- ભારતે આયાત કરેલા સોનાનું મૂલ્ય.

→ લેણદેણની તુલા (ચાલુ ખાતાની દૃષ્ટિએ) ત્યારે સમતુલામાં કહેવાય જયારે જમા બાજુ અને ઉધાર બાજુ બરાબર સરખી થાય, પરંતુ આવું ભાગ્યે જ બને છે.

→ લેણદેણની તુલાના ચાલુ ખાતામાં કાં તો ખાદ્ય હોય કે પુરાંત હોય છે. આ ખાદ્ય અથવા પુરાંત મૂડી ખાતા અથવા અનામત ખાતા દ્વારા સરભર કરવામાં આવે છે.

→ ચાલુ ખાતાની ખાદ્યનો અર્થ એ છે કે અમુક નિશ્ચિત સમયગાળા દરમિયાન દેશે જેટલું વિદેશી હૂંડિયામણ મેળવ્યું તેના કરતાં વધારે ખર્ચ્યું છે. આ ખાદ્યપૂરવા માટે તેની પાસે જે મૂડીનો જથ્થો (Stock) છે. તેમાં ઘટાડો કરવો અનિવાર્ય છે. દેશને વિદેશમાંથી નાણાં ઉછીનાં લેવાં પડશે અથવા સોનું કે અન્ય અસ્કામતો વેચવી પડશે અથવા વિદેશી અનામતોના જથ્થામાં ઘટાડો કરવો પડશે.

→ આમ, **"લેણદેણની તુલા હંમેશા સમતોલ હોય છે"** કોઈપણ દેશની લેણદેણની તુલાની અનૂકૂળતા કે પ્રતિકૂળતા દેશની આર્થિક સ્થિતિનું સંપૂર્ણ સ્પષ્ટ અને વાસ્તવિક ચિત્ર રજૂ કરે છે. એટલે કે લેણદેણની તુલા પરથી દેશની આર્થિક સમૃદ્ધિનો ખ્યાલ આવી શકે છે.

★ **<u>લેણદેણની તુલામાં અસમતુલા</u>**

→ હિસાબી દૃષ્ટિએ તો લેણદેણની તુલા હંમેશા સમતોલ હોય છે, પરંતુ વ્યાવહારિક દૃષ્ટિએ લેણદેણની તુલાની ત્રણ પરિસ્થિતિ શક્ય છે –

(1) સમતોલ લેણદેણની તુલા
(2) પુરાંતવાળી લેણદેણની તુલા
(3) ખાદ્યવાળી લેણદેણની તુલા

**(1) <u>સમતોલ લેણદેણની તુલા</u> :**

→ જો દેશની સ્વાયત્ત વિગતોની આવક અને જાવક સરખી હોય તો, તેને **"સમતોલ લેણદેણની તુલા"** કહેવાય છે.

→ બીજા શબ્દોમાં કહીએ તો વિદેશીઓ તરફથી મળતી આવક અને વિદેશીઓને થતી ચુકવણીઓ એક સમાન હોય તો, તેને સમતોલ લેણદેણની તુલા કહેવાય છે.

**(2) <u>પુરાંતવાળી લેણદેણની તુલા</u> :**

→ આને **"અનુકૂળ (Favourable) લેણદેણની તુલા"** પણ કહેવાય છે.

→ જો દેશની સ્વાયત્ત વિગતોની આવક, તેની જાવક કરતાં વધુ હોય તો, તેને **"પુરાંતવાળી લેણદેણની તુલા"** કહેવાય છે.

→ બીજા શબ્દોમાં કહીએ તો, લેણદેણની તુલાની પુરાંત એમ સૂચવે છે કે વસ્તુઓ સેવાઓની કુલ નિકાસો કરતાં કુલ આયાતો ઓછી છે. એટલે કે દેશમાં જેટલું ઉત્પાદન થાય છે તે બધું ઉત્પાદન આંતરિક જરૂરિયાતો માટે ઉપયોગમાં લેવાતું નથી અને તેથી શેષ ઉત્પાદનની નિકાસ કરવામાં આવે છે.

→ આ નિકાસથી દેશમાં વિદેશ ચલણની અનામતો વધશે, વિદેશી ચલણની નિષ્ક્રિય અનામતો રાખી મૂકવી એ ઈચ્છનીય નથી કારણકે આ શેષ ઉત્પાદનનો (જેનો નિકાસ કરવામાં આવ્યો) દેશના અર્થતંત્રમાં મૂડીરોકાણ કરવા માટે ઉપયોગ થયો હોત તો અર્થતંત્રની કાર્યક્ષમતા વધી હોત અને આર્થિક વિકાસ ઝડપી બન્યો હોત.

→ લાંબા સમય સુધી જો લેણદેણની તુલામાં પુરાંત ટકી રહે તો તેને દૂર કરવા પગલાં લેવાં જોઈએ.

(3) **<u>ખાદ્યવાળી લેણદેણની તુલા :</u>**

→ આને **"પ્રતિકૂળ (Unfavourable) લેણદેણની તુલા"** પણ કહેવાય છે.

→ જો દેશની સ્વાયત્ત વિગતોની આવક, તેની જાવક કરતાં ઓછી હોય તો, તેને **"ખાદ્યવાળી લેણદેણની તુલા"** કહેવાય છે.

→ બીજા શબ્દોમાં કહીએ તો, લેણદેણની તુલાની ખાદ્ય એમ સૂચવે છે કે વસ્તુઓ અને સેવાઓની કુલ નિકાસો કરતાં કુલ આયાતો વધુ છે. એટલે કે દેશમાં જેટલું ઉત્પાદન થાય છે એનાથી વધુ વપરાશ થાય છે. પરિણામે દેશમાં વિદેશી ચલણની અનામતો ઘટશે અથવા વિદેશી દેવું વધશે.

→ આ પરિસ્થિતિ લાંબો સમય ચાલુ રહે એ ઈચ્છનીય નથી. આથી સરકારે તેને દૂર કરવા પગલાં લેવા જોઈએ.

★ **<u>લેણદેણની તુલામાં પુરાંત અને ખાદ્યનું માપ</u>**

→ લેણદેણની તુલા હંમેશા સમતોલ હોય છે, પરંતુ આવું ભાગ્યે જ બને છે તેથી આ ખાદ્ય અથવા પુરાંત લેણદેણની તુલાના મૂડીખાતામાં હેરફેર કરીને સરભર કરવામાં આવે છે.

→ આ મુદ્દો સમજવા માટે મૂડી વ્યવહારોને બે વિભાગમાં વહેંચવામાં આવે છે –

(1) સ્વાયત્ત વિગતો (Autonomous receipts and Payment)

(2) સહાયક વિગતો (Accommodating receipts and payment)

→ લેણદેણની તુલા ખાદ્યવાળી, પુરાંતવાળી કે સમતોલ કહીએ છીએ તે **"સ્વાયત્ત વિગતો"**ના સંદર્ભમાં છે.

(1) **<u>સ્વાયત્ત વિગતો</u>** :

→ સ્વાયત્ત વિગતોનો હેતુ લેણદેણની તુલાને સમતોલ બનાવવાનો નથી.

→ સ્વાયત્ત વિગતો આર્થિક હેતુઓથી પ્રેરિત હોય છે અને લેણદેણની તુલાની અન્ય વિગતોથી સ્વતંત્ર રીતે ઉદ્ભવે છે.

→ સ્વાયત્ત વિગતોમાં વેપારી ધોરણે થતી તમામ દૃશ્ય (ભૌતિક) અને અદૃશ્ય (અભૌતિક) આયાત-નિકાસો, ખાનગી દાન, યુદ્ધ દંડ તથા લાંબાગાળાના રોકાણોને સમાવવામાં આવે છે.

(2) **<u>સહાયક વિગતો</u>** :

→ સહાયક વિગતોનો હેતુ લેણદેણની તુલાને સમતોલ બનાવવાનો હોય છે.

→ સહાયક વિગતોમાં સરકાર સોનું વેચીને, આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળ પાસેથી લોન લઈને કે વિદેશી ચલણોની પોતાની અનામત થી ઉપાડ કરીને જે આવક મેળવે તેને સમાવવામાં આવે છે.

★ **<u>લેણદેણની અસમતુલાનો અર્થ</u>**

→ લેણદેણની તુલાની અસમતુલા એટલે એવી સ્થિતિ જેમાં કુલ સ્વાયત્ત વિદેશી આવકો અને કુલ સ્વાયત્ત વિદેશી ચુકવણીઓ સમાન હોતી નથી. એટલે કે કાં તો પુરાંત હોય, કાં તો ખાદ્ય હોય. આમ, અસમતુલાની વ્યાખ્યામાં ખાદ્ય અને પુરાંત બંનેનો સમાવેશ થાય છે.

→ લેણદેણની તુલામાં સ્વાયત્ત (Autonomous) અને સહાયક (Accommodating) એમ બે પ્રકારની વિગતો દર્શાવાય છે; પરંતુ લેણદેણની અસમતુલાનો પ્રશ્ન **"સ્વાયત્ત વિગતો"**ના સંદર્ભમાં જ ઉદ્ભવે છે.

→ સામાન્ય રીતે અસમતુલા નો ખ્યાલ ખાદ્યના પરિપ્રેક્ષ્યમાં જ જોવામાં આવે છે.

→ સામાન્ય રીતે લેણદેણની તુલાની ખાદ્યની ચર્ચા એક વર્ષના સમયગાળાના સંદર્ભમાં કરાય છે.

→ જો એક વર્ષના સમયગાળા દરમિયાન દેશની આયાત અને નિકાસના બે પાસાંને સરખા કરવા માટે દેશને વિદેશોમાંથી ટૂંકાગાળાના ધિરાણ પ્રાપ્ત કરવા પડે અથવા દેશની વિદેશી હૂંડિયામણની અનામતોમાં ઘટાડો થતો રહે તો તે દેશની લેણદેણની તુલા ખાદ્યવાળી અથવા અસમતુલા કહેવાય.

★ **<u>લેણદેણની તુલાની અસમતુલાના પ્રકાર</u>**

→ લેણદેણની તુલામાં જે ખાદ્ય (પ્રતિકૂળતા) અથવા અસમતુલા પેદા થાય છે, તેના મુખ્યત્વે બે પ્રકાર પાડી શકાય છે –

(1) ટૂંકાગાળાની અસમતુલા

(2) લાંબાગાળાની અસમતુલા

(1) **<u>ટૂંકાગાળાની અસમતુલા</u>** :

→ ટૂંકાગાળાની અસમતુલા એ તત્કાલીન પરિબળોનું પરિણામ છે. જો કોઈ દેશમાં એકાદ વર્ષ માટે અર્થતંત્રમાં યુદ્ધ, દુષ્કાળ, વાવાઝોડું, ધરતીકંપ કે આકસ્મિક કારણોસર ઉદ્ભવતી પરિસ્થિતિ જે બીજા વર્ષે સામાન્ય થઈ જતી હોય તો તેને **"ટૂંકાગાળાની અસમતુલા"** કહેવાય છે.

→ આ ટૂંકાગાળાની અસમતુલાનું નિવારણ ઝડપથી અને સરળતાથી થઈ શકે છે. એટલે કે સુવર્ણધોરણમાં સોનાની નિકાસો દ્વારા અથવા આંતરરાષ્ટ્રીય નાણાંભંડોળ (IMF) પાસેથી ટૂંકાગાળાની લોન લઈને તેનું નિવારણ થઈ શકે છે.

→ ટૂંકાગાળાની અસમતુલા અર્થતંત્રમાં ખાસ સમસ્યાઓ પેદા કરતી નથી, તેથી તે ચિંતાજનક નથી.

**(2) <u>લાંબાગાળાની અસમતુલા :</u>**

→ લાંબાગાળાની અસમતુલા ને **"મૂળભૂત અસમતુલા"** (Fundamental disequilibrium) તરીકે પણ ઓળખવામાં આવે છે.

→ કોઈપણ દેશ માટે લાંબાગાળાની અસમતુલા ચિંતાજનક ગણાય છે. જ્યારે દેશની આયાતો, તેની નિકાસો કરતાં સતતપણે વધારે હોય અને તે પરિસ્થિતિ લાંબા સમય સુધી ચાલુ રહે તો તેને **"લાંબાગાળાની અસમતુલા"** કહેવાય છે.

→ બીજા શબ્દોમાં કહીએ તો લાંબાગાળાની અસમતુલા એવો નિર્દેશ કરે છે કે લેણદેણ તુલામાં સતત લાંબાસમયથી ખાદ્ય છે. અને આ ખાદ્ય આપોઆપ દૂર થવાની નથી.

→ લાંબાગાળાની અસમતુલા દેશને વિદેશી દેવામાં ડુબાડી દે છે અને નાદાર જાહેર કરાવી શકે છે. જેનાથી દેશની આંતરરાષ્ટ્રીય સધ્ધરતા ઘટે છે. આમ, લાંબાગાળાની અસમતુલા નિવારવા વિવિધ આર્થિક નિર્ણયો લેવા અનિવાર્ય છે.

**★ <u>લેણદેણની અસમતુલાના કારણો (પરિબળો)</u>**

→ લેણદેણની તુલામાં અસમતુલા માટે અનેક પરિબળો (કારણો) જવાબદાર હોઈ શકે છે :-

→ જ્યારે દેશમાં ફુગાવો પ્રવર્તે છે ત્યારે ભાવસપાટી સાપેક્ષ રીતે ઊંચી જશે. આ દેશમાં નિકાસો મોંઘી અને આયાતો સસ્તી બને છે. તેથી ત્યાંના નાગરિકો પોતાની વસ્તુ કરતાં આયાતી વસ્તુઓની માંગ કરશે. આમ, આયાતો વધવાથી લેણદેણની તુલામાં ખાદ્યપેદા થશે.

→ દેશમાં આર્થિક વિકાસના પ્રમાણમાં વસ્તી ઝડપથી વધતી હોય ત્યારે લોકોની આંતરિક માંગને પહોંચી વળવા વધુ પ્રમાણમાં જીવનજરૂરી વસ્તુઓ આયાત કરવી પડે છે અને નિકાસો કરવાની શક્તિ ઘટે છે. આમ, લેણદેણની તુલામાં ખાદ્ય ઉદ્ભવે છે.

→ વિકાસ કાર્યક્રમોને લીધે લોકોની આવકો વધે છે, તેઓ દેખાદેખીને કે અનુકરણ અસરને લીધે આયાતી મોજશોખની વસ્તુઓની માંગમાં વૃદ્ધિ કરે છે. સરકાર આવી વસ્તુઓની આયાતો પર નિયંત્રણો મૂકે છે ત્યારે તેની દાણચોરી થાય છે, જે સરકારની વિદેશી ચલણની આવકમાં લિકેજ **(Leakage)** પેદા કરે છે.

→ જ્યારે દેશમાં કુદરતી આપત્તિઓ આવે છે ત્યારે એકબાજુ ઉત્પાદન ઘટે છે. પરિણામે નિકાસો ઘટે છે બીજીબાજુ આ આપત્તિને પહોંચી વળવા મોટા પાયા પર આયાતો કરવી પડે છે. તેથી લેણદેણની તુલામાં અસમતુલા પેદા થાય છે.

→ ઉત્પાદન ખર્ચ ભાવસપાટીનું નિર્ણાયક પરિબળ છે. જો દેશમાં મજૂરમંડળો સંગઠિત હશે અને વેતનદર ઊંચો લઈ જવામાં સફળ થશે તો ઉત્પાદન ખર્ચ વધશે. ઉત્પાદન ખર્ચ વધવાથી નિકાસક વસ્તુઓના ભાવ વધે છે તેને લીધે નિકાસો ઘટે છે અને લેણદેણની તુલામાં અસમતુલા પેદા થાય છે.

→ જ્યારે દેશના ચલણની વાસ્તવિક ખરીદશક્તિ ઘટી હોય, છતાં કૃત્રિમ રીતે વિનિમય દર ઊંચો રાખવામાં આવે તો દેશની નિકાસો ઉપર વિપરીત અસરો થઈ લેણદેણની તુલામાં અસમતુલા પેદા થાય છે.

**★ <u>લેણદેણની તુલાની અસમતુલા સુધારવાની પદ્ધતિઓ</u>**

→ જો દેશની લેણદેણ તુલા અસમતોલ હોય તો તેની આ અસમતુલા નિવારવાના મુખ્યત્વે બે ઉપાયો છે –

(1) સ્વયંપ્રેરિત સમતુલા

(2) સરકાર પ્રેરિત સમતુલા

(1) **<u>સ્વયંપ્રેરિત સમતુલા</u> :**

→ લેણદેણની તુલામાં સ્વયંપ્રેરિત સમતુલા અંગે બે ખ્યાલો પ્રચલિત છે.

(a) ભાવ પરિવર્તન દ્વારા સ્વયં સમતુલા

(b) આવક પરિવર્તન દ્વારા સ્વયં સમતુલા

**(a) <u>ભાવ પરિવર્તન દ્વારા સ્વયં સમતુલા</u> :**

→ પ્રો. રિકાર્ડો, ડેવિડ હ્યુમ વગેરે કલાસિકલ અર્થશાસ્ત્રીઓના મતે સુવર્ણધોરણ હેઠળ ખાદ્યવાળા દેશમાંથી સોનાની નિકાસ થાય છે. સોનાની અનામત ઘટે છે. પરિણામે નાણાંનો પુરવઠો ઘટે છે. આથી તેટલા પ્રમાણમાં નાણાનું સંકોચન થશે. એટલે ચીજવસ્તુઓની માંગ અને કિંમતો ઘટે છે. ભાવ ઘટતા અન્ય દેશોને આ દેશની વસ્તુ સસ્તી પડતાં નિકાસો વધવાનું અને આયાતો ઘટવાનું વલણ સર્જાય છે. આમ, લાંબાગાળે લેણદેણની તુલા સમતોલ બને છે.

→ વર્તમાન વિશ્વમાં ક્યાંય સુવર્ણ ધોરણની વ્યવસ્થા પ્રવર્તતી ન હોવાથી આ ખ્યાલ અવાસ્તવિક અને અવ્યવહારુ છે.

**(b) <u>આવક પરિવર્તન દ્વારા સ્વયંસમતુલા</u> :**

→ પ્રો. કેઈન્સ અને તેના અનુયાયીઓના મતે કોઈ દેશમાં લેણદેણ તુલા અસમતોલ બને તો તેની સ્વયંસમતુલા ભાવ પરિવર્તન દ્વારા નહિ પરંતુ આવક પરિવર્તન દ્વારા સ્થપાય છે.

→ ખાદ્યવાળા દેશમાં નિકાસો ઓછી હોવાને લીધે નિકાસ ઉદ્યોગોમાં ઉત્પાદન, આવક અને રોજગારી ઘટે છે. પરિણામે આયાતો ઘટશે. આમ, નિકાસનો ઘટાડો આવકમાં પરિવર્તન લાવી આયાતોમાં ઘટાડો લાવી લેણદેણની તુલા સમતોલ બનાવશે.

★ **<u>સ્વયંપ્રેરિત સમતુલાની મર્યાદા</u> :**

→ આ ઉપાય આયુર્વેદિક ઉપચાર જેવો લાંબા સમયનો છે. આ અસમતુલા ક્યારે દૂર થશે તે નક્કી નથી. બીજી બાજુ સમયનો ગાળો લાંબો હોવાથી અનેક ગંભીર પ્રશ્નો પણ પેદા થાય છે.

→ આ ઉપાયથી દેશમાં મંદી અને બેકારીની પરિસ્થિતિ ઉત્પન્ન થશે.

→ દેશમાંની આયાતો ઘટતાં આયાતિત માલ પર આધારિત નિકાસ ઉદ્યોગો પણ સંકટમાં મૂકાશે.

**(2) <u>સરકાર પ્રેરિત સમતુલા (ઉપાયો)</u> :**

→ કોઈપણ દેશમાં લાંબાગાળાની અસમતુલા પ્રવર્તતી હોય ત્યારે સરકાર દ્વારા સમતુલા લાવવાનાં પ્રયાસો (ઉપાયો) થતાં હોય છે, જે નીચે મુજબ છે

(a) નાણાં સંકોચન (Deflation)

(b) વિનિમય અંકુશો

(c) આયાત નિયંત્રણ

(d) નિકાસ પ્રોત્સાહન

(e) અવમૂલ્યન

(f) અન્ય

**(a) <u>નાણાં સંકોચન</u> :**

→ નાણાં સંકોચન નીતિ દેશની મધ્યસ્થ બેંક (દા.ત. RBI) અમલમાં મૂકે છે.

→ આ નીતિ પ્રમાણે મધ્યસ્થ બેંકે તેના પરિણામાત્મક સાધનો જેમ કે બેંકદરમાં વધારો કરવો, જામીનગીરીનું વેચાણ કરવું, રોકડ અનામત પ્રમાણ વધારવું વગેરે પ્રયાસો દ્વારા નાણાંનો પુરવઠો ઘટાડી નાણાં સંકોચન કરવું જોઈએ.

→ આ નીતિ પ્રમાણે નાણાંનો પુરવઠો ઘટવાથી વસ્તુની ખરીદશક્તિ ઘટતા, વસ્તુની માંગ ઘટશે. આથી દેશની ચીજવસ્તુઓ અને સેવાઓના ભાવો ઘટે છે. તેમ થતાં વિદેશી વસ્તુઓની તુલનામાં દેશની વસ્તુઓ સસ્તી લાગે છે, તેથી નિકાસો વધે છે અને આયાતો ઘટે છે અને લેણદેણ તુલાની અસમતુલા દૂર થાય છે.

→ કલ્યાણલક્ષી સરકારો નાણાં સંકોચનની નીતિનો અમલ કરતાં બે કારણોથી ખચકાય છે –

(1) આનાથી આર્થિક વિકાસ અવરોધાય છે.

(2) આનાથી મંદી અને બેકારી જેવી વિકટ સમસ્યા ઉભી થાય છે.

**(b) <u>વિનિમય અંકુશો</u> :**

→ આ નીતિ મુજબ સરકાર કે મધ્યસ્થ બેંક વિદેશી હૂંડિયામણની માંગ અને તેના પુરવઠા પર અંકુશ મૂકે છે. વિદેશી હૂંડિયામણની પ્રાપ્તિના પ્રમાણમાં આયાતો અંકુશિત રાખવાનો પ્રયાસ થાય છે, તેથી લેણદેણની તુલાની અસમતુલા નિવારી શકાય છે.

→ કલ્યાણલક્ષી સરકારો વિનિમય અંકુશોની નીતિનો અમલ કરતાં બે કારણોથી ખચકાય છે -

(1) આ નીતિ ટૂંકાગાળા માટે જ ઉપયોગી છે. કારણકે લાંબાગાળે આ નીતિ દાણચોરી, લાંચરુશ્વત વગેરેને જન્મ આપે છે.

(2) આયાત જકાત, આયાત ક્વોટા જેવા વિનિમય અંકુશો મૂકવાથી ઘણીવાર આંતરરાષ્ટ્રીય વેપાર અવરોધાય છે અને વિકસતા દેશોએ ઔદ્યોગિકરણ નો પાયો તૈયાર કરવાનો હોવાથી વિકાસલક્ષી આયાતો અનિવાર્ય હોય છે બીજું IMF પણ વિનિમય અંકુશોની તરફેણ કરતું નથી, કારણકે તે મુક્ત વેપારને અવરોધે છે.

**(c) <u>આયાત નિયંત્રણ</u> :**

→ વિકાસનો ભોગ આપ્યાં વગર લાંબાગાળે આયાતો ઉપરનું અવલંબન ઘટાડવા આયાત અવેજીકરણના એકમો સ્થાપવા પ્રોત્સાહનો અપાય છે.

→ દેશમાં જ માલનું ઉત્પાદન થતાં આયાતો પર લાંબા ગાળે નિયંત્રણ મૂકી શકાશે અને લેણદેણ તુલાની અસમતુલા દૂર કરી શકાશે.

**(d)** **<u>નિકાસ પ્રોત્સાહન :</u>**

→ લેણદેણની તુલાની અસમતુલા દૂર કરવા માટે નિકાસ પ્રોત્સાહન (Export Promotion) નો ઉપાય કરવો જોઈએ.

→ નિકાસ પ્રોત્સાહન માટે નવા બજારો શોધવા, નિકાસ બજારોની મોજણી કરવી, દેશની વસ્તુઓનું મેળાઓ યોજીને પ્રદર્શન કરવું વગેરે ઉપાયો કરવાં. આ ઉપરાંત ઘણીવાર નિકાસ જકાતોમાં રાહત, ટેક્સ ક્રેડિટ સર્ટિફિકેટ્સ, સબસીડી વગેરે સગવડો આપવી જોઈએ.

→ દેશની નિકાસો વધે તે માટે નિકાસ ઉદ્યોગોની સ્પર્ધાશક્તિ પણ વધારવી જોઈએ જેના માટે યોગ્ય પગલાં લેવાં જોઈએ.

(e) **<u>અવમૂલ્યન :</u>**

→ સામાન્યતઃ લેણદેણની તુલામાં લાંબા ગાળાની અસમતુલા હોય અને અન્ય બધાં પગલાં એને દૂર કરવામાં નિષ્ફળ ગયા હોય ત્યારે અવમૂલ્યન નું પગલું લેવામાં આવે છે. એટલે કે અવમૂલ્યનનું શસ્ત્ર અંતિમ ઉપાય તરીકે વાપરવામાં આવે છે. કેટલીકવાર તો ખુદ IMF ખાદ્યવાળા દેશને ચલણનું અવમૂલ્યન કરવાની ભલામણ કરે છે.

→ અવમૂલ્યન (devaluation) એટલે કે જ્યારે કોઈ દેશ પોતાના ચલણના બાહ્ય મૂલ્યમાં સત્તાવાર રીતે ઘટાડો જાહેર કરે તે. બીજા શબ્દોમાં કહીએ તો જ્યારે કોઈ દેશ પોતાના જાહેર કરવામાં આવેલા ચલણના મૂલ્ય (વિનિમય દર)માં ઘટાડો કરે, ત્યારે તેને **"અવમૂલ્યન"** (devaluation) તરીકે ઓળખવામાં આવે છે. દા.ત. 1 રૂપિયો – 5 સેંટ વિનિમય દર જાહેર છે. હવે જો ભારત સરકાર આ દર બદલીને 1 રૂપિયો – 10 સેંટ કરી દે તો રૂપિયાનું અવમૂલ્યન થયું ગણાય એટલે કે રૂપિયાના બાહ્યમૂલ્યમાં ઘટાડો થયો ગણાય.

→ અવમૂલ્યન કરવાથી આયાતો મોંઘી બની ઘટવાનું અને નિકાસો સસ્તી બની વધવાનું વલણ સર્જાય છે અને લેણદેણની તુલા સમતોલ બને છે.

**(F)** **<u>અન્ય :</u>**

→ સંપૂર્ણ પરિવર્તનશીલ વિનિમયદર પ્રથા અપનાવવાથી લેણદેણની તુલા આપોઆપ સમતુલામાં જ રહે છે. જે દેશની લેણદેણની તુલામાં અસમતુલા હોય તો નિકાસો કરતાં આયાતો વધતાં, વિદેશી ચલણની માંગ વિદેશી ચલણના પુરવઠા કરતાં વધી જશે. આથી વિદેશી ચલણના મૂલ્યમાં વધારો થશે એટલે કે દેશના ચલણના બાહ્યમૂલ્યમાં ઘટાડો થશે. એના પરિણામે નિકાસો સસ્તી અને આયાતો મોંઘી થાય છે. તેથી નિકાસો વધે છે અને આયાતો ઘટે છે.

→ ઘણા દેશોની સરકારો આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ (… મદદથી અ…

## <u>પ્રકરણ-8 વિનિમય દર</u>

★★★★★

★ **<u>હૂંડિયામણ દર (વિનિમય દર)નો અર્થ</u>**

→ એક જ દેશના જુદા-જુદા પ્રદેશો વચ્ચે જે વેપાર થાય છે, તેમાં ચલણની કે ચલણદરની કોઈ મુશ્કેલી ઊભી થતી નથી, પરંતુ જુદા જુદા દેશો વચ્ચે થતાં વેપારમાં ચલણની ભિન્નતા અને વિનિમય દરનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે. કારણકે, દરેક દેશનું અલગ-અલગ ચલણ ધોરણ છે.

→ અમેરિકાથી આયાત કરેલ વસ્તુની કિંમત ભારતનો નાગરિક રૂપિયામાં ન ચૂકવી શકે. તે માટે આપણે અમેરિકાના ચલણ ડોલર મેળવવા પડે. તે જ પ્રમાણે જર્મની ભારતમાંથી ખરીદેલ વસ્તુની કિંમત જર્મની જર્મનમાર્કમાં ન ચૂકવી શકે. તે માટે તેણે ભારતીય ચલણ રૂપિયા મેળવવા પડે ત્યારપછી જ ચુકવણી થઈ શકે. આમ, ડોલર અને રૂપિયા વચ્ચે કે જર્મન માર્ક અને રૂપિયા વચ્ચે વિનિમય કર્યા વિના અમેરિકા અને જર્મનીના નાગરિકો વેપાર કરી શકે નહિ.

→ વિદેશી હૂંડિયામણ એટલે બીજા દેશનું ચલણ. બીજા દેશોનું ચલણ દેશમાંથી નિકાસો કરી મેળવવામાં આવે છે. જે દરે એક ચલણનું બીજા ચલણમાં રૂપાંતર થાય છે. તેને **"હૂંડિયામણ દર"** કહેવાય છે.

→ બીજા શબ્દોમાં કહીએ તો કોઈ એક દેશના ચલણના એકમના બદલામાં, બીજા દેશના ચલણના જે એકમો ચૂકવવા પડે તેને **"વિનિમય દર"** અથવા **"હૂંડિયામણ દર"** કહે છે. વિનિમય દર વિવિધ રાષ્ટ્રોના ચલણને જોડવાનું કામ કરી, આંતરરાષ્ટ્રીય ખર્ચ અને કિંમતની સરખામણી કરવાનું શક્ય બનાવે છે. વિનિમય દર એક દેશના ચલણના બદલામાં બીજા દેશના ચલણના કેટલા એકમો ખરીદી શકાય તે દર્શાવે છે.

→ વિનિમય દર બે રીતે દર્શાવી શકાય છે

(1) સામાન્ય રીતે વિદેશી ચલણના એક એકમનું મૂલ્ય દેશના ચલણમાં દર્શાવવામાં આવે છે. દા.ત. 1 અમેરિકન ડોલર મેળવવા રૂ.55 ચૂકવવા પડતા હોય તો વિનિમય દર 1 ડોલર = 55 રૂપિયા.

(2) દેશના ચલણના એક એકમનું મૂલ્ય વિદેશી ચલણમાં દર્શાવવામાં આવે છે. દા.ત. 1 રૂપિયો = 2 સેન્ટ.

→ ટૂંકમાં, વસ્તુ કે સેવાની આંતરરાષ્ટ્રીય લેવડ-દેવડ થાય ત્યારે બે ચલણ વચ્ચેના વિનિમય દરનો પ્રશ્ન ઉદભવે છે. જ્યાં સુધી બે ચલણો વચ્ચે વિનિમય દર નક્કી ના થાય ત્યાં સુધી બે ચલણ વચ્ચે વિનિમય નક્કી ના થઈ શકે.

→ વિનિમય દરમાં ફેરફાર થતાં વિદેશી ચીજવસ્તુઓની કિંમતમાં પણ ફેરફાર થાય છે. આપણને પ્રશ્ન થાય છે કે 1 ડોલર = 55 રૂપિયા કેમ. 1 પાઉન્ડ = 80 રૂપિયા જ કેમ. વિનિમય દર એક કિંમત છે. જેવી રીતે બજારમાં કોઈ વસ્તુની કિંમત વસ્તુ માટેની માંગ અને પુરવઠા દ્વારા નક્કી થાય છે. તેવી રીતે વિદેશી ચલણની કિંમત પણ વિદેશી ચલણના માંગ-પુરવઠા દ્વારા નક્કી થાય છે. આજે મોટાભાગનાં ચલણની કિંમત આ રીતે માંગ-પુરવઠા દ્વારા નક્કી થાય છે.

★ **<u>વિનિમય દરનું મહત્ત્વ (Importance of Exchange Rate)</u>**

→ વિનિમય દરની દેશની નિકાસો, આયાતો, ભાવસપાટી તથા સંરક્ષણ નીતિના સાધન તરીકે વિશિષ્ટ અસરો પડે છે.

→ વિનિમય દરનો વધારો એટલે કે ડોલરનો ભાવ 50 રૂ. પરથી વધારીને 55 રૂ. કરવામાં આવે તે. અહીં રૂપિયાના સંદર્ભમાં ડોલરનું મૂલ્ય 10 ટકા વધ્યું છે. અથવા ડોલરના સંદર્ભમાં રૂપિયાનું મૂલ્ય 10 ટકા ઘટ્યું છે. ભારતના સંદર્ભમાં ડોલરની તુલનામાં રૂપિયાનું 10 ટકા અવમૂલ્યન (devaluation) કરવામાં આવ્યું છે.

→ બે ચલણ વચ્ચેનો વિનિમય દર વધે તો તે દેશની નિકાસો વધે છે અને વિનિમય દર ઘટે તો નિકાસો ઘટે છે. દા.ત. ડોલરની તુલનામાં રૂપિયાનું અવમૂલ્યન કરવામાં આવે તો ભારતની નિકાસો વધશે કારણકે અગાઉ અમેરિકાના લોકો 1 ડોલરના બદલામાં ભારતના બજારમાંથી 50 રૂ.નો માલ મેળવતા હતા, હવે તેઓ 1 ડોલરના બદલામાં 55 રૂ.નો માલ મેળવી શકશે. આમ, અમેરિકાના લોકો માટે ભારતની ચીજવસ્તુઓ સસ્તી બનશે. આથી ભારતની નિકાસો વધશે.આમ, વિનિમય દર અને નિકાસો વચ્ચે સીધો સંબંધ છે.

→ બે ચલણ વચ્ચેનો વિનિમય દર અને આયાતો વચ્ચે વ્યસ્ત સંબંધ છે. રૂપિયાના અવમૂલ્યન ને લીધે ભારતની આયાતો ઘટશે કારણકે અમેરિકાના બજારમાંથી ભારતના લોકો 1 ડોલરનો માલ ખરીદવા માટે અગાઉ 50 રૂપિયા ચૂકવતા હતા. હવે 1 ડોલર નો માલ ખરીદવા માટે 55 રૂપિયા ચૂકવવા પડશે. આમ, ભારતના લોકો માટે અમેરિકન વસ્તુઓની આયાતો મોંઘી બનતા આયાતો ઘટશે.

→ વિનિમય દરના ફેરફારોની અસર દેશની આંતરિક ભાવસપાટી ઉપર પણ થાય છે. વિનિમય દર બદલાતાં આયાત તથા નિકાસ થતી વસ્તુની દેશના ચલણમાં કિંમત વધે કે ઘટે તો તેની અસર પરોક્ષ રીતે આંતરિક ભાવસપાટી ઉપર થાય છે.

★ **<u>વિનિમય દરનું નિર્ધારણ</u>**

→ જેમ વસ્તુઓ ખરીદનારની રીતે વસ્તુઓની કિંમતો જાણવી જરૂરી હોય છે તેમ એક ચલણની કિંમત બીજા ચલણની રીતે જાણવી આયાત-નિકાસ કરનારાઓ માટે મહત્ત્વની હોય છે, કારણકે, વિનિમયનો દર વસ્તુઓના આંતરરાષ્ટ્રીય વેપાર તથા મૂડી હેરફેરને અસર કરે છે.

→ વિદેશી હૂંડિયામણ બજારમાં, કોઈ ચોક્કસ સમયે ભાગ્યે જ કોઈ એક ચોક્કસ વિનિમય દર હોઈ શકે. આંતરરાષ્ટ્રીય સોદાઓમાં વિવિધ શાખનાં સાધનો વપરાતાં હોવાથી જાતજાતના વિનિમયદરો જોવા મળે છે. દા.ત. કેબલ રેટ, સ્પોટ રેટ, સાઈટ રેટ, ફોરવર્ડ એક્સચેન્જ રેટ વગેરે.

→ વિનિમય દરના નિર્ધારણ અંગે ત્રણ સિદ્ધાંતો ઉપલબ્ધ છે, જે નીચે મુજબ છે-

(1) ટંકશાળી સમતાનો સિદ્ધાંત (Mint Parity Theory)

(2) ખરીદશક્તિ સમતા સિદ્ધાંત (Purchasing Power Parity Theory)

(3) માંગ-પુરવઠાનો સિદ્ધાંત (Demand - supply Theory)

**(1) <u>ટંકશાળી સમતાનો સિધ્ધાંત :</u>**

→ 19મી સદીના ઉત્તરાર્ધ અને 20મી સદીના પ્રારંભમાં વિશ્વના મોટાભાગના દેશોએ સોનાધોરણની વ્યવસ્થા સ્વીકારેલી. એટલે કે તેમના ચલણનું મુખ્ય સોનામાં નક્કી કરાતું હતું.

→ સુવર્ણધોરણ વ્યવસ્થામાં વિનિમયદર નિર્ધારણ પ્રક્રિયા સમજાવતા સિદ્ધાંતને **"ટંકશાળી સમતા સિદ્ધાંત"** તરીકે ઓળખવામાં આવે છે.

→ સુવર્ણધોરણ વ્યવસ્થામાં પણ મુક્ત બજારતંત્રમાં વિદેશી હૂંડિયામણની માંગ અને પુરવઠાનાં પરિબળો દ્વારા

વિનિમયદર નક્કી થતો હતો, પરંતુ ચલણોનું સોનામાં અને સોનાનું ચલણોમાં પરસ્પર રૂપાંતર કરવાની સુવિધા હોવાથી વિનિમયદરો અમુક મર્યાદામાં જ વધઘટ પામતા હતા.

➔ સુવર્ણઘોરણ પાસે મુખ્ય અપેક્ષા ચલણના વિનિમયદરની સ્થિરતા જાળવવાની હતી, દા.ત. 1 પાઉન્ડનું મૂલ્ય 10 ગ્રામ સોનું હોય અને 1 ડોલરનું મૂલ્ય 4 ગ્રામ સોનું હોય, તો પાઉન્ડ અને ડોલર વચ્ચેનો વિનિમય દર સરળતાથી નક્કી થઈ શકે, 1 પાઉન્ડ = 2.5 ડોલર થાય.

➔ આંતરરાષ્ટ્રીય સુવર્ણધોરણમાં જુદા-જુદા દેશોનાં ચલણનાં મૂલ્ય ચોક્કસ વજન અને શુદ્ધતા ધરાવતા સુવર્ણમાં નક્કી કરાયેલા હતા અને આ સુવર્ણ સમતામૂલ્ય દ્વારા જુદાં-જુદાં ચલણો વચ્ચેના વિનિમય દર પણ આપોઆપ નક્કી થઈ જતાં.

➔ 1929ની મહામંદી પછી આંતરરાષ્ટ્રીય સુવર્ણધોરણ વ્યવસ્થા તૂટી પડી એ પછી એ અસ્તિત્વમાં આવી શકી નથી. વર્તમાનમાં કોઈપણ દેશમાં સોનાધોરણ (સુવર્ણધોરણ) અસ્તિત્વમાં નથી. મોટાભાગના દેશોમાં કાગદી ધોરણ અસ્તિત્વમાં છે અને કાગદી નાણું સુવર્ણમાં પરિવર્તનશીલ (Convertible) નથી.

**(2) <u>સમ ખરીદ શક્તિનો સિદ્ધાંત:</u>**

➔ અપરિવર્તનીય કાગળ ચલણ વ્યવસ્થામાં વિનિમય દર નક્કી કરવાની સમસ્યાનો ઉકેલ શોધવામાં જે સિદ્ધાંત ઉપયોગી બન્યો તે **"સમ ખરીદ શક્તિનો સિદ્ધાંત"** તરીકે ઓળખાય છે.

➔ ઈ.સ.1918માં સ્વીડનના અર્થશાસ્ત્રી પ્રો. ગુસ્તાવ કેસલે આ સિદ્ધાંત આપ્યો છે. તેમના મતે ચલણોની ખરીદશક્તિ સમતા અથવા સમખરીદશક્તિની સપાટી એ એવી યોગ્ય સપાટી છે કે જ્યાં સમતોલ વિનિમયદર નક્કી થાય છે.

➔ આ સિદ્ધાંત મુજબ બે દેશના ચલણ વચ્ચેનો વિનિમય દર બંને ચલણની આંતરિક ખરીદ-શક્તિના પ્રમાણ ઉપરથી નક્કી થાય છે. સામાન્ય રીતે બે દેશો વચ્ચેનો વિનિમય દર, બંને દેશમાં ચલણોની ખરીદશક્તિની સમતા પ્રમાણે નક્કી થાય છે.

➔ હૂંડિયામણ અથવા વિદેશી ચલણ, વિદેશમાંથી ચીજવસ્તુઓ અને સેવાઓ ખરીદવા માટે ઉપયોગી છે. એટલે કે તે વિદેશમાં ખરીદશક્તિ ધરાવે છે. દા.ત. ડોલર, અમેરિકામાં જ નહિ પણ વિશ્વના અન્ય દેશોની ચીજવસ્તુઓ અને સેવાઓ ખરીદવા માટે ઉપયોગી છે. તેથી લોકો આવા હૂંડિયામણની માંગ કરે છે. આમ, બંને ચલણની (આંતરરાષ્ટ્રીય) ખરીદશક્તિ સમતા તે બંને વચ્ચેનો વિનિમયદર નક્કી કરે છે.

➔ કોઈપણ દેશના ચલણની આંતરિક ખરીદશક્તિ, તે દેશની આંતરિક ભાવસપાટી પર આધાર રાખે છે. ઈંગ્લેન્ડ અને ભારત, એમ બે દેશોનું ઉદાહરણ લઈએ તો, ઈંગ્લેન્ડના લોકો ભારતમાં વસ્તુઓની આયાત કરવા માટે રૂપિયાની માંગ કરે છે, તેવી જ રીતે ભારતના લોકો ઈંગ્લેન્ડની વસ્તુઓની આયાત કરવા પાઉન્ડની માંગ કરે છે. આમ, ઈંગ્લેન્ડના લોકો ભારતમાં રૂપિયાની ખરીદશક્તિ ધ્યાનમાં લે છે અને ભારતના લોકો ઈંગ્લેન્ડમાં પાઉન્ડની ખરીદશક્તિને ધ્યાનમાં લે છે.

➔ જ્યારે એક દેશનું ચલણ બીજા દેશના ચલણમાં રૂપાંતરિત થાય છે. ત્યારે વાસ્તવમાં આંતરિક ખરીદશક્તિ, બાહ્ય ખરીદશક્તિ (આંતરરાષ્ટ્રીય ખરીદશક્તિ)માં રૂપાંતર પામે છે. બે ચલણ વચ્ચેનો વિનિમય દર બે દેશોની આંતરિક ભાવસપાટીના ગુણોત્તર બરાબર હોય તો તે સમતોલ વિનિમયદર કહેવાય.

➔ સમ ખરીદ શક્તિ સિદ્ધાંતના બે સ્વરૂપ છે.

(1) નિરપેક્ષ સ્વરૂપ

(2) સાપેક્ષ સ્વરૂપ

➔ **<u>નિરપેક્ષ સ્વરૂપ :</u>**

- આ સ્વરૂપ મુજબ, વિનિમય દર બે ચલણોની આંતરિક ખરીદ શક્તિના ગુણોત્તર બરાબર હોય છે.
- આ સ્વરૂપમાં બે ચલણ વચ્ચે વિનિમય દર કઈ રીતે નક્કી થાય છે, તે દર્શાવ્યું છે.

➔ **<u>સાપેક્ષ સ્વરૂપ:</u>**

- આ સ્વરૂપ મુજબ, ફુગાવાને લીધે ચલણોની આંતરિક ખરીદ શક્તિ બદલાય તો વિનિમયદર બદલાય છે.
- આ સ્વરૂપમાં કોઈ એક વિનિમયદર સમતોલ છે, તેમ ધારી બંને દેશમાં સાપેક્ષ ભાવસપાટી બદલાતાં નવો વિનિમયદર કયો આવશે તેની સમજૂતી આપવામાં આવી છે.

➔ **<u>સમ ખરીદ શક્તિના સિદ્ધાંતનું મહત્ત્વ :</u>**

- આ સિદ્ધાંત એકમાત્ર સિદ્ધાંત છે જે નાણાકીય અર્થતંત્રોમાં વિનિમયદરના લાંબાગાળાના ફેરફારોની સમજૂતી આપે છે.

- આ સિદ્ધાંત બધા જ પ્રકારની ચલણ પદ્ધતિમાં ઉપયોગી છે.

- આ સિદ્ધાંત લેણદેણની તુલા કેવી રીતે નક્કી થાય છે તે સમજાવવામાં ઉપયોગી છે.

- આ સિદ્ધાંત ફુગાવા કે યુદ્ધ બાદનો નવો વાસ્તવિક વિનિમયદર જાણવા માટે ઉપયોગી છે.

- આ સિદ્ધાંત દેશો વચ્ચેના વેપાર અને ચુકવણીઓ તે દેશોની આંતરિક ભાવસપાટીના ફેરફારને લીધે બદલાય છે. તે હકીકત દર્શાવે છે.

**(3) <u>માંગ-પુરવઠાનો સિદ્ધાંત :</u>**

➔ જે હૂંડિયામણ ના દરે હૂંડિયામણની માંગ અને પુરવઠો સરખાં હોવાથી લેણદેણની તુલામાં સમતુલા જળવાય છે, તેથી તેને **"લેણદેણની તુલાનો સિદ્ધાંત"** પણ કહે છે.

➔ જેમ કોઈ એક વસ્તુની કિંમત તેની માંગ અને પુરવઠા દ્વારા નક્કી થાય છે, તેમ વિનિમયનો દર પણ ચલણની માંગ અને પુરવઠા દ્વારા નક્કી થાય છે. જ્યારે કોઈ અન્ય દેશના ચલણની માંગ કરતાં પુરવઠો ઓછો હોય ત્યારે વિનિમયનો દર વધશે, આથી દેશના ચલણનું મૂલ્ય ઘટશે.

➔ આ સિદ્ધાંત મુજબ વિનિમય દર વિદેશી હૂંડિયામણની માંગ અને પુરવઠાનાં પરિબળો દ્વારા નક્કી થાય છે. લેણદેણની તુલામાં વ્યક્ત થતાં આર્થિક વ્યવહારો પર વિદેશી હૂંડિયામણની માંગ અને પુરવઠો આધારિત છે.

➔ **<u>વિદેશી હૂંડિયામણની માંગ :</u>**

- કોઈપણ દેશને વિદેશોમાંથી આયાતો કરવા માટે જે તે દેશના ચલણની જરૂર પડે છે, તે વિદેશી હૂંડિયામણ ની માંગ દર્શાવે છે. વિદેશી ચલણની માંગ કેટલી થશે તેનો આધાર આયાતોના પ્રમાણ, આયાતોની કિંમત વગેરે પર છે. જો વિદેશનું નાણું મોંઘું હશે, તો તેની માંગ ઘટશે અને સસ્તું હશે, તો તેની માંગમાં વધારો થશે.

- બીજા શબ્દોમાં કહીએ તો વિદેશી હૂંડિયામણની માંગ એટલે દેશના લોકો વિદેશોમાંથી ચીજવસ્તુઓ અને સેવાઓ ખરીદવા માટે જે વિદેશી ચલણની માંગ કરે તે.

- ભારતનો નાગરિક અમેરિકાની ઉત્પન્ન થયેલી વસ્તુઓ ખરીદવા માંગતો હોય તો તેણે ડોલર મેળવીને ડોલરમાં ખર્ચ કરવું પડે, પરંતુ નાગરિક પાસે ડોલરન હોવાથી ડોલર અને રૂપિયા વચ્ચેના વિનિમયદર થી ડોલરની કિંમતના રૂપિયા ચૂકવીને અમેરિકાની વસ્તુ ખરીદી શકે છે.

- જો કે વિદેશી ચલણની માંગ વિનિમય દરથી નહિ પણ રોકાણ માંથી મળતા નફાથી વધુ પ્રભાવિત હોય છે.

- કોઈપણ વસ્તુની કિંમત અને માંગ વચ્ચે વ્યસ્ત સંબંધ હોય છે, તેવી જ રીતે વિદેશી હૂંડિયામણની કિંમત (વિનિમય દર) અને તેની માંગ વચ્ચે વ્યસ્ત સંબંધ હોય છે. તેથી વિદેશી હૂંડિયામણની માંગરેખા પણ અન્ય વસ્તુઓની જેમ ડાબી બાજુથી જમણી બાજુ, ઉપરથી નીચે ઢળતી હોય છે એટલે કે હૂંડિયામણની માંગ રેખા ઋણ ઢાળવાળી જોવા મળે છે.

➔ **<u>વિદેશી હૂંડિયામણનો પુરવઠો :</u>**

- દેશની નિકાસો વિદેશી હૂંડિયામણનો પુરવઠો પૂરો પાડે છે. દેશની નિકાસો વિદેશી ચલણની પ્રાપ્તિ દર્શાવે છે. દેશની નિકાસો દ્વારા વિદેશી ચલણમાં વધારો થાય તેમ તે દેશની આયાતો કરવાની શક્તિમાં વધારો થાય છે. આમ, દેશનો વિદેશી હૂંડિયામણ પુરવઠો અન્ય દેશોની ચીજવસ્તુઓ માટેની માંગ નક્કી કરે છે.

- બીજા શબ્દોમાં કહીએ તો વિદેશી હૂંડિયામણનો પુરવઠો એટલે વિદેશીઓ ભારતમાં ચીજવસ્તુઓ અને સેવાઓ ખરીદવા માટે જે વિદેશી ચલણ બદલામાં આપે તે.

- જો કે વિદેશી ચલણની માંગની માફક પુરવઠો પણ હૂંડિયામણના દરથી નહિ પણ રોકાણમાંથી થતાં લાભ ઉપર આધારિત છે.

- વિદેશી હૂંડિયામણનું રૂપિયામાં મૂલ્ય વધે એટલે કે વિનિમયદર વધે તો વિદેશી હૂંડિયામણનો પુરવઠો વધે છે. તેનાથી વિરુદ્ધ જો વિદેશી હૂંડિયામણ (ડોલર)નું રૂપિયામાં મૂલ્ય ઘટે એટલે કે વિનિમય દર ઘટે તો વિદેશી હૂંડિયામણનો પુરવઠો ઘટે છે.

- જુદા-જુદા વિનિમય દરે વિદેશી હૂંડિયામણનો પુરવઠો જુદો-જુદો હોવાનો. આમ, દેશના વિદેશી હૂંડિયામણના પુરવઠા અને વિનિમયદર વચ્ચે સીધો સંબંધ (સહસંબંધ) જોવા મળે છે. વિદેશી હૂંડિયામણની પુરવઠા રેખા ડાબી બાજુથી જમણી બાજુ ઉપર તરફ જતી હોય છે. એટલે કે હૂંડિયામણની પુરવઠા રેખા ધન ઢાળવાળી જોવા મળે છે.

★ **<u>સમતોલ વિનિમય દર :</u>**

➔ વિશ્વના જુદા-જુદા દેશોમાં જુદાં-જુદાં ચલણો પ્રવર્તે છે. દા.ત. ભારતમાં રૂપિયો, અમેરિકામાં ડોલર, બ્રિટનમાં પાઉન્ડ, જર્મનીમાં માર્ક, ફ્રાંસમાં ફ્રાંક વગેરે.

→ કોઈ ચોક્કસ સમયના સંદર્ભમાં, દેશની હૂંડિયામણની અનામતોમાં ઘટાડો કર્યા સિવાય, કૃત્રિમ અંકુશો વગર અને રોજગારીની કક્ષામાં ઘટાડો લાવ્યા સિવાય, લેણદેણની તુલામાં જે વિનિમય દરે સમતુલા જળવાતી હોય તે **"સમતોલ વિનિમય દર"** છે.

→ બીજા શબ્દોમાં કહીએ તો સમતોલ વિનિમય દર એટલે એવો વિનિમય દર જે –

- આયાતો તથા નિકાસો પર અંકુશો મૂકવાની ફરજ પાડ્યા વગર,
- સોનું કે વિદેશી ચલણની અનામતોમાં મોટી વધઘટ પેદા કર્યા વગર,
- દેશના અર્થતંત્રમાં બેરોજગારીનું સર્જન કર્યા વગર,
- વર્ષ દરમિયાન લેણદેણની તુલાની કુલ આવક અને કુલ જાવક ને સમાન કરી દે છે.

★ **<u>સ્થિર વિનિમય દર (Pegged Exchange Rate)</u>**

→ જ્યારે કોઈ દેશની નાણાં પ્રબંધક સત્તા પોતાના ચલણનો, વિદેશી ચલણ સાથેનો વિનિમય દર, અમુક નિશ્ચિત કરેલી સપાટીએ જાળવી રાખે તો તે સ્થિર વિનિમય દર પદ્ધતિ કહેવાય.

→ બીજા શબ્દોમાં કહીએ તો, સ્થિર વિનિમય દર એટલે સરકાર કે મધ્યસ્થ બેંક દ્વારા નક્કી કરવામાં આવેલો વિનિમયદર. સરકાર કાયદા દ્વારા વિનિમયદર નક્કી કરે છે અથવા વિદેશી ચલણના બજારમાં હસ્તક્ષેપ દ્વારા વિનિમય દરને ચોક્કસ સપાટીએ જાળવી રાખે છે.

→ સત્તાવાર વિનિમયદરે વિદેશી ચલણની માંગ એના પુરવઠાથી વધુ હોય તો મધ્યસ્થ બેંક (દાત. RBI) વિદેશી ચલણનું વેચાણ કરે છે કે જેથી વિનિમય દર વધે નહિ. સત્તાવાર વિનિમયદરે વિદેશી ચલણની માંગ એના પુરવઠાથી ઓછી હોય તો મધ્યસ્થ બેંક વિદેશી ચલણની ખરીદી કરે છે કે જેથી વિનિમયદર ઘટે નહિ. આમ, સ્થિર વિનિમય દર પદ્ધતિમાં મધ્યસ્થ બેંક વિનિમયનો દર અમુક સપાટીએ સ્થિર રહે એ માટે પ્રયત્નો કરે છે.

→ દેશની નાણાકીય સત્તા દ્વારા જાહેર કરેલ સ્થિર વિનિમય દરે, ગમે તેટલું હૂંડિયામણ ખરીદવાની અને વેચવાની તૈયારી અને શક્તિ હોય તો સ્થિર વિનિમય દરની નીતિનો અમલ શક્ય બને છે. વિનિમયદરની સ્થિરતા જાળવવા મધ્યસ્થ બેંક પાસે હૂંડિયામણની પૂરતા પ્રમાણમાં અનામત હોવી જરૂરી છે. આમ, નાણાકીય સત્તા બજારના પરિબળોથી હૂંડિયામણની માંગ અને પુરવઠામાં પરિવર્તનો દ્વારા સર્જાયેલી અસમતુલા બજારમાંથી હૂંડિયામણના ખરીદ-વેચાણની પ્રક્રિયા દ્વારા નિવારવા પ્રયાસ કરે છે.

→ આંતરરાષ્ટ્રીય નાણાંભંડોળની વર્તમાન વ્યવસ્થા હેઠળ સ્થિર વિનિમય દરને **"બદ્ધ વિનિમય દર"** (Pegged Exchange Rate) કહેવામાં આવે છે અને મધ્યસ્થ બેંક દ્વારા વિદેશી ચલણની ખરીદી-વેચાણની પ્રવૃત્તિઓને **"બદ્ધ પ્રવૃત્તિઓ"** (Pegging Operations) કહેવામાં આવે છે.

→ **<u>સ્થિર વિનિમય દર નીતિના ફાયદા :</u>**

- આંતરારાષ્ટ્રીય વેપારને પ્રોત્સાહન આપે છે.
- વિદેશી મૂડીરોકાણને ઉત્તેજન મળે છે.
- વિનિમય દર સ્થિર હોય તો વ્યાજનો દર પણ સ્થિર રહેતાં રોકાણો અને રોજગારીને પ્રોત્સાહન મળે છે.
- આંતરરાષ્ટ્રીય નાણાકીય વ્યવસ્થામાં અંધાધૂંધીનો ભય દૂર થાય છે.
- સ્થિર વિનિમય દર ફુગાવા સામે રક્ષણ આપે છે.
- વિદેશી વેપાર પર આધારિત દેશો આંતરિક આર્થિક અસ્થિરતાથી બચી જાય છે.

→ **<u>સ્થિર વિનિમય દર નીતિના ગેરફાયદા :</u>**

- આંતરિક સ્થિરતાના ભોગે સ્થિર વિનિમય દર
- સંજોગો બદલાતાં વિનિમયદર અસંગત અને અવાસ્તવિક બની જાય છે.
- નાણાકીય અને રાજકોષીય નીતિના સ્વતાંત્ર્ય ઉપર કાપ.
- આર્થિક આયોજન સાથે સુસંગત નથી.
- આંતરરાષ્ટ્રીય વેપાર મર્યાદિત બને છે.
- લાંબાગાળે દેશના ચલણના અવમૂલ્યન અથવા અધિમૂલ્યન કરવાનો પ્રશ્ન ઉત્પન્ન થાય છે.

★ **<u>પરિવર્તનશીલ વિનિમય દર</u>**

→ પરિવર્તનશીલ વિનિમય દરને **"મુક્ત વિનિમય દર"** પણ કહેવામાં આવે છે.

→ સુવર્ણ ધોરણ દરમિયાન સ્થિર વિનિમય દરની વ્યવસ્થા હતી. 1929ની વિશ્વવ્યાપી મંદી અને ત્યારબાદની પરિસ્થિતિમાં સોના ધોરણનું પતન થતાં, 1944 થી બ્રેટનવુડ્ઝની વ્યવસ્થા મુજબ અંશતઃ સ્થિર વિનિમય દરની વ્યવસ્થા અમલમાં આવી. આ વ્યવસ્થા પણ બે દાયકા સુધી ચાલી ત્યારબાદ તેનું પણ પતન થયું. 1974 થી વિશ્વમાં ડોલર

ધોરણ સાથે નિયંત્રિત રીતે પરિવર્તનશીલ વિનિમય દરની પ્રથા અમલમાં આવી છે.

→ પરિવર્તનશીલ વિનિમય દરને **"તરતો વિનિમય દર"** (Floating Exchange Rate) કે **"ચડતો-પડતો વિનિમય દર"** (Fluctuating Exchange Rate) પણ કહેવામાં આવે છે.

→ જેમ કોઈ એક મુક્ત બજારમાં વસ્તુના ભાવ, વસ્તુની માંગ અને પુરવઠા દ્વારા નક્કી થતા હોય છે, તેમ વિદેશી હૂંડિયામણના ભાવ (વિનિમય દર) પણ જે તે ચલણની વિદેશી હૂંડિયામણના બજારમાં થતી માંગ અને પુરવઠા દ્વારા મુક્ત રીતે નક્કી થતી હોય તો તેને **"પરિવર્તનશીલ વિનિમય દર"** વ્યવસ્થા કહેવાય છે.

→ આ વ્યવસ્થામાં હૂંડિયામણના દરને મહદ્અંશે બજારના પરિબળો દ્વારા મુક્ત રીતે નક્કી થવા દેવામાં આવે છે. વિદેશી ચલણની માંગ અને પુરવઠામાં આવતા પરિવર્તનો સાથે વિનિમયનો દર બદલાય છે અને તેના દ્વારા દેશના લેણદેણના સરવૈયામાં આપોઆપ સમતુલા જળવાઈ રહે છે.

→ આ વ્યવસ્થામાં કોઈ ચોક્કસ વિનિમય દર જાળવવાની દેશની મધ્યસ્થ બેંકની જવાબદારી નહી હોવાથી તે આંતરિક આર્થિક નીતિ દેશની વિકાસની જરૂરિયાત મુજબ સ્વતંત્ર રીતે ઘડી શકે છે.

→ પરિવર્તનશીલ વિનિમય દરમાં આપોઆપ સમતુલા જળવાતી હોવાથી સરવૈયાની ખાદ્ય પૂરવા આંતરરાષ્ટ્રીય અનામતો રાખવાની કોઈ જરૂર પડતી નથી.

★ <u>**પરિવર્તનશીલ વિનિમયદરનું સ્વરૂપ :**</u>

→ પરિવર્તનશીલ વિનિમયદરના બે સ્વરૂપ છે -

(1) સંપૂર્ણ પરિવર્તનશીલ વિનિમય દર

(2) મર્યાદિત પરિવર્તનશીલ વિનિમય દર

**(1) <u>સંપૂર્ણ પરિવર્તનશીલ વિનિમય દર :</u>**

- સંપૂર્ણ પરિવર્તનશીલ વિનિમયદર હેઠળ વિનિમયદરને મુક્તપણે માંગ અને પુરવઠાંના પરિબળો પર છોડી દેવામાં આવે છે.

- આ પદ્ધતિમાં દેશની સરકાર અથવા મધ્યસ્થ બેંકના હસ્તક્ષેપને કોઈ અવકાશ હોતો નથી.

- આ પદ્ધતિમાં મધ્યસ્થ બેંક હૂંડિયામણનો કોઈ સત્તાવાર દર જાહેર કરતી નથી, જેને ટકાવી રાખવા તેને ચોક્કસ પ્રયાસ કરવો પડે.

**(2) <u>મર્યાદિત પરિવર્તનશીલ વિનિમય દર :</u>**

→ મર્યાદિત પરિવર્તનશીલ વિનિમય દર હેઠળ વિનિમય દરમાં 4 થી 5 ટકા જેટલો વધારો અથવા ઘટાડો કરી શકાય તેવી છૂટ આપવામાં આવે છે. આ મર્યાદાની અંદર વિનિમય દર વધઘટ પામતો હોઈ તેને **"મર્યાદિત પરિવર્તનશીલ વિનિમય દર નીતિ"** કહેવાય છે.

→ વિશ્વના મોટા ભાગના દેશોએ પણ હૂંડિયામણના દરને પ્રમાણમાં સ્થિર રાખતી, મર્યાદિત પરિવર્તનશીલ વિનિમય દરની નીતિ 1974 થી અમલમાં મૂકી છે.

→ વિશ્વમાં જુદા-જુદા દેશોમાં મર્યાદિત પરિવર્તનશીલતા ના ધોરણો અલગ-અલગ હોય છે. કેટલાંક દેશોએ ચોક્કસ ચલણના સંદર્ભમાં મર્યાદિત પરિવર્તનશીલતા અપનાવી છે. દા.ત. સાઉદી અરેબિયા એ ડોલરના સંદર્ભમાં તેના ચલણના મૂલ્યમાં 7.25 ટકા વધઘટ થવા દેવાની નીતિ અપવાની છે.

★ <u>**પરિવર્તનશીલ વિનિમય દરની નીતિના ફાયદા :**</u>

→ લેણદેણની તુલાની અસમતુલા વિનિમય દરના ફેરફાર દ્વારા આપોઆપ દૂર થાય છે.

→ આંતરિક ઉદ્દેશો સિદ્ધ કરવા સ્વતંત્ર નાણાકીય અને રાજકોષીય નીતિ ઘડી શકે છે.

→ વિનિમય અંકુશોની જરૂર પડતી નથી.

→ અનામતો રાખવાની જરૂર રહેતી નથી.

→ ઘરેલું અર્થતંત્રને વિદેશોમાં સર્જાતી આર્થિક ઊથલપાથલો સામે સંરક્ષણ મળે છે.

→ આંતરરાષ્ટ્રીય વેપાર મહત્તમ, મુક્ત અને સરળ બને છે.

★ <u>**પરિવર્તનશીલ વિનિમય દરની નીતિના ગેરફાયદા :**</u>

→ લાંબાગાળાના વિદેશી રોકાણ પર વિપરીત અસર પડે છે.

→ વિનિમય દર સતત બદલાતો હોવાથી આંતરરાષ્ટ્રીય વેપારમાં અનિશ્ચિતતા પ્રવેશે છે.

→ આયાત-નિકાસ વેપાર પર વિપરીત અસર પડે છે.

→ વિદેશી હૂંડિયામણની સટ્ટાખોરીને ઉત્તેજન આપે છે.

→ મૂડીની આંતરરાષ્ટ્રીય હેરફેર નિરુત્સાહ થાય છે.

→ વેપારની શરતો અનુકૂળ બનાવવાનું શસ્ત્ર ઝુંટવાઈ જશે.

★ <u>**ફોરવર્ડ હૂંડિયામણ બજાર :**</u>

→ વિદેશી ચલણનાં બે પ્રકારનાં બજાર છે –

(1) હાજર બજાર (Spot Market)

(2) વાયદા બજાર (Forward Market)

→ હાજર બજાર જેમાં હાજરના સોદા થાય છે. હાજર બજારના પ્રવર્તમાન વિનિમય દરને **"હાજર દર"** (Spot rate of Exchange) કહેવાય છે. વાયદા બજાર જેમાં વાયદાના સોદા થાય છે. વાયદા બજારના પ્રવર્તમાન વિનિમય દરને **"વાયદા દર"** ( Forward rate of Exchange) કહેવાય છે.

→ હાજર દર (spot rate) અને વાયદા દર (Forward rate) વ્યાજદર દ્વારા પરસ્પર સંકળાયેલા છે. એટલે કે હાજર વિનિમયદર અને વાયદા વિનિમય દર વચ્ચેનો તફાવત વ્યાજદર પર આધારિત હોય છે. આ તફાવત વ્યાજદર જેટલો હોય તો હાજર દર અને વાયદા દર સમતુલા પ્રાપ્ત કરે છે.

→ હાજર બજાર (Spot Market) માં વિદેશી ચલણની ખરીદી અને વેચાણ હાજરમાં on the spot થાય છે. વેચાણકર્તા એક કે બે દિવસમાં જ વિદેશી ચલણની ડિલીવરી કરે છે અને ગ્રાહક તરત એની કિંમત ચૂકવે છે.

→ વાયદા બજાર (Forward Market) માં વેચાણકર્તા અને ગ્રાહક વિદેશી ચલણની કોઈ એક કિંમત મંજૂર કરે છે અને આ કિંમતે ભવિષ્યમાં કોઈ એક ચોક્કસ સમયે ગ્રાહક વિદેશી ચલણનો અમુક જથ્થો ખરીદવાનો અને વેચાણકર્તા વેચવાનો કરાર કરે છે. સામાન્ય રીતે આ કરાર 3 મહિનાની એટલે કે 90 દિવસની મુદ્દતનો હોય છે.

→ વાયદા બજારના વ્યવહારો દ્વારા નિકાસકારો અને આયાતકારો બંને વિનિમયદરના ફેરફારોનાં જોખમો સામે રક્ષણ મેળવે છે.

→ વાયદા દર હાજર દરથી જુદો હોઈ શકે. ધારો કે, હાજર દર 1 ડોલર = 60 રૂ. છે. જો વાયદા દર 1 ડોલર = 65 રૂ. હોય તો ડોલર પર પ્રીમીયમ છે એમ કહેવાય. જો હાજર દર વાયદા દરથી ઊંચો હોય તો ડોલરમાં ડિસ્કાઉન્ટ છે એમ કહેવાય. દા.ત. હાજર દર 1 ડોલર = 60 રૂ. અને વાયદા દર 1 ડોલર = 55 રૂ. હોય.

→ વાયદાર દર હાજર દરના સંદર્ભમાં જ નક્કી થતો હોય છે.

★★★★★

## <u>પ્રકરણ-9</u> <u>વેપાર નીતિ</u>

### ★ <u>વેપારનીતિનો અર્થ</u>

→ વિદેશ વેપાર આર્થિક વિકાસને પ્રોત્સાહન આપે છે અને આર્થિક વિકાસ વિદેશ વેપારને પુષ્ટિ આપે છે. આમ, વિદેશવેપાર અને આર્થિક વિકાસ વચ્ચે દ્વિમાર્ગી સંબંધ છે. વિદેશવેપાર દ્વારા કોઈપણ દેશ ઓછા ભાવે ઊંચી ગુણવત્તાની વસ્તુ અને સેવાઓ મેળવી શકે છે અને પોતે ઉત્પન્ન કરેલી ચીજવસ્તુઓ અને સેવાઓ વિશ્વના વિશાળ બજારોમાં ઊંચા ભાવે વેચી શકે છે.

→ ભારતની લેણદેણની તુલા શરૂઆતથી જ ખાદ્યમાં રહી છે. એટલું જ નહિ, લેણદેણની તુલાની ખાદ્ય સતત વધતી રહી છે. લેણદેણની તુલાની ખાદ્યમાં સૌથી મોટો ફાળો ભારતની વેપારતુલાની ખાદ્યનો છે.

→ વેપારતુલાની ખાદ્યના પરિણામે –

(1) વિદેશી ચલણની અનામત ઘટી છે.

(2) વિદેશી દેવું વધ્યું છે.

(3) લેણદેણના સરવૈયામાં ખાદ્ય ઉદ્ભવી છે.

→ વેપારતુલાની અસમતુલા નિવારવા માટે અનેક ઉપાયો ઉપલબ્ધ છે.

(1) વેપારનીતિ

(2) વિદેશી સીધું મૂડીરોકાણ

(3) વિદેશી લોન

(4) NRI ભારતીયો તરફથી મળતી ડિપોઝીટ

(5) વિદેશી મદદ

(6) પરદેશમાં કામ કરતા ભારતીય નાગરિકોની કમાણીનો આંતરપ્રવાહ

→ ભારતે વેપારતુલાની સમસ્યા નિવારવા માટે વેપારનીતિ અને વિદેશી સીધું મૂડીરોકાણ આ બે ઉપયોનો આશ્રય લીધો છે. કારણકે અન્ય ઉપાયો વેપારતુલાની ખાદ્ય નિવારવા ભરોસાપાત્ર નથી.

→ વેપારનીતિ એટલે દેશની આયાતો અને નિકાસો અંગેની નીતિ. વસ્તુઓ અને સેવાઓની આયાતો અને નિકાસોને પ્રોત્સાહિત કરવાની કે અવરોધવાની સત્તા દરેક સાર્વભૌમ દેશની સરકાર પાસે છે. દેશના બાહ્ય આર્થિક સંબંધોનું નિયમન કરતાં બધાં પગલાંઓનો સમાવેશ વેપારનીતિમાં થાય છે.

→ બીજા શબ્દોમાં કહીએ તો નિકાસનીતિ એટલે નિકાસનું પ્રમાણ, માળખું તથા દિશાને નિયંત્રિત કરવા માટે

લેવાતાં પગલાં અને આયાતનીતિ એટલે આયાતનું પ્રમાણ, માળખું તથા દિશાને નિયંત્રિત કરવા માટે લેવાતાં પગલાં.

★ **<u>ભારતની આયાત-નિકાસ નીતિ (India's Exim Policy)</u>**

➔ કોઈપણ દેશની એક્ઝિમ નીતિ એટલે કે આયાત અને નિકાસ અંગેની નીતિ આયાત તથા નિકાસ માટેના નિયમો અને નિયંત્રણો ઘડે છે. આ નીતિ **"વિદેશ વેપાર નીતિ"** તરીકે પણ ઓળખાય છે.

➔ એક્ઝિમ નીતિ સરકારની નિકાસો ને પ્રોત્સાહન આપવાની અને આયાતોને નિયંત્રિત કરવાની કેવી નીતિ અને વ્યૂહરચના રહેશે તેનો ખ્યાલ આપે છે.

➔ આયાત અને નિકાસને નિશ્ચિત દિશામાં લઈ જવા સરકારે આયાત અને નિકાસ માટેના ચોક્કસ નિયમો અને નિયંત્રણો મૂકવા જરૂરી છે. ભારત જેવા વિકસતા દેશમાં મૂડી વસ્તુ, અદ્યતન ટેકનોલોજી તથા વિકાસજન્ય આયાતોની ચુકવણીને પહોંચી વળવા નિકાસોની વૃદ્ધિ અનિવાર્ય છે.

➔ આયાતોના પ્રમાણમાં નિકાસોના વધે તો વિદેશી દેવું વધી જાય છે. જે આવકાર્ય નથી. દેશની લેણદેણની તુલામાં સમતુલા જાળવવા અને દેશના ચલણના બાહ્ય મૂલ્યમાં સ્થિરતા જાળવવા, આયાત અને નિકાસ અંગેની યોગ્ય વ્યૂહરચના અમલમાં મૂકવા એક્ઝિમ નીતિ જરૂરી છે.

★ **<u>ભારતની વિદેશ વેપાર નીતિ 2015-20 (India's Exim Policy of 2015-20)</u>**

➔ કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ રાજ્યમંત્રી શ્રીમતી નિર્મલા સીતારામણે 1 એપ્રિલ, 2015ના રોજ નવી વિદેશ વેપાર અંગેની Exim નીતિ જાહેર કરી છે. જેનો સમયગાળો 1 એપ્રિલ, 2015 થી 31 માર્ચ, 2020 સુધીનો છે.

➔ નવી એક્ઝિમ નીતિનો મુખ્ય હેતુ નિકાસ ઘટાડાના વલણોને રોકવાનો અને વૈશ્વિક મંદીથી અસર પામેલા તમામ ક્ષેત્રો ને વધારાનો ટેકો પૂરો પાડવાનો છે. આ નીતિમાં EOU (Export Oriented units) માટે વિવિધ પ્રોત્સાહનો જાહેર કરાયા છે. આ નીતિમાં વિદેશ વેપાર સરળ બનાવવા અને નિકાસ સાથે સંકળાયેલ ઈન્ફ્રાસ્ટ્રકચર ના સુધારાને મહત્ત્વ અપાયું છે.

➔ આ નવી વિદેશ વેપાર નીતિમાં વસ્તુઓ અને સેવાઓનું નિકાસ વધારવાની સાથે-સાથે રોજગાર સૃજન કરવાનું અને વડાપ્રધાનના **"મેક ઈન ઈન્ડિયા"**, **"ડિજિટલ ઈન્ડિયા"** અને **"સ્કીલ્સ ઈન્ડિયા"** વિઝનને ધ્યાનમાં રાખતા દેશમાં મૂલ્યવૃદ્ધિ ને નવી ગતિ પ્રદાન કરવાની રૂપરેખાની ચર્ચા કરવામાં આવી છે.

➔ ભારતનું નિકાસ અને સેવા આંતરરાષ્ટ્રીય સ્તર ઉપર પ્રતિસ્પર્ધી તરીકે થાય. આ માટે ગુણવત્તા અને માપદંડ તથા જીરો ડિફેક્ટ (Zero defact) વાળા ઉત્પાદો ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. એટલે કે **"બ્રાંડ ઈન્ડિયા"** ને ગુણવત્તા અને માપદંડનું સમાનાર્થી બનાવવામાં આવ્યું છે.

★ **<u>વિદેશ વેપાર નીતિની પ્રમુખ વિશેષતાઓ :</u>**

➔ નવી વિદેશ વેપાર નીતિની પ્રમુખ વિશેષતાઓ નીચે મુજબ છે.

\- વર્ષ-2020 સુધી વસ્તુ અને સેવા નિકાસનું લક્ષ્ય 900 અબજ ડોલરનું રાખવામાં આવ્યું છે.

➔ વિશ્વ નિકાસમાં ભારતની ભાગીદારી હાલની 2 ટકા થી વધારીને 3.5 ટકા સુધી જવાનું લક્ષ્ય નિર્ધારિત કરવામાં આવ્યું છે.

➔ ભારતના નિકાસની વૃદ્ધિ માટે બે નવી સ્કીમની શરૂઆત કરવામાં આવી છે.

(1) ભારતથી વસ્તુ નિકાસ સ્કીમ (Merchandise Exports from India Scheme - MEIS)

(2) ભારતથી સેવા નિકાસ સ્કીમ (Service Exports from India Scheme - SEIS)

➔ વસ્તુ નિકાસને પ્રોત્સાહન આપવાવાળી પહેલાંની પાંચ યોજનાઓનું વિલય MEIS માં કરી દેવામાં આવ્યું છે. આ પાંચ યોજનાઓ નીચે મુજબ છે.

(1) ફોક્સ પ્રોડ્કટ સ્કીમ

(2) માર્કેટ લિંકડ ફોક્સ પ્રોડક્ટ સ્કીમ

(3) ફોક્સ માર્કેટ સ્કીમ

(4) એગ્રીકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રકચર ઈન્સેટિવ સ્કીમ

(5) વિશેષ કૃષિ ગ્રામીણ ઉદ્યોગ યોજના

\- પહેલાંની સર્વ ફોમ ઈન્ડિયા સ્કીમની જગ્યાએ SEIS સ્કીમ અમલમાં મૂકાઈ છે.

\- MEIS નો ઉદ્દેશ વિશેષ બજારોને વિશેષ વસ્તુઓનું નિકાસ કરવાનું છે, જ્યારે SEIS નો ઉદ્દેશ અધિસૂચિત સેવાઓનું નિકાસ વધારવાનું છે. આ યોજનાઓ હેઠળ રજૂ કરવામાં આવતી કોઈપણ સ્ક્રિપ (પાવતી પત્ર) માટે કોઈ શરત મૂકવામાં આવી નથી.

- MEIS અને SEIS હેઠળ રજૂ કરવામાં આવતી **"ડ્યૂટી ક્રેડિટ સ્ક્રિપ"** અને **"ઈન સ્ક્રિપ"** ની અવેજમાં આયાત કરવામાં આવતી વસ્તુઓ સંપૂર્ણ રીતે હસ્તાંતરણ યોગ્ય છે.
- MEIS હેઠળ ઈનામ આપવા માટે દેશોને ત્રણ સમૂહોમાં શ્રેણીબદ્ધ કરવામાં આવ્યા છે. આની હેઠળ ઈનામની દરો 2% થી લઈને 5% કરવામાં આવી છે જે પહેલાં 2% થી 7% સુધી હતી.
- SEIS હેઠળ પસંદગી પામેલ સેવાઓને 3% થી 5% ની દરે પુરસ્કૃત કરવામાં આવશે. જે પહેલાં 5% થી 10% સુધી હતી.
- ફક્ત ભારત સ્થિત સેવા પ્રદાતાઓને જ લાભ મળી શકશે.
- નવી વિદેશ વેપાર નીતિમાં **"વેપારને સુવિધાજનક બનાવવા"** અને **"કારોબાર કરવા માટે વધુ સરળતા સુનિશ્ચિત કરવા"** પર વધુ ભાર આપવામાં આવ્યો છે.
- નવી વિદેશવેપાર નીતિ (FTP) નો એક પ્રમુખ ઉદ્દેશ સપ્તાહના સાતો દિવસ 24 કલાક **"કાગજ રહિત કામકાજ"** જેવું સરહાનીય પગલું ભરવાનું છે.
- ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે અને રોજગાર સૃજનમાં નાના અને મધ્યમ કદના ઉદ્યોગોની વિશેષતાને ધ્યાનમાં રાખતા **"MSME ક્લસ્ટર"** 108ની ઓળખ કરવામાં આવી છે, જેથી નિકાસને નવી ગતિ પ્રદાન કરી શકાય.
- નવી વેપાર નીતિ 2015-2020 હેઠળ ભવિષ્યમાં **"મુક્ત વેપાર કરાર"** (FTA) કરવામાં હાઈ વેલ્યુ-એડિશન પ્રોડક્ટ ઉપર ફોક્સ રાખવામાં આવશે.
- ટ્રાંજેકશન કિંમતને ઓછી કરવા માટે 21 વિભાગોને નોમિનેટ કરવામાં આવ્યાં છે, જે નિકાસ સંબંધી પ્રક્રિયાને સરળ બનાવશે.
- રાજ્યોને નિકાસની રણનીતિ બનાવવામાં કેન્દ્ર સરકાર તરફથી મદદ આપવામાં આવશે. આ ઉપરાંત એક **"કાઉન્સિલ ફોર ટ્રેડ પ્રમોશન એન્ડ ડેવલોપમેન્ટ"** પણ બનાવવામાં આવશે, જેમાં રાજ્યોની ભાગીદારી રહેશે.
- વિદેશ વેપાર નીતિની દર વર્ષની સમીક્ષાની જગ્યાએ હવે અઢી વર્ષમાં સમીક્ષા કરવામાં આવશે.
- **"આયાત મૂલ્યાંકન વ્યવસ્થા"** (Import appraisal Mechansim) ની અવધારણાની શરૂઆત કરવામાં આવી છે જેને વાણિજ્ય મંત્રાલય દ્વારા પ્રત્યેક તિમાહી (ત્રણ માસ) પર સમીક્ષા કરશે.
- ઈ કોમર્સ (e-commerce) હેઠળ પ્રતિ કંસાઈનમેંટ 25,000 રૂપિયાના નિકાસ પર વિદેશ વેપાર નીતિના લાભ મળશે.
- સંરક્ષણ, ફાર્મા અને પર્યાવરણ અનુકૂળ પ્રોડક્ટ નિકાસકારો ને કર રાહત પ્રદાન કરવામાં આવશે.
- સંરક્ષણ, સૈન્ય ભંડાર, એરોસ્પેસ અને પરમાણુ ઊર્જાથી સંબધિત વસ્તુઓ માટે નિકાસની મર્યાદા 18 મહિનાથી વધારી 24 મહિના કરાઈ છે.

★ **<u>બૌદ્ધિક સંપદા અધિકાર</u>**

- વિશ્વની બહુમુખી વેપાર વ્યવસ્થામાં બૌદ્ધિક સંપત્તિ (સંપદા) ના અધિકાર (Intellectural Property Rights) નો સમાવેશ સૌપ્રથમ 1986-94 દરમિયાન થયેલી વિશ્વ વેપાર સંગઠન (WTO) ની ઉરૂગ્વે મંત્રણામાં થયો હતો.
- બહુદેશીય વેપારી મંત્રણાનું આઠમું અને અંતિમ વર્તુળ (રાઉન્ડ), જે **"ઉરૂગ્વે વર્તુળ"** (ઉરૂગ્વે રાઉન્ડ) તરીકે ઓળખાય છે. જે ઉરૂગ્વે ના પાટનગર પેન્ટા ડેલ એસ્ટેટ (Punta Del Estate) માં યોજાયું હતું.
- ઉરૂગ્વે મંત્રણા ત્રણ મુખ્ય મુદ્દાઓ પર કેન્દ્રિત હતી, તે મુદ્દાઓ આ પ્રમાણે હતા –

(1) કૃષિ વિષયક ચીજવસ્તુઓનો વેપાર (Trade in Agricultural Commodities)

(2) મૂડીરોકાણને લગતા પગલાંઓ સાથે સંકળાયેલો વેપાર (Trade Related Investment Measures - TRIMS)

(3) બૌદ્ધિક સંપત્તિનાં અધિકારો સાથે સંકળાયેલા વેપાર (Trade Related Intelectual Property Rights - TRIPS)

- આમ, બૌદ્ધિક સંપત્તિનાં અધિકારો અંગેના કરાર ને **"ટ્રેડ રિલેટેડ આસ્પેક્ટસ ઓફ ઈન્ટલેકચ્યુઅલ પ્રોપર્ટી રાઈટ્સ"** (Trade Related Intellectual Property Rights-TRIPS) ટૂંકમાં **"ટ્રીપ્સ"** (TRIPS) કહેવામાં આવે છે.

→ ટ્રીપ્સ (TRIPS) ના કરાર મુજબ વિશ્વવેપાર સંગઠન (WTO) ના તમામ સભ્ય દેશો બૌદ્ધિક સંપત્તિનું રક્ષણ કરવા બંધાયેલ છે.

→ આ કરારમાં વિવિધ પ્રકારની બૌદ્ધિક સંપત્તિનો સમાવેશ થાય છે જેમકે-

(1) પેટન્ટ (2) કોપીરાઈટ (3) ટ્રેડમાર્ક (4) ડિઝાઈન (5) છોડ (6) બિયારણ વગેરે

→ આ બૌદ્ધિક સંપત્તિનો હક્ક સુરક્ષિત રાખવાનું અને સેવાની જેમ આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય જોગવાઈ રાખવાનું પણ આ કરારમાં સ્વીકારવામાં આવ્યું છે.

(1) **પેટન્ટ :** જે ટેકનોલોજિકલ સંશોધન કરનાર કંપનીને બજારમાં વેચાણનો એકાધિકાર આપે છે.

(2) **ટ્રેડમાર્ક :** જે કંપનીના અથવા પેદાશના વિશિષ્ટ નામ કે પ્રતીકનો પર્યાય છે.

(3) **કોપીરાઈટ :** જેને કલાત્મક અને સર્જનાત્મક સંપત્તિઓ સાથે નિસ્બત છે.

→ ટ્રીપ્સ (TRIPS) સ્વીકારનાર સભ્ય દેશોએ બૌદ્ધિક સંપત્તિના રક્ષણ માટે કાયદા ઘડવા પડે છે અને કાયદાનો અમલ કરવા માટે ન્યાયતંત્ર તેમ જ વહીવટીતંત્રમાં જોગવાઈઓ કરવી પડે છે. કે જેથી કોઈપણ વિદેશી અથવા દેશી કંપની, સંસ્થા કે વ્યક્તિના બૌદ્ધિક અધિકાર પર જ્યારે તરાપ મારે ત્યારે તે તરત ન્યાય માંગી અને મેળવી શકે.

→ જો કોઈ સભ્ય દેશ બૌદ્ધિક સંપત્તિના અધિકારના રક્ષણ માટે પૂરતી વ્યવસ્થા અને જોગવાઈઓ ન કરે તો અન્ય સભ્ય દેશો વિશ્વ વેપાર સંગઠન (WTO) માં એના વિરુદ્ધ ફરિયાદ કરી શકે છે અને વિશ્વ વેપાર સંગઠન કસૂરવાર સભ્ય દેશ વિરુદ્ધ પગલાં લઈ શકે છે.

→ વિશ્વ વેપાર સંગઠને (WTO) બૌદ્ધિક સંપત્તિના અધિકારોના સંચાલન માટે એક મહત્ત્વપૂર્ણ સમિતિ બનાવી છે જે **"બૌદ્ધિક સંપત્તિના અધિકારો સાથે સંકળાયેલી વેપાર પરિષદ"** (Council for Trade Related aspects of Intellectural Property Rights) તરીકે ઓળખાય છે.

★ **ભારતે કરેલી બૌદ્ધિક સંપત્તિ અધિકારના સંરક્ષણની વ્યવસ્થા :**

→ ભારતે વેપાર સંબંધ બૌદ્ધિક સંપત્તિ અધિકારમાં પેટન્ટ અને કોપીરાઈટ સંરક્ષણની વ્યવસ્થા કરી છે. આ સંદર્ભમાં અમેરિકા અને યૂરોપીય સંઘના દેશોએ વિશ્વ વેપાર સંગઠન (WTO) ના **"તકરાર પતાવટ પેનલ"** (Dispute Settlement Body - DSB) માં ભારતની વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે ભારતે પોતાના પેટન્ટ એક્ટમાં યોગ્ય પરિવર્તન કર્યા નથી.

→ આ સંબંધમાં પોતાની વચનબદ્ધતા પૂરી કરવા માટે ભારત સરકારે સંસદમાં પેટન્ટ (સુધારો) પ્રસ્તુત કર્યો. જેને માર્ચ, 1999 માં સંસદની સ્વીકૃતિ મળી. આના પછી બીજો સુધારો મે, 2002માં અને ત્રીજો સુધારો 27 ડિસેમ્બર, 2004ના રોજ કરવામાં આવ્યો.

→ 27 ડિસેમ્બર, 2004ના રોજ ભારત સરકારે વટહુકમ દ્વારા 1970ના ઈન્ડિયન પેટન્ટ એક્ટમાં સુધારા વધારા કર્યા છે. એનો હેતુ ઈન્ડિયન પેટન્ટ એક્ટને વિશ્વ વેપાર સંસ્થાના સભ્ય દેશો વચ્ચે થયેલા ટ્રીપ્સ કરારને અનુરૂપ કરવાનો છે.

→ 1 જાન્યુઆરી, 2005 થી પ્રોસેસ પેટન્ટ પ્રથા નાબૂદ કરીને પ્રોડ્કટ પેટન્ટ પ્રથા અમલમાં મૂકવામાં આવી છે. અગાઉની પ્રોસેસ પેટન્ટ પ્રથામાં ઈજારાહક કરતાં ઉપભોક્તાઓના કલ્યાણને વધુ મહત્તા આપવામાં આવી હતી. 1.1.2005 થી અમલમાં આવતી પ્રોડક્ટ પેટન્ટ પ્રથા હેઠળ ભારતની કંપનીઓ પેટન્ટ દ્વારા સુરક્ષિત અદ્યતન વસ્તુઓનું ઉત્પાદન અને વેચાણ કરી શકશે નહિ.

→ કમ્પલસરી લાઈસન્સિંગ પ્રથા રદ કરવામાં આવી છે. અગાઉ ભારતમાં પેટન્ટ અધિકારોનું નિયંત્રણ કરતી સત્તા પેટન્ટ ધરાવતી કંપની સિવાયની અન્ય કંપનીઓને, લોકકલ્યાણ ને અનુલક્ષીને, પોતાને યોગ્ય લાગે એ શરતોએ પેટન્ટયુક્ત પેદાશનું ઉત્પાદન અને વેચાણ કરવાનો પરવાનો આપી શકતી હતી. હવે એવું કરી શકાશે નહિ.

→ આમ, પેટન્ટ (સુધારો) એક્ટ, 2005ના પાસ થવા પર હવે વસ્તુ પેટન્ટ પ્રતા (પ્રોડક્ટ પેટન્ટ પ્રથા) અમલમાં મૂકવામાં આવી છે.

→ જ્યાં સુધી કોપીરાઈટ અને સંબંધિત અધિકારોનો સવાલ છે, ભારતનો 1919માં અપનાવવામાં આવેલ કોપીરાઈટ એક્ટ ભારતના હિતોની સલામતી કરે છે અને ટ્રીપ્સ (TRIPS) ની જરૂરિયાતોને પણ પૂરો કરે છે.

→ ટ્રેડમાર્ક ક્ષેત્રમાં આપણો **"Trade and Merchandise Act, 1958"** આંતરરાષ્ટ્રીય કાયદાના અનુરૂપ છે. ડિસેમ્બર, 1999માં પાસ કરેલ ખરડા દ્વારા હવે સેવા માર્ક પ્રદાન કરવાની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

★ **સંયુક્ત સાહસો (Joint Ventures) :**

→ સામાજિક, આર્થિક અને વ્યક્તિગત જરૂરિયાત મુજબ ધંધાકીય વ્યવસ્થાના જુદાં-જુદાં સ્વરૂપો વિકાસ પામ્યા છે. તેમાં નીચેના ચાર સ્વરૂપો સમાવી શકાય.

(1) ખાનગી સાહસ

(2) જાહેર સાહસ

(3) સહકારી સાહસ

(4) સંયુક્ત સાહસ

**(1) <u>ખાનગી સાહસ</u> :**

- ખાનગી સાહસનાં ત્રણ પેટા સ્વરૂપો છે –

(અ) વ્યક્તિગત માલિકીની પેઢી

(બ) ભાગીદારી પેઢી

(ક) સંયુક્ત મૂડી કંપની

**(અ) <u>વ્યક્તિગત માલિકીની પેઢી</u> :**

→ વ્યક્તિગત માલિકીની પેઢીમાં કોઈ એક વ્યક્તિ ધંધાનું સંચાલન કરે છે. ધંધામાં પોતાની મૂડી રોકે છે. ધંધામાંથી પ્રાપ્ત થતો નફો માલિકને જ મળે છે અને નુકસાનની જવાબદારી પણ તેની જ રહે છે. આમ, ખાનગી માલિકીની પેઢીમાં કોઈ એક વ્યક્તિ ધંધા અંગે સર્વોચ્ચ સત્તા ધરાવે છે અને જરૂરી બધા નિર્ણલો લે છે.

**(બ) <u>ભાગીદારી પેઢી</u> :**

→ વ્યક્તિગત માલિકીની પેઢીની મૂડી અને સંચાલન શક્તિની મર્યાદાઓએ ભાગીદારી સ્વરૂપને જન્મ આપ્યો છે.

→ ભાગીદારી કાયદા મુજબ, **"ભાગીદારી એ એવી વ્યક્તિઓ વચ્ચેનો સંબંધ છે કે જેઓ બધા દ્વારા અથવા બધા વતી તેમનામાંની કોઈપણ વ્યક્તિ દ્વારા ચલાવાતા ધંધાનો નફો વહેંચવા સંમત થયા હોય."**

→ આમ, કરાર કરવાને લાયક હોય તેવી બે કે વધારે વ્યક્તિઓ નફો કમાવાના આશયથી કાયદેસરનો ધંધો કરે ત્યારે આવી વ્યવસ્થા ભાગીદારી કહેવાય.

→ જે વ્યક્તિઓ ભાગીદારીમાં જોડાઈ હોય તેઓ વ્યક્તિગત રીતે **"ભાગીદાર"** (Partner) કહેવાય અને આવી વ્યક્તિઓ દ્વારા સંયુક્ત રીતે ચલાવાતા ધંધાને **"ભાગીદારી પેઢી"** (Parntership Firm) કહેવાય.

**(ક) <u>સંયુક્ત મૂડી કંપની</u> :**

→ સંયુક્ત હિસ્સાવાળી કંપની (Joint stock Company) એ વ્યક્તિઓનો સમૂહ છે, જેનો હેતુ કોઈક પ્રકરનો ધંધો કરી નફો કમાવાનો છે. ઔદ્યોગિક ક્રાંતિના પરિણામથી મોટા પાયે ધંધો કરવા માટે વ્યક્તિગત પેઢી અને ભાગીદારી પેઢીની મર્યાદાઓને અનુલક્ષીને કંપની સ્વરૂપ અસ્તિત્વમાં આવ્યું છે.

→ કંપનીની મૂડીને **"શેરમૂડી"** (Share Capital) કહેવાય છે, જેને ફેરબદલી કરી શકાય તેવા નાના નાના સ્વરૂપમાં વિભાજિત કરવામાં આવે છે. આવા દરેક વિભાજિત એકમને **"શેર"** (Share) કહેવાય છે.

→ કંપની પોતાની મૂડી ઉભી કરવા કાયદા પ્રમાણેની જરૂરિયાત મુજબ વિજ્ઞાપનપત્ર બહાર પાડીને લોકોને તેના શેર ખરીદવા આમંત્રણ આપે છે. જે લોકો કંપનીના શેર ખરીદે છે, તે કંપનીના સભ્ય એટલે કે **"શેરહોલ્ડર"** (Share holder) કહેવાય છે.

→ કંપનીને પોતાનું અલગ અસ્તિત્વ કાયદા દ્વારા મળેલ છે. કંપનીની સ્થાપના, કંપનીનું સંચાલન અને કંપનીનો અંત પણ કાયદા પ્રમાણે જ થાય છે. કંપનીનો વહીવટ સંચાલક મંડળ (બોર્ડ ઓફ ડિરેક્ટર્સ) દ્વારા કરવામાં આવે છે, જેની નિમણૂંક શેરહોલ્ડર દ્વારા થતી હોય છે. આ બોર્ડના સભ્યો સમગ્ર કંપનીનું સંચાલન કાયદા મુજબ કરે છે.

**(2) <u>જાહેર સાહસ</u> :**

→ વિશ્વના લગભગ બધા જ દેશોમાં કેટલાંક વેપાર અને ઉદ્યોગના ક્ષેત્રે સરકાર પ્રવેશે છે. ખાસકરીને જ્યાં મોટા મૂડીરોકાણની જરૂરિયાત હોય અને લોકોપયોગી સેવાઓ પૂરી પાડવાની હોય ત્યાં જાહેર સાહસ પ્રવેશે છે.

→ બીજા શબ્દોમાં કહીએ તો જે ઔદ્યોગિક એકમની માલિકી સરકાર (કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકાર)ની હોય, તેને જાહેર ક્ષેત્રનું એકમ કહેવામાં આવે છે.

**(3) <u>સહકારી સાહસ</u> :**

→ ખાનગી માલિકી, ભાગીદારી પેઢી કે સંયુક્ત મૂડી કંપની એ વ્યવસ્થામાં ગ્રાહકો અને તેમાં કામ કરતા કામદારોનું હિત જળવાતું નથી. આ ખામી દૂર કરવા સમાન હેતુઓ માટે સ્વેચ્છાએ ઓછામાં ઓછી અગિયાર વ્યક્તિઓ સાથે મળીને ધંધાકીય વ્યવસ્થા ઊભી કરે તે સહકારી સાહસ કે સહકારી મંડળીઓ કહેવાય છે. દા.ત. ગુજરાતમાં અમૂલ ડેરી, સાગર ડેરી વગેરે દૂધ ઉત્પાદન મંડળીઓ સહકારી મંડળીઓ છે જે દૂધના નાના ઉત્પાદકોને યોગ્ય ભાવ આપી દૂધ મેળવે છે અને ગ્રાહકો ને વાજબી ભાવે સારું દૂધ પૂરું પાડે છે.

(4) **<u>સંયુક્ત સાહસ</u> :**

➔ ખાનગી સાહસ અને જાહેર સાહસ બંનેના લાભ મળે અને ગેરલાભ ઓછા થાય એ માટે સંયુક્ત સાહસનો ખ્યાલ પ્રચલિત બન્યો છે.

➔ સંયુકત સાહસ એટલે ખાનગી સાહસ તેમ જ જાહેર સાહસની સંયુક્ત ભાગીદારી. બીજા શબ્દોમાં કહીએ તો જે ઔદ્યોગિક એકમો પર સરકાર તથા ખાનગી વ્યક્તિઓની સંયુક્ત માલિકી હોય તે **"સંયુક્ત સાહસ"** કહેવાય છે.

➔ સંયુક્ત સાહસમાં સરકારનો હિસ્સો મોટો હોય છે. આવા સાહસમાં ચેરમેનની નિમણૂંક સરકાર દ્વારા કરવામાં આવે છે. મેનેજિંગ ડાયરેકટર (M.D.) ખાનગી ઉદ્યોગમાંથી લેવામાં આવે છે. બોર્ડ ઓફ ડાયરેક્ટર્સ વધુ પ્રમાણમાં સરકાર દ્વારા નિયુક્ત સભ્યો હોય છે.

➔ **<u>સંયુક્ત સાહસના લાભો</u> :**

(i) સંયુક્ત સાહસની સ્થાપનાને કારણે સાધનોની ગતિશીલતા વધે છે.

(ii) ધંધાઓમાં કરવામાં આવતી ગેરરીતિઓ અંકુશમાં રહે છે.

(iii) ઈજારાશાહી અને આર્થિક સત્તાના કેન્દ્રિયકરણને અટકાવવામાં મદદ થાય છે.

(iv) ઉદ્યોગોનો વિકાસ ઝડપી બને છે.

(v) ઉદ્યોગોનું બિનજરૂરી રાષ્ટ્રીયકરણ ટાળી શકાય છે.

★ **<u>બહુરાષ્ટ્રીય એકમો (Multinational Corporations)</u>**

➔ બહુરાષ્ટ્રીય એકમો (Multinational Corporations) એટલે એક કરતાં વધુ રાષ્ટ્રોમાં જેની કામગીરીનો વિસ્તાર થયો હોય તેવી કંપનીઓ. બીજા શબ્દોમાં કહીએ તો જ્યારે એક દેશમાં સ્થપાયેલી કંપની અન્ય દેશોમાં પોતાની શાખા ખોલે ત્યારે બહુરાષ્ટ્રીય કંપની બને છે. આવી કંપની વિદેશમાં જે શાખા ખોલે છે તેનું સંચાલન મુખ્ય ઓફિસેથી કરવામાં આવે છે. છતાં તેના પર બહુમતી કાબૂ પિતૃદેશની મુખ્ય કંપનીનો જ રહે છે.

➔ બહુરાષ્ટ્રીય કંપનીઓ આંતરરાષ્ટ્રીય શ્રમ વિભાજન તથા મૂડીકરણના આંતરરાષ્ટ્રીય એજન્ટો છે. બહુરાષ્ટ્રીય કંપનીની વિકસતા દેશોના અર્થતંત્ર ઉપર પ્રત્યક્ષ અને પરોક્ષ એમ બે પ્રકારની અસરો જોવા મળે છે.

(1) પ્રત્યક્ષ અસરોથી વિદેશમાં આવતી મૂડી, ડિવિડન્ડની તથા રોયલ્ટીની ચુકવણી, ટેકનિકલ ફીની ચુકવણી, વ્યાજની ચુકવણી વગેરે બાબતોનો સમાવેશ થાય છે.

(2) પરોક્ષ અસરોમાં આયાત, નિકાસ, ઉત્પાદન, રોજગારી તેમજ આયાત અવેજીકરણ ઉપર થતી અસરોનો સમાવેશ થાય છે.

➔ બહુરાષ્ટ્રીય કંપનીઓ પાંચ સ્વરૂપની જોવા મળે છે.

(1) સંસ્થાનવાદી કંપનીઓ

(2) સેવા કંપનીઓ

(3) તૈયાર માલ ઉત્પન્ન કરતી કંપનીઓ

(4) જાહેર સેવાઓની કંપનીઓ

(5) સાધન આધારિત કંપનીઓ

★ **<u>બહુરાષ્ટ્રીય કંપનીઓના વિકાસમાં વિદેશી મૂડી અને ટેકનોલોજીની ભૂમિકા</u> :**

➔ બહુરાષ્ટ્રીય કંપનીઓ વિદેશોમાં પરિયોજનાઓની શરૂઆત કરતાં પહેલાં ઘણા મુદ્દાઓને ધ્યાનમાં લે છે, જેમકે (i) આર્થિક જોખમો (ii) રાજકીય જોખમો (iii) ફેરબદલ વિનિમયનો દરના જોખમ (iv) વિદેશી રોકાણોની પરિયોજનાની આવકો પર કર.

➔ જ્યારે બહુરાષ્ટ્રીય કંપનીઓની એક ગૌણ કંપની એક દેશમાં માલની કે સેવાની ફેરબદલી બીજા દેશની ગૌણ કંપનીઓના માલ કે સેવાની કિંમતમાં ફેરફાર થાય તેને કિંમતમાં ફેરબદલી કહેવાય છે. કિંમતની ફેરબદલી પદ્ધતિ દ્વારા બહુરાષ્ટ્રીય કંપનીઓને કરવેરાનો લાભ મળે છે.

➔ ભારતમાં 1950 થી 1990 સુધીમાં માત્ર દેશના ઉદ્યોગો દ્વારા જુદા-જુદા ક્ષેત્રોના વિકાસ માટે જાહેરક્ષેત્રે અને ખાનગીક્ષેત્રે દ્વારા પ્રયાસો કરવામાં આવેલાં, પરંતુ તેમનું અપેક્ષિત પરિણામ પ્રાપ્ત થઈ શક્ય ન હોતું. કારણકે મર્યાદિત મૂડીને પરિણામે મોટાભાગના ક્ષેત્રોમાં આધુનિક ઉત્પાદન પદ્ધતિનો ઉપયોગ થઈ શકતો ન હોતો. આને પરિણામે અર્થતંત્રમાં કદની કરકસરના લાભો પ્રાપ્ત થયા નહિ, તદુપરાંત માત્ર બે કે ચાર કંપનીઓની બજારમાં ઈજારાશાહી જોવા મળતી હતી. ઉત્પાદનના સાધનોનો દુર્વ્યય થતો હતો તથા વસ્તુની ઊંચી કિંમતો લેવામાં આવતી હતી. આથી 1991માં ભારત સરકારે આર્થિક સુધારાઓના કાર્યક્રમ અંતર્ગત નક્કી કર્યું કે વિદેશી કંપનીઓને દેશના ઉદ્યોગોમાં મૂડીરોકાણ કરવા માટે મંજૂરી આપવામાં આવે.

→ ભારતમાં 1991 થી 2016 સુધીમાં જુદા-જુદા મહત્ત્વના માળખાગત ક્ષેત્રો, બેંકિંગ ક્ષેત્ર, વીમો, સંદેશાવ્યવહાર વગેરે અનેકવિધ ઉદ્યોગોમાં બહુરાષ્ટ્રીય કંપનીઓ એ તેમની મૂડીનું રોકાણ કર્યું છે. જેમના દ્વારા લોકોને સુખ સગવડની , મોજશોખની અનેકવિધ વસ્તુઓ પ્રાપ્ત થઈ શકી છે.

→ બહુરાષ્ટ્રીય કંપનીઓની વર્તમાન સંખ્યા લગભગ 40,000 છે અને આ કંપનીઓ વિશ્વભરમાં લગભગ 2,50,000 સહાય કંપનીઓ (Overseas affiliates) ના માધ્યમથી કામ કરે છે.

→ વિશ્વની સૌથી મોટી 100 અર્થવ્યવસ્થાઓ (100 Largest Economics) માં 51 બહુરાષ્ટ્રીય કંપનીઓ છે અને ફક્ત 49 દેશ છે. બહુરાષ્ટ્રીય કંપનીઓના ઉત્પાદન ટેકનીકલ રીતે ઉત્તમ હોય છે અને આમની ગુડવીલ (good Will) વિશ્વમાં ફેલાયેલી હોય છે. આ માટે કંપનીઓ જે પણ વસ્તુઓ બનાવે છે તેને સરળતાથી કોઈપણ દેશમાં વેચી શકે છે.

★ **<u>બહુરાષ્ટ્રીય કંપનીઓના વિકાસના કારણો</u> :**

→ બહુરાષ્ટ્રીય કંપનીઓના વિકાસના કારણો નીચે મુજબ છે –

(1) બજાર સીમાઓનો વિસ્તાર (Expansion of Market Territory)

(2) માર્કેટિંગના ક્ષેત્રમાં શ્રેષ્ઠતા (Superiorities of Marketing)

(3) નાણાકીય શ્રેષ્ઠતા (Financial Superiorities)

(4) ટેકનોલોજીની શ્રેષ્ઠતા (Technological Superiorities)

(5) નવા ઉત્પાદોનો વિકાસ (Product Innovations)

★ **<u>બહુરાષ્ટ્રીય કંપનીઓ - ભારતીય સંદર્ભમાં</u> :**

→ ભારતીય ઉદ્યોગોમાં બહુરાષ્ટ્રીય કંપનીઓની ભાગીદારીનો એક મુખ્ય રૂપ વિદેશી સહકાર (Foreign Collaboration) છે. આ ઉદ્દેશ માટે ભારતીય ઉદ્યોગપતિઓની સાથે સહકારના કરાર કરવામાં આવે છે, જેમાં ટેકનોલોજીના આયાતની વ્યવસ્થા હોય છે. કેટલીક વખત વિદેશી બ્રાંડના નામનો ઉપયોગ કરવાની પરવાનગી આપવામાં આવે છે.

→ ભારતીય કંપનીઓની સાથે વિદેશી કંપનીઓના સહકારનું પ્રમાણ કેટલું વધી રહ્યું છે, તેનો અદાજે ફક્ત આ તથ્યથી લગાવી શકાય છે કે આઝાદી પછી મોટા અને મધ્યમ ઔદ્યોગિક ગ્રુપમાં કેટલા નવા ઉદ્યોગ સ્થાપિત કરવામાં આવ્યા તેમાંથી લગભગ બધામાં કોઈને કોઈ પ્રકારે વિદેશી મૂડીનો સહકાર હાજર રહ્યો છે. પાછલાં કેટલાંક વર્ષોમાં તો સરકારી નીતિ વધુ ઉદાર બનાવતાં વિદેશી મૂડી અને ટેકનોલોજીના સહકારનો જાણે પૂર જ આવી ગયો છે.

★ **<u>બહુરાષ્ટ્રીય કંપનીઓનું મહત્ત્વ</u> :**

→ બહુરાષ્ટ્રીય કંપની એક એવું ધંધાકીય સાહસ છે કે બે કે વધારે દેશોમાં ઉત્પાદીકય અસ્કામતો પર અંકુશ ધરાવે છે. બહુરાષ્ટ્રીય કંપની સામાન્ય રીતે પોતાના અંકુશ નીચેની પેટા શાખાઓમાં એક જ પ્રકારની ધંધાકીય વ્યૂહરચનાઓનો અમલ કરતી હોય છે.

→ બહુરાષ્ટ્રીય કંપનીઓના કદ, ભૌગોલિક વ્યાપ, પ્રવૃત્તિઓનું વૈવિધ્ય, સાધનો પરનો અંકુશ અને નિશ્ચિત ધ્યેયો સિધ્ધ કરવાની શક્તિને લીધે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાં તેમણે અપ્રતિમ સ્થાન પ્રાપ્ત કરી લીધું છે. આને લીધે તેમની અસરો માત્ર આર્થિક ક્ષેત્ર પૂરતી મર્યાદિત ન રહેતાં રાજકીય અને સામાજિક ક્ષેત્રો સુધી પ્રસરી છે.

→ બહુરાષ્ટ્રીય કંપનીઓએ પ્રત્યક્ષ વિદેશી રોકાણ (FDI) ના ક્ષેત્રમાં ઘણો મોટો ફાળો આપ્યો છે. તેમનું કાર્યક્ષેત્ર માત્ર મૂડીરોકાણ પૂરતું મર્યાદિત રહ્યું નથી. સંચાલકીય જ્ઞાન, માહિતીનો પુરવઠો, ટેકનોલોજીનું હસ્તાંતરણ, માર્કેટિંગ સેવાઓ અને તાલીમ પામેલા શ્રમની પ્રાપ્તિ બહુરાષ્ટ્રીય કંપનીઓના અસ્તિત્વને લીધે શક્ય બન્યાં છે.

→ બહુરાષ્ટ્રીય કંપની અન્ય નિક્ષેપો સાથે મૂડી પણ પૂરી પાડે છે ત્યારે તે દેશની આંતરિક સાધનોની તંગીની સમસ્યા તેટલા પ્રમાણમાં ઘટાડે છે. ટેકનીકલ જ્ઞાન અને તાલીમ પામેલા શ્રમના પુરવઠા દ્વારા તે વિકાસના માર્ગના અન્ય અવરોધો પણ દૂર કરે છે. દેશની અન્ય પેઢીઓ માટે તે નવું જાણવાની તકો પૂરી પાડે છે.

→ બહુરાષ્ટ્રીય કંપનીઓએ શરૂઆતમાં ખાણ ઉદ્યોગ અને જાહેર ઉપયોગિતાની સેવાઓનાં ક્ષેત્રોમાં પ્રવેશ કર્યો અને ક્રમશ : ઔદ્યોગિક ઉત્પાદનના ક્ષેત્રો, ઉચ્ચ પ્રકારનું ટેકનીકલ કૌશલ્ય ધરાવતાં ક્ષેત્રોમાં વધુ સક્રિય બની છે. વિકસતા દેશોમાં ઉત્પાદન અને વિતરણ માટે જરૂરી મૂડી, ટેકનોલોજી, સંચાલકીય કૌશલ્ય અને અન્ય સેવાઓ એક

સાથે પેકેજના સ્વરૂપમાં પૂરી પાડવામાં બહુરાષ્ટ્રીય કંપનીઓનો ફાળો ઘણો મહત્ત્વનો ગણાય છે.

★ **બહુરાષ્ટ્રીય કંપની અંગેની ભાવિ નીતિ :**

➔ જો બહુરાષ્ટ્રીય કંપનીઓ દેશની આર્થિક અને સામાજિક પરિસ્થિતિ સાથે સુમેળ સાધવા અને વધુ પ્રમાણમાં મૂડીની બચતો કરી, વધુ શ્રમને તાલીમ આપી રોજગાર પૂરી પાડવા તૈયાર હોય અને સમાજના સામાન્ય વર્ગની વપરાશની વસ્તુ ઉત્પન્ન કરી નીચે ભાવે પૂરી પાડવા તૈયાર હોય તથા નિકાસ બજારો વિકસાવતી હોય તો બહુરાષ્ટ્રીય કંપનીઓ (MNCs) ને વિકસતા દેશોએ આવકાર આપતી નીતિ ઘડવી વિકાસ માટે લાભદાયક છે.

➔ જો દેશને વિદેશી મૂડી કે ટેકનોલોજીનું બીજા દેશ ઉપર અવલંબન ના હોય, કંપની દ્વારા બનતી વસ્તુઓ દેશની સામાન્ય પ્રજાની જરૂરિયાત સંતોષવાને બદલે ધનિક દેશોની પ્રજાની અથવા આ દેશના મર્યાદિત ધનવાનોની જરૂરી વસ્તુ જ બનાવતી હોય, આવી વસ્તુ વિકાસ માટે અનિવાર્ય ના હોય, અને વિદેશની લોન લઈ દેશમાં તેનું ઉત્પાદન કરવું શક્ય અને ફાયદાકારક હોય તો આવી કંપનીઓ અંગે દરેક દેશે પોતાના સંજોગો પ્રમાણે નિયંત્રણ મૂકતી નીતિ ઘડવી જરૂરી છે.

➔ આમ, બહુરાષ્ટ્રીય કંપનીઓ પાસે આધુનિક ટેકનોલોજી અને સંચાલનનું પીઠબળ હોય છે. આથી, દેશની પેઢીઓને અમુક સમયગાળા દરમિયાન યોગ્ય નાણાંકીય અને રાજકોષીય પગલાં દ્વારા રાહતો આપવામાં આવે તો બહુરાષ્ટ્રીય કંપનીઓ સામે ટકવાની તેમની શક્તિ વિકસાવી શકાય છે.

★ **એક્ઝિમ બેંક (Exim Bank) :**

➔ ભારત સરકાર દ્વારા ભારતીય નિકાસ - આયાત બેંક અધિનિયમ - 1981 હેઠળ એક્ઝિમ બેંક (Exim Bank) ની સ્થાપના કરવામાં આવી હતી. ઈ.સ. 1982માં આ બેંકે પોતાનું કામકાજ શરૂ કરી દીધું હતું. વિશ્વની અન્ય નિકાસ ઋણ એજન્સીઓની જેમ એક્ઝિમ બેંકે પણ એક શીર્ષ નિકાસ ઋણ એજન્સીના રૂપે નાણાકીય સહાય પ્રદાન કરવું શરૂ કર્યું.

➔ એક્ઝિમ બેંક પોતાની સમૃદ્ધ પરંપરા ને આગળ વધારતા વર્તમાનમાં પોતાના વિવિધ ઉત્પાદનો અને સેવાઓ દ્વારા મોટા ઉદ્યોગો તથા લઘુ અને મધ્યમ ઉદ્યોગો માટે ગ્રોથ એન્જિનના રૂપે કામ કરી રહ્યો છે. એક્ઝિમ બેંકની સેવાઓમાં ટેકનોલોજી આયાત, નિકાસ લાયક ઉત્પાદનોનો વિકાસ, નિકાસ ઉત્પાદન, નિકાસ માર્કેટિંગ, પ્રી-શિપમેન્ટ પોસ્ટ શિપમેન્ટ અને વિદેશોમાં રોકાણ માટે સહાય વગેરે સેવાઓનો સમાવેશ થાય છે.

➔ એક્ઝિમ બેંક ઝડપથી બદલાતા દ્વિતીય પરિદશ્યમાં એક ઉત્પ્રેરક ના રૂપે કામ કરતાં ભારતના આંતરરાષ્ટ્રીય વેપાર અને રોકાણના સંવર્ધનમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. સાથે-સાથે પોતાની નવોન્મેષી અને દૂરદર્શી કાર્ય સંસ્કૃતિના દ્વારા ભારત માટે ઉપલબ્ધ સંભાવનાઓ અને અવસરોનો લાભ ઉઠાવતા પોતાના ધ્યેયને સાર્થક કરે છે.

➔ ભારતીય નિકાસ આયાત બેંક દેશની શીર્ષ નિકાસ વિત્ત સંસ્થા છે. એવી સંસ્થા જે ભારતના આર્થિક વિકાસની સાથે વિદેશી વેપાર અને રોકાણનું એકીકરણ કરી દેશના વિકાસમાં ફાળો આપે છે. બેંકનું માર્ગદર્શન કરવા માટે નિષ્ણાંતોનું એક બોર્ડ છે, જેમાં વરિષ્ઠ નીતિ નિર્માતા, નિષ્ણાંત બેંકર અને આંતરરાષ્ટ્રીય વેપાર તથા ઉદ્યોગોના મોટા નામ, નિકાસ-આયાત કે તેના વિત્તપોષણ ક્ષેત્રથી જોડાયેલાં પ્રોફેશનલ્સનો સમાવેશ થાય છે.

➔ વર્તમાનમાં આ બોર્ડ ભારત સરકાર દ્વારા નિમણૂંક પામેલાં 13નિર્દેશકો થી મળીને બનાવવામાં આવ્યું છે, જેમાં અધ્યક્ષ અને પ્રબંધ નિર્દેશક (એમ.ડી.) પણ સામેલ છે. આમાં ભારત સરકારના 5 ઉચ્ચ પદાધિકારી, અનુસૂચિત વાણિજ્યિક બેંકોના 3 નિર્દેશક અને 4 ઉદ્યોગ – વેપાર નિષ્ણાંતો સામેલ છે. આના સિવાય ભારતીય રિઝર્વ બેંક (RBI), ભારતીય ઔદ્યોગિક વિકાસ બેંક (IDBI) અને ECGC લિમિટેડ દ્વારા નોમિનેટ 3 નિર્દેશક પણ મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

➔ એક્ઝિમ બેંકના અધ્યક્ષ અને પ્રબંધ નિર્દેશક નીચે મુજબ છે.

| ક્રમ | અધ્યક્ષનું નામ | સમયગાળો |
|---|---|---|
| 1 | શ્રી આર.સી. શાહ | 1982-85 |
| 2 | શ્રી કલ્યાણ બેનરજી | 1985-1993 |
| 3 | સુશ્રી તર્જની વકીલ | 1993-1996 |
| 4 | શ્રી વાઈ.બી. દેસાઈ | 1997-2001 |
| 5 | શ્રી ટી.સી.વેંકટ સુબ્રમણ્યમ | 2001-2009 |

| | | |
|---|---|---|
| 6 | શ્રીમતી રવનીત કોર | 2009-2010 |
| 7 | શ્રી ટી.સી.એ. રંગનાથન | 2010-2013 |
| 8 | શ્રી અનુરાગ જૈન | 2013-2014 |
| 9 | શ્રી યદુવેન્દ્ર માથુર | 2014 આજ સુધી |

➔ સુશ્રી તર્જની વકીલનું નામ ભારતમાં કોઈ નાણાકીય સંસ્થાના નેતૃત્વ કરવાવાળી પ્રથમ મહિલાઓમાં ગણવામાં આવે છે.

➔ ભારતના ચારેય મહાનગરો અને વિશ્વના કેટલાંક પ્રમુખ શહેરોમાં બેંકની શાખાઓ છે. બેંક પોતાની આ શાખાઓ દ્વારા ઉદ્યોગો અને લઘુ-મધ્યમ ઉદ્યોગોના કારોબારને વધારવામાં મદદ કરે છે.

★ **<u>ભારતમાં વિદેશી હૂંડિયામણ ભંડોળ (Foreign Exchange Reserves India)</u> :**

➔ ભારતના કુલ વિદેશી હૂંડિયામણના ચાર મહત્ત્વપૂર્ણ ઘટકે છે.

- ભારતીય રિઝર્વ બેંકનું વિદેશી હૂંડિયામણ ભંડોળ
- RBI નો સુવર્ણ ભંડાર, સરકારની SDR રાશિ
- IMF ની પાસે જમા આરક્ષિત ભંડોળ (RTP)

★ **<u>ગુજરાલ સિદ્ધાંત (Guajral Doctrine)</u>**

➔ 1997ની સાલમાં પડોશી રાષ્ટ્રોથી સંબંધ સુધારવાના સંદર્ભમાં ત્કાલીન વિદેશમંત્રી આઈ.કે. ગુજરાલે ભરપૂર પ્રયાસ કર્યા આને જ **"ગુજરાલ સિદ્ધાંત"** કહેવાય છે. પંડિત જવાહરલાલ નહેરૂના **"પંચશીલ સિદ્ધાંત"** પછી આ **"ગુજરાત સિદ્ધાંત"** સૌથી વધુ પ્રખ્યાત છે. ગુજરાલ સિદ્ધાંતના નીચે મુજબના પાંચ સૂત્ર છે.

- ભારત પોતાના પાડોશી રાષ્ટ્રોની સાથે સદભાવના અને વિશ્વાસપૂર્ણ વ્યવહાર કરશે.
- દક્ષિણ એશિયાની કોઈપણ દેશ અન્ય દેશની વિરુદ્ધ આતંકવાદી કાર્યવાહી માટે પોતાની જમીનનો દૂરપયોગ થવા દેશે નહિ.
- કોઈપણ દેશ અન્ય દેશોના આંતરિક મામલાઓમાં કોઈપણ પ્રકારનો હસ્તક્ષેપ કરશે નહિ.
- દક્ષિણ એશિયાનો પ્રત્યેક દેશ અન્ય દેશની ક્ષેત્રીય અખંડતાને સન્માન આપશે.
- આ ક્ષેત્રના બધા દેશ પોતાના દ્વિપક્ષીય મામલાઓમાં પરસ્પર શાંતિપૂર્ણ વાતચીત દ્વારા ઉકેલ લાવવાનો પ્રયાસ કરશે.

★ **<u>નિકાસલક્ષી એકમો અને નિકાસ પ્રક્રિયા ક્ષેત્રની યોજનાઓ (Export Oriented Units and Export Processing Zone Schemes)</u> :**

★ **<u>નિકાસ પ્રક્રિયા ક્ષેત્ર (Export Processing Zones):</u>**

➔ ભારત એશિયાનો પ્રથમ દેશ છે. જેમાં નિકાસ સંવર્ધનમાં **"નિકાસ પ્રક્રિયા ક્ષેત્ર"** મહત્વનો સ્વીકાર કરી અને કંડલામાં એશિયાનું પ્રથમ નિકાસ પ્રક્રિયા ક્ષેત્ર સ્થાપિત કર્યુ હતું. ભારતમાં આવા 8 નિકાસ પ્રક્રિયા ક્ષેત્ર (EPZ) આવેલા છે. તેમાં ગુજરાત કંડલા, એશિયામાં સૌ પ્રથમ છે. આ ઉપરાંત સાન્તાકુઝ – મુંબઈ, ફાલ્ટા-પશ્ચિમ બંગાળ, નોઈડા – ઉત્તર પ્રદેશ, કોચી-કરેળ, ચેન્નાઈ-તમિલનાડુ અને વિખાશાપટ્ટનમ - આંધ્રપ્રદેશ છે.

★ **<u>વિશેષ આર્થિક ક્ષેત્ર (Special Economic Zones)</u> :**

➔ કેન્દ્ર સરકારે આઠ પરંપરાગત નિકાસ પ્રક્રિયા ક્ષેત્રને (Export Processing Zones - EPZs) 1 એપ્રિલ, 2000ના રોજથી વિશેષ આર્થિક ક્ષેત્ર (Special Economic Zones - SEZs) માં રૂપાંતરિત કર્યા છે. આ ઉપરાંત ખાનગી ક્ષેત્ર / સંયુક્ત ક્ષેત્ર / રાજ્ય સરકારો વગેરેના દ્વારા 45 નવા વિશેષ આર્થિક ક્ષેત્ર (SEZs) ની સ્થાપનાને સરકારે મંજુરી આપી છે.

| | |
|---|---|
| ગુજરાત | - પોશિત્રા, મુંદ્રા, દહેજ, સૂરત |
| મહારાષ્ટ્ર | - નવી મુંબઈ, કોપ્રા |
| તામિલનાડુ | - નાનગુનેરી, મહિન્દ્રા સિટી, એન્નોર, સિરીપેરેમ્બૂદર |
| પશ્ચિમ બંગાલ | - કુલ્પી, સોલ્ટ લેક, કોલકાતા |
| ઓરિસ્સા | - પારાદીપ, ગોપાલપુર |
| ઉત્તર પ્રદેશ | - ભદોહી, કાનપુર, મુરાદાબાદા, નોએડા, ગ્રેટર નોએડા |
| આંધ્રપ્રદેશ | - કાકીનાડા, વિશાખાપટ્ટનમ |
| મધ્ય પ્રદેશ | - ઈન્દોર |
| રાજસ્થાન | - સીતાપુર, જોધપુર |
| કેરળ | - વલ્લાપરદમ, કમલાસ્સેરી |
| કર્ણાટક | - હાસન, બેંકપાડી |
| ઝારખંડ | - રાંચી, આદિત્યપુર |
| પુદુચેરી | - સેદારપેટ, કારાસુર |

| | | |
|---|---|---|
| ચંદીગઢ | - | ચંદીગઢ |

ઉપરોક્ત 8 EPZs અને કોલકત્તા, ઈન્દોર, જયપુર એમ કરીને 11 વિશેષ આર્થિક ક્ષેત્ર SEZs હાલ શરૂ થઈ ગયા છે.

★ **<u>નિકાસ વિકાસ કેન્દ્ર</u> :**

→ વિશાખાપટ્ટનમ - માછલી ઉત્પાદન

→ મેરઢ – રમત-ગમતનો સામાન

→ અલીગઢ – પિત્તળનાં તાળા

→ આગરા – ચામડાનાં પગરખાં

→ ખુર્જા – માટીનાં વાસણો

→ તિરૂપુર – હોજિયરી અને વણકર ઉદ્યોગ

→ મુરાદાબાદ – બ્રાસવેયર હેન્ડીક્રાફ્ટ

→ લુધિયાણા – બારે મશીનરી અને હોઝિયરી

→ સૂરત – રત્ન અને આભુષણ

→ પાણીપત - હાથવણાટ

→ અલેખી – નારિયેરના દોરડાં

→ જલંધર – રમતગમતનો સામાન

→ રાણીપત – ચામડાંનો ઉદ્યોગ

→ નાગપુર – હસ્ત સાધનો

→ ભાગલપુર - વણકર

★★★★★

# પ્રકરણ- 10. આંતર રાષ્ટ્રીય સંસ્થાઓ

**વિશ્વ વ્યાપાર સંગઠન (WTO) :**

→ બ્રિટેનવુડઝ સમ્મેલનમાં ત્રણ સંસ્થાઓ - આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ (IMF), વિશ્વબેંક (IBRD) અને આંતર રાષ્ટ્રીય વ્યાપાર સંગઢન સ્થાપિત કરવાની વાત સામે આવી હતી.

→ આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ (IMF), વિશ્વબેંક (IBRD) બ્રિટેનવુડઝનાં જોડિયા બાળકો તરીકે ઓળખાય છે. તેમની સ્થાપના 1946માં કરવામાં આવી હતી. સૂચિત આંતરરાષ્ટ્રીય વ્યાપાર સંગઠન (ITO) અસ્તિત્વમાં આવી શકયું નહિ.

→ વ્યાપાર અને વાણિજય વિષયક નીતિને લગતી બાબતોનું ધ્યાન રાખવા માટે 1947માં જ એક આંતરરાષ્ટ્રીય સંગઠનની રચના કરવા સંબંધનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જો કે હવાના પરિષદ (જેમાં 53 દેશોએ ભાગ લીધો) ખાતે એક એક આંતરરાષ્ટ્રીય વેપારી સંગઠન માટે ખતપત્રનો મુસદ્દો તૈયાર તો કરવામાં આવ્યો હતો, પરંતુ તેને કયારેય પણ મંજૂર કરવામાં આવ્યો ન હતો.

→ આનું મુખ્ય કારણ જેઓ મુકત બહુદેશીય વેપારી વ્યવસ્થાની માંગણી કરતા હતા અને જેઓ રાષ્ટ્રીય આધારિત એવી પૂર્ણ રોજગારી માટેની નીતિઓની હિમાયત કરતા હતા તેમની વચ્ચે મતભેદો પ્રવર્તતા હતા.

→ જકાતો અને વેપાર ઉપરની સર્વસામાન્ય સમજૂતી માટે જે અમેરિકી દરખાસ્ત રજૂ કરવામાં આવી હતી તેના પર સંમતિ સધાઈ હતી અને ઘણા રાષ્ટ્રોએ તેના પર હસ્તાક્ષર કર્યા હતા.

→ આ પ્રમાણે વિશ્વમાં મુકત વેપાર દ્વારા આર્થિક વિકાસને વેગ મળે તે માટે 1948માં જીનિવામાં "જકાત અને વેપાર અંગેની સર્વસામાન્ય સમજૂતી" (General Agreement on Tariff and Trade - GATT) ની સ્થાપના થઈ.

→ આની સ્થાપનાના સમયે હસ્તાક્ષર કરવા વાળા આના 23 સંસ્થાપક દેશ હતા. જેમાં ભારત અને ચીન સામેલ હતા. 1949માં ચીને પોતાનું સભ્યપદ પાછું લઈ લીધું હતું.

→ વિશ્વ વેપારમાં સ્પર્ધા દ્વારા મુકત વેપારના અવરોધો ઘટે તે માટેના પ્રયાસો ગાટ (GATT) દ્વારા હાથ ધરવામાં આવેલા. આયોજિત સુનિશ્ચિત પ્રયાસો તેમના જુદાં-જુદાં રાઉન્ડ દ્વારા વ્યકત થવા લાગ્યા, આ રાઉન્ડ નીચે મુજબ હતા.

1. જીનેવા રાઉન્ડ - 1947
2. અનેકી રાઉન્ડ - 1949
3. તુરાકુયે રાઉન્ડ - 1951
4. જીનેવા રાઉન્ડ - 1956
5. જીનેવા ડિલ્લન રાઉન્ડ - 1961
6. કેનેડી રાઉન્ડ - 1964-67
7. ટોકિયો રાઉન્ડ - 1973-79
8. ઉરુગ્વે રાઉન્ડ - 1986-93

બહુદેશીય વેપારી મંત્રણાઓનું આઠમું અને અંતિમ વર્તુળ, જે ઉરુગ્વે વર્તુળ (રાઉન્ડ) તરીકે ઓળખાય છે, (જે ઉરુગ્વેના પાટનગર પન્ટા ડેલ એસ્ટેટ (Punta Del Estate)માં યોજાયું હતું.)

તે ત્રણ મુખ્ય મુદ્દાઓ પર કેન્દ્રિત થયેલું હતું. તે મુદ્દાઓ આ પ્રમાણે હતા -

1. બૌદ્ધિક સંપત્તિનાં અધિકારો સાથે સંકળાયેલા વેપાર (Trade Related Intellectual Property Rights - TRIPS)
2. મૂડીરોકાણને લગતા પગલાંઓ સાથે સંકળાયેલો વેપાર (Trade Related Investment Measures - TRIMS)
3. કૃષિ વિષયક ચીજવસ્તુઓનો વેપાર (Trade in Agricultural Commodities)

→ ઉરુગ્વે વર્તુળ 1990 સુધીમાં, એટલે કે તેની શરૂઆત પછીના ચાર વર્ષની અંદર, પુરું થવાનું હતું.

→ જો કે અનેક વિવાદી મુદ્દાઓ પર મંત્રણાઓમાં મડાગાંઠ પડતા ગાટ ના ડિરેકટર જનરલ આર્થર ડંકેલે દરમિયાનગીરી કરી હતી અને એક મુસદ્દાને સૂચવ્યો જે મુસદ "ડંકેલ મુસદ્દા" (Dunkel Draft) તરીકે ઓળખાય છે, તે મુસદ્દાને નિર્ણાયક રીતે DDT (Dunkel Draft Text) ડંકેલ મુસદ્દાના મૂળપાઠ તરીકે ઓળખે છે.

→ ડંકેલની દરખાસ્તોએ ઘરેલું સબસિડી અને નિકાસ માટેની સબસિડીમાં ઘટાડો કરવાની માંગણી કરી હતી, અને

કવોટાઝ (Quota - હિસ્સાઓ) તથા સંખ્યા મૂલ્ક - માત્રાત્મક - નિયંત્રણો જેવા બિનજકાતી અવરોધોના સ્થાને જકાતને સ્થાન આપવાની હિમાયત કરી હતી.

→ ત્યાર પછી આ દરખાસ્તોએ ભારતના સંદર્ભમાં એવું જણાવ્યું હતું કે કોપીરાઈટ્સ એન ટ્રેડમાર્કર્સની વધારે લાંબા સમય માટે અમલ કરવાની જરૂર છે.

→ ગાટ દ્વારા બહુદેશીય વેપારની વ્યવસ્થાને પરવાનગી આપવાની બાબતે તથા ડંકેલ દરખાસ્તોએ આંતરરાષ્ટ્રીય અર્થવ્યવસ્થામાં પશ્ચિમના પ્રગતિશીલ ઔદ્યોગિક દેશોના પ્રભુત્વને જાળવી રાખ્યું હતું.

→ ગાટ ઉરુગ્વે વર્તુળ અને ડંકેલ મુસદ્દાએ ત્રીજા વિશ્વના દેશોનું બહુરાષ્ટ્રીય કંપનીઓ દ્વારા જે શોષણ થઈ રહ્યું હતું તેને તેમજ આવા દેશોમાં અને વૈશ્વિક વ્યવસ્થામાં ધનિકો અને ગરીબો વચ્ચેના અંતરમાં જે વધારો થઈ રહ્યો હતો તેમને ધ્યાનમાં લીધા ન હતા.

→ ડંકેલ મુસદ્દા પર સભ્ય રાષ્ટ્રો દ્વારા 15 ડિસેમ્બર, 1993ના રોજ હસ્તાક્ષર કર્યા હતા.

→ સાત વર્ષ સુધી ચાલેલ સઘન મંત્રણાઓ પછી ઉરુગ્વે વર્તુળની નવી ગાટ સમજૂતીઓને 1994ના ડિસેમ્બરમાં ભારતીય કેબિનેટે સંમતિ આપી હતી.

→ ગાટ સમજૂતીનું નોંધપાત્ર પાસું એ છે કે તેના દ્વારા વિશ્વ વેપાર સંગઠન (WHO)ની સ્થાપના કરવામાં આવી. જેણે ગાટનુ સ્થાન લીધું અને તેની ઉતરાધિકારી સંસ્થા બની.

→ 1 જાન્યુઆરી, 1995ના રોજ વિશ્વ વેપાર સંગઠન (World Trade Organisation - WTO) નો પ્રારંભ થયો, અને તે વિશ્વબેંક (IBRD) તથા આંતર રાષ્ટ્રીય નાણાં ભંડોળ (IMF)ના જેવો જ દરજ્જો ધરાવે છે.

→ આ સંધિ તેના તમામ સભ્યો માટે બંધનકારક છે, જેમાંના બે - તૃતીયાંશ સભ્યો ઓછા વિકાસ પામેલા દેશો (Less Developed Countries - LDCs) છે.

→ 1 જાન્યુઆરી, 1995ના રોજ ભારતને લઈને 76 દેશ આના સભ્ય બન્યા જેને આપણે વિશ્વ વેપાર સંસ્થા (WTO)ના સંસ્થાપક સભ્યો કહેવાય, આમાં ગાટના સભ્યો સામેલ છે.

→ 31 ડિસેમ્બર, 1994 સુધી ગાટ અને વિશ્વ વેપાર સંગઠન બન્ને સાથે-સાથે ચાલતા રહેશે અને 1 જાન્યુઆરી, 1995ના પછી ગાટનો કોઈ અસ્તિત્વ રહેશે નહિ.

→ આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ (IMF) અને વિશ્વબેંક (IBRD) સંયુકત રાષ્ટ્રસંઘની એજન્સી છે પણ વિશ્વ વેપાર સંગઠન સ્વતંત્ર, સ્વાયત્ત અને એક કાયદાકીય અધિકાર પ્રાપ્ત સંસ્થા છે, આ સંયુકત રાષ્ટ્ર સંઘનો ભાગ કે એજન્સી નથી.

→ ભારત WTO અને GATT બન્નેનો સંસ્થાપક સભ્ય છે.

→ વિશ્વ વેપાર સંગઠનના વર્તમાનમાં 160 દેશો સભ્ય પદ ધરાવે છે.

→ 11 સપ્ટેમ્બર, 2011ના રોજ ચીન, 2012માં રશિયા સભ્ય બન્યો.

→ આનો 159મો સભ્ય 'તજાકિસ્તાન' અને 160મો સભ્ય "યમન" બન્યો છે.

- **વિશ્વ વેપાર સંગઠનના મહાનિર્દેશક નીચે મુજબ છે.**

1. પીટર સદર લેન્ડ (1993-1995)
2. રીનોટો રુગિટી (1995-1999)
3. માઈક મૂર (1999-2002)
4. સુપાચાયી પાનિતકર (2002-2005)
5. પોસ્કલ લેમી (2005-2006)
6. રોબર્ટ અજબેડો (બ્રાઝીલના) - (વર્તમાનમાં)

→ વિશ્વ વેપાર સંગઠનનું વડુંમથક સ્વિટઝરલેન્ડના જીનિવામાં સ્થિત સેન્ટર વિલિયમ રૈપર્ડ છે.

→ વિશ્વ વેપાર સંગઠનની અધિકારિક ભાષાઓ (official language) અંગ્રેજી, ફ્રેન્ચ અને સ્પેનિશ છે.

**વિશ્વ વેપાર સંગઠનના ઉદ્દેશો :**

વિશ્વ વેપાર સંગઠનના આમુખમાં તેના ઉદ્દેશોને સ્પષ્ટ કરવામાં આવ્યું છે, જે નીચે મુજબ છે.

→ સેવાઓના ઉત્પાદન અને વેપારનું પ્રસાર કરવું.

→ વિશ્વના સંસાધનોનો અનુકૂળતમ ઉપયોગ કરવો.

→ અવિરત વિકાસ (sustainable development)ની અવધારણાને સ્વીકાર કરવું.

→ પર્યાવરણનું સંરક્ષણ અને તેની સુરક્ષા કરવી, જીવન સ્તરમાં વૃદ્ધિ કરવી.

→ પૂર્ણ રોજગાર અને અસરકારક માંગમાં બૃહસ્તરીય, પણ મજબૂત વૃદ્ધિ કરવું.

→ વસ્તુઓના ઉત્પાદન અને વેપારનું પ્રસાર કરવું.

**વિશ્વ વેપાર સંગઠનના કાર્યો :**

વિશ્વ વેપાર સંગઠનના કેટલાંક મહત્વપૂર્ણ કાર્યોનો ઉલ્લેખ નીચે કરવામાં આવ્યો છે.

→ વિશ્વ વેપાર કરાર અને બહુપક્ષીય તથા બહુવચનીય કરારના અમલ, વહીવટ અને સંચાલન માટે સુવિધાઓ પ્રદાન કરવી.

→ વેપાર અને જકાતથી સંબંધિત કોઈ પણ ભવિષ્યના કેસમાં સભ્યોની ચર્ચા-વિચારણા માટ એક પ્લેટફોર્મના રૂપે કાર્ય કરવું.

→ તકરારની પતાવટથી સંબંધિત નિયમો અને પ્રક્રિયાઓને યોગ્યરૂપે ચલાવવી.

→ વૈશ્વિક આર્થિક નીતિ નિર્માણમાં વધુ સામજસ્ય ભાવ લાવવા માટે આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળ (IMF) અને વિશ્વ બેંક (IBRD)ને સહકાર આપવો.

→ વિશ્વ સંસાધનોનો અનુકૂળતમ પ્રયોગ કરવો.

**વિશ્વ વેપાર સંગઠનની સંબંધિત સમિતિઓ :**

વિશ્વ વેપાર સંગઠનના કાર્ય સંચાલન માટે અનેક મહતવપૂર્ણ સમિતિઓ છે, જેની નીચે મુજબ છે.

1. તકરાર પતાવટ કમિટી (Dispute Settlement Body - DSB)
2. વેપાર નીતિ સમીક્ષા કમિટી (Trade Policy Review Body - TPRB)
3. વસ્તુ વેપાર પરિષદ (Council for Trade in Goods)
4. સેવા વેપાર પરિષદ (council for Trade in services)
5. બૌદ્ધિક સમ્પતિના અધિકારો સાથે સંકળાયેલી વેપાર પરિષદ (Council for Trade Related aspects of Intellectual Property Rights)

**વિશ્વ વેપાર સંગઠનને ભારતની વચનબદ્ધતા :**

વિશ્વ વેપાર સંગઠનનો સભ્ય બન્યાં પછી, ભારત સરકારે આંતરરાષ્ટ્રીય વેપારના પ્રસાર કરવાના પ્રતિ અને સંરક્ષણાત્મક નીતિઓમાં ઘટાડો કરવાના પ્રતિ પોતાની વચનબદ્ધતા જાહેર કરી. આ સંબંધમાં ભારતે નીચે મુજબની ઘોષણા કરી છે.

→ વિશ્વ વેપાર સંગઠનનો સભ્ય બન્યાં પછી ભારત સરકાર 67ટકા જકાત પર મહત્તમ સીમાની ઘોષણા કરી જયારે ઉરુગ્વે વર્તુળથી પહેલાં ફક્ત 6 ટકા જકાત પર મહત્તમ સીમાની વ્યવસ્થા હતી.

→ બિનકૃષિ વસ્તુઓ માટે કેટલાંક અપવાદ બાદ કરતાં છેલ્લી વસ્તુઓ પર મહત્તમ 40 ટકા કિંમત અનુસાર જકાત અને મધ્યવર્તી વસ્તુઓ, મશીનરી અને સાધનો ઉપર 25 ટકા જકાત નકકી કરવામાં આવી. આ સ્તરો સુધી જકાત દરોને એક ચરણબદ્ધ તરીકાથી 1995 થી 2005ની વચ્ચે લાવવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી.

→ આના સિવાય મલ્ટી ફાઈબર એરેજમેન્ટની અંદર કાપડના કોટાને 1 જાન્યુઆરી 2005ના રોજ સમાપ્ત કરવાની જોગવાઈ કરવામાં આવી. આવી રીતે હવે કોટા સમાપ્ત થઈ ચૂકયા છે. કેટલાંક અર્થશાસ્ત્રીઓનું માનવું છે કે આનાથી હવે ભારતીય કાપડ ઉદ્યોગને વિશ્વ બજારમાં પોતાનો ભાગ વધારવામાં ખૂબ જ મદદ મળશે.

→ ભારત સરકારે 1997માં વિશ્વ વેપાર સંગઠનને ચૂકવણી બાકી આધારે આયાતો પર પરિણાત્મક પ્રતિબંધ આઠ અંક સ્તરે 2414 જકાતો માટે અધિસૂચિત કર્યા હતા.

→ ભારતના ચૂકવણી બાકીમાં સુધારને જોતાં વિશ્વ વેપાર સંગઠનએ ભારત સરકારથી આ પ્રતિબંધોને ચરણબદ્ધ રીતેથી સમાપ્ત કરવા માટે કહ્યું.

→ પોતાના મુખ્ય વેપારી સહયોગિયઓથી સલાહ કર્યા પછી ભારત સરકારે  આ પ્રક્રિયા માટે 1997થી શરૂ થઈને 6 વર્ષનો સમયગાળો નકકી કર્યો.

→ પરંતુ ભારતના પ્રમુખ વ્યાપારિક સહયોગી અમેરિકાને આ માન્ય ન હતું આ માટે તેને ભારતની વિરૂદ્ધ વિશ્વ વેપાર સંગઠનની તકરાર પતાવટ પ્રક્રિયાની અંદર ફરિયાદ નોંધાવી.

→ તકરાર પતાવટ પેનલએ ભારતની વિરૂદ્ધ નિર્ણય આપ્યો. તેનો અર્થ આ છે કે ભારતને હવે 6 વર્ષથી ઓછા સમયગાળામા પોતાના પરિમાણાત્મક પ્રતિબંધોને સમાપ્ત કરવા પડશે અને ભારતે આને પૂરા પણ કર્યા.

→ અમેરિકા સરકારની સાથે કરારની અંદર ભારત સરકારે 1 એપ્રિલ, 2000 સુધી બધા પરિમાણાત્મક પ્રતિબંધોને સમાપ્ત કરવાનો વાયદો કર્યો.

→ આ વાયદા (વચન)ના પ્રમાણે ભારત સરકારે 31 માર્ચ, 2000 ના રોજ જાહેર કરેલ આયાત-નિકાસ નીતિમાં

714 વસ્તુઓ પરથી અને 31 માર્ચ, 2001ના રોજ જાહેર કરેલ આયાત-નિકાસ નીતિમાં બાકીની 715 વસ્તુઓ પરથી પરિમાણાત્મક પ્રતિબંધોને હટાવી લીધા. આવીરીતે હવે બધી વસ્તુઓ પરથી પરિમાણાત્મક પ્રતિબંધ હટાવી લીધા છે.

→ વેપાર સંબંધ બૌદ્ધિક સંપતિ અધિકારમાં પેટેંટ અને કોપી રાઈટ સંરક્ષણની વ્યવસ્થા છે.

→ આ સંદર્ભમાં અમેરિકા અને યૂરોપીય સંઘના દેશોએ વિશ્વ વેપાર સંગઠનના તકરાર પતાવટ પેનલમાં ભારતની વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી કે ભારતે પોતાના પેટેંટ (Patent) એકટમાં યોગ્ય પરિવર્તન કર્યા નથી.

→ આ સંબંધનાં પોતાની વચનબદ્ધતા પૂરી કરવા માટે ભારત સરકારે સંસદમાં પેટેંટ (સુધારો) પ્રસ્તુત કર્યો જેને માર્ચ, 1999માં સંસદની સ્વીકૃતિ મળી. આના પછી બીજો સુધારો મે, 2002માં અને ત્રીજો સુધારો માર્ચ, 2005માં કરવામાં આવ્યો.

→ પેટેંટ (સુધારો) એકટ, 2005ના પાસ થવા પર હવે ભારતમાં વસ્તુ પેટેંટને અપનાવવામાં આવ્યો છે.

→ જયાં સુધી કોપીરાઈટ અને સંબંધિત અધિકારોનો સવાલ છે, ભારતનો 1919માં અપનાવવામાં આવેલ કોપીરાઈટ એકટ ભારતના હિતોની સલામતા કરે છે અને TRIPS ની જરૂરિયાતોને પણ પૂરો કરે છે.

→ ટ્રેડમાર્કના ક્ષેત્રમાં આપણો "Trade and Merchandise Act, 1958" આંતરરાષ્ટ્રીય કાયદાના અનુરૂપ છે. ડિસેમ્બર, 1999માં પાસ કરેલ ખરડો દ્વારા હવે સેવા માર્ક પ્રદાન કરવાની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

**ભારતીય અર્થવ્યવસ્થા પર તેની અસરો :**

ભારતનો આંતર રાષ્ટ્રીય વેપારમાં ભાગ વર્તમાનના વર્ષોમાં સંતોષજનક દરથી વૃદ્ધિ કરી શકાયો નથી. પરંતુ આમાં વૃદ્ધિ થવાની સંભાવના હોઈ શકે છે. વિશ્વ વેપારમાં વૃદ્ધિ ફક્ત વેપાર ઉદારીકરણ પર જ નિર્ભર કરતી નથી પરંતુ કેટલીક અન્ય બાબતો પર પણ નિર્ભર કરે છે જેમ કે

- વસ્તુઓની ગુણવત્તા
- નિકાસ ઉત્પાદન માટે યોગ્ય આધારીક સંરચનાની ઉપલબ્ધિ
- નિકાસ ઉત્પાદોની આપૂર્તિ
- પ્રૌદ્યોગિકીનો સ્તર વગેરે.

→ આ બધા પરિબળોમાં ભારતની સાપેક્ષિક સ્થિતિ વિકસિત દેશોની સરખામણીમાં ઘણો નબળો છે. આટલું જ નહિ, આર્થિક અને રાજનૈતિક અસ્થિરતાથી ભરેલ વિશ્વમાં ભવિષ્ય માટે નિકાસનો અંદાજ લગાવવો પોતાની રીતે વિવાદાસ્પદ પ્રયાસ છે.

→ ભારતના દષ્ટિકોણથી એક અત્યંત ચિંતાનો વિષય વેપાર સંબંધિત બૌદ્ધિક સંપત્તિ અધિકારોનો ક્ષેત્ર છે.

→ ઉરુગ્વે વર્તુળમાં વિકસિત દેશોએ આ અધિકારોના સંરક્ષણ માટે કેટલીય મોટી-મોટી શરતોને વિકાસશીલ દેશો પર થોપેલ છે.

→ ભારતે 1970ના પેટેંટ એકટના હેઠળ દવાઓ પર ફકત પ્રક્રિયા પેટેંટ લેવાની જરૂરત થતી હતી એટલે કે કોઈપણ ભારતીય કંપની માટે આટલું જ પર્યાપ્ત હતું કે તે કોઈ દવાઓ બનાવવાની પોતાની પ્રક્રિયા કે રીત વિકસિત કરી લે અને તેના પર પેટેંટ કરી લે.

→ આ જરૂરી ન હતું કે તે દવાઓની પોતે શોધ કે સંશોધન કરે, પરંતુ હવે ઉત્પાદ પેટેંટ અમલમાં આવવાથી દવાઓનું ઉત્પાદન તે જ કંપનીઓ કરી શકશે જેમને તેમનું ઉત્પાદ પેટેંટ પ્રાપ્ત છે કારણકે ઉત્પાદ પેટેંટ મહત્તમ વિકસિત દેશોની બહુરાષ્ટ્રીય કંપનીઓની પાસે આ જ કંપનીઓ ઉત્પાદ પેટેંટ વાળી દવાઓનું ઉત્પાદન કરી શકશે. સ્વાભાવિક છે કે આનાથી ભારતીય દવાઓ ઉત્પાદક એકમોને ભારી આઘાત લાગ્યો છે.

→ જયાં સુધી વેપાર રોકાણ ઉપાયોનો સંબંધ છે, તે પણ વિકસિત દેશોના હિતોને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવ્યા છે.

→ વિકાસશીલ દેશોના દષ્ટિકોણથી TRIMS ને સંતુલીત બનાવવાની રીત આ હોવી જોઈએ કે વિદેશી રોકાણકારોના પ્રતિબંધાત્મક વ્યાવસાયિક વ્યવહાર પર અંકુશ લગાડવા માટે કેટલાંક પગલાંઓ ભરવામાં આવે. પરંતુ આ મહત્વપૂર્ણ મુદ્દાઓ પર TRIMS કરાર સમ્પૂર્ણ રીતે ચુપ છે. તેને ફકત વેપાર સંબંધિત રોકાણ ઉપાયોની નાબૂદી માટે સીમિત કરી દેવામાં આવ્યો છે.

→ વિશ્વ વેપાર સંગઠનના કરારના હેઠળ સેવાક્ષેત્રને પણ ખોલવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

→ સેવાક્ષેત્રમાં ઘણી બધી આર્થિક ગતિવિધિઓ આવી જાય છે જેમ કે બેકિંગ, વીમો, પરિવહન, સંચાર વગેરે આ બધા ક્ષેત્રોને ખોલવા પર વિકસિત દેશોને, વિકાસશીલ દેશોની સરખામણીમાં વધુ ફાયદો પ્રાપ્ત થશે.

**આંતરરાષ્ટ્રીય નાણાં ભડોળ :**

→ આંતરરાષ્ટ્રીય નાંણા ભડોળ (International Monetary Fund - IMF) અને વિશ્વ બેંક (IBRD)ની સ્થાપના 1946માં અમેરિકામાં બ્રેટનવુડસ (Bretton Woods)ના 1944ના કરારની અંદર કરવામાં આવી.

→ આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ અને વિશ્વ બેંકની સ્થાપના 27 ડિસેમ્બર, 1945ના રોજ થઈ હતી.

→ કેમ કે આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ અને વિશ્વ બેંક બન્નેની સ્થાપના બ્રેટનવુડસની અંતર્ગત જ થઈ આ માટે આ બન્ને ને "બ્રેટનવુડસના જોડિયા બાળકો" પણ કહેવાય છે.

→ બન્ને વોશિગ્ટનમાં સ્થિત હોવાના કારણે આમને "વોશિગટન જોડિયા"ના રૂપે પણ ઓળખાય છે.

→ આ બન્ને સંયુકત રાષ્ટ્ર સંઘ (UNO)ની એક સંઘટક સંસ્થા છે. આમ તો આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ (IMF)ની સ્થાપના ઔપચારીક રૂપથી 1945માં થઈ ગઈ પર આને કાર્ય કરવું 1 માર્ચ, 1947ના રોજથી કર્યું.

→ આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળના પ્રથમ મનેજિંગ ડાયરેકટર "કૈમિલ ગટ્ટ" (Camille Gutt) રહ્યા. જે બેલ્જિયમના હતા અને તેમનો કાર્યકાળ 6 મે, 1946 થી 5 મે, 1951 સુધી રહ્યો.

→ 2011માં સ્ટ્રાસકોનને બળાત્કારના આરોપમાં હટાવી ફ્રાંસના "ક્રિસ્ટીન લેગાર્ડ" ને IMF નો મેનેજિંગ ડાયરેકટર બનાવવામાં આવ્યા.

→ આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળની સ્થાપનાનો મુસદ્દો (Draft) "હેરી ડી. વ્હાઈટ" (Harry D. White) (અમેરિકન)ની યોજનાની અંતર્ગત થયો છે.

→ આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળની સ્થાપનાના સમયે સભ્યોની સંખ્યા 30 હતી. જે આ સમયે વધીને 188 થઈ ગઈ છે.

→ 184મો સભ્ય - પૂર્વી તિમોર

→ 185મો સભ્ય - માન્ટેનેગ્રો

→ 186મો સભ્ય - કોસોવો

→ 187મો સભ્ય - તુવાલૂ (Tavalu)

→ 188મો સભ્ય - દક્ષિણ સુદાન

→ જેવી રીતે વિશ્વ બેંક દરેક વર્ષે "વર્લ્ડ ડેવલપમેન્ટ રિપોર્ટ" પ્રકાશિત કરે છે તેવી રીતે જ આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ દરેક વર્ષે વિશ્વ અર્થવ્યવસ્થાના સંબંધમાં "વર્લ્ડ ઈકોનોમિક આઉટલુક" પ્રકાશિત કરે છે. આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળનું વડું મથક 'વોશિંગટન' માં આવેલું છે.

**આંતરરાષ્ટ્રીય નાણાં ભડોળના ઉદ્દેશો :**

→ એક કાયમી સંસ્થા ઊભી કરી આંતરરાષ્ટ્રીય સહકારની સ્થાપના કરવી.

→ સુવર્ણ ધોરણની સ્વયસંચાલિત વિનિમય દર વ્યવસ્થાના કડવા અનુભવ બાદ બદલાયેલા સંજોગોને અનુરૂપ નીતિ ઘડી શકાય તે માટે કાયમી સંસ્થાની સ્થાપના ફરજિયાત બની હતી.

→ આંતરરાષ્ટ્રીય વેપારના સમતોલ વિકાસની પ્રક્રિયા સરળ બનાવવી.

→ વિદેશી વેચાણ પરની ખરીદી તથા વેચાણ પરના અંકુશો નાબૂદ કરવા.

→ લાંબા ગાળે સભ્ય રાષ્ટ્રો વચ્ચેના વિનિમય અંકુશો નાબૂદ કરી, બહુમુખી વેપારની સગવડો ઊભી કરવી.

→ વિનિમય દર સ્થિર કરવા અને હરીફાઈમુકત અવમૂલ્યન ટાળવું.

→ સભ્ય દેશોની લેણદેણની તુલાની ખાદ્ય, તેનો આર્થિક વિકાસનો ભોગ આપ્યા સિવાય દુર થાય તે માટે હૂંડિયામણની મદદ કરવી.

→ આંતરરાષ્ટ્રીય પ્રશ્નો હલ કરવા યોગ્ય માર્ગદર્શન આપવું.

**આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળના કાર્યો :**

આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળના અગત્યના કાર્યો આ પ્રમાણે છે.

→ આંતરરાષ્ટ્રીય વેપારના વિસ્તરણને તેમજ તેના સમતોલ વિકાસને સરળ બનાવવો અને તેમ કરીને રોજગારીના તેમજ વાસ્તવિક આવકના ઉચ્ચ સ્તરોને વેગ આપવામાં તેમજ તેમને જાળવી રાખવામાં ફાળો આપવો.

→ વિનિયમ સ્થિરતાને વેગ આપવો - સભ્યો વચ્ચે વ્યવસ્થિતપણે વિનિમય વ્યવસ્થાઓને જાળવી રાખવા માટે તેમજ સ્પર્ધાત્મક વિનિમય અવમૂલ્યન ને ટાળવા માટે સ્થિરતા.

→ વિદેશી હૂંડિયામણ પરના નિયંત્રણોને દુર કરવા માટે નિયંત્રણો વિશ્વ વેપારની વૃદ્ધિને અવરોધે છે.

→ આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળ સભ્યોને તેમની ચૂકવણીની સમતુલામાંની ક્ષતિપૂર્ણ વ્યવસ્થાને સુધારવા માટે કરજે નાણા આપે છે, અને આ પ્રમાણે કરતી વખતે તે એવાં પગલાંઓ લેતું નથી જે રાષ્ટ્રીય અથવા તો આંતરરાષ્ટ્રીય સમૃદ્ધિ માટે નુકસાનકારક નીવડે.

→ આ પ્રમાણે આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળ ત્રણ મુખ્ય કાર્યો એક સાથે સંયુકત રીતે કરે છે - નિયંત્રણ સંબંધી, નાણાકીય તેમજ સલાહકારી.

→ આ સંગઠન વિશાળ પ્રમાણમાં વિતીય સંસાધનો ધરાવે છે જેમાંથી તે તેના સભ્યોને કામચલાઉ ધોરણે મદદ કરે છે અને તેમ કરતી વખતે તેમને એ શરતોને આધીન બનાવે છે કે તેમની ચૂકવણી ખાધોમાં સુધારો લાવવા માટેના કાર્યક્રમોનો અમલ કરવા માટે તેઓ સક્ષમ બને.

→ જે દેશો નાણાં મેળવે છે તેના સંદર્ભમાં નાણાના સંસાધનોનો ઉપયોગ કરતી વખતે તેઓ તેમની નીતિનું એવી રીતે સમાયોજન કરે છે કે અન્ય સત્તાવાર સ્રોતો અને ખાનગી વિતીય બજારોની સાથે પોતાની શાખ-ઋણ ચૂકવવાની સમર્થતામાં વધારો થાય છે. પરિણામે તેમની પાસેથી તેને ઋણ લેવામાં સરળતા રહે છે.

→ આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળનું ધ્યાન વ્યક્તિગત દેશની સમસ્યાઓ ઉપર જ માત્ર કેન્દ્રિત થયેલુ નથી પરંતુ આંતરરાષ્ટ્રીય નાણાકીય વ્યવસ્થાના માળખા ઉપર પણ કેન્દ્રિત થયેલું હોવાથી તે તેના સભ્યોને તેમની રાષ્ટ્રીય આર્થિક નીતિઓનું આંતરરાષ્ટ્રીય રીતે સંકલન કરવામાં મદદ કરે છે.

**આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળનું માળખું :**

→ આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળની કામગીરી બોર્ડ ઓફ ગવર્નૅર્સ, એક્ઝિક્યુટિવ બોર્ડ, એક મેનેજિંગ ડાયરેક્ટર તેમજ અન્ય કર્મચારીઓ દ્વારા હાથ ધરવામાં આવે છે.

→ બોર્ડ ઓફ ગવનર્સમાં દરેક સભ્ય રાજ્ય પોતાના ગર્વનર દ્વારા પ્રતિનિધિત થાય છે.

→ આ બોર્ડ આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળનું સૌથી વધુ સત્તાશાળી કેન્દ્ર છે, અને તેની બેઠક દર વર્ષે મળે છે.

→ આ નાણા ભંડોળના વિતીય સંસાધનોમાં સભ્ય રાજ્ય જે ફાળો આપે છે તેની સાથે તેની મત આપવાની સત્તા સંકળાયેલી છે, જે વિશ્વ અર્થ વ્યવસ્થામાં તેના સાપેક્ષ કદની સાથે સંકળાયેલી છે.

→ બોર્ડ ઓફ ગવનર્સ પોતાની સત્તામાંની મોટા ભાગની સત્તાઓ એક્ઝિયુટિવ બોર્ડને પ્રતિનિધિક આપતું હોય છે.

→ આ બોર્ડ તેની કામગીરી બજાવવાની ફરજ અદા કરતું હોય છે.

→ એક્ઝિકયુટિવ બોર્ડનું અધ્યક્ષપદ મેનેજિંગ ડાયરેકટર સંભાળતા હોય છે.

**આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળના સંસાધનો :**

→ આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળના સંસાધનો સભ્યોના ફંડફાળામાંથી તેમજ કરજોમાંથી ઊભા થાય છે.

→ દરેક સભ્ય તેના માટે જે કવોટા (Quota) (ફંડફાળાની રકમ)નકકી કરવામાં આવ્યો હોય છે. તેટલી રકમ ફડફાળામાં આપે છે.

→ 1971 સુધી નાણા ભંડોળના સમસ્ત કવોટા અને આનાથી નિકાળવામાં આવતી રકમનો ફંડફાળો "ડૉલર"ના રૂપે વ્યકત કરવામાં આવતો હતો.

→ પરંતુ ડિસેમ્બર, 1971થી આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળના સમસ્ત વ્યવહાર "વિશિષ્ટ નાણાં ઉપાડવાના અધિકારો" (Special Drawing Rights -SDR) ના રૂપે વ્યક્ત કરવામાં આવે છે.

→ વિશિષ્ટ નાણાં ઉપાડવાના અધિકારોમાં જણાવવામાં આવ્યા પ્રમાણે દરેક સભ્યને ફંડફાળા માટેના કવોટાની ફાળવણી માટે, સભ્યોની મતદાન કરવાની સત્તાને નકકી કરવા માટે, આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળના સંસાધનોમાં સભ્યોના ફાળાને માટે, આ સંસાધનોને નકકી કરવા માટેની તેમની સત્તાને માટે કવોટાનો ઉપયોગ કરવામાં આવે છે.

→ વિશિષ્ટ નાણાં ઉપાડવાના અધિકારોની ફાળવણીમાં તેમના ફાળાના માટે આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળની કુલ સભ્ય સંખ્યાના સંદર્ભમાં સભ્યની આર્થિક સ્થિતિનું પ્રતિબંધ સભ્યના કવોટામાં પડે છે.

→ આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળની તાકાતની સામે ઊભી થતી કોઈ પણ ભયને અગાઉથી જ ટાળવા માટે આ ભંડોળને ઉધાર નાણા લઈને પોતાના સંસાધનોમાં પૂરવણી કરવાની સત્તા પણ આપવામાં આવી છે.

→ વિશ્વના અગિયાર સૌથી વધારે વિકાસ પામેલા ઔદ્યોગિક દેશોએ જો જરૂર પડે તો આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોને નાણાં કરજે આપવાની જવાબદારી લીધી છે.

**30 ઓગષ્ટ, 2014ની સ્થિતિ પ્રમાણે**

| દેશ | ક્વોટા ટકાવારીમાં | મત ટકાવારીમાં |
|---|---|---|
| સંયુકત રાજ્ય અમેરિકા | 17.69 | 16.75 |
| જાપાન | 6.56 | 6.23 |
| જર્મની | 6.12 | 5.81 |
| યુ.કે. (U.K.) | 4.51 | 4.29 |
| ફ્રાંસ | 4.51 | 4.29 |
| ચીન | 4.00 | 3.81 |
| ઈટાલી | 3.31 | 3.16 |
| સાઉદ્દી આરબ | 2.93 | 2.80 |
| કેનેડા | 2.67 | 2.56 |
| રશિયા | 2.50 | 2.39 |
| ભારત | 2.44 | 2.34 |

→ 1971માં એક ડૉલરને એક SDR ની સમાન માનવામાં આવ્યો હતો પરંતુ ડૉલરની કિંમત પડી જવાના કારણે એપ્રિલ 1995ના અંતમાં એક SDR ની કિંમત 1.585 ડૉલર થઈ ગયો હતો.

→ 1 જાન્યુઆરી, 1981ના રોજથી SDR ની કિંમત પાંચ સૌથી મોટા નિકાસકારક સભ્ય દેશોના ચલણની બાસ્કેટ સિસ્ટમના (Basket System) આધારે નકકી કરવામાં આવે છે, જે નીચે મુજબ છે.

- U.S.Dollar (ડૉલર) - Mark (માર્ક)
- Yen (યેન) - Franc (ફ્રેંક)

→ Pound (પાઉન્ડ)

→ વર્તમાનમાં (30 ઓગસ્ટ, 2014)માં એક SDRની કિંમત લગભગ 1.51 ડૉલર છે. જ્યારે ભારતીય ચલણમાં એક SDRની કિંમત 91.80 રૂપિયા છે.

→ 1991માં SDRની કિંમત નકકી કરવામાં આ પાંચ ચલણોનું ભારણ આ રીતે હતું.

1. અમેરિકી ડૉલર 40 ટકા
2. જર્મન માર્ક 21 ટકા
3. જાપાની યેન 17 ટકા
4. બ્રિટિશ પાઉન્ડ 11 ટકા
5. ફ્રાન્સના ફ્રેંક 11 ટકા

→ યૂરોના આવ્યા પછી હવે આ બાસ્કેટ સિસ્ટમ (Basket System)માં પાઉંડ, ડૉલર, યૂરો અને યેનને મૂકવામાં આવ્યો છે. આ ચલણોને IMF માં નીચે મુજબની રીતે ભારાંશ આપવામાં આવ્યો છે.

1. અમેરિકી ડૉલર 44 ટકા
2. યૂરો 34 ટકા
3. પાઉન્ડ સર્લિંગ 11 ટકા
4. જાપાની યેન 11 ટકા

→ આંતરરાષ્ટ્રીય નાણાકીય ક્ષેત્રમાં SDR સ્વર્ણ ચલણની ભૂમિકા ભજે છે. આ માટે આને “કાગળનું સોનું” (Paper Gold) તરીકે પણ ઓળખવામાં આવે છે.

→ SDR કોઈ ભૌતિક એકમ નથી. આ આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળના દસ્તાવેજોમાં ફક્ત એન્ટ્રી (Accounting entries) છે. આનું લેવડ-દેવડ ડૉલર, પાઉન્ડની જેમ થતું નથી. આની કિંમત સભ્ય દેશોની સ્વીકૃતિના કારણે છે.

**ભારત અને આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળ :**

→ ભારત આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળનો સંસ્થાપક સભ્ય છે. નાણાં મંત્રી આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળના ગવર્નર મંડળ (બોર્ડ ઓફ ગવર્નર્સ)નો પદેન ગર્વનર (ex-officio Governer) હોય છે અને RBI (Reserve Bank of India) ભારતનો IFM માં બીજો ગવર્નર છે.

→ IMFમાં ભારતનું પ્રતિનિધિત્વ એક કાર્યકારી નિર્દેશક કરે છે જે અન્ય ત્રણ દેશો - બાંગ્લાદેશ, શ્રીલંકા અને ભૂટાનનું પણ પ્રતિનિધિત્વ કરે છે.

→ ભારતે 1981-84ના સમયગાળામાં 3.9 અબજ ડૉલર IMF થી ઉધાર લીધા હતા. 1991-93ની વચ્ચે ભારતે 3.56 અબજ ડૉલરની લોન લીધી હતી.

→ IMF પાસેથી લીધેલા બધા ધિરાણની ચૂકવણી ભારતે કરી દીધી છે. ભારત દાનના રૂપે IMF ના સબસિડી ખાતામાં રૂપિયા આપે છે અને 10 લાખ ડૉલર દર વર્ષે એટલે કે 15 વર્ષો સુધી કુલ 1.5 કરોડ ડૉલર પ્રદાન કરવાનો વાયદો ભારતે IMF ને કર્યો છે.

→ જુલાઈ, 2004માં ભારત અને IMF એ પૂણેના રાષ્ટ્રીય બેંક મેનેજમેનટ ઈન્સ્ટીટયૂટમાં સંયુકત તાલીમ કાર્યક્રમની સ્થાપના કરી. તાલીમ કાર્યક્રમ ભારતીય કર્મચારીઓ,

દક્ષિણ એશિયા અને પૂર્વ આફ્રિકી દેશોના કર્મચારીઓને અર્થશાસ્ત્ર અને તેનાથી સંબંધિત ક્ષેત્રમાં નીતિ આધારિત તાલીમ ઉપલબ્ધ કરાવશે. પ્રથમ તાલીમ કાર્યક્રમ જુલાઈ, 2006માં આયોજિત કરવામાં આવ્યો. ભારતીય રિઝર્વ બેંક (RBI) IMF ની સાથે નોડલ એજન્સીના રૂપે આ કાર્યક્રમને ચલાવશે.

**વિશ્વ બેંક (IBRD) :**

→ વિશ્વ બેંક બ્રેટનવુડસ વ્યવસ્થાની ઉપજ છે. આનું નિર્માણ પુનર્ગઠન અને વિકાસના ઉદ્દેશો માટે કરવામાં આવ્યું હતું.

→ વિશ્વ બેંક અને આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ બન્ને બ્રેટનવુડસ વ્યવસ્થાની ઉપજ હોવાના કારણે આને "બ્રેટનવુડસના જોડિયા બાળકો" પણ કહેવાય છે.

→ વિશ્વ બેંકની સ્થાપના ડિસેમ્બર, 1945માં કરવામાં આવી હતી.

→ વિશ્વ બેંક વર્તમાનમાં પાંચ સંગઠનો થી સંલગ્ન છે.

→ તેથી તેને "વિશ્વ બેંક સમૂહ" પણ કહેવાય છે.

1. પુનર્ગઠન અને વિકાસ માટેની આંતરરાષ્ટ્રીય બેંક (International Bank for Reconstruction and Development - IBRD)
2. આંતરરાષ્ટ્રીય વિકાસ નિગમ (International Development Association - IDA)
3. આંતરરાષ્ટ્રીય નાણાં નિગમ (International Finance Corporation - IFC)
4. બહુપક્ષીય રોકાણ ગેરન્ટી એજન્સી (Multilateral Investment Guarantee Agency - MIGA)
5. આંતરરાષ્ટ્રીય રોકાણ તકરાર પતાવટ કેન્દ્ર (International Investment Dispute Settlement Centre - ICSID)

→ વિશ્વ બેંકથી અભિપ્રાય સામાન્યરૂપે IBRD અને IDA થી છે. જયારે આ બધી પાંચ સંસ્થાઓને "વિશ્વ બેંક સમૂહ"ના નામથી ઓળખવામાં આવે છે.

→ વિશ્વ બેંકનું સભ્યપદ મેળવવાની મુખ્ય શરત એ છે કે સભ્ય બનવા માંગતા રાષ્ટ્રે આંતર રાષ્ટ્રીય નાણાં ભંડોળનું સભ્યપદ મેળવેલું હોવું જોઈએ.

→ ભારત ICSID ને છોડીને બાકી ચારેયનો સભ્ય છે. વિશ્વ બેંકની સ્થાપના ભલે ડિસેમ્બર, 1945માં થઈ પણ તેને કામ કરવું જૂન, 1946થી શરૂ કર્યુ હતું.

→ વિશ્વ બેંક અને આંતર રાષ્ટ્રીય નાણાં ભંડોળ એક બીજાની પૂરક સંસ્થાઓ છે.

→ વિશ્વ બેંકના કાર્ય સંચાલન માટે એક અધ્યક્ષની પસંદગી કરવામાં આવે છે.

→ વિશ્વ બેંકના પ્રથમ અધ્યક્ષ કે પ્રેસીડેન્ટ "ઈગ્યુન્સ મેયર" (Eugence Meyer) હતા. જેમનો કાર્યકાળ જૂન, 1946થી ડિસેમ્બર, 1946 હતો.

→ પૉલ વોલ્ફોવિટઝ વિશ્વ બેંકના 2005માં અધ્યક્ષ કે પ્રેસીડેન્ટ બન્યા પણ તેમને એક મહિલા મિત્રને ફાયદો પહુંચાડવાના આરોપમાં રાજીનામું આપવું પડયું.

→ 1 જુલાઈ, 2007ના રોજ અમેરિકાના રોબર્ટ જોણલિક (Robert Zoelick)વિશ્વ બેંકના અધ્યક્ષ બન્યા.

→ વર્તમાનમાં વિશ્વ બેંકના અધ્યક્ષ કે પ્રેસીડન્ટ જૂન, 2012 થી જિમ યંગ કિમ છે.

→ વિશ્વ બેંકનું વડું મથક "વૉશિંગ્ટન ડી.સી."માં છે.

→ વિશ્વ બેંકના સભ્યોની સંખ્યા વર્તમાનમાં 188 છે. સ્થાપનાની વખતે 30 જ હતી.

1. 184મો સભ્ય - પૂર્વી તિમોર
2. 185મો સભ્ય - માન્ટેનેગ્રો
3. 186મો સભ્ય - કોસોવો
4. 187મો સભ્ય - તુવાલૂ (Tavalu)
5. 188મો સભ્ય - દક્ષિણ સુદાન

**વિશ્વ બેંકના ઉદ્દેશો :**

વિશ્વ બેંકની સ્થાપનાના સમયે સંમતિની કલમોમાં વિશ્વ બેંકના ઉદ્દેશોને રજૂ કરવામાં આવ્યા છે, જે આ પ્રમાણે છે.

→ આંતર રાષ્ટ્રીય વેપારના લાંબાગાળાના સમતોલ વિકાસને વેગ આપવો તેમજ ચૂકવણીની સમતુલામાં સ્થિતિ સ્થાપકતાને જાળવી રાખવી.

→ આ માટે સભ્યોના ઉત્પાદકીય સંસાધનોના આંતર રાષ્ટ્રીય રોકાણને પ્રોત્સાહન પુરું પાડે છે.

→ આ પ્રમાણે કરવા પાછળનો ઉદ્દેશ દુનિયાના વિવિધ દેશોને આવી મદદની જરૂર હોય ત્યાં ઉત્પાદીકયતામાં વધારો કરવાનો, જીવનધોરણમાં સુધારો કરવાનો તેમજ

શ્રમની શરતો પરિસ્થિતિઓને સારી બનાવવાનો રહેલો છે.

→ વિશ્વ બેંકના સભ્ય રાજ્યોને માટે ઉત્પાદકીય હેતુઓ માટે સરળ મૂડી રોકાણની સગવડ ઊભી કરીને તેમને પુર્નરચના અને વિકાસ કરવામાં મદદ કરવાનો ઉદ્દેશ તે ધરાવે છે.

→ તેમાં યુદ્ધ દ્વારા નાશ પામેલી અથવા તો છિન્ન ભિન્ન થઈ ગયેલી અર્થ વ્યવસ્થાની પુર્નરચના કરવાનો, શાંતિના સમયની જરૂરિયાતોને અનુરૂપ ઉત્પાદકીય સગવડતાઓનું યોગ્ય દિશામાં વાળવાનો, અને ઓછા વિકાસ પામેલા દેશોમાં ઉત્પાદકીય સગવડતાઓ અને સંસાધનોના વિકાસને પ્રોત્સાહન આપવાનો સમાવેશ થાય છે.

→ ખાનગી રોકાણકારો દ્વારા આપવામાં આવેલ કરજો તેમજ અન્ય રોકાણોની બાબતમાં ખાતરીઓ પૂરી પાડીને અથવા તો તેમાં ભાગ લઈને વિદેશી મૂડી રોકાણમાં વધારો કરવો.

→ જ્યારે ખાનગી મૂડી યોગ્ય શરતો પર પ્રાપ્ય ન હોય ત્યારે ખાનગી રોકાણને યોગ્ય શરતો ઉપર પોતાના મૂડી ભંડોળમાંથી ઉત્પાદકીય હેતુઓ માટે વિત્ત (Finance) પુરું પાડીને ખાનગી મૂડી રોકાણને પૂરક બનવાનો ઉદ્દેશ તે ધરાવે છે. તેણે પોતાના મૂડી ભંડોળને પોતે તેમજ તેના અન્ય સંસાધનો દ્વારા ઊભું કર્યું હોય છે.

**આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ VS વિશ્વ બેંક :**

→ આંતર રાષ્ટ્રીય નાણાં ભંડોળ અને વિશ્વ બેંક બ્રેટનવુડસના જોડિયા બાળકો કહેવાય છે પણ આ બન્ને સંસ્થાઓ દ્વારા આપવામાં આવતી આર્થિક મદદમાં મુખ્યત્વે અંતર રહેલો છે.

→ વિશ્વ બેંક દ્વારા સભ્ય રાષ્ટ્રોમાં સંતુલિત આર્થિક વિકાસ પ્રોત્સાહિત કરવા માટે લાંબાગાળાનું કે દીર્ઘકાલીન ઋણ ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

→ જ્યારે આંતર રાષ્ટ્રીય નાણાં ભંડોળ દ્વારા સભ્ય રાષ્ટ્રોની ચૂકવણી સંતુલનમાં અસામ્યને દૂર કરવા માટે ટૂંકા ગાળાનું કે અલ્પકાલીન ઋણ ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

→ આવી રીતે આ બન્ને સંસ્થાઓના કાર્યો એક-બીજાથી પૂરક છે.

→ આ તર્કના આધારે જ પ્રખ્યાત અર્થશાસ્ત્રી જયોર્જ શુલ્ટજ (George Schultz)એ IMF અને વિશ્વ બેંકના વિલયની સલાહ આપી હતી.

**વિશ્વબેંકનું સભ્યપદ અને મતાધિકાર :**

→ સામાન્યરૂપે જો કોઈ રાષ્ટ્ર, આંતર રાષ્ટ્રીય નાણાં ભંડોળનું સભ્યપદ ગ્રહણ કરી લે છે, તો તે સ્વતઃ જ વિશ્વ બેંકનો પણ સભ્ય બની જાય છે.

→ કોઈપણ સભ્ય દેશ દ્વારા આંતર રાષ્ટ્રીય નાણાં ભડોળનું સભ્યપદનું પરિત્યાગ કરવા પર તેની વિશ્વ બેંકનું સભ્યપદ પણ સમાપ્ત થઈ જાય છે.

→ આ પણ વ્યવસ્થા છે કે આંતર રાષ્ટ્રીય નાણાં ભંડોળના 75 ટકા સભ્યોની સહમતિથી કોઈપણ સભ્ય રાષ્ટ્ર આંતર રાષ્ટ્રીય નાણાં ભંડોળનું સભ્યપદ ત્યાગવા પર પણ વિશ્વ બેંકનો સભ્ય બની રહી શકે છે.

→ કોઈપણ સભ્ય દેશ સૂચના માત્ર આપીને પણ વિશ્વ બેંકનું સભ્યપદનું પરિત્યાગ કરી શકે છે. પરંતુ સભ્યપદ ત્યાગી દેવા પર પણ તેને પોતાના ઋણોની ચૂકવણી કરવા માટે પૂર્ણરૂપથી જવાબદાર રહેશે.

→ કોઈપણ સભ્ય રાષ્ટ્ર દ્વારા વિશ્વ બેંકના નિયમો અને જવાબદારીઓની પ્રતિકૂળ કાર્ય કરવા પર ગવર્નર મંડલ (બોર્ડ ઓફ ગવનર્સ)ના પ્રસ્તાવ દ્વારા તેને હટાવી શકાય છે.

→ આંતર રાષ્ટ્રીય નાણાં ભંડોળ (IMF)ની જેમ વિશ્વ બેંકના પણ બે પ્રકારના સભ્યો હોય છે.

1. સંસ્થાપક સભ્ય
2. સામાન્ય સભ્ય

→ સંસ્થાપક સભ્ય એટલે જેમને 31 ડિસેમ્બર, 1945 સુધી વિશ્વ બેંકનું સભ્યપદ ગ્રહણ કરી લીધું હતું તે સંસ્થાપક સભ્યોની સંખ્યા 30 હતી.

→ સામાન્ય સભ્ય એટલે જેમને 31, ડિસેમ્બર, 1945 પછી વિશ્વ બેંકનું સભ્યપદ ગ્રહણ કરી લીધુ હોય તે. સામાન્ય સભ્યોની વર્તમાન સંખ્યા 188 છે.

→ વિશ્વ બેંકની મૂડીમાં સભ્ય રાષ્ટ્રોના ભાગના અનુરૂપ જ વિશ્વ બેંકના સભ્યોના મતાધિકારનું નિર્ધારણ કરવામાં આવે છે. દરેક એક ભાગ પર એક વધારાનું મતાધિકાર સભ્ય રાષ્ટ્રને ફાળવવામાં આવે છે.

**વિશ્વ બેંકના કાર્યો :**

→ વિશ્વ બેંક જેની મૂડી સભ્ય દેશો દ્વારા ભરપાઈ કરવામાં આવે છે, તેની કરજ આપવાની કામગીરીઓ તે મુખ્યત્વે કરીને પોતે વિશ્વના મૂડી બજારોમાંથી જે કરજે નાણાં લીધા હોય છે તેમાંથી બજાવે છે.

→ વિશ્વ બેંક જે લોન આપે છે તેના પર પાંચ વર્ષ સુધી છૂટની અવધિ - મુદત આપવામાં આવે છે અને તે લોનની રકમને વીસ વર્ષ અથવા તો તેનાથી ઓછા સમય સુધીમાં પાછી આપવાની રહે છે.

→ આ લોનની રકમોએ વિકસતા દેશો માટે ઉપલબ્ધ કરવામાં આવે છે. જેઓ સાપેક્ષપણે આર્થિક અને સામાજિક વૃદ્ધિની સારી સ્થિતિ ધરાવતા હોય છે.

→ વિશ્વ બેંક જ્યારે ઋણ (loan) આપે છે ત્યારે તે ઋણ લેનારની ઋણને પાછું વાળવાની કેટલી ક્ષમતાછે તેનું મૂલ્યાંકન કરે છે અને આ હેતુ માટે તે ઋણ લેનાર દેશમાંના કુદરતી સંસાધનો, દેશના ભૂતકાળના દેવાના હિસાબ-કિતાબ વગેરેને ધ્યાનમાં લે છે.

→ વિશ્વ બેંક માત્ર એવી ચોકકસ પરિયોજનાઓ માટે નાણાં ધીરે છે જે પરિયોજનાઓ આર્થિક અને ટેકનીકલ દૃષ્ટિથી મજબૂત હોય તેમજ તેના વ્યાપક ઉદ્દેશોના સંદર્ભમાં ઊચો અગ્રતાક્રમ ધરાવતી હોય.

→ સર્વસામાન્ય નીતિની દૃષ્ટિએ તે જ પરિયોજનાઓ પ્રત્યક્ષપણે આર્થિક ઉત્પાદકતામાં ફાળો આપે તે રીતે તૈયાર કરવામાં આવી હોય એવી પરિયોજનાઓ માટે નાણાંનું ધિરાણ કરે છે.

→ વિશ્વ બેંક સામાન્ય રીતે જે પરિયોજનાઓ મુખ્યત્વે કરીને સામાજિક હિતનું લક્ષણ ધરાવતી હોય જેમ કે શિક્ષણ અને રહેઠાણ, તેમને નાણાકીય સહાય પૂરી પાડતી નથી.

→ વિશ્વ બેંકની મોટા ભાગના ઋણ પાયાની ઉપયોગિતાની જોગવાઈ પૂરી પાડતી પરિયોજના માટે ફાળવવામાં આવ્યા છે, જેમ કે ઊર્જા અને વાહનવ્યવહાર. જે આર્થિક વિકાસ માટેની પૂર્વ શરત ગણાય છે.

→ વિશ્વ બેંક પોતાના દ્વારા આપવામાં આવેલી નાણાકીય મદદથી ચાલનારી પરિયોજનાઓ માટેના યંત્રો અને ચીજવસ્તુઓ ખરીદી સસ્તામાં સસ્તા બજાર ભાવે થાય તે માટે કરજ લેનાર દેશોને પ્રોત્સાહન પુરું પાડે છે.

→ વિશ્વ બેંક સાથે સાથે એવી પણ અપેક્ષા રાખે છે કે ખરીદવામાં આવેલા યંત્રો અને ચીજવસ્તુઓ સંતોષકારક રીતે કામગીરી પૂરી પાડે ને બાબત સાથે સુસંગત ધરાવતા હોવા જોઈએ. છેલ્લે વિશ્વ બેંક સ્થાનિક ખાનગી સાહસને પરોક્ષપણે વેગ આપવા માટેની પ્રેરણા પૂરી પાડતી હોય છે.

**વિશ્વ બેંકનું માળખું :**

→ વિશ્વબેંકને જે તમામ સત્તા સોંપવામાં આવી છે તેનો ઉપયોગ " બોર્ડ ઓફ ગવનર્સ" કરે છે.

→ દરેક સભ્ય રાજ્યને બોર્ડ ઑફ ગવર્નસમાં એક ગવર્નર દ્વારા પ્રતિનિધિત કરવામાં આવે છે.

→ વિશ્વ બેંકના ગવર્નરો પોતાની સત્તાઓ બોર્ડ ઓફ એકિઝકયુટિવ ડાયરેકટર્સને સોપતાં હોય છે, જે બોર્ડ પૂર્ણ સમય માટે પોતાની ફરજો બજાવતું હોય છે.

→ કુલ 21 એકિઝકયુટિવ ડાયરેકટર્સ છે અને તેમની નિમણૂંક એવા પાંચ સભ્યો દ્વારા થાય છે જેઓ વિશ્વ બેંકના મૂડી શેરના સૌથી વધારે સંખ્યામાં શેરો ધરાવતા હોય અને બાકીના સભ્યોની ચૂંટણી ગવર્નસ દ્વારા થાય છે. જેઓ અન્ય સભ્ય રાજ્યોને પ્રતિનિધિત કરતા હોય છે.

**વિશ્વ બેંક અને ભારત :**

→ ભારતના આર્થિક વિકાસની ગતિને ઝડપી કરવામાં વિશ્વ બેંકે દેશની વિવિધ વિકાસ પરિયોજનાઓમાં લાંબાગાળાની (દીર્ઘકાલીન) મૂડી રોકાણ કરીને અભૂતપૂર્વ ફાળો આપ્યો છે.

→ વિવિધ વિકાસ પરિયોજનાઓને પૂર્ણ કરવા માટે વિશ્વ બેંક દ્વારા લાંબા ગાળાનું ઋણ પ્રદાન કરવામાં આવ્યા છે, જેની નીચે મુજબ છે.

- દેશની પરિવહન અને સંચાર
- સિંચાઈ
- શિક્ષણ
- જળાપૂર્તિ
- વિદ્યુત શક્તિ
- વસ્તી નિયંત્રણ
- ગરીબી નાબૂદી
- પાયાની સંરચના (Basic Infrascuture)
- ગ્રામીણ વિકાસ સડક નિર્માણ વગેરે.

→ IDA ઋણ ભારત સરકાર માટે સૌથી વધુ છૂટછાટ વાળા ઋણ છે, જે કે મિલેનીયમ ડેવલપમેન્ટ ગોલ્સ પ્રાપ્ત કરવા માટે સામાજિક ક્ષેત્રની પરિયોજનાઓમાં ઉપયોગ કરવામાં આવે છે.

→ IBRD ફંડ થોડાક મોઘાં છે પણ બહારના વ્યાવસાયીક ઋણોથી સસ્તા છે. ભારત સરકાર આ ઋણોનો ઉપયોગ મુખ્યત્વે પાયાની સંસરચના (Basic Infrascuture) પરિયોજનાઓ માટે કરે છે.

→ જો કે કયારેક - કયારેક IDA અને IBRD બન્નેના ઋણોને મળાવીને ઉપયોગ કરવામાં આવે છે.

→ વિદ્યુત અને સિંચાઈના ક્ષેત્રોની આધારિક સંરચના પરિયોજનાઓ અને જાહેર ક્ષેત્રના બેંકોના મૂડીકરણ માટે વિશ્વ બેંક ભારત સરકાર માટે 4.3 અરબ ડોલરના ચાર ઋણ 24 સપ્ટેમ્બર, 2009ના રોજ સ્વીકૃત કર્યા હતા.

→ જાહેર ક્ષેત્રના બેંકોના સુદઢીકરણ માટે તેમની મૂડી આધાર વધારવા માટે 2 અરબ ડોલર, ઈન્ડિયા ઈન્ફ્રાસ્ટકટ્રચર ફાઈનાન્સ કંપની લિમિટેડ માટે 1.195 અરબ ડોલર, પાવર ગ્રિડ કોર્પોરેશન માટે 1 અરબ ફૉલર અને આંધ્ર પ્રદેશની એક જળાપૂર્તિ અને સેનીટેશન પરિયોજના માટે 15 કરોડ ડૉલરના ઋણ આમાં સામેલ છે.

→ પાર્ટનરશિપ સ્ટ્રેટજી ફોર ઈન્ડિયા (2013-17)ની આ પરિયોજનમાં વિશ્વ બેંક પૂરી રીતે મદદ કરે છે.

→ વિશ્વ બેંકે નાણાકીય વર્ષ (જુલાઈ 2013 જૂન 2014) ની દરમિયાન 5.2 અરબ ડૉલરની મદદ આપી છે.

→ ભારતમાં વિશ્વ બેંક દ્વારા પ્રાયોજિત યોજનાઓ નીચે મુજબ છે.

- શુદ્ધ પીવા લાયક પાણીની ઉપલબ્ધતા
- ગ્રામીણ ક્ષેત્રોમાં આધારભૂત સંરચના
- આંધપ્રદેશની ઈંદિરા ક્રાંતિ યોજના
- સર્વ શિક્ષા અભિયાન
- વિદ્યુત ટ્રાંસમિશન નેટવર્ક પાવરગ્રિડ
- નાથણ - ફકરી પ્રોજેકટ
- રાષ્ટ્રીય દૂધ પરિયોજના
- ઉપર કૃષ્ણા સિંચાઈ પ્રોજેકટ-2

**આંતરરાષ્ટ્રીય વિકાસ સંસ્થા :**

→ આંતરરાષ્ટ્રીય વિકાસ પરિષદ (International Development Association - IDA) વિશ્વ બેંકનું એક એકમ છે. જે IBRD ની પૂરક સંસ્થા છે.

→ તેની સ્થાપના 24 સપ્ટેમ્બર, 1960ના રોજ કરવામાં આવી હતી.

→ તેને 1961માં સંયકુત રાષ્ટ્ર સંઘ (UNO)ની એક એજન્સી બનાવવામાં આવી છે. તેનો સૌથી પ્રમુખ ખામી આ છે કે આને જ પણ ઋણ આપ્યા તેમનો સમયગાળો નાનો અને તેમના પર વ્યાજની દર ઊંચી રાખી.

→ બીજા શબ્દોમાં કહીએ તો ઋણનો સ્વભાવ સખત રહ્યો છે.

→ IBRD અલ્પવિકસિત દેશોની લાંબા ગાળાની ઋણ સંબંધિત જરૂરિયાતની પૂર્તિ કરી શકયા નથી. આ માટે ઉદાર શરતો પર ઋણ આપવાના ઉદ્દેશથી વિશ્વ બેંકની જ એક સંલગ્ન (પૂરક) એકમના રૂપે આંતરરાષ્ટ્રીય વિકાસ પરિષદ (IDA)ની સ્થાપના સપ્ટેમ્બર, 1960માં થઈ હતી.

→ આની સ્થાપના આર્થિક વિકાસને પ્રવર્તિત કરવા, ઉત્પાદકતાની વૃદ્ધિ અને આવી રીતે વિશ્વના અલ્પવિકસિત ક્ષેત્રોમાં જીવન નિર્વાહના સ્તરને ઉન્નત કરવાના ઉદ્દેશથી થઈ.

→ IDA દ્વારા આપવામાં આવેલ ઋણ ઉદાર ઋણ (Soft Loans) કહેવાય છે. કારણ કે આમ નો સમયગાળો ખૂબ જ લાંબો અને વ્યાજનો દર ખૂબ જ ઓછી હોય છે.

→ IDA એ એવા ઋણ આપ્યા છે જેની ચૂકવણી 40 વર્ષના સમયગાળામાં કરવામાં આવશે અને જેના પર સર્વિસ ચાર્જ 0.75 ટકા વાર્ષિક છે અને વ્યાજની દર શૂન્ય હોય છે.

→ આંતરરાષ્ટ્રીય વિકાસ સંસ્થા (IDA) ના વર્તમાનમા 172 સભ્યો છે.

→ એવું કહેવાય છે કે ગરીબી (Poverty), વરિયતા (Proference) અને પરિયોજના (Project) એટલે કે 3P, આંતરરાષ્ટ્રીય વિકાસ પરિષદ (IDA)ના ઋણ આપવાના ત્રણ આધાર છે. આ માટે આને વિશ્વ બેંકની "ઉદાર ઋણની બારી" (Soft Loan Window) પણ કહેવાય છે.

→ આંતરરાષ્ટ્રીય વિકાસ પરિષદ ફકત તે જ દેશોને ઋણ આપે છે. જેમની માથાદીઠ વાર્ષિક આવક 375 ડૉલરથી ઓછી છે.

→ જો કોઈ દેશ એવો છે. જેની માથાદીઠ આવક આનાથી ઓછી હોય પણ તેની પાસે પર્યાપ્ત પ્રમાણમાં મૂડી સ્રોત્ર છે, તો તેને ઋણ આપવામાં આવતો નથી.

→ ભારતને આર્થિક મદદ આપવાના ઉદ્દેશથી "એડ ઈન્ડિયા કબલ કન્સોર્ટિયસ" ની સ્થાપના 1958માં થઈ, આ આજે પણ ભારતને આર્થિક મદદ આપે છે. જૂન, 1994માં આનું નામ "ભારત વિકાસ મંચ" કરી દેવામાં આવ્યો.

→ આ સંઘનું કાર્ય સંચાલન તે જ વ્યક્તિઓ દ્વારા કરવામાં આવે છે, જે વિશ્વ બેંકનું સંચાલન કરે છે.

**દક્ષિણ-પૂર્વ એશિયાઈ રાષ્ટ્રોનું મંડળ (આસિયાન) :**

→ દક્ષિણ-પૂર્વ એશિયાઈ રાષ્ટ્રોનું સંગઠન (Associatioin of South - East Asian Nations - ASEAN) ની રચના 8 ઓગષ્ટ, 1967ના રોજ બેંગ્કોક ઘોષણા (Bangkok Declaration) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા પછી થઈ હતી.

→ ઈન્ડોનેશિયા, મલેશિયા, ફિલીપાઈન્સ, સિંગાપોર અને થાઈલેન્ડ આ પાંચ રાજ્યોએ તેનું સર્જન કર્યુ હતું. વર્તમાનમાં આસિયાન (ASEAN) માં 10 સભ્ય રાષ્ટ્રો છે, જે નીચે મુજબ છે.

- → ઈન્ડોનેશિયા
- → મલેશિયા
- → ફિલીપાઈન્સ
- → સિંગાપોર
- → થાઈલેન્ડ

} સંસ્થાપક રાજ્યો

- → બ્રુનેઈ - 7 જાન્યુઆરી 1994
- → વિયેટનામ - 28 જુલાઈ 1995
- → લાઓસ - 23 જુલાઈ -1997
- → મ્યાંમાર - 23 જુલાઈ 1997
- → કંબોડિયા - 30 એપ્રિલ 1999

→ પૂર્વી તિમોર ભૌગોલિકરૂપથી તો દક્ષિણ-પૂર્વી એશિયામાં આવે છે પરંતુ તે આસિયાન (ASEAN) નો સભ્ય નથી.

**આસિયાનના હેતુઓ :**

→ આસિયાન (ASEAN) ઘોષણામાં સાત ધ્યેયો તેમજ હેતુઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. તે આ પ્રમાણે છે.

→ દક્ષિણ-પૂર્વ એશિયાઈ રાષ્ટ્રોની આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક, ટેકનીકલ, વૈજ્ઞાનિક અને વહીવટી ક્ષેત્રોમાં સમાન હિત ધરાવતી બાબતો પરત્વે સહભાગીદારી પણાને તેમજ પરસ્પર સહાયને વેગ આપવો.

→ દક્ષિણ-પૂર્વ એશિયાઈ રાષ્ટ્રોની સમૃદ્ધ અને શાંતિપૂર્ણ સમુદાયના પાયાને મજબૂત બનાવવા માટે સમાનતા અને ભાગીદારીની ભાવનાથી તેમજ સામૂહિક પ્રયાસો દ્વારા આ પ્રદેશમાં આર્થિક વૃદ્ધિ, સામાજિક પ્રગતિ તેમજ સાંસ્કૃતિક વિકાસને વેગ આપવો.

→ દક્ષિણ-પૂર્વ એશિયાઈ રાષ્ટ્રોની શૈક્ષણિક, વ્યવસાયીક, ટેકનીકલ અને વહીવટી ક્ષેત્રોમાં તાલીમ અને સંશોધન માટેની સગવડોના સ્વરૂપમા એકબીજાને મદદ પૂરી પાડવી.

→ દક્ષિણ-પૂર્વ એશિયાઈ રાષ્ટ્રોના વચ્ચેના સંબંધોમાં ન્યાય તેમજ કાયદાના શાસન પ્રત્યે અતૂટ વિશ્વાસ અને સંયુકત રાષ્ટ્ર સંઘના ખતપત્રમાં ના સિદ્ધાંતોના પાલનના આધારે શાંતિ અને સ્થિરતામાં વધારો કરવો.

→ દક્ષિણ-પૂર્વ એશિયાઈ અભ્યાસોને વેગ આપવો.

→ દક્ષિણ-પૂર્વ એશિયાઈ રાષ્ટ્રોની કૃષિ તેમજ ઉદ્યોગનો વધારે સારી રીતે ઉપયોગ કરવા માટે આંતર રાષ્ટ્રીય વસ્તુ વેપારની સમસ્યાના અભ્યાસ સહિતના તેમના વેપારનું સમસ્યાના અભ્યાસ હિતના તેમના વેપારનું વિસ્તૃતીકરણ કરવા માટે, તેમના વાહન વ્યવહાર તેમજ સંચારની સગવડતાઓમાં સુધારો કરવા માટે તેમજ તેમની પ્રજાના જીવનધોરણને ઊંચુ લાવવા માટે વધારે અસરકારક રીતે સહભાગીદારી કરવી.

→ અસ્તિત્વ ધરાવતાં આંતર રાષ્ટ્રીય અને પ્રાદેશિક સંગઠનો જેઓ આવા સમાન ધ્યેયો અને હેતુઓ ધરાવતા હોય તેમની સાથે ગાઢ અને લાભદાયક સહકાર ફાળવવો તેમજ તેમની પોતાની વચ્ચે હજુ પણ વધારે ગાઢ સહકાર સ્થપાય તે માટેના તમામ માર્ગો-ઉપાયો અજમાવવા.

→ આસિયાનનું વડું મથક જકાર્તામાં આવેલું છે.

→ પ્રત્યેક સભ્ય દેશના પાટનગરમાં આનો એક સચિવ રહે છે.

→ આસિયાનની સૌથી ઉચ્ચ સત્તા તેના સભ્ય રાજ્યોની સરકારોના વડાઓની શિખર બેઠક ધરાવે છે. જ્યારે જરૂર પડે ત્યારે જ શિખર બેઠકો બોલાવવામાં આવે છે.

→ મંત્રી પરિષદએ વિદેશ પ્રધાનોની વાર્ષિક બેઠક હોય છે અને તે દરેક દેશમાં વારાફરતી યોજાય છે.

→ સ્થાયી સમિતિની દર બે મહિને મળતી બેઠકો મંત્રી પરીષદોની પૂરક બને છે.

→ સ્થાયી સમિતિમાં યજમાન દેશના વિદેશમંત્રીઓ તેમજ અન્ય સભ્ય રાજ્યોના એલચીઓનો સમાવેશ થાય છે.

→ આસિયાન સચિવાલય (વડુંમથક)ની રચના 1976માં જકાર્તામાં કરવામાં આવી હતી.

→ આસિયાનના મહામંત્રી પદ સભ્ય રાજ્યો વચ્ચે દર બે વર્ષે ફેરવાનું રહે છે. આસિયાનની કાયમી સમિતિઓ આ પ્રમાણે છે.

  → વેપાર અને પ્રવાસ સમિતિ
  → ઉદ્યોગ
  → ખનિજો અને ઊર્જા સમિતિ
  → અન્ન
  → ખેતી અને વન સંપત્તિ સમિતિ
  → વાહન વ્યવહાર અને સંચાર વ્યવહાર સમિતિ
  → વિત્ત અથવા બેકિંગ સમિતિ
  → વિજ્ઞાન અને ટેકનોલોજી સમિતિ
  → સામાજિક વિકાસ સમિતિ
  → સંસ્કૃતિ અને માહિતી સમિતિ
  → અંદાજપત્ર સમિતિ

→ આસિયાનએ 23 જુલાઈ, 1996ના રોજ ભારતને પૂર્ણ વાર્તાકારનો દરજ્જો પ્રદાન કર્યો છે.

→ ભારતની સાથે-સાથે ચીન અને રશિયાને પણ પૂર્ણ વાર્તાકારનો દરજ્જો પ્રદાન કર્યો છે જ્યારે અમેરિકાને આ દરજ્જો પહેલાંથી પ્રાપ્ત છે.

→ ભૌગોલિક સ્થિતિમાં અંતરના કારણે ભારતને આસિયાનનો પૂર્ણ સભ્ય બનાવી શકાય નહિ કારણકે ભારત દક્ષિણ એશિયામાં સ્થિત રાષ્ટ્ર છે. જ્યારે આસિયાન દક્ષિણ-પૂર્વ એશિયાઈ દેશોનું સંગઠન છે.

**દક્ષિણ એશિયાઈ પ્રાદેશિક સહકાર માટેનું મંડળ (SAARC) :**

→ 7,8 ડિસેમ્બર, 1985માં ઢાકા ખાતે દક્ષિણ એશિયાઈ દેશોના રાજ્યોના વડાઓ અથવા તો સરકારના વડાઓની જે શિખર બેઠક યોજાઈ હતી તેમાં ઔપચારિક રીતે "દક્ષિણ એશિયાઈ પ્રાદેશિક સહકાર માટેનું મંડળ" (South - Asian Association for Regional Co-Operation - SAARC)ની સ્થાપનાથી ઘોષણા કરવામાં આવી હતી.

→ દક્ષિણ એશિયાના સાત દેશોમાં પ્રાદેશિક સહકાર સાધવા માટેની ચર્ચાઓ તે સમયથી શરૂ થઈ હતી.

→ વર્તમાનમાં સાર્ક (SAARC)માં આઠ સભ્યો છે, જે નીચે મુજબ છે.

| | |
|---|---|
| - ભારત | - બાંગ્લાદેશ |
| - ભૂટાન | - માલદિવ્સ |
| - નેપાલ | - પાકિસ્તાન |
| - શ્રીલંકા | |

- અફગાનિસ્તાન (4 એપ્રિલ, 2007ના રોજ જોડાયું)

→ મે, 1980માં બાંગ્લાદેશના ભૂતપૂર્વ પ્રમુખ "ઝિયા ઉર-રહેમાને" આવા સંગઠન માટેનું નિર્માણ કરવાની દિશામાં પહેલ કરી હતી.

→ નેપાલના રાજા બિરેન્દ્રનો પણ એવી વ્યક્તિઓમાં સમાવેશ થાય છે. જેમણે આ વિચારની કલ્પના કરી હતી.

**સાર્કના ઉદ્દેશો :**

સાર્ક (SAARC) ના ખતપત્ર જેને 7 ડિસેમ્બર, 1985ના રોજ અપનાવવામાં આવ્યું હતું ની કલમ-1 પ્રમાણે તેના મુખ્ય ઉદ્દેશો નીચે પ્રમાણે છે.

→ દક્ષિણ એશિયાના દેશોમાં સામૂહિક સ્વાશ્રયીપણાંને વેગ આપી અને આત્મનિર્ભરતા દ્વારા મજબૂત બનાવવો.

→ દક્ષિણ એશિયાની પ્રજાના કલ્યાણમાં વધારો કરવો.

→ દક્ષિણ એશિયાની પ્રજાના જીવનની ગુણવત્તામાં સુધારો કરવો.

→ દક્ષિણ એશિયાના પ્રદેશોમાં આર્થિક વૃદ્ધિને, સામાજિક પ્રગતિને તેમજ સાંસ્કૃતિક વિકાસને વેગ આપવો.

→ દક્ષિણ એશિયાના દેશોમાં આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક, ટેકનીકલ અને વૈજ્ઞાનિક ક્ષેત્રોમાં સક્રિય સહકારને તેમજ પરસ્પર સહાયને વેગ આપવો.

→ દક્ષિણ એશિયાના દેશોની સમસ્યાઓના સંદર્ભમાં પરસ્પર વિશ્વાસ, સમજણ અને સન્માન ઉદભવે તે અંગે ફાળો આપવો.

→ અન્ય વિકસતાં દેશો સાથેના સહકારને મજબૂત બનાવવો.

→ સમાન હિતો સાથે સંકળાયેલી બાબતો પરત્વે આંતરરાષ્ટ્રીય મંચોમાં પારસ્પરિક સહકારને મજબૂત બનાવવો.

→ આવા સમાન ધ્યયો અને હેતુઓ ધરાવતા આંતર રાષ્ટ્રીય તેમજ પ્રાદેશિક સંગઠનો સાથે સહકાર સાધવો

**સાર્ક (SAARC)નું માળખું :**

**રાજ્યો અથવા તો સરકારોના વડાઓની બેઠક (Meeting of Heads or Government)**

આ સાર્ક શિખર બેઠકએ નીતિ ઘડતર અંગેની સર્વોચ્ચ અંગ ગણાય છે, અને તે સામાન્ય રીતે વર્ષમાં એક વખત મળે છે.

છેલ્લી ચાર સાર્ક શિખર બેઠકો આ પ્રમાણે યોજાઈ છે.

1. એપ્રિલ-2010 થિમ્પૂ (ભૂટાન)
2. નવેમ્બર-2011 આડૂસિટી (માલદીવ)
3. નવેમ્બર-2013 કાઠમંડુ (નેપાલ)
4. નવેમ્બર-2014 કાઠમંડુ (નેપાલ)

**સચિવાલય (The Secretariat) :**

→ સચિવાલયની સ્થાપના કાઠમંડુમાં 1987માં કરવામાં આવી હતી.

→ આમાં મહામંત્રી તેમજ અન્ય કર્મચારીઓનો સમાવેશ થાય છે. તે કાર્યક્રમોનું સંકલનનું તેમજ અમલીકરણનું નિરીક્ષણ કરે છે, તેમજ સાર્કના અંગોની બેઠકોનું આયોજન કરે છે.

**મંત્રી પરિષદ (Council of Ministers) :**

→ મંત્રી પરિષદમાં સભ્ય રાજ્યોના વિદેશીમંત્રી ઓનો સમાવેશ થાય છે.

→ તે સામાન્ય રીતે વર્ષમાં બે વખત મળે છે અને તે નીતિઓના ઘડતર સાથે, સહકારના કાર્યક્રમોની સમીક્ષા કરવા સાથે વગેરે કાર્યો સાથે સંકળાયેલી છે.

**સ્થાયી સમિતિ (Stending Committee) :**

→ સ્થાયી સમિતિમાં સભ્ય દેશોના વિદેશ સચિવોનો સમાવેશ થાય છે.

→ આના કાર્યોમાં સમગ્રપણે દેખરેખ રાખવાના તેમજ સહકાર સાધવાનો, સંસાધનોનું તરલીકરણ કરવાનો, સહકાર માટેના નવા ક્ષેત્રોને ઓળખવાનો વગેરે કાર્યોનો સમાવેશ થાય છે.

→ આ કમિટીને જ્યારે પણ જરૂરી લાગે ત્યારે મળે છે, પરંતુ ઓછામાં ઓછું વર્ષમાં બે વખત તો તે મળે જ છે.

**યૂરોપિયન સંઘ (EU) :**

→ 1958માં સ્થાપિત EEC (European Economic Community)ના પરિવર્તિત રૂપને જ યૂરોપિયન સંઘ (EU) કહેવાય છે.

→ યૂરોપિયન સંઘનું વડું મથક બ્રુસેલ્સમાં આવેલું છે.

→ યૂરોપિયન સંઘના સભ્યોની સંખ્યા 28 છે નીચે મુજબ છે.

ફ્રાંસ, લક્કમબર્ગ, ડેનમાર્ક, બ્રિટેન, જર્મની, બેલ્જિયમ, આયરલેન્ડ, હોલેન્ડ, ઈટાલી, સ્પેન, ગ્રીસ, પોર્ટુગલ, આસ્ટ્રિયા, ફિનલેન્ડ, સ્વીડન, પોલેન્ડ, હંગરી, સ્લોવેનિયા, સ્લોવાકિયા, લિથુઆનિયા, ચેક ગણરાજ્ય, એસ્ટોનિયા, લાટવિયા, સાઈપ્રસ, માલ્ટા, બુલ્ગારિયા, રૂમાનિયા, કોએશિયા

→ યૂરોપિયન યૂનિયન "કોમન મૉકેટ" (Common Market)નો દાખલો છે.

→ 1 જાન્યુઆરી 2002ના રોજ યૂરોપિયન સંઘના 12 સભ્ય દેશોએ "યૂરો"ને એક કાયદાકીય ચલણ (Leagal Tender) ના રૂપે અપનાવ્યો હતો.

→ વર્તમાનમાં યૂરોપિયન સંઘના 18 સભ્ય દેશોએ "યૂરો"ને ચલણના રૂપે સ્વીકાર કર્યો છે. લાટવિયા 18મો દેશ છે. જેને યૂરોને ચલણના રૂપે સ્વીકાર કર્યો છે.

**એશિયાઈ વિકાસ બેંક (ADB) :**

→ એશિયાઈ વિકાસ બેંક (ADB) ની સ્થાપના ડિસેમ્બર, 1966માં કરવામાં આવી.

→ 1 જાન્યુઆરી, 1967ના રોજ એશિયાઈ વિકાસ બેંકએ કામ કરવું શરૂ કરી દીધું હતું.

→ એશિયાઈ વિકાસ બેંકનું વડું મથક ફિલીપાઈન્સના પાટનગર "મનીલા"માં છે.

→ એશિયાઈ વિકાસ બેંકના સભ્યોની સંખ્યા વર્તમાનમાં 67 છે.

→ ઝોર્જિયા આનો 67મો સભ્ય દેશ બન્યો છે.

→ વર્તમાનમાં જાપાનના "હારૂહિકો કુરોડા" એશિયાઈ વિકાસ બેંકના અધ્યક્ષ છે.

→ એશિયાઈ વિકાસ બેંકના અધ્યક્ષ તરીકે પરંમ્પરારૂપે કોઈ જાપાનીને જ ચૂંટવામાં આવે છે.

**ઉત્તરી અમેરિકા મુકત વેપાર કરાર (NAFTA) :**

→ ઉત્તરી અમેરિકા મુકત વેપાર કરાર (North American Free Trade Agreement)ની સ્થાપના 12 ઓગસ્ટ, 1992ના રોજ થઈ હતી.

→ 1, જાન્યુઆરી, 1994ના રોજથી આ કરાર અમલમાં છે.

→ નાફટા (NAFTA)ના સભ્યોની સંખ્યા છે.

1. સંયુકત રાજ્ય અમેરિકા
2. કેનેડા
3. મેક્સિકો

→ આ વિશ્વનો બીજો સૌથી મોટો મુકત વેપાર ક્ષેત્ર (Free Trading Block) છે.

**એશિયા પ્રશાંત આર્થિક સહકાર (APEC) :**

→ એશિયા પ્રશાંત આર્થિક સહકાર (Asia Pacific Economic Co-Operation - APEC)ની સ્થાપના નવેમ્બર, 1989માં તત્કાલીન આસ્ટ્રેલિયાઈ વડાપ્રધાન બૉબ હોકની પહેલ પર થઈ હતી.

→ એશિયા પ્રશાંત આર્થિક સહકારનું વડુ મથક કે સચિવાલય સિંગાપુરમાં આવેલું છે.

→ એશિયા પ્રશાંત આર્થિક સહકારના સભ્યોની સંખ્યા વર્તમાનમાં 21 છે, જે નીચે મુજબ છે.

આસ્ટ્રેલિયા, અમેરિકા, કેનેડા, મેક્સિકો, જાપાન, ચીન, હાંગકાંગ, તાઈવાન, દક્ષિણ કોરિયા, ઈન્ડોનેશિયા, બ્રુનેઈ, ફિલીપાઈન્સ, સિંગાપુર, મલેશિયા, થાઈલેન્ડ, પપુઆ ન્યુગિની, ન્યુઝીલેન્ડ, ચિલી, પેરૂ, રશિયા, વિયેટનામ.

**દક્ષિણ એશિયાઈ અગ્રતા વેપાર કરાર (SAPTA) :**

→ દક્ષિણ એશિયાઈ અગ્રતા વેપાર કરાર (South Asian Preferential Trading Agreement - SAPTA)ની સ્થાપના 7 ડિસેમ્બર, 1995ના રોજ કરવામાં આવી હતી.

→ દક્ષિણ એશિયાઈ અગ્રતા વેપાર કરારનું વડુંમથક કે સચિવાલય કાઠમંડુ (નેપાલ)માં આવેલું છે.

→ સાફટા (SAPTA)ના સભ્યોની વર્તમાન સંખ્યા 7 છે.

→ દક્ષિણ એશિયાઈ મુકત વેપાર કરાર (South Asian Free Trade Agreement - SAFTA) 1 જુલાઈ, 2006ના રોજથી અમલમાં આવી ગયો છે.

**આર્થિક સહકાર અને વિકાસ સંગઠન (OECD) :**

→ બીજા વિશ્વ યદ્ધ પછી યૂરોપના દેશોની નબળી અર્થ વ્યવસ્થાની ફરી સ્થાપના માટે 1948માં અમેરિકી વિદેશમંત્રી માર્શલ દ્વારા પ્રસ્તાવિત યોજનાના પ્રત્યુત્તરમાં પેરિસમાં યૂરોપીય રાષ્ટ્રોનું સમ્મેલન બોલાવવામાં આવ્યો અને યૂરોપીય આર્થિક સહકાર સંગઠન (OEEC) બનાવવામાં આવ્યો.

→ 30 સપ્ટેમ્બર, 1961ના રોજ આનું નામ બદલીને આર્થિક સહકાર અને વિકાસ સંગઠન (Organisation for Economic Co-operation and Development - OECD) કરી દેવામાં આવ્યું.

→ આર્થિક સહકાર વિકાસ સંગઠનનું વડું મથક પેરિસ (ફ્રાંસ)માં આવેલું છે.

→ આર્થિક સહકાર વિકાસ સંગઠનના સભ્યોની સંખ્યા વર્તમાનમાં 34 છે, જે નીચે મુજબ છે.

આસ્ટ્રેલિયા, આસ્ટ્રિયા, બેલ્જિયમ, કેનેડા, ચેક રિપબ્લિક, હંગરી, કોરિયા (રિપબ્લિક), મેક્સિકો, પોલેન્ડ, ડેનમાર્ક, જર્મની, ફિનલેન્ડ, ફ્રાંસ, ગ્રીસ, આઈસલેન્ડ, આયરલેન્ડ, ઈટાલી, જાપાન, લકઝમબર્ગ, નેધરલેન્ડ, ન્યૂઝીલેન્ડ, નોર્વે, પોર્ટુગલ, સ્પેન, સ્વીડન, સ્વિટ્ઝરલેન્ડ, ટર્કી, એસ્થોનિયા, સ્લોવક રિપબ્લિક, યુ.કે., યુ.એસ.એ., ચિલી, ઈઝરાયલ, સ્લોવેનિયા.

→ OECDનો 31નો સભ્ય ચિલી હતો અને તેના પછી ઈઝરાયલ, એસ્થોનિયા અને સ્લોવેનિયા આના સભ્યો બન્યા.

**મર્કોસુર (Mercosur) :**

→ 1 જાન્યુઆરી, 1995ના રોજ દક્ષિણ એમરિકાના ચાર રાષ્ટ્રો - બ્રાઝીલ, અર્જેન્ટીના, પરાગ્વે અને ઉરુગ્વેની વચ્ચે એક દક્ષિણી કૉમન માર્કેટ (South Common Market) "મર્કોસુર" (Mercosur) અમલમાં આવી ગયો છે.

→ "મર્કોસુર" સ્પેનિશ નામ છે જેનો અર્થ - દક્ષિણ શંકુનો કૉમન માર્કેટ.

→ આ દક્ષિણ અમેરિકા ક્ષેત્રનો સ્વતંત્ર વેપાર ક્ષેત્ર છે.

→ આના સભ્યોની સંખ્યા વર્તમાનમાં 7 (સાત) છે.

**પેટ્રોલિયમ નિકાસકર્તા દેશોનું સંગઠન (OPEC) :**

→ પેટ્રોલિયમ નિકાસકર્તા દેશોનું સંગઠન (Organisation of the Petroleum Exporting Countries - OPEC)ની સ્થાપના સપ્ટેમ્બર, 1960માં બગદાદમાં કરવામાં આવી હતી.

→ પેટ્રોલિયમ નિકાસકર્તા દેશોનું સંગઠન (OPEC)નું વડું મથક વિયેના (આસ્ટ્રિયા) માં આવેલું છે.

→ આપેકના સભ્યોની વર્તમાન સંખ્યા 12 છે. જે નીચે મુજબ છે.

ઈરાન, કુવૈત, સાઉદી અરેબિયા, અલઝીરિયા, અંગોલા, ઈકવેડોર, લિબિયા, નાઈઝીરિયા, કતર, ઈરાક, યુ.એ.ઈ., વેનેજુએલા.

**હિન્દ મહાસાગર કિનારાનો પ્રાદેશિક સહકાર સંગઠન (IORARC) :**

→ હિન્દ મહાસાગર કિનારાનો પ્રાદેશિક સહકાર સંગઠન (Iindian Ocean Rim Assocaition for Regional Co-Operation - IORARC)ની સ્થાપના 5 માર્ચ, 1997ના રોજ કરવામાં આવી હતી.

→ હિન્દ મહાસાગર કિનારાનો પ્રાદેશિક સહકાર સંગઠન (IORARC)ના સભ્યોની વર્તમાન સંખ્યા 19 છે.

→ આ સંગઠનમાં એશિયા, આફ્રિકા અને આસ્ટ્રેલિયાના દેશ સામેલ છે. જે હિન્દ મહાસાગરના કિનારા પર વસેલાં છે.

→ આ સંગઠનનું પ્રારંભિક નામ M-7 હતું.

**અંકટાડ (UNCTAD) :**

→ સંયકુત રાષ્ટ્ર વેપાર અને વિકાસ સમ્મેલન (United Nations Conference on Trade and Development - UNCTAO)ની સ્થાપના 1964માં કરવામાં આવી હતી.

→ સંયકુત રાષ્ટ્ર વેપાર અને વિકાસ સમ્મેલનનું વડું મથક "જીનેવા"માં છે.

→ સંયકુત રાષ્ટ્ર વેપાર અને વિકાસ સમ્મેલનના સભ્યોની સંખ્યા વર્તમાનમાં 194 છે.

**શંઘાઈ સહકાર સંગઠન (SCO) :**

→ શંઘાઈ સહકાર સંગઠન (Shanghai Co-Operation Organisation - SCO)ની સ્થાપના 1996માં કરવામાં આવી હતી.

→ શંઘાઈ સહકાર સંગઠન (SCO)ના સભ્યોની સંખ્યા વર્તમાનમાં 6 છે. તેથી આને "શંઘાઈ-6" પણ કહેવાય છે.

1. રશિયા
2. ચીન
3. કઝાકિસ્તાન
4. કિર્ગિસ્તાન
5. તજાકિસ્તાન
6. ઉજબેકિસ્તાન.

→ 7 જૂન, 2002ના રોજ આને ઔપચારિક આંતર રાષ્ટ્રીય સંગઠનનો દરજ્જો પ્રાપ્ત થયો.

**બિમ્સટેક (BIMSTEC) :**

→ બિમ્સટેક (BIMSTEC- Bangladesh, India, Myanmar, Sri-Lanka, Thailand, Economic CO-Operation)ની સ્થાપના જૂન, 1997માં કરવામાં આવી હતી.

→ બિમ્સટેક(BIMSTEC) નું પ્રારંભમાં નામ "BISTEC" (બિસ્ટેક) હતું અને આના સભ્યોની સંખ્યા પણ પ્રારંભમાં 4 (બાંગ્લાદેશ, ભારત, શ્રીલંકા, થાઈલેન્ડ) હતી.

→ બિમ્સટેકના સભ્યોની સંખ્યા વર્તમાનમાં 7 (સાત) છે, જે નીચે પ્રમાણે છે.

1. બાંગ્લાદેશ
2. ભારત
3. શ્રીલંકા
4. થાઈલેન્ડ
5. મ્યાંમાર (જૂન, 1997માં સામેલ કરવામાં આવ્યો)
6. નેપાલ (6 ફેબ્રુઆરી, 2004ના રોજ સામેલ)
7. ભૂટાન (6 ફેબ્રુઆરી, 2004ના રોજ સામેલ)

→ બિમ્સટેક (BIMSTEC- Bangladesh, India, Myanmar, Sri-Lanka, Thailand, Economic CO-Operation)નું નામ બદલી (Bay of Bengal Initiative for Multi - Sectoral Technical and Economic Co-Operation) કરી દેવામાં આવ્યું છે.

→ આ નામ બદલવાનું નિર્ણય "બેંકોક શિખર સમ્મેલન 2004"માં લેવામાં આવ્યો હતો.

**જી-8 (G-8) :**

→ આઠ વિકસિત દેશોનો સમૂહ (Group of Eight Developed Countries - G-8)ની સ્થાપના નવેમ્બર, 1975માં કરવામાં આવી હતી.

→ જી-8 સભ્યોની સંખ્યા વર્તમાનમા 8 છે, જે નીચે પ્રમાણે છે.

1. અમેરિકા
2. કેનેડા (1976માં સામેલ કરવામાં આવ્યો)
3. બ્રિટેન
4. જર્મની
5. ફ્રાંસ
6. ઈટાલી (1976માં સામેલ કરવામાં આવ્યો)
7. જાપાન
8. રશિયા (21 જૂન, 1997ના રોજ સામેલ કરવામાં આવ્યો)

→ જી-8નો ન તો કોઈ વડુંમથક છે અને ન આના માટે સભ્ય રાષ્ટ્રો દ્વારા કોઈપણ પ્રકારના બજેટની જોગવાઈ છે. આનો પૂરો ખર્ચો તે જ દેશ ઉઠાવે છે, જે આનો આયોજન કરે છે અને આયોજનકર્તા રાષ્ટ્ર જ આનો અધ્યક્ષપણ હોય છે.

**જી-15 (G-15) :**

→ 15 નિર્ગુટ અને વિકાસશીલ દેશોનો સમૂહ (G-15) ની સ્થાપના સપ્ટેમ્બર, 1989માં કરવામાં આવી હતી. જી-15નું વડુંમથક જીનેવામાં આવેલું છે. જી-15ના સભ્યોની સંખ્યા વર્તમાનમાં 19 છે, જે નીચે પ્રમાણે છે.

મૈક્સિકો, જમૈકા, વેનેજુએલા, બ્રાઝીલ, ચિલી, આર્જેન્ટીના, સેનેગલ, અલ્ઝીરિયા, નાઈઝીરિયા, જિમ્બાબ્વે, મિસ્ર, ઈરાન, કેન્યા, ભારત, મલેશિયા, ઈન્ડોનેશિયા, શ્રીલંકા, ક્યૂબા.

**જી-20 (G-20) :**

→ 20 ઔદ્યોગિક વિકાસશીલ દેશોનો સમૂહ (G-20)ની સ્થાપના 15 ડિસેમ્બર, 1999ના રોજ થઈ હતી.

→ જી-20ના સભ્યોની સંખ્યા વર્તમાનમાં 20 છે, જે નીચે મુજબ છે.

અમેરિકા, રશિયા, ફ્રાંસ, જર્મની, કેનેડા, બ્રિટેન, ઈટાલી, જાપાન, આર્જેન્ટીના, આસ્ટ્રેલિયા, બ્રાઝીલ, ચીન, ભારત, ઈન્ડોનેશિયા, મૈક્સિકો, સાઉદી આરબ, દક્ષિણ આફ્રિકા, દક્ષિણ કોરીયા, ટર્કી, યૂરોપીય સંઘ.

→ આ સમૂહના પ્રથમ અધ્યક્ષ પૉલ માર્ટિંગ (કેનેડા ના) હતા.

→ જી-20નું શિખર સમ્મેલન 2014મા આસ્ટ્રેલિયામાં અને 2015માં ટર્કીમાં થવાનું છે.

**બ્રિકસ (BRICS)**

→ વિશ્વની સૌથી મોટી ઉદય પામતી બજાર અર્થવ્યવસ્થાઓ - બ્રાઝીલ, રશિયા, ભારત ચીન અને દક્ષિણ આફ્રિકાના સમૂહને "બ્રિકસ" કહેવાય છે.

→ BRIC શબ્દનું પ્રતિપાદન 2001માં ગોલ્ડમેન સૈકના અર્થશાસ્ત્રી "જિમ ઓ નીલ" (Jim O' Neill) એ કર્યું.

→ આ મૂળ રૂપે ત્રણ દેશો - રશિયા, ઈન્ડિયા અને ચીનનો સમૂહ હતો જેને RIC કહેવામાં આવ્યું. પછીથી આમાં બ્રાઝિલને મળાવીને BRIC કહેવાયું. 2011માં દક્ષિણ આફ્રિકાને પણ આમાં સામેલ કરી લેવામાં આવ્યું અને "BRICS" રચાયું.

→ બ્રિકસના શિખર સમ્મેલન નીચે મુજબ છે.

| વર્ષ | આયોજન સ્થળ | દેશ |
|---|---|---|
| 16 જૂન, 2009 | યૈકાટેરિન વર્ગ | રશિયા |
| 16 એપ્રિલ, 2010 | બ્રાસીલિયા | બ્રાઝીલ |
| 14 એપ્રિલ, 2011 | સાન્યા | ચીન |
| 29 માર્ચ, 2012 | નવી દિલ્હી | ભારત |
| 26 માર્ચ, 2013 | ડરબન | દક્ષિણ આફ્રિકા |
| 16-16 જુલાઈ, 2014 | ફોટોલેજા | બ્રાઝીલ |

**ફોર્ટલેજા શિખર સમ્મેલન :**

→ બ્રાઝીલ ફોર્ટલેજામાં 15-10 જુલાઈ, 2014 છઠ્ઠા શિખર સમ્મેલનનું આયોજન કરવામાં આવ્યું.

→ આ સમ્મેલનમાં બ્રાઝીલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકાના મહત્વના નેતાઓએ ભાગ લીધો. આ નેતાઓમાં બ્રાઝીલના રાષ્ટ્રપતિ ડિલ્મા રાઉસેફ, રશિયાના રાષ્ટ્રપતિ બ્લાદિમીર પુટિન, ભારતના વડાપ્રધાન નરેન્દ્રમોદી, ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ અને દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિ જૈકબ જુમા સામેલ હતા.

**ફોર્ટલેજા ઘોષણાપત્ર :**

→ બ્રિકસ (BRICS) આવતા પાંચ વર્ષોમાં પોતાના સામૂહિક કુલ ઘરેલૂ ઉત્પાદનને 2 ટકાથી વધારવાના જી-20 લક્ષ્યાંકમાં ફાળો આપવા માટે તૈયાર છે.

→ આંતરરાષ્ટ્રીય આર્થિક વ્યવસ્થા અને નાણાકીય માળખાની અંતર્ગત પોતાના વિકાસ લક્ષ્યાંકોને પ્રોત્સાહિત કરવામાં આવશે.

→ બ્રિક્સ બેંકની સ્થાપનાના કરાર પર સહી કરવામાં આવી. આ બેંક શરૂઆતમાં 100 અબજ અમેરિકન ડૉલરની મૂડીથી શરૂ કરવામાં આવશે. આ રકમ બધા સંસ્થાપક સભ્યો બરાબર પ્રમાણમાં આપશે. આ બેંકમાં બોર્ડ ઑફ ગવર્નર્સના અધિકારીઓ રશિયાના હશે અને બોર્ડ ઓફ ડાયરેકટર્સના અધિકારીઓ બ્રાઝીલના હશે. આ બેંકનો પ્રથમ અધ્યક્ષ ભારતનો હશે. આ બેંકનું વડુંમથક શાંઘાઈમાં રાખવામાં આવશે.

→ બ્રિક્સ એકસપોર્ટ ક્રેડિટ એન્ડ ગેરન્ટી એજન્સીમાં સહકાર વધારવાના કરાર પર સહી કરવામાં આવી.

→ બ્રિક્સ દેશોની વચ્ચે નાણાકીય સંબંધોને મજબૂત બનાવવા અને તેનું સંવર્ધન કરવા માટે બ્રિક્સ ઈન્ટરબેંક કોર્પોરેશન મૈકેનિજમની અંતર્ગત સહકાર આપવાના કરાર પર સહી કરવામાં આવી.

→ બ્રિક્સ દેશોમાં વીમા બજાર (Insurance Market) ના સંબંધ સહકારના ક્ષેત્ર શોધવામાં આવે.

→ દરિયાકિનારાના ક્ષેત્રોમાં સહકારને મજબૂત બનાવવામાં આવશે.

→ બ્રિક્સ વિકાસ બેંકની સાથે એક "કંટીજન્સી રિઝર્વ એરેન્જમેન્ટ" (CRA) સ્થાપિત કરવાનો પણ કરાર કરવામાં આવ્યો છે. આનો શરૂઆતનો ભંડોળ 100 અબજ અમેરિકન ડૉલર હશે જેમાં ચીનનો ફાળો સૌથી વધુ 41 ટકા હશે. CRA સભ્ય દેશોની ટૂંકાગાળાની નાંણા સંકટની સમસ્યાને સંભાળવામાં મદદ કરશે.

→ બ્રિક્સ (BRICS)ને "R-5"ના નામે પણ ઓળખવામાં આવે છે કારણકે આ બધાની કરન્સી (Currency) "R"થી શરૂ થાય છે.

| **દેશ** | **ચલણ** |
|---|---|
| બ્રાઝીલ | - રીયલ |
| રશિયા | - રૂબલ |
| ભારત | - રૂપિયા |
| ચીન | - રેનમિન્બી (યુઆન) |
| દક્ષિણ આફ્રિકા | - રેંન્ડ |

**ઈબ્સા (IBSA)**

→ ઈબ્સા (IBSA) ભારત, બ્રાઝીલ અને દક્ષિણ આફ્રિકાનું એક ત્રિદેશીય સંગઠન છે.

→ ઈબ્સા (IBSA)ની સ્થાપના 6 જૂન, 2003ના રોજ બ્રાઝીલના પાટનગર બ્રાસીલિયામાં કરવામાં આવી હતી.

→ ઈબ્સા (IBSA)ની શિખર સમ્મેલન નીચે મુજબ છે.

| **વર્ષ** | **આયોજન સ્થળ** | **દેશ** |
|---|---|---|
| 2006 | બ્રાસીલિયા | બ્રાઝીલ |
| 2007 | ત્શ્વાને | દક્ષિણ આફ્રિકા |
| 2008 | નવી દિલ્હી | ભારત |
| 2010 | બ્રાસીલિયા | બ્રાઝીલ |
| 2011 | પ્રિટોરિયા | દક્ષિણ આફ્રિકા |
| 2013 | નવી દિલ્હી | ભારત |
| 2015 (પ્રસ્તાવિત) | નવી દિલ્હી | ભારત |

→ ઈબ્સા (IBSA) ભારત, બ્રાઝીલ અને દક્ષિણ આફ્રિકાની વચ્ચે આંતરરાષ્ટ્રીય સહકારને પ્રોત્સાહન આપવા માટેનો એક આંતરરાષ્ટ્રીય ત્રીપક્ષીય સમૂહ છે. આ એક-બીજાની વચ્ચે કૃષિ, વેપાર, સંસ્કૃતિ અને સંરક્ષણના ક્ષેત્રમાં સહકાર આપવા માટેની ચર્ચા-વિચારણા કરવા માટેનું પ્લેટફોર્મ પ્રદાન કરે છે.

→ ઈબ્સા (IBSA) એશિયા, દક્ષિણ અમેરિકા અને આફ્રિકા ખંડના ત્રણ મોટા દેશો જે કે બહુસાંસ્કૃતિક અને બહુજાતીય લોકતાંત્રિક દશે છે. આ દેશોની વચ્ચે સમન્વયને પ્રોત્સાહન આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

**ઈબ્સાના ઉદેશો :**

→ ઈબ્સા ફાલોગ ફોરમનો મુખ્ય ઉદેશ આ દેશોની વચ્ચે સહકારને વધારવો અને આંતરાષ્ટ્રીય મહત્વના મુદ્દાઓ ઉપર સામાન્ય સહમતિ બનાવવાનો છે.

→ ત્રણેય દેશોની વચ્ચે વેપારના અવસરોમાં વૃદ્ધિ કરવી.

→ ત્રણેય દેશોની વચ્ચે એક-બીજાની શક્તિના પૂરક માટે સુચના, પ્રૌદ્યોગિકી અને કૌશલ્યનો ત્રિપક્ષીય આપ-લે કરવાનો છે.

→ સમાન વિકાસની સાથે આંતરરાષ્ટ્રીય ગરીબી નાબૂદી અને સામાજિક વિકાસને પ્રોત્સાહન આપવાનો છે.

→ કૃષિ, ગ્લોબલ વાર્મિલ, સંસ્કૃતિ, સંરક્ષણ, શિક્ષણ, ઊર્જા, આરોગ્ય, ઈન્ફોમેશન ટેકનોલોજી, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી, સામાજિક વિકાસ, વેપાર અને રોકાણના ક્ષેત્રોમાં સહકાર વધારવાનો છે.

★★★★★